# ।। ષોડશગ્રન્થ ।।

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

**ભાવાનુવાદક :**
ગોલોકવાસી શ્રીગિરધરદાસ મુળજી શાહ

# ષોડશગ્રન્થ

(શ્રીસર્વોત્તમજી સહિત : શ્રીનૃસિંહલાલજીની વ્રજભાષાની ટીકા અનુસાર)

**પ્રકાશક :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,
કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ,
ગુજરાત, ૩૨૦૪૬૫
ફોન : (૦૨૮૩૪) ૨૩૧૪૬૩

www.pushtimarg.net
http://vallabhacharyavidyapeeth.org/

**:: પ્રકાશન સહયોગી ::**

પુષ્ટિસ્વાધ્યાય કોન્ફરન્સ્માં અધ્યયન કરનારા
અમેરિકા વસતા વૈષ્ણવ વિદ્યાર્થીઓ

**:: નિ:શુલ્ક વિતરણાર્થ ::**
**(પોસ્ટેજ અલગથી)**

પ્રથમ આવૃત્તિ, વિ.સં. ૨૦૬૯; એપ્રિલ ૨૦૧૩
(પ્રત ૨૦૦૦)

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ પ્રા. લી., રાજકોટ.

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી – કચ્છ

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **સામ્પ્રદાયિક પરીક્ષાની પાઠ્યપુસ્તકો** | |
| ૧. પ્રવેશિકા લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી) | ૧૦ |
| ૨. પ્રવેશિકા, લેખક : ” ” (હિન્દી) | નિઃશુલ્ક |
| ૩. પ્રવેશિકા, લેખક : ” ” (અંગ્રેજી) | નિઃશુલ્ક |
| ૪. પુષ્ટિપ્રવેશ-૧, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી) | ૧૦ |
| ૫. પુષ્ટિપ્રવેશ-૨, લેખક : ” ” (ગુજરાતી) | ૧૦ |
| ૬. પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખક : ” ” (હિન્દી) | ૨૦ |
| ૭. પુષ્ટિપથ, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી) | ૨૦ |
| ૮. પુષ્ટિપથ, લેખક : ગોસ્વામી શરદ્ (હિન્દી) | ૨૦ |
| ૯. પ્રમેયરત્નસંગ્રહ, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજ.) | ૨૫ |
| ૧૦. Manual of the devotionalpath of Pushti. (પુષ્ટિપ્રવેશ ૧-૨ તથા પુષ્ટિપથનો અંગ્રેજી અનુવાદ) | ૬૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ (સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી)** | |
| ૧૧. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા | ૨૦૦ |
| ૧૨. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી | ૧૫૦ |
| ૧૩. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી | ૨૦૦ |
| ૧૪. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી | ૧૫૦ |
| ૧૫. વાલ્લભવેદાન્ત નિબન્ધસંગ્રહ, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી | નિઃશુલ્ક |
| ૧૬. અન્ધકારવાદીયા વિદ્વત્પરિચર્ચા | ૨૦૦ |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| ૧૭. વાર્તાપરિચર્ચા | ૧૫ |
| ૧૮. અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| ૧૯. સાધનાપ્રણાલી | ૫૦ |
| ૨૦. પુષ્ટિભક્તિમાં કથા-ગુણગાન સાધના | ૫૦ |
| ૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| ૨૨. શરણાગતિ વિચારગોષ્ઠી એક પૂરક પ્રશ્નોત્તરી | નિઃશુલ્ક |
| ૨૩. સેવા-સમર્પણ વિચારગોષ્ઠી | ૫૦ |
| ૨૪. પુષ્ટિ ભક્તિ અને પ્રપત્તિમાં પ્રતિબન્ધ | ૧૦૦ |

२५. जघन्याधिकार संगोष्ठी ८०
२६. पुष्टिफलमीमांसा विचारगोष्ठी १००

## नित्यस्तोत्रपाठ

२७. पुष्टिपाठावली (गुजराती) पाकुं बाईंडिंग् २०
२८. पुष्टिपाठावली (हिन्दी) १०
२९. पुरुषोत्तमसहस्रनाम-त्रिविधलीलानामावली (अनुवाद सहित) २०

## सन्दर्भग्रन्थो

३०. पुष्टिविधानम् पादानुक्रमणिका १०
३१. Summary of Shuddhadvait Vangmay, By Sharad Goswami १५

## अध्ययनोपयोगी ग्रन्थो

३२. शास्त्रार्थप्रकरणम्(व्रजभाषाटीका)साधारण/राजसंस्करण ५०/७०
३३. सर्वनिर्णयप्रकरणम्(व्रजभाषाटीका )साधारण/राजसंस्करण ८०/१००
३४. पुष्टिविधानम्-२(व्याकरण)
पदच्छेद-शब्दपरिचय-समासविग्रह-संधिविग्रह-अन्वय सहित १००
३५. पुष्टिविधानम्-३ (व्रजभाषाविवृति ) ८०
३६. श्रीभागवत महापुराण (गुर्जरभाषानुवाद ) ४००
३७. गृहसेवा अने व्रजलीला,(गुज.)विवेचकःगो.श्रीश्याम मनोहरजी निःशुल्क
३८. गृहसेवा और व्रजलीला,(व्रजभाषा) विवेचक : " " निःशुल्क
३९. पुष्टिप्रवाहमर्यादाभेद, विवेचक : " " निःशुल्क
४०. रसदृष्टिनी तरफेणमां, लेखक : " " निःशुल्क
४१. सेवाकौमुदी-नवधाभक्ति(हिन्दी) विवेचक : " " निःशुल्क
४२. सिद्धान्तनुं आचमन(प्रश्नोत्तरी) उत्तरदाता : " " निःशुल्क
४३. ब्रह्मवादभूमिका (हिन्दी), लेखक : " " निःशुल्क
४४. विशोधनिका भाग-४(गुज.अनुवाद), लेखक : " " निःशुल्क
५५. भक्तिवर्धिनी, व्याख्याता : " " निःशुल्क
५६. सेवा(ॠतु-उत्सव-मनोरथ)हिन्दी, व्याख्याता : " " निःशुल्क
५७. सेवा(ॠतु-उत्सव-मनोरथ)गुज., व्याख्याता : " " निःशुल्क
४८. जिन श्रीवल्लभरूप न जान्यो,
(गो.श्रीश्याम मनोहरजी लिखित सर्वोत्तमस्तोत्रनी विस्तृत भूमिकानो गुजराती अनुवाद, श्रीवल्लभाष्टक, सप्तश्लोकी, श्रीवल्लभस्तोत्रो, पञ्चश्लोकी, शिक्षाश्लोकी आदि ग्रन्थोपर विवेचन नुं ४५० थी वधु पानामां संकलन.) ७०
४९. कृष्णाश्रय, श्रीकल्याणरायजी लिखित संस्कृत टीकानो गुज.अनुवाद ७
५०. अमृतवचनावली(गुजराती) प्राचीन-अर्वाचीन-आधुनिक गोस्वामी

આચાર્યોની સિદ્ધાન્તોક્તિનો ચિત્રો સહિત સંગ્રહ નિઃશુલ્ક

૫૧. અમૃતવચનાવલી(હિન્દી)પ્રાચીન-અર્વાચીન-આધુનિક ગોસ્વામી આચાર્યોની સિદ્ધાન્તોક્તિનો રંગીન ચિત્રો સહિત સંગ્રહ નિઃશુલ્ક

૫૨. **ભગવદ્ગીતા,** અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય,વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન, પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. અપ્રાપ્ય

૫૩. **શ્રીમદ્ભગવદ્ગીતા,** ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી લિખિત અનુવાદ-વિવેચન સહિત ૫૦

૫૪. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ, વિસ્તૃત અહેવાલ ૨૫

૫૫. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લેખક : શ્રીભૂપેન્દ્રભાઈ ભાટીયા ૪૦

૫૬. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ, લેખક : શ્રીભૂપેન્દ્રભાઈ ભાટીયા ૫૦

૫૭. પુરુષોત્તમગ્રન્થાવલી-૫, (અપરાધનિરૂપણવિવૃતિ, દ્રવ્યશુદ્ધિ તથા ઉત્સવપ્રતાન) હિન્દી-ગુજરાતી અનુવાદ સહિત ૧૦૦

૫૮. દ્રવ્યશુદ્ધિ (શુદ્ધિ-અપરસ-સદાચાર નિરૂપક ગ્રન્થ) ગુજરાતી ૨૦

## ઈતિહાસ

૫૯. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિઃશુલ્ક

૬૦. આધુનિક ન્યાયપ્રણાલી ઔર પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી કા આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક

૬૧. **શ્રીગોપીનાથપ્રભુચરણ,** શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.(ગુજ.-હિન્દી) ૨૫

૬૨. **શ્રીકૃષ્ણચરિત્ર,** ભાગવતના દશમસ્કન્ધનો ભાવાનુવાદ, લેખક : શ્રીનાનુલાલ ગાંધી ૮૦

### શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાઙ્મય :

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આધારભૂત સંસ્કૃત-વ્રજ-ગુજરાતી વગેરે ભાષામાં લિખિત મૂળ ગદ્ય-પદ્ય ગ્રન્થસાહિત્ય, તેનો અનુવાદ તેમજ તેના પર લિખિત વિવેચન વગેરે (સામ્પ્રદાયિક શબ્દકોશ, સામ્પ્રદાયિક વચનાનુક્રમણિકા, ભગવદ્ગીતાપાદાનુક્રમણિકા વગેરે અધ્યયનોપયોગી) સાહિત્યનો બૃહત્ સંગ્રહ. ડાઉન્લોડ અને માર્ગદર્શન માટે લિંક્ :

http://www.pushtimarg.net/pushti/pushti-vangmay.html

**હાલમાં નીચે મુજબ ગ્રન્થો તેના પરની સંસ્કૃત ટીકાઓ અને અનુવાદ સહિત વાઙ્મયમાં ઉપલબ્ધ છે:**

ષોડશગ્રન્થ, શિક્ષાપદ્યાનિ, તત્ત્વાર્થદીપનિબન્ધ, બ્રહ્મસૂત્રાણુભાષ્ય, મધુરાષ્ટકમ્,

પરિવૃઢાષ્ટકમ્, પુરુષોત્તમનામસહસ્રમ્, ત્રિવિધનામાવલી, સુબોધિની (સ્કન્ધ ૧-૨), સેવાશ્લોકાઃ, વિદ્વન્મંડનમ્, સૌન્દર્યપદ્યમ્, સાધનદીપિકા, પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર, ભાગવતપુરાણ (૧ થી ૭, ૧૦ અને ૧૧ સ્કન્ધ નો ગુજરાતી-હિન્દી અનુવાદ), હરિરાયવાઙ્મુક્તાવલી (૫૫ ગ્રન્થો) દ્રવ્યશુદ્ધિ, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, પ્રસ્થાનરત્નાકર, અવતારવાદાવલી ખંડ ૨-૩, વાદાવલી, ભગવદ્ગીતામૃતતરંગિણી, વલ્લભાષ્ટકમ્, સર્વોત્તમસ્તોત્રમ્

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :** ટુંક સમયમાં કાર્યતર થવા જનાર આ વિદ્યાપીઠ અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ હશે. વધુ માહિતિ માટે :

http://www.vallabhacharyavidyapeeth.org/

**પુષ્ટિસ્વાધ્યાય:**

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ત્રણ માધ્યમથી કરવામાં આવે છે :

૧. ટેલિફોનિક કોન્ફરન્સ્

૨. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ ઑડિયો

૩. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્.(બ્રોડ્બેંડ્ જરૂરી)

વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક :

યોગેન્દ્રભાઈ :(+91) 9323733796

પિનાકીનભાઈ :(+91)9726444515

નીરજભાઈ(અમેરિકા) : +7325424165.

ઈમેલ્ સમ્પર્ક : pushtiswadhyay@gmail.com.

## ।। પ્રકાશકીય ।।

ષોડશગ્રન્થો મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણોની મૂળ વાણી છે. પુષ્ટિપથ પર ચાલનારા તેમજ ચાલવા માગતા પુષ્ટિજીવોમાટે આ ષોડશગ્રન્થો રોડ મેપ્ સમાન છે. જે પુષ્ટિપથિકોને ષોડશગ્રન્થોનું જ્ઞાન નથી તેઓ પુષ્ટિના માર્ગ ઊપર છતે આંખે આંધડા છે. પુષ્ટિમાર્ગમાં પાપાપગલી માંડનારાઓએ વાર્તા-વચનામૃત, શિક્ષાપત્ર કે સુબોધિની ઊપર સીધી છલાંગ મારતા પહેલાં ષોડશગ્રન્થોને સમજીને પુષ્ટિમાર્ગ ઊપર પોતાની ચાલને મજબુત કરવી આવશ્યક છે. આજની સ્થિતિ જોતાં, ખરેખર તો, નવીન વ્યક્તિને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ ત્યારે જ આપવો જોઈએ કે જ્યારે તે ષોડશગ્રન્થોમાં પરંગત થઈ જાય. આ સાથે એક કોમન્ મિનિમમ્ પ્રોગ્રામ્ બનાવીને એકે-એક પુષ્ટિમાર્ગીને પકડી-પકડીને ષોડશગ્રન્થ ભણાવવા જોઈએ. પુષ્ટિમાર્ગની આજની અનેક સમસ્યાઓનું સમાધાન આટલા માત્રથી થઈ શકે છે.

પ્રસ્તુત ષોડશગ્રન્થનો ગુજરાતી અનુવાદ મૂળમાં તો ધંધુકા ગામના શ્રીગિરધરદાસ મુળજીએ કર્યો હતો જેને ત્યાંની જ ‘‘શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય’’ દ્વારા **વિનામૂલ્યે વિતરણ કરવા માટે** પ્રકાશિત કરવામાં આવ્યો હતો. વખતો વખત ષોડશગ્રન્થના આ ગુજરાતી અનુવાદની નવી-નવી આવૃત્તિઓ છપાતી ગઈ. વિ.સં.૧૯૮૦-૮૧ માં એટલે કે આજથી આશરે ૯૦ વર્ષ પહેલાં આની પાંત્રીસ  હજાર નકલ છપાઈ હતી. ચોથી આવૃત્તિ વખતે ભાવાનુવાદમાં જરૂરી સુધારા-વધારા ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજશ્રીની ષોડશગ્રન્થોની વ્રજભાષા ટીકાના આધારે ગો.વા.શ્રીધીરજલાલ સાંકળીયાએ કરી આપ્યા હતા. હિન્દીભાષાભાષી વૈષ્ણવોની માંગને લક્ષ્યમાં લઈને આની હિન્દી લિપિમાં ૫૦૦૦ પ્રતિઓ પણ પ્રકાશિત થઈ હતી. અનુવાદકે, પરન્તુ, પ્રકાશન કરવાની પરવાનગી **આનું વિતરણ વિનામૂલ્યે કરવાની શરતે** આપી હતી. તત્કાલીન વૈષ્ણવોએ પણ આ ગ્રન્થરત્નને પોત-પોતાના સામર્થ્યાનુસાર છપાવીને વૈષ્ણવસમાજમાં તેનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું.

તેથી શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ પણ આ ગ્રન્થના અનુવાદક, પૂર્વપ્રકાશક તથા આનું વિતરણ કરનારા પ્રાચીન વૈષ્ણવોની ભાવનાનો આદર કરતાં આ ગ્રન્થનું વિતરણ વિનામૂલ્યે જ કરશે. પોતાના તરફથી આ ગ્રન્થનું વિતરણ કરવાની ઈચ્છા ધરાવનારે ટ્રસ્ટ કાર્યાલયનો સમ્પર્ક કરવો.

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી દ્વારા**

દોલોત્સવ વિ.સં.૨૦૬૯ ગોસ્વામી શરદ્

# :: અનુક્રમણિકા ::


ષોડશગ્રન્થમાહાત્મ્યમ ....................................... ૧
૧. શ્રીયમુનાષ્ટકમ્ ....................................... ૨
૨. બાલબોધઃ ....................................... ૯
૩. સિદ્ધાંતમુક્તાવલી ....................................... ૨૦
૪. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ....................................... ૩૭
૫. સિદ્ધાંતરહસ્યમ્ ....................................... ૫૫
૬. નવરત્નમ્ ....................................... ૬૩
૭. અંતઃકરણપ્રબોધઃ ....................................... ૭૨
૮. વિવેકધૈર્યાશ્રય ....................................... ૭૯
૯. કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ ....................................... ૯૭
૧૦.ચતુઃશ્લોકી ....................................... ૧૦૭
૧૧.ભક્તિવર્ધિની ....................................... ૧૧૧
૧૨.જલભેદઃ ....................................... ૧૨૦
૧૩.પંચપદ્યાનિ ....................................... ૧૩૭
૧૪.સંન્યાસનિર્ણયઃ ....................................... ૧૪૩
૧૫.નિરોધલક્ષણમ્ ....................................... ૧૬૦
૧૬.સેવાફલમ્ ....................................... ૧૭૬
૧૮.શ્રીસર્વોત્તમસ્તોત્ર ....................................... ૧૮૪
૧૯.અમૃતવચનાવલી ....................................... ૧૯૨

## ।। ષોડશગ્રન્થમાહાત્મ્યમ્ ।।

**શ્રીમદાચાર્યચરણાઃ સ્વીયાનાં ભક્તિસિદ્ધયે।।**
**અકાર્ષુઃ ષોડશગ્રન્થાન્ સ્વસિદ્ધાન્તાર્થ-બોધકાન્ ।।૧।।**

**અર્થ :** સ્વીય પુષ્ટિમાર્ગીય જનોને કૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય તે માટે પુષ્ટિભક્તિમાર્ગીય સિદ્ધાન્તોને સમજાવનારા ષોડશગ્રન્થોની રચના મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણોએ કરી.

**તદ્વ્યાખ્યાનં કૃતં પૂર્વૈઃ પ્રભુભિશ્ચ પૃથક્ ક્વચિત્ ।।**

**અર્થ :** મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણો દ્વારા વિરચિત ષોડશગ્રન્થોમાંના કેટલાક(યમુનાષ્ટક, સિદ્ધાન્તમુક્તાવલી અને નવરત્ન) ગ્રન્થો પર શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણોએ તેમજ અન્ય પણ અનેક આચાર્યો-વિદ્વાનોએ વ્યાખ્યાન લખ્યા છે.

**યમુનાષ્ટકમ્ આરભ્ય સેવાફલમ્ ઉદાહૃતાઃ ।।૨।।**

**અર્થ :** [૧]યમુનાષ્ટક [૨]બાલબોધ [૩]સિદ્ધાન્તમુક્તાવલી [૪]પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ [૫]સિદ્ધાન્તરહસ્ય [૬]નવરત્ન [૭]અન્તઃકરણપ્રબોધ [૮]વિવેકધૈર્યાશ્રય [૯]કૃષ્ણાશ્રય [૧૦]ચતુઃશ્લોકી [૧૧]ભક્તિવર્ધિની [૧૨]જલભેદ [૧૩]પઞ્ચપદ્યાનિ [૧૪]સંન્યાસનિર્ણય [૧૫]નિરોધલક્ષણ અને [૧૬]સેવાફલ આ સોળ લઘુગ્રન્થોને 'ષોડશગ્રન્થ' કહેવાય છે.

**એવં ષોડશભિઃ ગ્રન્થૈઃ પુરુષોત્તમ-સેવનમ્ ।।**
**પ્રતિપાદ્ય ફલત્વેન ચક્રે જીવોદ્ધૃતિં વિભુઃ ।।૩।।**

**અર્થ :** આ પ્રમાણે ષોડશગ્રન્થો વડે પુરુષોત્તમ શ્રીકૃષ્ણની સેવા એ જ ફળની પ્રાપ્તિ છે એવું સમજાવીને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણોએ જીવોનો ઉદ્ધાર જ કરી દીધો છે.

**અવતાર-દશાયાન્તુ ઉદ્ધૃતી રૂપ-દર્શનાત્ ।।**
**ઈહ નામાત્મકૈઃ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ ।।૪।।**

**અર્થ :** ભગવાન/શ્રીમહાપ્રભુજીના અવતાર વખતે તો આપના દર્શન માત્રથી જીવોનો ઉદ્ધાર થઈ જતો હતો. (અત્યારે અનવતારકાળમાં જીવોનો ઉદ્ધાર

કેમ થશે? તો જાણવું કે) ષોડશગ્રન્થો ભગવાન/શ્રીમહાપ્રભુજી નું નામાત્મક સ્વરૂપ છે. તેથી વર્તમાનમાં ષોડશગ્રન્થો દ્વારા નિરન્તર નિજજનોનો ઉદ્ધાર થતો રહેશે.

**તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ ।।**
**સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ।।૫।।**

**અર્થ :** તેથી દૈવી-પુષ્ટિમાર્ગીઓએ પૂરે પૂરી નિષ્ઠાથી વ્રજાધિપ શ્રીકૃષ્ણની પોતાના ઘરમાં સેવા અને ષોડશગ્રન્થોનો પાઠ-અધ્યયન-ચિન્તન અચૂક કરવું જ.

।।ઈતિ શ્રીદ્વારકેશચરણવિરચિતં ષોડશગ્રન્થમાહાત્મ્યમ્।।

## ।। શ્રીયમુનાષ્ટકમ્ ।।

(પુષ્ટિપ્રભુદ્વારા શ્રીયમુનાજીમાં સ્થાપિત અષ્ટવિધ ઐશ્વર્યો પૈકી પ્રથમ ઐશ્વર્ય : શ્રીયમુનાજી આ માર્ગમાં સકલસિદ્ધિઓના હેતુરૂપ છે)

**નમામિ યમુનામ્ અહં સકલ-સિદ્ધિ-હેતું મુદા**
**મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણૂત્કટામ્ ।।**
**તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પામ્બુના**
**સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ।।૧।।**

આ શ્લોકમાં શ્રીયમુનાજીનાં ત્રણ વિશેષણ આપ્યાં છે. શ્રીયમુનાજીનાં ત્રણ સ્વરૂપ છે, [૧]આધિભૌતિક : જલ રૂપે [૨]આધ્યાત્મિક : માહાત્મ્યરૂપે અને [૩]આધિદૈવિક : દેવી સ્વરૂપે.

**સકલ-સિદ્ધિ-હેતું :** સકલ અલૌકિક સિદ્ધિઓના કારણરૂપ.

**મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણૂત્કટામ્ :** મુરારિના ચરણકમળના સમ્બન્ધવાળી અમંદ(જલસમૂહ કરતાં વધારે) ઘણી રજ જેમાં છે એવાં.

**તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પામ્બુના :** (પ્રભુનું સ્મરણ થાય એવી શોભાને ધારણ કરનાર હોવાથી) તટમાં રહેનાર નવીન વનમાંના પ્રકટ

સુગંધયુક્ત હર્ષ રૂપી ફલ સહિત જલવડે,
**સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ :** સુર (દીનતાભાવવાળા) અને અસુર (માનભાવવાળા) ભક્તોએ, સારી રીતે પૂજા કરાએલાં એવાં.
**યમુનામ્ અહં મુદા નમામિ**-શ્રીયમુનાજીને હું હર્ષથી નમું છું.

(બીજું ઐશ્વર્ય : શ્રીયમુનાજી ભગવદ્દરતિને વધારનારા છે)

**કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજ્જ્વલા**
**વિલાસ-ગમનોલ્લસત્પ્રકટ-ગંડ-શૈલોન્નતા ।।**
**સઘોષ-ગતિ-દન્તુરા સમધિરૂઢ-દોલોત્તમા**
**મુકુન્દ-રતિ-વર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ।।૨।।**

આ શ્લોકમાં છ વિશેષણ આપી શ્રીયમુનાજીનો આવિર્ભાવ બતાવ્યો છે.
**કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજ્જ્વલા :** (સૂર્યમંડળમાં જે નારાયણસ્વરૂપ છે, તેના આનંદાત્મક હૃદયથી દ્રવીભૂત રસાત્મક પ્રકટ થયેલાં શ્રીયમુનાજી તે સૂર્યમંડળથી) કલિંદગિરિ ઉપર પડવાથી તીવ્ર પૂરથી ઉજ્વળ દેખાતાં.
**વિલાસ-ગમનોલ્લસત્પ્રકટ-ગંડ-શૈલોન્નતા :** વિલાસગતિ રૂપ સુશોભિત અને પ્રકટ ગંડશૈલોવડે ઉંચાં દેખાતાં.

અ.વિલાસગતિ : ઉંચે નીચે પર્વતમાં ચઢવું ઉતરવું, એ રૂપી વિલાસગતિ તે વડે સુશોભિત.

આ.પ્રકટ : સ્પષ્ટ દેખાતાં

ઈ.ગંડ-શૈલોન્નતા : ફેંકાતા પાષાણથી ઉંચાં દેખાતાં

**સઘોષગતિદંતુરા :** શબ્દ સહિત પ્રવાહની ગતિથી દરિયાના મોજાંની પેઠે ચડતા ઉતરતા વિવિધ વિકારવાળાં.
**સમધિરૂઢદોલોત્તમા :** ઉત્તમ દોલામાં જાણે સારી રીતે આરોહણ કરાએલાં હોય નહિ શું ? એવાં બિરાજમાન.
**મુકુંદરતિવર્દ્ધિની :** મુકુંદ (મોક્ષદાતા શ્રીકૃષ્ણ)ની પ્રીતિ ભક્ત પ્રત્યે

વધારનારાં, તથા ભક્તની પ્રીતિ મુકુંદમાં વધારનારાં.

**જયતિ પદ્મબંધોઃ સુતા :** પદ્મના ભાઈ સૂર્ય તેમનાં સુતા શ્રીયમુનાજી જયતિ સર્વથી શ્રેષ્ઠતાથી બિરાજે છે.

(ત્રીજું ઐશ્વર્ય : ભુવનપાવની શ્રીયમુનાજી પુષ્ટિજીવો અને પુષ્ટિપ્રભુ ના સમ્બન્ધ વચ્ચે આવતા પ્રતિબન્ધોને દૂર કરીને ભગવદનુભવયોગ્ય શુદ્ધિ કરનારા છે)

**ભુવં ભુવન-પાવનીમ્ અધિગતામ્ અનેક-સ્વનૈઃ**
**પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ।।**
**તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-**
**નિતમ્બ-તટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ।।૩।।**

શ્રીયમુનાજી પૃથ્વી ઉપર પધાર્યા પછીનાં પાંચ વિશેષણ આપ્યાં છે.

**ભુવનપાવનીં :** જગતમાં સ્વજનને પાવન કરનારાં,

**ભુવં અધિગતામ્ :** પૃથ્વી ઉપર પધારેલાં.

**પ્રિયાભિઃ ઈવ અનેકસ્વનૈઃ શુકમયૂરહંસાદિભિઃ સેવિતાં :** પ્રિય શ્રીગોપીજનોએ (શ્રીયમુનાજીનું) સેવન કરેલ છે, તેની પેઠે અનેક સ્વરવડે, શુક, મયૂર અને હંસોવડે સેવાયેલાં,

**તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-નિતમ્બ-તટ-સુન્દરીં :** તરંગ રૂપી શ્રીહસ્તમાં પહેરેલ કંકણ મધ્યના જણાતા મોતી રૂપી રેણુયુક્ત નિતંબ રૂપી તટવાળાં સુંદરી,

**કૃષ્ણતુર્યપ્રિયામ્ :** શ્રીકૃષ્ણનાં ચોથાં પ્રિયા (વહાલા) શ્રીયમુનાજીને નમન હો, ભક્તો તમે નમો.

(ચોથું ઐશ્વર્ય : ભગવાનના સમાન ગુણધર્મવાળા હોવાથી શ્રીયમુનાજી સાથે જીવનો સંબંધ બંધાતા ભગવાન્ સાથેય બંધાઈ જાય છે)

**અનન્ત-ગુણ-ભૂષિતે શિવ-વિરંચિ-દેવ-સ્તુતે**
**ઘનાઘન-નિભે સદા ધ્રુવ-પરાશરાભીષ્ટ-દે ।।**

**વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે**
**કૃપાજલધિ-સંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।।૪।।**

**અનંતગુણભૂષિતે :** અનંત ગુણોથી શોભાયમાન,
**શિવવિરંચિદેવસ્તુતે :** શિવબ્રહ્માદિ દેવવડે સ્તુતિ કરાયેલાં,
**ઘનાઘનનિભે :** ગાઢ મેઘના સરખી કાંતિવાળાં,
**સદા ધ્રુવપરાશરાભીષ્ટદે :** ધ્રુવ અને પરાશરને સદા ઈચ્છિત ફલ આપનારાં,
**વિશુદ્ધમથુરાતટે :** વિશુદ્ધ મથુરાજી જેમના તટ ઉપર આવેલાં છે એવાં,
**સકલગોપગોપીવૃતે :** સકળ ગોપ અને ગોપીથી વીંટાએલા.
**કૃપાજલધિસંશ્રિતે :** કૃપાજલધિ એવા શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહેલાં યમુનાજી
**મમ મનઃ સુખં ભાવય :** મારા મનના સુખને વિચારો.

(પાંચમું ઐશ્વર્ય : ભગવાનને પ્રિય એવા ભક્તોના કલિદોષોનું નિવારણ શ્રીયમુનાજી કરે છે)

**યયા ચરણ-પદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા**
**સમાગમનતો-ऽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ।।**
**તયા સદૃશતામ્ ઈયાત્ કમલજા-સપત્નીવ યદ્-**
**હરિપ્રિય-કલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ।।૫।।**

**યયા સમાગમનતઃ ચરણપદ્મજા :** જેની સાથે સમાગમ થવાથી શ્રીઠાકોરજીના ચરણકમળમાંથી પ્રકટ થયેલાં શ્રીગંગાજી
**મુરરિપોઃ પ્રિયંભાવુકા અભવત્ :** મુરારિના પ્રિય ભાવવાળાં થયાં (ચ યઃ) અને જે,
**સેવતામ્ સકલસિદ્ધિદા અભવત્ :** પોતાની સેવા કરનારને સકળ સિદ્ધિ આપનારાં થયાં,
**તયા સદૃશતામ્ (કા) ઈયાત્ :** તે શ્રીયમુનાજીની સાથે બરાબરી કોણ પામે?
**યદિ ઈયાત્ (તર્હિ) કમલજા સપત્ની ઈવ ઈયાત્ :** જો બરાબરી પામે તો

સપત્ની(શોક્ય) શ્રીલક્ષ્મીજી જ કાંઈક પામે.('ઈવ' અલ્પતા બતાવનાર અવ્યય છે)

**હરિપ્રિયકલિંદયા મે મનસિ સદા સ્થીયતામ્ :** હરિને પ્રિય ભક્તોના ક્લેશને ખંડન કરનારાં શ્રીયમુનાજી મારા મનમાં હંમેશાં બિરાજો.

(છઠ્ઠું ઐશ્વર્ય : પુષ્ટિજીવોને શ્રીયમુનાજી પુષ્ટિપ્રભુના પ્રિય બનાવે છે)

**નમો-ऽસ્તુ યમુને! સદા તવ ચરિત્રમ્ અત્યદ્ભુતં**
**ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃ-પાનતઃ ।।**
**યમોऽપિ ભગિની-સુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ**
**પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્ યથા ગોપિકાઃ ।।૬।।**

**હે યમુને, સદા નમઃઅસ્તુ :** હે યમુનાજી, તમને સદા નમન હો,
**તવ ચરિત્રમ્ અતિ અદ્ભુતમ્ :** આપનું ચરિત્ર અતિ અદ્ભુત છે,
**તે(તવ) પયઃપાનતઃ યમયાતના જાતુ ન ભવતિ :** તમારા પય (જળ) પાનથી યમ સંબંધી દુઃખ ક્યારે પણ થતું નથી,
**યમઃ અપિ ભગિનીસુતાન્ દુષ્ટાન્ અપિ કથમ્ ઉ હન્તિઃ? :** યમ પણ ભાણેજ દુષ્ટ છતાં પણ તેને અરે શું મારે છે ? ના.
**યથા ગોપિકાઃ તવ સેવનાત્ હરેઃ પ્રિયઃ અભવત્ :** જે પ્રમાણે ગોપીજનો તમારા સેવનથી હરિને પ્રિય થયાં
**તથા તવ સેવનાત્ જીવઃ હરેઃ પ્રિયઃ ભવતિ :** તે પ્રમાણે તમારા સેવનથી જીવ હરિને પ્રિય થાય છે.

(સાતમું ઐશ્વર્ય : શ્રીયમુનાજી ભગવત્સેવાકર્તાના શરીરમાં અલૌકિક -સામર્થ્ય એટલે તનુનવત્ત્વનું સમ્પાદન કરી આપે છે)

**મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમ્ એતાવતા**
**ન દુર્લભતમા રતિઃ મુરરિપૌ મુકુન્દપ્રિયે ।।**
**અતો-ऽસ્તુ તવ લાલના સુર-ધુની પરં સંગમાત્**

**તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિ-સ્થિતૈઃ ।।૭।।**

**હે મુકુંદપ્રિયે, તવ સન્નિધૌ મમ તનુનવત્વમ્ અસ્તુ :** હે મુકુંદપ્રિયે ! આપની સમીપમાં મારા શરીરનું નવાપણું હો. (સેવોપયોગી નવીન દેહ થાઓ)

**એતાવતા મુરરિપૌ રતિઃ દુર્લભતમા ન :** એટલાથી મુરારિમાં પ્રીતિ થવી અતિ દુર્લભ નથી,

**અતઃ તવ લાલના અસ્તુ :** એ પ્રમાણે આપનું મારા પ્રત્યે લાલન હો,

**સુરધુની પરં તવ એવ સંગમાત્ ભુવિ કીર્તિતા :** શ્રીગંગાજી પણ કેવળ આપના જ સંગમથી પૃથ્વીમાં વખણાયેલાં છે,

**પુષ્ટિસ્થિતૈઃ તુ કદાપિ તવ વિના કીર્તિતા ન :** તેમાં પણ પુષ્ટિ(અનુગ્રહ) માર્ગમાં રહેલા જીવોએ તો આપના વિના એકલાં શ્રીગંગાજીને ક્યારે પણ વખાણેલાં નથી.

(આઠમું ઐશ્વર્ય : પુષ્ટિપ્રભુના લીલાસામયિક શ્રમજલકણો સાથે પુષ્ટિજીવોનો સમ્બન્ધ સમ્પાદિત કરે છે)

**સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ! પ્રિયે!**
**હરેર્ યદ્ અનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષતઃ ।।**
**ઈયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સંગમ-**
**સ્મર-શ્રમ-જલાણુભિઃ સકલ-ગાત્રજૈઃ સંગમઃ।।૮।।**

**હે કલમજાસપત્નિ હે પ્રિયે તવ સ્તુતિં કિં કરોતિ :** હે લક્ષ્મીજીનાં શોક્ય ! હે શ્રીયમુનાજી તમારી સ્તુતિ કોણ કરે/કરી શકે છે? કોઈ કરી શકતું નથી.

શ્રીલક્ષ્મીજી અને શ્રીયમુનાજીની સેવા કરવાના ફળની સરખામણી કરાય છે કે,

**યદ્ અનુસેવયા આમોક્ષતઃ સૌખ્યમ્ :** શ્રીલક્ષ્મીજીનું પ્રભુની સાથે સેવનવડે મોક્ષ પર્યંત સુખ થાય છે, પરંતુ તમારી સેવાથી,

**સકલગાત્રજૈઃ સકલગોપિકાસંગમસ્મરશ્રમજલાણુભિઃ સંગમઃ ભવતિ :** સર્વ શ્રી અંગથી ઉત્પન્ન થયેલાં, સર્વ ગોપીજનના સમાગમથી થયેલા જે

શ્રમજલનાં બિંદુઓ, તે સાથે સમાગમ થાય છે.

(કારણકે શ્રીલક્ષ્મીજીને તો પોતાના પતિનો પૂર્ણ ભાવ છે અને હે શ્રીયમુનાજી તમોને પતિભાવ એટલે માલીકના સુખનો જ નિર્વિકાર નિર્ગુણાત્મક ભાવ છે.)

**ઈયં તવ કથા અધિકા :** આ તમારી કથા અધિક છે.

(શ્રીયમુનાષ્ટકના પાઠથી સર્વપાપક્ષય, સકલસિદ્ધિની પ્રાપ્તિ, ભગવાન્માં પ્રેમ, પ્રભુને સન્તોષ; અને સ્વભાવ ઉપર વિજય રૂપી ફળો સિદ્ધ થાય છે)

**તવાષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે! સદા**
**સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।।**
**તયા સકલ-સિદ્ધયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ**
**સ્વભાવ-વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ।।૯।।**

**હે સૂરસૂતે, તવ ઈદં અષ્ટકં યઃ પઠતિ –** હે સૂર્યનાં પુત્રી ! આપના આ અષ્ટનો જે પાઠ કરે છે

**તસ્ય સમસ્તદુરિતક્ષયઃ ભવતિ –** તેનાં [૧]બધાં પાપોનો નાશ થાય છે,

**ચ મુકુંદે રતિઃ ભવતિ –** [૨]મુકુંદમાં પ્રીતિ થાય છે,

**ચ તયા(પ્રીત્યા) સકલસિદ્ધયઃ ભવન્તિ–** [૩]તે પ્રીતિવડે સકલ અલૌકિક સિદ્ધિ થાય છે,

**ચ મુરરિપુઃ સંતુષ્યતિ–** [૪]મુરારિ સારી રીતે પ્રસન્ન થાય છે

**ચ સ્વભાવવિજયઃ ભવેત્–** અને છેવટ [૫]સ્વભાવનો વિજય થાય છે.

એ અનુક્રમે શ્રીપ્રભુમાં પ્રેમ રૂપી ફળ પ્રાપ્ત થાય છે.

**ઈતિ શ્રીહરેઃ વલ્લભઃ વદતિ–**એ પ્રમાણે શ્રીહરિના વહાલા શ્રીઆચાર્યજીના મહાપ્રભુજી કહે છે.

।।ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં શ્રીયમુનાષ્ટકં સંપૂર્ણમ્ ।।

## ।। બાલબોધઃ ।।

(ધર્મ-અર્થ-કામ-મોક્ષ રૂપ ચાર પુરુષાર્થોની બાબતમાં સકલ સિદ્ધાન્તોનો સંગ્રહ)

**નત્વા હરિં સદાનન્દં સર્વ-સિદ્ધાન્ત-સંગ્રહમ્ ।।**
**બાલ-પ્રબોધનાર્થાય વદામિ સુવિનિશ્ચિતમ્ ।।૧।।**

**અર્થ :** સદા આનંદરૂપ હરિને નમીને, સારી રીતે વિશેષે કરીને નિશ્ચય કરેલા સર્વ સિદ્ધાંતના સંગ્રહને બાળકોને માટે કહું છુ.

બાળ કે વૃદ્ધ, અજ્ઞાની કે જ્ઞાની, વગેરે તમામ અવસ્થામાં અને સર્વકાળ દરેકનો સ્વાભાવિક ધર્મ એ છે જે-હરિને નમન કરવું, માટે પ્રથમ હરિને નમન કરીનેનિશ્ચય કરેલો સર્વ સિદ્ધાંતનો સંગ્રહ કહે છે.

ગ્રન્થમાં પોતાનો ઈષ્ટ સિદ્ધાંત બતાવ્યો નથી, કારણકે આ સિદ્ધાંત તો બાળબુદ્ધિ (શાસ્ત્રવિષયમાં અજાણ્યાં) મનુષ્યોના લાભ માટે છે, જેથી તેને લાયક સર્વ સિદ્ધાંત બતાવ્યા બાદ મન જ્યારે ભમતું અટકે, ત્યાર પછી ભક્તિમાર્ગમાં કયો સિદ્ધાંત ઈષ્ટ (સૌથી વધારે ઈચ્છવા લાયક)છે, તે હવે પછીનાં ગ્રન્થ સિદ્ધાંતમુક્તાવલીમાં બતાવ્યો છે. ૧.

(પુરુષાર્થોના લૌકિક તથા અલૌકિક આમ બે પ્રકારો હોય છે. પુરુષાર્થો પૈકી ધર્મ, અર્થ અને કામ ની વિચારણા આ ગ્રન્થમાં અનાવશ્યક હોવાથી કરવામાં આવતી નથી.)

**'ધર્માર્થ-કામ-મોક્ષા'ખ્યાઃ ચત્વારો-ઽર્થા મનીષિણામ્।।**
**જીવેશ્વર-વિચારેણ દ્વિધા તે હિ વિચારિતાઃ ।।૨।।**

**અર્થ :** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ નામે મનુષ્યોના ચાર અર્થો જીવવિચારવડે અને ઈશ્વરવિચારવડે, એમ બે પ્રકારે વિચારાએલા છે.

જીવ ઈશ્વરનો અંશ છે, છતાં સ્વરૂપના અજ્ઞાનને લીધે ઈશ્વરના જેવો શુદ્ધ વિચારવાળો નથી. જો કે ઋષિ મુનિઓને કેટલેક દરજ્જે સ્વરૂપનું અજ્ઞાન નાશ પામેલું હોય છે, જેથી જેટલે દરજ્જે તેમનું અજ્ઞાન નાશ પામ્યું

હોય તેટલે દરજ્જે તેમના વિચાર શુદ્ધ હોય છે, જેથી ઋષિઓમાં જીવબુદ્ધિ હોય જ, માટે તેમના વિચારમાં આવેલા ચાર પુરુષાર્થ અને ઈશ્વરના શુદ્ધ વિચારમાં આવેલા ચાર પુરુષાર્થ એ બેમાં તારતમ્ય (ગૌણ અને વિશેષપણું) છે, માટે બે પ્રકારના પુરુષાર્થો છે, એમ કહેલું છે. ૨.

**અલૌકિકાસ્તુ વેદોક્તાઃ સાધ્ય-સાધન-સંયુતાઃ ।।**
**લૌકિકા ઋષિભિઃ પ્રોક્તાઃ તથૈવેશ્વર-શિક્ષયા ।।૩।।**

**અર્થ :** સાધ્ય અને સાધનસહિત અલૌકિક પુરુષાર્થો (ઈશ્વરવિચારિત) વેદમાં કહેલ છે, અને ઈશ્વરની પ્રેરણા વડે તે જ મુજબ (સાધ્ય અને સાધન સહિત) લૌકિક પુરુષાર્થ ઋષિઓએ કહેલાં છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ નામે ચાર પુરુષાર્થ છે, તે દરેકના બે વર્ગ છે. (૧)જીવ વિચારિત, (૨)ઈશ્વર વિચારિત. જીવ વિચારિત (ઋષિઓએ વિચારેલા) ધર્માદિ ચાર પુરુષાર્થો સ્મૃતિ નામે ગ્રન્થોમાં બતાવ્યા છે. ઈશ્વર વિચારિત ધર્માદિ ચાર પુરુષાર્થો વેદમાં કહેલા છે. સ્મૃતિગ્રન્થોમાં વિચારેલા પુરુષાર્થો ગૌણ છે, અને વેદમાં વિચારેલા પુરુષાર્થો મુખ્ય છે.

સ્મૃતિગ્રન્થોના કહેલ ચાર પુરુષાર્થોના દરેકના સાધ્ય (સાધવા લાયક) અને તે માટેના સાધન સાહિત્યો કરતાં વેદમાં કહેલ ચારે પુરુષાર્થોના સાધ્ય અને સાધન વિલક્ષણ છે, તે બધી બાબત જેમ જેમ જીવની યોગ્યતા થતી જશે તેમ તેમ બીજા ગ્રન્થો અને સત્સંગથી જણાતું જશે. ૩.

**લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ વેદાદ્ આદ્યા યતઃ સ્થિતાઃ ।।**
**ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ।।૪।।**
**ત્રિવર્ગ-સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે ।।**

**અર્થ :** ઈશ્વર વિચારિત પુરુષાર્થ વેદમાં સ્થિત છે, (અને તે ગહન છે) જેથી (આ ગ્રન્થમાં) લૌકિક પુરુષાર્થને કહું છું-તે લૌકિક પુરુષાર્થ પૈકી ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ માટે અનુક્રમે ધર્મશાસ્ત્રો, નીતિશાસ્ત્રો અને કામશાસ્ત્રો

છે, તેથી એ ત્રિવર્ગનો નિર્ણય હું (અહીં) કહેતો નથી.

વેદમાં જે પુરુષાર્થો કહેલા છે તે ગહન છે, બાળક જેવી બુદ્ધિવાળાને તે સમજાય તેવા નથી, અને આ ગ્રન્થ બાળબોધ છે, એટલે ધર્મવિષયમાં જેની બુદ્ધિ બાળક બરોબર છે તેવાને માટે વેદમાં કહેલા પુરુષાર્થો આ ગ્રન્થમાં કહેવામાં આવતા નથી. તેમજ ઋષિઓવડે કહેવાએલા સ્મૃતિમાં જે પુરુષાર્થો છે, તેમાંના ત્રણ પુરુષાર્થ નિત્ય ફળ આપનાર નથી, અનિત્ય છે, માટે શ્રીઆચાર્યજી કહે છે કે તે લૌકિક ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ કરવા માટે તે તે માટેના ગ્રન્થો જોઈ લેશે, પણ મોક્ષ એ નિત્ય છે, માટે મોક્ષનો નિર્ણય અત્રે કરાય છે. ૪.

(સ્વતોમોક્ષ અને પરતોમોક્ષ આમ મોક્ષોના બે પ્રકારોમાં સ્વતો મોક્ષના બાહ્યત્યાગ અને આભ્યન્તરત્યાગ હેતુક બે પ્રકારો)

**મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃ સ્વતઃ ।।૫।।**
**દ્વિધા દ્વે-દ્વે સ્વતસ્ તત્ર સાંખ્ય-યોગૌ પ્રકીર્તિતૌ ।।**
**ત્યાગાત્યાગ-વિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતઃ ।।૬।।**
**અહન્તા-મમતા-નાશે સર્વથા નિરહંકૃતૌ ।।**
**સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે ।।૭।।**

**અર્થ :** લૌકિક પુરુષાર્થ મધ્યના મોક્ષમાં ચાર શાસ્ત્રો છે, તેમાં પરથી મોક્ષ અને સ્વતઃ (પોતાથી) મોક્ષ એમ બે પ્રકાર છે. તે દરેક પ્રકારનાં બબ્બે શાસ્ત્રો છે; જે સ્વતઃ મોક્ષના શાસ્ત્રો છે, તે ત્યાગ અને અત્યાગ એમ બે વિભાવ વડે અનુક્રમે સાંખ્ય અને યોગ નામે બે શાસ્ત્રો કહેલાં છે. સાંખ્યશાસ્ત્રમાં ત્યાગ કહેલો છે. અહંતામમતાનો નાશ થયે સર્વ પ્રકારે અહંકારથી રહિત થઈ જ્યારે જીવ સ્વરૂપ જ્ઞાનમાં રહેનારો થાય ત્યારે તે કૃતાર્થ થાય છે.

**(અ)પોતાનાં સાધન બળથી મોક્ષ મેળવવાનાં બે શાસ્ત્રો.**

**(૧) સાંખ્યશાસ્ત્ર**-તેમાં ત્યાગની બાબત મુખ્ય છે, અને તે વડે

અંતઃકરણમાંથી જ્યારે અહંતામમતાનો નાશ થઈ તદ્દન અહંકારરહિત થવાય ત્યારે જીવ પંચપર્વા અવિદ્યાથી રહિત થઈ પોતાના સ્વરૂપમાં રહેનારો થાય ત્યારે કૃતાર્થ (મોક્ષપ્રાપ્તિ) થાય છે. વિશેષ વર્ણન ૮મા શ્લોકમાં છે.

**(૨) યોગશાસ્ત્ર** તે અત્યાગવાળો (દેહાદિકની પ્રવૃત્તિવાળો) છતાં તેમાં મનવડે ત્યાગ છે. તેની વિશેષ હકીકત ૯ મા શ્લોકમાં બતાવી છે.

**(આ) પરથી મોક્ષ મેળવવાનાં બે શાસ્ત્ર.**

(૧) શિવથી મોક્ષ મેળવવાનાં શાસ્ત્ર-પાશુપત શાસ્ત્ર વગેરે.

(૨) વિષ્ણુથી મોક્ષ મેળવવાનાં શાસ્ત્ર-નારદપંચરાત્ર વગેરે.

આ બંનેનું વિશેષ વર્ણન ૧૦ મા શ્લોકથી ૧૯ મા શ્લોક સુધી આપ્યું છે. ૫-૬-૭.

**તદર્થં પ્રક્રિયા કાચિત્ પુરાણેઽપિ નિરૂપિતા ।।**
**ઋષિભિર્ બહુધા પ્રોક્તા ફલમ્ એકમ્ અબાહ્યતઃ ।।૮।।**

**અર્થ :** તે અહંતામમતાના નાશને માટે પુરાણમાં પણ કેટલીક પ્રક્રિયા નિરૂપણ કરેલી છે, તે પ્રક્રિયા ઋષિઓએ બહુ પ્રકારે કહેલી છે. અ બ ા હ્ય (વેદથી અવિરુદ્ધ) સાંખ્યશાસ્ત્રથી ફળ એક જ છે.

સાંખ્યશાસ્ત્રના બે પ્રકાર છે. ૧.અબાહ્ય એટલે સેશ્વર સાંખ્ય, તે ઈશ્વરનું સર્વકર્ત્તાપણું માને છે. ૨.બાહ્ય સાંખ્ય એટલે નિરીશ્વર સાંખ્ય, તે આ જગતના કરનાર ઈશ્વરનો જ ઈનકાર કરે છે. આમાંથી સેશ્વર સાંખ્યનું ફળ અને ઋષિઓએ પુરાણમાં ઘણા પ્રકારે કહેલી અહંતામમતાનાશક પ્રક્રિયાનાં ફળ એક જ છે, જેથી તે, બધા શિષ્ટોએ આદર કરેલાં છે, કારણકે બધાનું ફળ (આગલા શ્લોકમાં કહેલી અહંતામમતાનો નાશ થઈ સર્વથા અહંકાર વગરના થઈ જ્યારે જીવ પોતાના સ્વરૂપમાં રહેનાર થાય છે, ત્યારે કૃતાર્થ થાય છે,) આ એક જ છે.

જે બાહ્યસાંખ્યશાસ્ત્ર નિરીશ્વરવાદી છે તેનું ફળ તો નરક છે, માટે તે અનાદર કરવા યોગ્ય છે.

**અત્યાગે યોગમાર્ગો હિ ત્યાગોઽપિ મનસૈવ હિ।।**
**યમાદયસ્તુ કર્તવ્યાઃ સિદ્ધે યોગે કૃતાર્થતા।।૯।।**

**અર્થ :** યોગમાર્ગ અત્યાગવાળો છતાં મનવડે ત્યાગ છે. યજ્ઞાદિક કર્ત્તવ્ય છે, જેથી યોગ સિદ્ધ થતાં કૃતાર્થપણું છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ, એ આઠ યોગનાં અંગ કહેવાય છે. આ અષ્ટાંગ યોગમાં ગૃહનો ત્યાગ કરવાની જરૂર જણાતી નથી, પણ મનની સર્વ વૃત્તિઓનો નિગ્રહ રાખી ધ્યાન કરવા યોગ્ય ઈષ્ટ સ્વરૂપમાં યોગ સિદ્ધ થતાં આપોઆપ અવિદ્યાનો નાશ થઈ જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થઈ પોતે પોતાના આત્મામાં રમનાર થાય છે, ત્યારે તેને કૃતાર્થપણું મળે છે. ૯

(પરબ્રહ્મના ત્રણ દેવરૂપો પૈકી બ્રહ્મા[ક] મોક્ષદાયક જ્ઞાનદાતા દેવતા હોવાથી, પરતો મોક્ષના બે પ્રકારોમાં શૈવ-વૈષ્ણવશાસ્ત્રો મુજબ નિર્દોષ-પૂર્ણગુણ સર્વાત્મક બ્રહ્મ તરીકે નિરૂપિત સૃષ્ટિના સંહારક અને પાલક કેવલ શિવ[ખ]-વિષ્ણુ[ગ] જ તદીયતા[૧] અથવા તદાશ્રય[૨] દ્વારા જીવોને મુક્તિનું દાન કરે છે)

**પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોઽપિ નિરૂપ્યતે।।**
**બ્રહ્મા બ્રાહ્મણતાં યાતઃ તદ્રૂપેણ સુસેવ્યતે।।૧૦।।**

**અર્થ :** પરાશ્રયવડે મોક્ષ તે પણ બે પ્રકારનો નિરૂપણ કરાએલો છે. બ્રહ્મા બ્રાહ્મણપણાને પામેલા છે જેથી તે રૂપવડે સારી રીતે સેવાય છે.

આ જગતના નિયામક દેવ ત્રણ છે, છતાં પરાશ્રયવડે બે પ્રકારનો મોક્ષ કહેલો છે. તે શંકાના નિવારણ માટે કહે છે કે ત્રણ દેવ પૈકી બ્રહ્મા બ્રાહ્મણપણાને પામેલા છે અને લોકમાં તે સન્માન, દાન, દક્ષિણા ભોજન વગેરે પ્રકારે બ્રાહ્મણપણાથી બ્રહ્માની સેવા સારી રીતે થાય છે.

બ્રાહ્મણરૂપે બ્રહ્માની સેવા મોક્ષની ઈચ્છાથી થતી નથી, પણ વેદ વગેરેના અધ્યયન માટે, બ્રહ્મજ્ઞાન થવા માટે, અથવા બ્રહ્મતે જ (બ્રાહ્મણપણાના તેજ)ની પ્રાપ્તિ માટે બ્રાહ્મણરૂપે બ્રહ્માજીની સેવા કરવામાં આવે છે. ૧૦

**તે સર્વાર્થા ન ચાદ્યેન[ક] શાસ્ત્રં કિંચિદ્ ઉદીરિતમ્ ।।**
**અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ ।।૧૧।।**
**વસ્તુનઃ સ્થિતિ-સંહારૌ કાર્યૌ શાસ્ત્ર-પ્રવર્તકૌ ।।**

**અર્થ :** તે સર્વ અર્થ આદ્ય (બ્રહ્મા) વડે નથી મળતા, (વૈખાનસતંત્ર વગેરેમાં) સહેજસાજ મોક્ષનું વર્ણન છે, જેથી (બાકીના) શિવ અને વિષ્ણુ એ બે જગતના હિતકારી દેવ છે. તેઓ બંને મોક્ષશાસ્ત્રના પ્રવર્ત્તક છે, અને વસ્તુમાત્રની સ્થિતિ અને સંહારના કરનાર છે.

સર્વ પ્રકારના અર્થ (ચારે પ્રકારના પુરુષાર્થો, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) બ્રહ્માથી મળતા નથી. જો કે વૈખાનસતંત્ર વગેરેમાં બ્રહ્માએ સહેજસાજ મોક્ષ મેળવવા સંબંધી વર્ણન કરેલું છે, જેથી જગતના હિતકારી એટલે જગતના જિજ્ઞાસુ જીવોને મોક્ષ આપવાવાળા શિવ અને વિષ્ણુ એ બે દેવ છે, અને તે બંને મોક્ષશાસ્ત્રના પ્રવર્ત્તક છે. વસ્તુનું પાલન કરવું એ વિષ્ણુનું અવશ્યકાર્ય છે, અને સંહાર કરવો એ શિવનું અવશ્ય કાર્ય છે. મતલબ કે પાલન કરવું એ સત્વગુણનું કાર્ય છે, જેથી સત્વગુણના અધિષ્ઠાતા વિષ્ણુ છે, અને સંહાર કરવો એ તામસગુણનું કાર્ય છે, જેથી શિવ તામસ ગુણના અધિષ્ઠાતા દેવ છે; જેથી વિષ્ણુ પાસે સાત્વિક ગુણનાં સાહિત્યો હોય છે, અને શિવજી પાસે તામસગુણનાં સાહિત્યો હોય છે. ૧૧.

**બ્રહ્મૈવ તાદૃશં યસ્માત્ સર્વાત્મકતયોદિતૌ ।।૧૨।।**

**અર્થ :** કેટલેક ઠેકાણે શિવજીને સર્વાત્મકપણાથી વર્ણવેલા છે તેમજ કેટલેક ઠેકાણે વિષ્ણુને સર્વાત્મકપણાથી નિરૂપણ કરેલ છે. આ પ્રમાણે કહેવાનું પ્રયોજન તે તે સ્થળે શિવ તથા વિષ્ણુરૂપથી બ્રહ્મનું જ નિરૂપણ છે. કાંઈ ગુણાત્મક શિવ તથા વિષ્ણુનું સર્વાત્મકપણાથી વર્ણન કરેલ નથી.

શિવ અને વિષ્ણુનું (તે તે શાસ્ત્રોમાં) સર્વાત્કમપણાથી વર્ણન કરેલું છે, જેથી બ્રહ્મ જ તે રૂપે છે, એમ વર્ણન કરેલ છે એમ સમજવું. ૧૨.

**નિર્દોષ-પૂર્ણ-ગુણતા તત્-તચ્છાસ્ત્રે તયોઃ[ખ-ગ] કૃતા ।।**

**ભોગ–મોક્ષ–ફલે દાતું શક્તૌ દ્વાવપિ યદ્યપિ ।।૧૩।।**
**ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ।।**

**અર્થ :** તે તે શાસ્ત્રમાં તે બન્નેનું નિર્દોષપૂર્ણગુણપણું નિરૂપણ કરેલું છે. જો કે ભોગ અને મોક્ષ બંને ફળ આપવાને બન્ને સર્વથા શક્તિમાન છે, પરંતુ શિવવડે ભોગ મળે છે, અને વિષ્ણુવડે મોક્ષ મળે છે, એમ નિશ્ચય છે.

ઉપર કહેવા પ્રમાણે શિવ અને વિષ્ણુ બન્નેનું વર્ણન તે તે ગ્રન્થોમાં નિર્દોષપૂર્ણ ગુણપણાથી કહ્યું છે. પૂર્ણ ગુણપણાને લીધે સર્વ સમર્થ બન્ને દેવ છે, એટલે ભોગ અને મોક્ષ બન્ને આપવાને દરેક સમર્થ છે. પણ સાધારણ નિયમ પ્રમાણે ભોગ શિવથી અને મોક્ષ વિષ્ણુથી મળે છે.

બન્ને સર્વ સમર્થ છતાં સાધારણ નિયમથી આ સૃષ્ટિનો કાર્યભાર ચલાવે છે. કોઈ વખત સાધારણ નિયમ ઉપરાંત અતિપ્રિય ભક્તોપર વિશેષ પ્રસન્ન થાય છે ત્યારે પોતાના સર્વ સામર્થ્યનો તે ભક્ત પ્રત્યે ઉપયોગ કરે છે. તે વખતે શિવજી પોતાના ભક્તને મોક્ષ પણ આપે છે, અને વિષ્ણુ પોતાના ભક્તને ભોગ પણ આપે છે. સાધારણ રીતિથી તેમ થતું નથી. ૧૩.

**લોકેઽપિ યત્ પ્રભુર્ ભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત્ ।।૧૪।।**

**અર્થ :** લોકમાં પણ સ્વામી જે ભોગવે છે તે ક્યારે પણ (સેવકને) આપતા નથી.

સાધારણ બુદ્ધિથી સમજ પડે એવો દાખલો આપે છે કે આ લોકમાં રાજા, શેઠ વગેરે પણ જે વસ્તુ પોતાને ખાસ તરીકે ભોગવવાની હોય તે વસ્તુ સેવક (નોકર, ચાકર)ને આપતા નથી, પણ જે ચીજ પોતાને ખાસ ભોગવવાની ન હોય તે ચીજ સાધારણ નિયમ તરીકે સેવકને આપે છે.

વિષ્ણુ લક્ષ્મીજીની સાથે ભોગ ભોગવે છે, અને શિવજી સદા વૈરાગ્યુક્ત રહીને મોક્ષને ભોગવે છે; જેથી વિષ્ણુને ભોગવવાની વસ્તુ ભોગ છે, અને શિવજીને ભોગવવાની વસ્તુ મોક્ષ છે; તે સાધારણ નિયમ તરીકે પોતાના સેવકને આપતા નથી પણ તેથી બીજી વસ્તુ એટલે વિષ્ણુ મોક્ષ અને શિવજી ભોગ સાધારણ નિયમ તરીકે આપે છે. ૧૪

**અતિપ્રિયાય તદપિ દીયતે ક્વચિદેવ હિ ।।**
**નિયતાર્થ-પ્રદાનેન તદીયત્વં[ખ૧/ગ૧] તદાશ્રયઃ[ખ૨/ગ૨] ।।૧૫।।**
**પ્રત્યેકં સાધનં ચૈતદ્ દ્વિતીયાર્થે મહાન્ શ્રમઃ ।।**

**અર્થ :** ક્યારેક અતિપ્રિય (ભક્ત)ને તે પણ આપે છે, નિયમપૂર્વક અર્થના (ભોગ અને મોક્ષ) દાનવડે તેમના તેમના દાસપણું અને તેમનો તેમનો આશ્રય (સિદ્ધ થાય છે.) દરેક અર્થ મેળવવાનું સાધન પ્રત્યેક છે. દરેકને બીજા અર્થદાનમાં મહાન્ શ્રમ પડે છે.

ઉપર કહી ગયા તે પ્રમાણે જ્યારે ભક્તપર અતિ પ્રિયપણું થાય ત્યારે જ સાધારણ નિયમ ઉપરાંત પોતે પોતાને ભોગવવાની વસ્તુ આપે છે. મતલબ કે શિવજી પોતાના અનન્ય ભક્તપર અતિ પ્રસન્ન થાય ત્યારે મોક્ષ આપે છે, અને વિષ્ણુ પણ પોતાના અનન્ય ભક્ત પર અતિ પ્રસન્ન થાય ત્યારે ભોગ આપે છે.

સાધારણ નિયમને અનુસરીને દાન કરવામાં આવે તે પ્રમાણે જો ભોગની જ ઈચ્છા હોય તો શિવજીનું તદીયપણું એટલે શિવજીનું દાસપણું અને શિવજીનો જ આશ્રય કરવો જોઈએ, અને મોક્ષની અપેક્ષા હોય તો વિષ્ણુનું દાસપણું અને વિષ્ણુનો આશ્રય કરવો જોઈએ. એ પ્રમાણે ખાસ એક અર્થ મેળવવા માટે ખાસ સાધન છે, એટલે ભોગ મેળવવા માટે શિવભજન સાધન છે, અને મોક્ષ મેળવવા માટે વિષ્ણુ ભજન ખાસ સાધન છે, સાધારણ નિયમ તરીકે બન્ને અર્થ એક જ દેવથી મળતા નથી.

વિશેષ નિયમ તરીકે એક જ દેવ બન્ને અર્થ આપી શકે છે, પણ તે આપવાને દરેકને વધારે શ્રમ પડે છે. કારણકે-

શિવજી તમોગુણના અધિષ્ઠાતા દેવ છે. તેમની સામગ્રી પણ બધી તેવી જ છે. જેથી તમોગુણી વર્ગને શિવજીમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. તમોગુણીને ભોગ આપવો ઘણો સહેલો છે, કારણ ભોગ એ પણ રાજસ અને તમોગુણનું જ કાર્ય છે, પરંતુ તેવા ભક્તનો તમોગણી અને રજોગુણી સ્વભાવ બદલી સત્વગુણથી પણ શ્રેષ્ઠ નિર્ગુણ બનાવે ત્યારે મોક્ષ અપાય છે.

જેથી તે ભક્તને તેવો નિર્ગુણ બનાવવાને શિવજીને વધારે શ્રમ પડે છે.

તે જ મુજબ વિષ્ણુ સત્ત્વગુણના અધિષ્ઠાતા દેવ છે. તેમની સામગ્રી પણ તેવી જ છે. જે સત્વગુણી હોય છે તેમને વિષ્ણુમાં ભક્તિ થાય છે, તેમને તે સ્વભાવ ફેરવી નિર્ગુણ બનાવવું ઘણું સુગમ છે, પણ રજોગુણ અને તમોગુણના પરિણામરૂપ ભોગ આપવો વિષ્ણુને પસંદ નથી, જેથી તે પોતાના ભક્તને કરુણા કરી આપતા નથી, છતાં પોતાનું સર્વ સામર્થ્યપણું બતાવવા માટે અનન્ય ભક્તને ક્વચિત્ ભોગ આપે છે, પણ તે ભોગમાં પોતાનો ભક્ત આસક્ત થઈ જાય તો તેનું અહિત થાય, જે થી ભોગમાં આસક્ત ન થાય તેવું પૂર્ણ વૈરાગ્યયુક્ત મન કરી પછી કાર્યપ્રસંગે ભોગ આપે છે. ૧૫.

(સ્વાભાવિક દોષને દૂર કરવામાટે તદાશ્રય[ખ૧/ગ૧] તેમજ તદીયતા[ખ૨/ગ૨] મેળવવાની બુદ્ધિથી સ્વધર્માચરણને નભાવવું પણ આવશ્યક છે)

**જીવાઃ સ્વભાવતો દુષ્ટા દોષાભાવાય સર્વદા ।।૧૬।।**
**શ્રવણાદિ તતઃ પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિધ્યતિ ।।**

**અર્થ :** જીવો સ્વભાવવડે દુષ્ટ છે, જેથી દોષના અભાવને માટે સર્વદા પ્રેમવડે શ્રવણાદિક કરવું, તેથી સર્વ કાર્ય સિદ્ધ થશે.

ભોગ મેળવવાનું સાધન શિવભક્તિ છે, અને મોક્ષ મેળવવાનું સાધન વિષ્ણુભક્તિ છે. એ પ્રમાણે ઉપર કહેવામાં આવ્યું. પણ તેવી ભક્તિ પ્રાપ્ત કરવામાં જીવને જીવનો દુષ્ટ સ્વભાવ બાધક છે. જો કે જીવ જાતે દોષવાળો નથી, તે તો પ્રભુનો અંશ છે. જેથી જીવનું સ્વરૂપ તો શુદ્ધ છે પણ જીવનો સ્વભાવ દોષવાળો છે, માટે તે દોષના અભાવ માટે પ્રેમવડે શ્રવણ કીર્તન વગેરે નવધા સાધન ભક્તિ કરવી, જેથી સર્વ કાર્ય સિદ્ધ થશે એમ આજ્ઞા છે.

શિવભિક્તમાં કે વિષ્ણુભક્તિમાં બન્નેમાં આ સાધનભક્તિની જરૂર છે. તે વગર તે દેવ પ્રસન્ન થતા નથી, તેમ તે સાધનભક્તિ વગર તેમાં અનન્ય ભક્તિ થતી નથી. અનન્ય ભક્તિ વગર ભક્તની ધારણા પ્રમાણેનું ફળ પણ તે તે દેવ આપતા નથી, માટે શ્રવણાદિક સાધને ભક્તિ કરવી જોઈએ. ૧૬

**મોક્ષસ્તુ સુલભો વિષ્ણોઃ ભોગશ્ચ શિવતસ્તથા ।।૧૭।।**

**સમર્પણેન આત્મનો હિ તદીયત્વં[ખ૨/ગ૨] ભવેદ્ ધ્રુવમ્ ।।**

**અર્થ :** મોક્ષ તો વિષ્ણુથી સુલભ છે, તેજ પ્રમાણે ભોગ શિવથી છે, પોતાના સમર્પણવડે તદીયપણું નક્કી થાય છે.

જો મોક્ષની સિદ્ધિની ઈચ્છા હોય તો વિષ્ણુથી મોક્ષ સહેલાઈથી મળે છે, માટે વિષ્ણુની શ્રવણાદિક સાધનથી ભક્તિ કરવી જાઈએ. ભોગની ઈચ્છા હોય તો તે શિવજીથી સહેલાઈથી મળે છે, અને તે મેળવવામાં શિવજીની શ્રવણાદિક સાધનથી ભક્તિ કરવી જોઈએ. આ નવ પ્રકારની ભક્તિમાં જ્યારે છેલ્લી નવમી આત્માનું સમર્પણ તે દેવમાં થાય, ત્યારે જ તેમનું દાસપણું (તદીયપણું) નક્કી થાય છે. જ્યાં સુધી આત્માનું સમર્પણ થતું નથી, ત્યાં સુધી તેમનું દાસપણું સિદ્ધ થતું નથી. ૧૭.

**અતદીયતયા ચાપિ કેવલશ્ ચેત્ સમાશ્રિતઃ ।।૧૮।।**

**તદાશ્રય[ખ૧/ગ૧]-તદીયત્વ[ખ૨/ગ૨]બુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્ ।।**

**સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા ।।**

**અર્થ :** અતદીયપણા વડે પણ જો કેવળ સારી રીતે આશ્રય જ હોય તો અને તે આશ્રય તદીયપણાની બુદ્ધિપૂર્વક (આગળ ઉપર તદીય થવાય તો ઠીક એવી બુદ્ધિપૂર્વક) કાંઈક આચરણવાળો હોવો જોઈએ, અને વર્ણાશ્રમના ધર્મને અનુસરતો હોવો જોઈએ, અન્યથા (બીજે પ્રકારે) કરવામાં આવે તો એટલે વર્ણાશ્રમ ધર્મ ન આચરવામાં આવે તો, બમણો ભાર થાય.

આત્મસમર્પણ કરવા જેટલી મનની સ્થિતિ ન થઈ હોય, તો પણ ભોગ કે મોક્ષની ઈચ્છા મુજબ તે તે દેવનો સારી રીતે આશ્રય રાખવો જોઈએ. ફક્ત આશ્રયથી જ સંતોષ પામવો ન જોઈએ, પણ મનમાં એમ આવવું જોઈએ કે આ આશ્રયવડે મન તે ઈષ્ટદેવમાં લાગી તદીયપણું પ્રાપ્ત થશે, એવી ઈચ્છાથી થવું જોઈએ. તેમજ પોતાના મનની કાચીસ્થિતિમાં મનમાં પાખંડનો પ્રવેશ ન થાય માટે વર્ણાશ્રમના ધર્મને અનુસરતી રીતે ચાલવું

જોઈએ. જો આ રસ્તે ન ચાલતાં સ્વચ્છંદ રીતે વર્તે તો બમણો ભાર થાય એટલે કે,

મનુષ્યજન્મ મળ્યા પહેલાં પોતાને માથે અવિદ્યારૂપી જે ભાર હતો, તેમાં આ મનુષ્યજન્મમાં પણ સ્વચ્છંદથી ચાલી અવિદ્યારૂપી વૃદ્ધિ થાય, તેવી રીતે ચાલવામાં આવે તો અવિદ્યારૂપી જે ભાર પ્રથમ હતો તેથી બમણો ભાર થાય. ૧૯.

**ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ।।૧૯।।**

**અર્થ :** એ પ્રમાણે સર્વ કહ્યું, આટલા જ્ઞાનથી ફરીથી ભ્રમ થશે નહિ.

।। ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતો બાલબોધઃ સમ્પૂર્ણઃ ।।

## બાલબોધ ગ્રન્થનો સાર

(૧) આ ગ્રન્થમાં પુષ્ટિમાર્ગીય માટે કશું કહેવામાં આવ્યું નથી, પણ જેનું મન અનેક દેવ દેવીઓ અને ભૂત પ્રેત તથા દોરા ધાગામાં લાગેલું હોય તેની પ્રવૃત્તિ નિયમિત (સ્થાયી) કરવા માટે આ ગ્રન્થમાં કહેવામાં આવ્યું છે જે મોક્ષ કહેવામાં આવ્યો છે તે પણ લૌકિક મોક્ષ છે, મોક્ષ આપનાર દેવ પોતપોતાના લોક સુધીનો મોક્ષ આપે છે.

(૨)પુષ્ટિમાર્ગને અનુસારની ઈચ્છા અક્ષરબ્રહ્મથી પર પુરુષોત્તમપ્રાપ્તિ માટે છે. તેમને લૌકિક ભોગ તો તદ્દન ત્યાજ્ય છે. પુષ્ટિભક્તો માટે હવે પછીના સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં જણાવવામાં આવ્યું છે.

(૩) આ બાલબોધ ગ્રન્થ ઉપરથી સ્પષ્ટ જાણાય છે કે, જેને ધર્મને રસ્તે ચાલવાનું છે તે દરેકને પછી તે ચાહે તો વિષ્ણુનો ભક્ત હોય, કે ચાહે તો શિવભક્ત હોય તે દરેકને અનન્ય વ્રતની જરૂર છે. પણ તેનું ફળ તો તે તે દેવતાનાં અધિકાર મુજબ સાધારણ મળે.

(૪) ગુણાભિમાની દેવની ભક્તિ કરતાં નિર્દોષ પૂર્ણ ગુણયુક્ત સર્વાત્મકનું ભજન વધારે ઈષ્ટ છે.

(૫) ઋષિઓએ કરેલ શાસ્ત્ર (સ્મૃતિ વગેરે) કરતાં વેદશાસ્ત્ર વધારે બલવત્ છે.

(૬) અનન્યવ્રતથી બીજા દેવની નિંદા થતી નથી, પણ પોતાના ઈષ્ટમાં બીજાનો અંતર્ભાવ આવી જાય છે માટે ફક્ત જુદા પૂજનનો અનાદર છે.

(૭) સાંખ્ય અને યોગ સાધન બળથી મોક્ષ મેળવવા ઈચ્છનાર ઈષ્ટદેવની કૃપાના બળથી મોક્ષ મેળવવા ઈચ્છનારના માર્ગ જુદા છે, પણ એ ચારે માર્ગ પોતપોતાના સ્વરૂપમાં વિહિત (કલ્યાણકર્તા) છે, પરંતુ એક માણસ બધામાં થોડું થોડું ચિત્ત રાખી કલ્યાણ ઈચ્છે તે ન બનવાજોગ છે. કારણકે પોતાનું મન અમુક બાબતમાં પુરેપુરું રોક્યા વગર તે માર્ગે ચડાતું નથી, અને તેવી રીતે માર્ગે ચડ્યા વગર કલ્યાણ પણ દૂર છે.

આ વગેરે બાબતનું આ ગ્રન્થના અભ્યાસથી જ્ઞાન થતાં ફરીથી અનેક ભ્રમણા થતી નથી.

## ।। સિદ્ધાન્તમુક્તાવલી ।।

(સ્વમાર્ગીય સિદ્ધાન્તના વિનિશ્ચયનો ઉપદેશ)

**નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્ત-વિનિશ્ચયમ્ ।।**

**અર્થ :** હરિને નમીને પોતાના સિદ્ધાંતના, વિશેષે કરીને, નિશ્ચયને હું કહું છું.

(શ્રીકૃષ્ણસેવાની નિત્યકર્તવ્યતા[૧] નો ઉપદેશ, તેની ફલાવસ્થા[૨], સેવાનું સ્વરૂપ[૩], સેવાની સાધનાવસ્થા[૪] અને સેવાના અવાન્તરફલ[૫] નું નિરૂપણ)

**કૃષ્ણસેવા સદા કાર્યા[૧] માનસી[૨] સા પરા મતા ।।૧।।**

**અર્થ :** કૃષ્ણસેવા હમેશાં કરવી, માનસી સેવા તે ઉત્તમ માનેલી છે.

આવી માનસી સેવા સિદ્ધ થવા માટે શું ઉપાય કરવો, તે હવેના

શ્લોકમાં કહેવાય છે.

**ચેતસ્ તત્પ્રવણં[૩] સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા[૪]।।**

**તતઃ સંસાર-દુઃખસ્ય નિવૃત્તિર્ બ્રહ્મ-બોધનમ્[૫]।।૨।।**

**અર્થ :** ચિત્તનું તેમાં (શ્રીકૃષ્ણમાં) પરોવાવું, તેનું નામ સેવા. તેથી સેવાની સિદ્ધિને માટે તનુવિત્તજા સેવા છે, તેથી સંસારના દુઃખની નિવૃત્તિ થાય છે, અને બ્રહ્મનો બોધ થાય છે.

આખા ગ્રન્થનો સારરૂપ મુખ્ય સિદ્ધાંત એ છે કે, ચિત્તની તમામ વૃત્તિ પ્રભુમાં જ લાગે ત્યારે તે માનસી સેવા થઈ કહેવાય, અને માનસી સેવા થઈ તે પછી બીજું કાંઈ કર્તવ્ય નથી. માનસી સેવાથી દીનતા પ્રાપ્ત થઈ પ્રભુ મળવામાં છેવટ ફળરૂપ વિરહદશા પ્રાપ્ત થાય છે. આવી વિરહદશા અહર્નિશ (અવિચ્છિન્ન) રહે એવી સ્થિતિ થાય તો જ માનસી સેવા થઈ ગણાય.

ચિત્તનું શ્રીકૃષ્ણમાં પરોવાવું એટલે શ્રીકૃષ્ણ સિવાય ચિત્ત બીજા કાર્યમાં ન જોડાય એવી ચિત્તની સ્થિતિ થાય તેનું નામ સેવા. તે જ માનસી સેવા.

ચિત્તને કૃષ્ણપ્રવણ બનાવવાનું સાધન તનુવિત્તજા સેવા છે. 'તનુ' એટલે શરીર અને 'વિત્ત' એટલે પૈસો. દેહવડે સેવાથી દેહ અને ઈંદ્રિયો પ્રભુમાં જોડાવાથી દેહાધ્યાસ અને ઈંદ્રિયાધ્યાસ મટી જાય છે અને ધનને પ્રભુસેવામાં લગાવવાથી ધનમાં લાગેલું અંતઃકરણ પણ ધનની સાથે જ પ્રભુમાં જોડાવાથી અંતઃકરણનો અધ્યાસ પણ મટી જાય છે. માટે પોતાનો દેહ અને પોતાનું ધન એ બન્નેવડે સેવા કરવી જોઈએ. એ બન્ને સાધનથી સેવા કરવાથી ચિત્ત પુરેપુરું ભગવત્પરાયણ થાય ત્યારે માનસી સેવા સિદ્ધ થઈ ગણાય.

કોઈ એમ વિચારે કે વ્યાકરણના નિયમ પ્રમાણે 'તનુવિત્તજા'પદનો સમાસવિગ્રહ 'તનુજા' અને 'વિત્તજા' એમ કરી શકાય છે તેથી શ્રીમહાપ્રભુજીના મતે સાધનરૂપા સેવા પણ તનુજા અને વિત્તજા એમ બે જુદી-જુદી હશે. જે વિત્તજા સેવા ન કરી શકે તે તનુજા સેવા કરે અને જે તનુજા સેવા ન કરી શકે તે વિત્તજા સેવા કરે! પ્રભુચરણ શ્રીગુસાંઈજી લખે છે

કે કોઈ મૂઢમતિ ‘તનુવિત્તજા’પદનો આવો અનર્થ કરી ન બેસે તે જ કારણે શ્રીમહાપ્રભુજીએ ‘તનુજા’ ‘વિત્તજા’ ન લખીને સમસ્તપદ ‘તનુવિત્તજા’ લખ્યું. કારણ કે પ્રભુસેવા માટે બીજા પાસેથી જે ભેટ-સામગ્રી સ્વીકારે છે તેને તો શાસ્ત્રોમાં પાપી ‘દેવલક’ કહ્યો છે જેને ભૂલથી પણ જો અડકી જવાય તો પહેર્યા કપડે સ્નાન કરવું પડે. અને જે પ્રભુસેવા માટે ભેટ-સામગ્રી આપે છે તે જો એમ સમજે છે કે “આ સેવા મેં કરી” તો એ તેનો ભ્રમ છે. સેવા કરવાથી થાય, સેવા કદિ કરાવી ન શકાય! કર્મમાર્ગમાં દક્ષિણા આપીને કર્મ કરાવી શકાય પણ દક્ષિણા આપીને ભક્તિ કરાવી ન શકાય! તેથી પ્રભુસેવા માટે બીજાને ભેટ-સામગ્રી આપનારને તેનું વિપરીત પરિણામ ભોગવવું પડે છે. તે અહંકારી બને છે! તેથી પોતાના તનથી, પોતાના ધનથી, પોતાના ઘરમાં બિરાજતા પ્રભુની પ્રેમ પૂર્વક સેવા કરવી એ જ સાચો સિદ્ધાન્ત.

સંસારનાં દુઃખો અહંતામમતારૂપી અવિદ્યાને લીધે જીવને વેઠવાં પડે છે, પણ તનુજા વિત્તજા સેવા કરવાથી માનસી સેવા સિદ્ધ થયા પહેલાં વચમાં જ સંસારનાં દુઃખોની નિવૃત્તિ થાય છે. તેમજ બ્રહ્મનો બોધ થાય છે. મુખ્ય ફળ તો ભગવાનની પ્રાપ્તિ છે. ૨.

શરીરને તાવ વગેરે પીડાથી થતાં દુઃખ, સગાં સંબંધીના તેવા દુઃખથી થતું દુઃખ, ધન વગેરે સાધનો જવાથી થતું દુઃખ વગેરે દુઃખો અહંતામમતાવાળા સાધારણ માણસને થાય છે. પરંતુ ભક્તને આમાંનું કાંઈ થતું નથી. મતલબ કે ભક્તના ચિત્તમાં ગમે તેવા લૌકિક બનાવથી સુખ કે દુઃખ ઉત્પન્ન થતું નથી. સેવાની મધ્યદશામાં બ્રહ્મનો બોધ શી રીતનો થાય છે, તે હવે પછીનાં ૩ જા થી ૧૩ા સુધીના શ્લોકથી વિસ્તારથી બતાવ્યું છે. અને સંસારના દુઃખની નિવૃત્તિ ત્યાર પછી ૩ શ્લોકથી જણાવી છે.

(પુષ્ટિમાર્ગીય સેવામાં સેવ્ય બ્રહ્મના પર અને અક્ષર[ક-ખ] રૂપે બે ભેદ તથા અક્ષરબ્રહ્મના પણ જગદ્રૂપ[ખ-૧] અને જગદ્વિલક્ષણ[ખ-૨] એવા બે રૂપો)

**પરં બ્રહ્મ તુ કૃષ્ણો[ક] હિ સચ્ચિદાનન્દકં બૃહત્[ખ]।।**

**દ્વિરૂપં તદ્ધિ[ખ] સર્વં સ્યાદ્[ખ-૧] એકં તસ્માદ્ વિલક્ષણમ[ખ-૨] ।।૩ ।।**

**અર્થ :** કૃષ્ણ તો પરંબ્રહ્મ છે, અને અક્ષર સચ્ચિદાનંદરૂપ છે. તે અક્ષરબ્રહ્મનાં પણ બે રૂપ છે, એક જગત્ છે અને એક તેનાથી વિલક્ષણ છે.

બૃહત્ એટલે અક્ષરબ્રહ્મ સત્, ચિત્ અને આનંદરૂપ છે, આ અક્ષરબ્રહ્મમાં આનંદ ગણત્રીમાં આવે તેટલો છે, તે બાબત તૈત્તિરીય ઉપનિષદમાં મનુષ્યથી સોસોગણા આનંદની ગણત્રી કરતાં છેવટ અક્ષરબ્રહ્મ સુધી આનંદની ગણત્રી કરેલી છે. તેનાથી અનંતગણો આનંદ શ્રીકૃષ્ણનો છે, તેની ગણત્રી થઈ શકે તેમ નથી, તે પૂર્ણાનંદ છે. શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મથી પર છે. અક્ષરમાંથી જ આ જગત્ થયેલ છે, છતાં અક્ષરબ્રહ્મના મૂળ સ્વરૂપમાં કાંઈ વિકાર થતો નથી. જેમ ચિંતામણિ, કલ્પવૃક્ષ ઈચ્છિત ફળ આપે છે, છતાં તેમાં કાંઈ ન્યૂનતા થતી નથી, તેમ અક્ષરબ્રહ્મમાંથી આ પ્રપંચ (જગત્) થયેલ છતાં તેમાં કાંઈ ન્યૂનતા થતી નથી. આ જગતના સ્વરૂપથી અક્ષરબ્રહ્મનું સ્વરૂપ વિલક્ષણ છે. જગત્ કરતાં અક્ષરબ્રહ્મમાં વિલક્ષણતા એ છે જે, જગત્ અક્ષરબ્રહ્મનો અંશ છે, છતાં પ્રલયકાળમાં અક્ષરબ્રહ્મમાં તેનો લય થાય છે, એટલે અક્ષરબ્રહ્મમાં તે મળી જાય છે, પણ અક્ષરબ્રહ્મ તો સર્વ કાળમાં નિર્વિકાર કાયમ રહે છે. ૩.

(સચ્ચિદાનન્દક બૃહદ્[ખ/૧-૨] ના વિષયમાં પ્રચલિત વિવિધ મતભેદોની ગણના તેમજ તે બાબતમાં શ્રૌત મતનો નિષ્કર્ષ)

**અપરં[ખ-૧] તત્ર પૂર્વસ્મિન્[ખ-૨] વાદિનો બહુધા જગુઃ।।**
**માયિકં સગુણં કાર્યં સ્વતન્ત્રં ચેતિ નૈકધા।।૪।।**
**[ખ-૧]તદેવૈતત્[ખ-૨] પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્ મતમ્।।**

**અર્થ :** ત્યાં પહેલામાં (અક્ષરબ્રહ્મ જ જગતના રૂપથી પ્રકટ થયું છે તે જગતરૂપમાં) વાદી લોકો (વેદમતથી વિરુદ્ધ) બહુ પ્રકારે કહે છે. કોઈ માયિક કહે છે, કોઈ સગુણ કહે છે, કોઈ (પરમાણનું) કાર્ય કહે છે, કોઈ સ્વતંત્ર કહે છે, એ પ્રમાણે વળી બીજા અનેક પ્રકારથી કહે છે. તે (અક્ષરબ્રહ્મ) જ તે

(જગતના) પ્રકારવડે થાય છે, એ પ્રમાણે શ્રુતિનો મત છે,

માયિકઃ-દોરીમાં સર્પની ભ્રાન્તિ થાય છે, અથવા છીપમાં જેમ ચાંદિની ભ્રાંતિ થાય છે, તેમ નિર્ગુણ બ્રહ્મમાં આ જગતની ભ્રાંતિ થઈ છે. એમ માયાવાદીઓ કહે છે. આ સિધ્ધાંત શ્રીશંકરાચાર્યનો છે અને તે શાંકરમત કહેવાય છે.

સગુણ-સત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણ ગુણથી જગતની ઉત્પત્તિ થઈ છે, એમ સેશ્વર સાંખ્યમતવાળાં અને પાતંજલ-યોગ શાસ્ત્રીઓ માને છે.

કાર્ય-પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ સર્વના પરમાણુઓનો સંયોગ, ઈશ્વરની ઈચ્છાથી તેમાં ક્રિયા ઉત્પન્ન થવાથી થાય છે, ત્યારે એકબીજામાં મળવાથી આ કાર્યરૂપ જગત્ થયું છે, એમ તર્કશાસ્ત્રવાળા અને ન્યાયશાસ્ત્રવાળા (ગૌતમ,કણાદ) કહે છે.

સ્વતંત્ર-કર્મવાળા મીમાંસક (જૈન) કહે છે કે, આ જગત્ જેવું દેખાય છે તે અનાદિ છે અને કાયમ રહે છે, તેનો કોઈ કર્ત્તા નથી, જગત્ પોતે જ સ્વતંત્ર છે.

આ પ્રમાણે બીજા અનેક પ્રકારે કહે છે તે નિબંધ, વિદ્વન્મંડન, શુધ્ધાદ્વૈતમાર્તંડ વગેરે અનેક ગ્રન્થોમાં વિસ્તારથી બતાવેલ છે. પરંતુ તે સર્વ સિધ્ધાંત વેદવિરુધ્ધ છે એમ તે ગ્રન્થોમાં સાબીત કરેલું છે. હવે શ્રુતિનો ખરો સિધ્ધાંત બતાવે છે. ૪.

(અક્ષરબ્રહ્મ[ખ-૨] નું પ્રત્યક્ષજ્ઞાન શ્રુત્યાદિ વિહિત શ્રવણ વિગેરે સાધનોથી થાય કિન્તુ પરોક્ષ શાસ્ત્રીય જ્ઞાનથી પણ આટલું તો સમજાય જ કે ભક્ત્યૈકગમ્ય શ્રીકૃષ્ણની[ક] સેવામાં ઉપયોગી અખિલ સામગ્રી બ્રહ્માત્મક[ખ/૧] જ છે. આની જલ[૧]-તીર્થ[૨]-દેવી આમ ત્રણ રૂપોવાળા ગંગાજીના દૃષ્ટાન્તથી ઉપપત્તિ)

**દ્વિરૂપં[ખ/૧-૨] ચાપિ ગંગાવજ્ જ્ઞેયં સા[૧] જલરૂપિણી ।।૫।।**
**માહાત્મ્ય-સંયુતા[૨] નૃણાં સેવતાં ભુક્તિ-મુક્તિ-દા ।।**

**મર્યાદામાર્ગ-વિધિના તથા [ખ/૧-૨]બ્રહ્માપિ બુધ્યતામ્॥૬॥**

**અર્થ :** અને તે બે રૂપ પણ ગંગાની પેઠે જાણવાં. જળરૂપિણી ગંગાની પેઠે જગત્ છે, અને માહાત્મ્યસંયુક્ત સેવનારા નરને મર્યાદામાર્ગના વિવિધ ભોગ અને મોક્ષ દેનાર જેમ ગંગાજીનું આધ્યાત્મિક-તીર્થસ્વરૂપ શક્તિસ્વરૂપ છે, તેમ અક્ષરબ્રહ્મ જાણવું.

ગંગાજીનો જે દૃષ્ટિગોચર પ્રવાહ છે, તે જળરૂપે છે, તે વૃષ્ટિથી વધે છે, ને તાપથી ઘટે છે, તેમ આ જગતરૂપ સ્વરૂપ છે, અને ગંગાજીનું બીજું પાપમોચની આધ્યાત્મિક સ્વરૂપ છે, તે ગંગાજીનું માહાત્મ્ય જાણીને જે માણસ ગંગાજીની સેવા (ધ્યાન) કરે તેને મર્યાદામાર્ગની રીતે ભોગ અને મોક્ષ દેનાર સ્વરૂપ છે, તે પ્રમાણે અક્ષરબ્રહ્મ સ્વરૂપ છે. એટલે અક્ષર બ્રહ્મનું સ્વરૂપ જ્ઞાની તથા મર્યાદાભક્તો (સાધનબળવાળા)ને પોતાના મોક્ષ આપે છે, અને ગંગાજીના જળરૂપથી તીર્થરૂપ જુદું છે, છતાં અભિન્ન છે. તેમજ જગત્ અક્ષરથી જુદું છે, છતાં અભિન્ન છે.

જેમ દૂધમાં સાકર મળેલી હોય તે સાકર દૂધથી ગુણમાં જુદી છે, છતાં દૂધની સાથે ઓતપ્રોત (વાણાતાણાની પેઠે) ભળેલી છે, તેમ જ જગતને અક્ષર જુદું છતાં અભિન્ન વાણાતાણાની પેઠે ઓતપ્રોત છે, જુદું નથી. ૫-૬.

**તત્રૈવ [૩]દેવતા-મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્॥**
**ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદ-બુદ્ધયે ॥૭॥**
**પ્રત્યક્ષા સા [૩]ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્ તયા[૩] જલે[૧]॥**
**વિહિતાત્ ચ ફલાત્ તદ્ધિ પ્રતીત્યાપિ વિશિષ્યતે॥૮॥**

**અર્થ :** પ્રવાહમાં અભેદ (પ્રવાહથી ગંગાજી ભિન્ન નથી એવી) બુદ્ધિને લીધે વિશેષપણાથી ગંગાજીમાં ભક્તિવડે ક્યારેક તે સ્થળમાં (ગંગા તીરને વિષે) ગંગાજીની દેવમૂર્તિ (ગંગાજીનું સાક્ષાત્ સ્વરૂપ) દેખાય છે. તે સ્વરૂપ સર્વને પ્રત્યક્ષ થતું નથી, છતાં તે વડે (ગંગાજીના દેવતાઈ સ્વરૂપવડે) જળમાં

પ્રાકામ્ય (ફળપણું) છે, અને (તે બાબત) વિહિત (શાસ્ત્રમાં કહેલા) ફળથી અને (ગંગાજીના અનન્ય ભક્તોની) પ્રીતિવડે વિશેષથી જણાય છે.

આપણી ચર્મચક્ષુને ગંગાજીનો પ્રવાહ પ્રત્યક્ષ છે, પરંતુ તેમાં રહેલા આધ્યાત્મિક પાપમોચક દેવતા અને આધિદૈવિક સાક્ષાત્ સ્વરૂપાત્મક ગંગાજી એ પ્રત્યક્ષ નથી, અને આપણે આવા મલિન અંતઃકરણથી ગમે તેટલા ઉપાયવડે તે પ્રત્યક્ષ કરી શકીએ તેમ નથી. તેને માટે તો અંતઃકરણમાંથી આ સંસારનો મલિન અધ્યાસ જ્યારે મટી જઈ અંતઃકરણ ગંગાજીના સ્વરૂપ જાણવામાં જ તલીન બની જાય તો તે ભક્તિને લીધે જ્યારે દીનતા પ્રાપ્ત થાય ત્યારે ગંગાજી પ્રસન્ન થઈ પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે. આટલી હદે પહોંચવા માટે પ્રથમ તો શાસ્ત્ર ઉપર અને ભક્તનાં વચનો ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી આગળ વધવું જોઈએ, તે વગર બીજો કોઈ ઉપાય નથી. ૭-૮.

**યથા જલં તથા સર્વં[ખ/૧] યથા શક્તા તથા બૃહત્[ખ/૨] ।।**
**યથા દેવી તથા કૃષ્ણઃ[ક] ... ... ... ... ... ... ।।**

**અર્થ :** જે પ્રમાણે (ગંગાજીનું) જળ છે, તે પ્રમાણે સર્વ (જગત્) છે. જે પ્રમાણે ગંગાજીનું પાપમોચન શક્તિ સ્વરૂપ (આધ્યાત્મિક સ્વરૂપ) છે, તે પ્રમાણે અક્ષરબ્રહ્મ છે અને જે પ્રમાણે સ્વરૂપાત્મક દેવી ગંગાજી છે તે પ્રમાણે શ્રીકૃષ્ણ ત્યાં પણ તે જ પ્રમાણે કહેવાય છે.

ગંગાજીનાં ત્રણ સ્વરૂપ સાથે શ્રીકૃષ્ણનાં ત્રણ સ્વરૂપની સરખામણી આ પ્રમાણે કરાય છે.

| ગંગાજીના સ્વરૂપ | શ્રીકૃષ્ણના સ્વરૂપ |
|---|---|
| ૧.આધિભૌતિક- પ્રવાહરૂપ | જગત્ સ્વરૂપ. |
| ૨.આધ્યાત્મિક- પાપમોચની શક્તિ | અક્ષર બ્રહ્મ. |
| ૩.આધિદૈવિક - ભક્તગમ્ય સાક્ષાત્ સ્વરૂપ | શ્રીકૃષ્ણ. |

જેમ ગંગાજીના પ્રવાહરૂપથી સ્નાનાદિ બાહ્ય વ્યવહાર ચાલે છે, તેમ

જગતરૂપથી બાહ્ય વ્યવહાર ચાલે છે. જેમ પાપમોચની શક્તિસ્વરૂપ ગંગાજીનું દર્શન થતું નથી, તેમ અક્ષરબ્રહ્મનું દર્શન પણ થતું નથી. જેમ ગંગાજીનું સાક્ષાત્ સ્વરૂપ ભક્તગમ્ય છે, તેમ જ શ્રીકૃષ્ણનું સાક્ષાત્ સ્વરૂપ ભક્તગમ્ય છે. જેમ ગંગાજીનું પ્રવાહી સ્વરૂપ છે, પાપમોચની સ્વરૂપ, તથા સાક્ષાત્ દર્શનીય સ્વરૂપ એક બીજાથી અભિન્ન છે, તેમજ જગત્, અક્ષર અને શ્રીકૃષ્ણ અભિન્ન છે.

(લૌકિક જગત્ સત્ત્વ-રજો-તમો ગુણાત્મક ત્રિવિધ હોવાથી તેવા લૌકિક વ્યવહારના નિયામકો દેવતા પણ ત્રણ ગુણોના અધિષ્ઠાતા બ્રહ્મા-વિષ્ણુ-શિવ દેવો છે. સ્વમાર્ગીય સેવા, જગત્‌ને[ખ/૧] અક્ષરબ્રહ્માત્મક[ખ/૨] સમજીને માહાત્મ્યજ્ઞાનપૂર્વક, શ્રીકૃષ્ણ[ક]માં અનન્યાસક્તિરૂપા હોવાથી તેના નિયામક ફકત શ્રીકૃષ્ણ જ છે)

**... ... ... ... ... ... તત્રાપ્યેતદ્ ઈહોચ્યતે॥૯॥**
**જગત્તુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્મ-વિષ્ણુ-શિવાસ્ તતઃ॥**
**દેવતારૂપવત્-પ્રોક્તા બ્રહ્મણીત્થં હરિર્ મતઃ॥૧૦॥**

**અર્થ :** આ રીતે જગત્ ત્રણ પ્રકારે (ત્રિગુણાત્મક) કહેલું છે. તેથી તે ગુણના અધિષ્ઠાતા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ દેવતારૂપ પણાથી કહેલા છે. એ જ પ્રમાણે અક્ષરબ્રહ્મમાં રહેલા હરિ માનેલાં છે.

જેવી રીતે જગતના અધિષ્ઠાતા-ગુણાધિષ્ઠાતા ત્રણ દેવ છે, તે જ મુજબ અક્ષરમાં શ્રીકૃષ્ણ છે. એટલે જગત્ અને અક્ષરબ્રહ્મ વચ્ચે જેવો સંબંધ છે, તેવો સંબંધ ગુણાધિષ્ઠાતા ત્રણે દેવ અને શ્રીકૃષ્ણ વચ્ચે છે. મતલબકે અક્ષરમાંથી જગતરૂપ પ્રભુઈચ્છાથી થયેલ છે, તેમજ કૃષ્ણની ઈચ્છાથી અક્ષરમાંથી જગતના નિયામક ત્રણ દેવ પણ ઉત્પન્ન થયેલા છે, અને તે ત્રણેના નિયામક શ્રીકૃષ્ણ છે, એટલે ખરી રીતે તો જગતના ખરા નિયામક તો શ્રીકૃષ્ણ જ છે. તેમની ઈચ્છા પ્રમાણે ત્રણે દેવો જગતનો કારભાર ચલાવે છે. ૧૦.

**કામચારસ્તુ લોકેઽસ્મિન્ બ્રહ્માદિભ્યો ન ચાન્યથા ॥**

**પરમાનન્દરૂપે તુ કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ।।૧૧।।**
**અતસ્તુ [ક+ખ૧+ખ૨]બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્ વિધીયતામ્।।**

**અર્થ :** આ બ્રહ્માદિકથી આ લોકમાં લૌકિક કામચાર થાય છે. અન્યથા (બીજા પ્રકારનો)–અલૌકિક કામચાર થતો નથી. (ભક્તનો કામચાર) તો પોતાના આત્મારૂપ પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણમાં થાય છે. (આ લોકમાં થતો નથી) એ નિશ્ચય છે, તેથી બ્રહ્મવાદવડે શ્રીકૃષ્ણમાં બુદ્ધિ વિશેષે કરી ધારણ કરવી.

આ જગતના કામચારને માટે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ દેવ છે તે ગુણાભિમાની દેવ છે, તેમનાથી આ લોક સંબંધી કાર્ય થાય છે, પણ અલૌકિક કાર્ય એટલે ચૌદ લોકથી પર જે અક્ષરબ્રહ્મ અને તે અક્ષરબ્રહ્મથી પર જે પૂર્ણ પુરુષોત્તમ તેમની પ્રાપ્તિ તેમનાથી થતી નથી.

વળી જેઓ પુરુષોત્તમના ભક્ત છે, તેમનો આ લોક અને પરલોક સંબંધી સર્વ કામચાર શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણથી જ થાય છે. આ લોકના કામચાર માટે પણ આ લોકના અધિષ્ઠાતા બ્રહ્મા વગેરે દેવોમાં તે ભક્તોને લગારે નિષ્ઠા રહેતી નથી, કારણકે રાજા પોતાનું રાજ્ય ચલાવવા માટે જે રાજદ્વારી અમલદારો નીમે, તેમની સત્તા તે રાજાના મહેલમાં કાંઈ ચાલતી નથી, ત્યાં તો સર્વ વ્યવહાર રાજાની ઈચ્છા પ્રમાણે જ થાય છે. તેમને કોઈ ચીજની ઈચ્છા માટે રાજાની જ પ્રસન્નતા મેળવવાની હોય છે, પણ રાજદ્વારી અમલદારોની ઈચ્છાને અનુકૂળ થવાની કશી જરૂર પડતી નથી. તેમ જ પુરુષોત્તમના ભક્તોનો સર્વ વ્યવહાર શ્રીપુરુષોત્તમની ઈચ્છા પ્રમાણે જ થાય છે, અને ભક્તોને તેમની જ પ્રસન્નતા મેળવવાની હોય છે, એમ બુદ્ધિમાં નિશ્ચય કરવો. ૧૧.

(સેવાકર્તામાં પોતાના સ્વરૂપનું જ્ઞાન[ક/૧], પરબ્રહ્મના માહાત્મ્યનું જ્ઞાન[ક/૨], શ્રીકૃષ્ણમાં અનન્યરતિ[ક/૩] અને તદનુકૂલ ક્રિયા[ક/૪] આમ જો ચારેય યોગ્યતા હોય તો તે ઉત્તમાધિકારી[ક]. તેમાંથી જો એકાદ ન હોય તો મધ્યમાધિકારી[ખ]. કેવલ ક્રિયાપરાયણ કનિષ્ઠાધિકારી[ગ] હોય છે; અને લોકાર્થી બનીને ભગવત્સેવા કરનારાને તો હીનાધિકારી[ઘ] જ જાણવા)

**આત્મનિ બ્રહ્મરૂપે તુ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ ।।૧૨।।**

**ઉપાધિ-નાશે વિજ્ઞાને[ક/૧] બ્રહ્માત્મત્વાવબોધને[ક/૨]।।**

**અર્થ :** આકાશમાં છિદ્રો (અનેકપણું) છે એવી બુદ્ધિ (ચારણી વગેરે) ઉપાધિથી થાય છે; તેના સરખી આત્મસ્વરૂપ બ્રહ્મરૂપમાં અનેકપણાની બુદ્ધિ પણ ઉપાધિથી થાય છે.

પોતાના સ્વરૂપનું અજ્ઞાન, દેહાધ્યાસ, ઈંદ્રિયાધ્યાસ, અંતઃકરણાધ્યાસ, અને પ્રાણાધ્યાસ એ પંચપર્વા અવિદ્યારૂપી ઉપાધિ જીવને લાગેલી છે જેથી આ જગતમાં અનેકપણું દેખાય છે, પણ જ્યારે પંચપર્વા વિદ્યાવડે આ અવિદ્યાનો નાશ થઈ જીવ પોતાનું સ્વરૂપ જાણે છે ત્યારે તેને આ સર્વ જગત્ પ્રભુનું જ કાર્ય છે, અને પ્રભુ પોતે જ જગતરૂપ થયા છે, આવું સર્વમાં બ્રહ્મરૂપ જ્ઞાન થાય છે, જ્યારે જગતમાં અનેકપણાનો ભ્રમ નાશ પામી જાય છે ત્યારે બ્રહ્મભાવ થયો ગણાય છે.

બ્રહ્મભાવ થવો એ મુખ્ય ફળ નથી. સેવાનું મુખ્ય ફળ તો સર્વાત્મભાવે સેવા કરવી તે છે. સેવાથી માનસી સેવા સિદ્ધ થઈ પ્રભુ મળવામાં સતત વિરહભાવ થાય, જ્યારે પ્રભુ સિવાય રહ્યું ન જાય તેવી દશા થાય ત્યારે સર્વાત્મભાવ થયો ગણાય. ગોપીજન અને ઉદ્ધવના સમાગમ પ્રસંગમાં ઉદ્ધવને જે બ્રહ્મભાવ હતો, તે બંનેનો ભેદ ભાગવત દશમસ્કંધમાં તે પ્રસંગમાં બતાવેલ છે. ૧૨.

આ પ્રમાણે ત્રીજા શ્લોકથી ૧૨।।શ્લોક સુધી ૧૦।। શ્લોક વડે સેવાની મધ્ય દશામાં થતો બ્રહ્મબોધ કહ્યો. હવે સેવાના મધ્યકાળમાં સંસારની નિવૃત્તિ થાય છે તે ત્રણ શ્લોકથી કહે છે.

**ગંગા-તીર-સ્થિતો યદ્વત્ દેવતાં તત્ર પશ્યતિ ।।૧૩।।**

**તથા કૃષ્ણં પરં બ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની[ક/૩] પ્રપશ્યતિ[ક/૪]।।**

**અર્થ :** ગંગાતીરમાં રહેલો ગંગાજીનો અનન્ય ભક્ત જે પ્રમાણે ત્યાં (ગંગાજીના પ્રવાહમાં) સ્વરૂપાત્મક ગંગાજીનાં દર્શન કરે છે, તે પ્રમાણે

ઉપાધિનો નાશ થતા, અને વિજ્ઞાન થતા, તથા જગત્ અને પોતાના આત્માને અક્ષરાત્મક જાણવાવાળો થતા, જ્ઞાની પોતામાં શ્રીકૃષ્ણ સ્વરૂપને જુએ છે.

જીવને જ્યાં સુધી અહંતા મમતારૂપ ઉપાધિ લાગી છે ત્યાં સુધી જીવભાવ રહે છે. જ્યારે પોતાના સ્વરૂપનું જ્ઞાન થઈ ઉપાધિનો નાશ થાય અને પોતે અક્ષરનો અંશ છે, તેમ જ આ જગત્ પણ અક્ષરનો અંશ છે, માટે અક્ષરબ્રહ્મ પોતાનો આત્મા છે એમ જાણે, ત્યારે પોતાના અંતઃકરણમાં રહેલા પરબ્રહ્મનાં તે જ્ઞાનીને દર્શન થાય છે. કારણકે અક્ષરબ્રહ્મ એ શ્રીકૃષ્ણનું ધામ છે, અને પોતાના આત્માને અક્ષર સ્વરૂપ જાણ્યું, તો પછી આત્મામાં રહેલા શ્રીકૃષ્ણનાં પ્રકટ સ્વરૂપથી દર્શન થાય છે. તે બાબતમાં ગંગાજી અને તેમના ભક્તનો દાખલો આપ્યો છે કે ગંગાને કાંઠે રહેલો ગંગાજીનો અનન્યભક્ત જે પ્રમાણે સાક્ષાત્ ગંગાજીના સ્વરૂપનાં દર્શન કરે છે, તે જ પ્રમાણે બધી ઉપાધિ મટી જઈ જે અક્ષરબ્રહ્મ સ્વરૂપને આત્મા માને છે. અને અનન્ય મનવડે તે આત્મામાં રહેલા શ્રીકૃષ્ણને જે ભજે છે, તેને આત્મામાં રહેલા પ્રભુ શ્રીકૃષ્ણ દર્શન આપે છે. ૧૩.

**સંસારી[ખ-૨/૪] યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા ।।૧૪।।**
**અપેક્ષિત-જલાદીનામ્ અભાવાત્ તત્ર દુઃખભાક્ ।।**

**અર્થ :** જે પ્રમાણે ગંગાથી દૂર રહેલો છતાં ગંગાજળની અપેક્ષાવાળો માણસ ત્યાં ગંગાજળના અભાવથી દુઃખ ભોગવે છે, તે પ્રમાણે સ્વરૂપ સંબંધની અપેક્ષા છતાં સંસારી (અહંતા મમતા છુટ્યા વગરનો) શ્રીકૃષ્ણને ભજે, છતાં તેને સંસારનાં દુઃખો તો ભોગવવા જ પડે છે.

ગંગાજીથી દૂર રહેલો ગંગાજીનો ભક્ત છતાં, ગંગાજળ મેળવી શકતો નથી, તેમજ ગંગાજીના પ્રવાહમાં સ્નાનવડે પાપમુક્ત થવારૂપી કલ્યાણ, તેમજ ઉત્તમ ફળ, ગંગાજીનાં સાક્ષાત્ દર્શન, એ ત્રણે ફળ વિનાનો રહે છે, તે પ્રમાણે જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું નથી, જેથી શ્રીકૃષ્ણમાં ચિત્ત પરોવાયું નથી, એવો સંસારાસક્ત ભક્ત પ્રભુ ભજે તો પણ પોતાની સંસાર

આસક્તિ (પંચપર્વા અવિદ્યા)ને લીધે સંસારનાં દુઃખ ભોગવનાર થાય છે. પોતાના અને જગતના સ્વરૂપને ઓળખી શક્તો નથી. જેથી કૃષ્ણનાં સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન પણ થઈ શકતાં નથી. ૧૪.

આ પ્રમાણે ગંગાજીના સ્વરૂપવડે આ જગત્, અક્ષરબ્રહ્મ તથા શ્રીકૃષ્ણનું સ્વરૂપ ઓળખાવે છે, અને તેનાં અભાવવડે સંસારનાં દુઃખ ભોગવવાં પડે છે, તે બતાવ્યું છે.

**તસ્માત્ શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ।।૧૫।।**
**આત્માનન્દ-સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્ ।।**

**અર્થ :** તે (૧૩, ૧૪ શ્લોકમાં કહેલ) કારણથી શ્રીકૃષ્ણના માર્ગ (પુષ્ટિમાર્ગ)માં રહેલો અને સર્વ લોકથી મુક્ત થયેલો ભક્ત આત્મારૂપ આનંદસમુદ્ર (અક્ષર)ને વિષે રહેલા શ્રીકૃષ્ણનું જ ચિંતન કરે.

પાછળના બંને શ્લોક ઉપરથી એમ સિદ્ધ થયું કે, ગંગાજીના અનન્ય ભક્તને ગંગાજીનાં સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન માટે બીજા સ્થાનનો આશ્રય ત્યાગ કરવો જોઈએ, અને શ્રીગંગાજીના તટ પાસે રહીને જ શ્રીગંગાજીનાં સ્વરૂપનાં દર્શન માટે અંતઃકરણ ગંગાસ્વરૂપમાં જ તલ્લીન કરવું જોઈએ.

તે જ મુજબ શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શનની અપેક્ષાવાળાએ શ્રીકૃષ્ણના માર્ગમાં (પુષ્ટિમાર્ગમાં) રહી અન્ય આશ્રય (સર્વલૌકિક સંસાર)થી વિમુક્ત થવું જોઈએ, એટલું જ નહિ પણ અંતઃકરણ આનંદાત્મક અક્ષરમાં રહેલા પૂર્ણાનંદ, એટલે શ્રીકૃષ્ણમાં જ તલ્લીન કરવું જોઈએ. સંસાર આસક્તિથી છૂટ્યા વગર શ્રીકૃષ્ણમાં આસક્તિ થતી નથી, અને શ્રીકૃષ્ણમાં આસક્તિ થયા પછી પણ અંતઃકરણનો વિષય શ્રીકૃષ્ણ જ થાય, તે માટે સંસારને તદ્દન ભૂલવો જોઈએ. ૧૫.

**લોકાર્થી[ઘ] ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા ।।૧૬।।**
**ક્લિષ્ટોઽપિ[ગ] ચેદ્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા ।।**

**અર્થ :** જો લોકાર્થી કૃષ્ણને ભજે, તો સર્વથા ક્લેશ થાય છે, પરંતુ ક્લેશ થયા છતાં (દઢ મન રાખી) કૃષ્ણને ભજે, તો તેનો લૌકિકાર્થ (સંસાર) સર્વથા નાશ પામે છે.

૧૪મા શ્લોકમાં કહ્યું કે સંસારમાં આસક્તિવાળાને દુઃખનો અનુભવ કરવો પડે છે, તો પછી શ્રીકૃષ્ણના ભજનથી શું કલ્યાણ થાય ? આમ શંકા થાય તે શંકાનું નિરાકરણ આ શ્લોકમાં કરે છે કે, જો સંસાર આસક્તિ છતાં શ્રીકૃષ્ણને ભજે તો સંસારના દુઃખથી અંતઃકરણ દુઃખી થાય છે, આવી દુઃખી અવસ્થામાં શ્રીકૃષ્ણના ભજનથી કાંઈ લાભ થતો નથી, એમ સમજી ભજન છોડીદે તો તે સંસારનો દુઃખનો અનુભવ કર્યા કરે છે, પરંતુ સંસારના દુઃખનો અંતઃકરણને દુઃખી અનુભવ કરવો પડતો છતાં શ્રીકૃષ્ણના ભજનથી મારૂ કલ્યાણ થશે જ, એમ જો મનમાં વિશ્વાસ રાખે તો દુઃખી છતાં શ્રીકૃષ્ણનું ભજન કરવાથી તેનો સંસાર સર્વથા નાશ પામે છે, મતલબ કે સંસારથી મુકાઈ જાય છે. જ્યારે સંસારનાં દુઃખોથી અંતઃકરણ મુક્ત થાય છે, એટલે પછી નિરૂપાધિભજનબળથી આત્મારૂપ અક્ષરમાં રહેલા શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે. ૧૬.

(ઉત્તમાધિકારી ન હોય તેના માટે ભગવત્સેવાના અનુષ્ઠાનના પ્રકારનો તેમજ સ્થળનો ઉપદેશ)

**જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્ પૂજોત્સવાદિષુ ।।૧૭।।**
**મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવત-તત્પરઃ ।।**
**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ ।।૧૮।।**

**અર્થ :** જ્ઞાનના અભાવમાં પુષ્ટિમાર્ગી શ્રીભાગવતમાં તત્પર થઈને પૂજા (સેવા) અને ઉત્સવાદિકમાં રહે, અને મર્યાદામાં રહેલો ભક્ત શ્રીભાગવતમાં તત્પર રહી ગંગાજીને કાંઠે રહે. પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ નિયામક છે, (જેથી અમુક દેશનું નિયામકપણું નથી.) એ પ્રમાણે સ્થિતિ કરવી. (જ્યાં ભગવદ્ ભજનમાં મન પરોવાય એવા નિરૂપાધિ સ્થાનમાં સ્થિતિ કરવી.)

જ્ઞાની ભક્તિની સ્થિતિ ૧૩માં શ્લોકમાં કહી, ૧૪મા શ્લોકમાં સંસાર આસક્ત ભક્તની સ્થિતિ કહી, પછી ૧૫માં શ્લોકમાં સંસાર આસક્તિને છોડી શ્રીકૃષ્ણનું ચિંતન કરવા કહ્યું. અને એક શ્લોકથી સંસારી દુઃખ ભોગવતો છતાં દૃઢ મન રાખી શ્રીકૃષ્ણનું ભજન કરે, તો સંસારથી મૂક્ત થાય છે એ હકીકત કહી.

હવે ૧।। શ્લોકથી અજ્ઞાન અવસ્થાવાળા મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય ભક્તે પોતાના કલ્યાણ માટે શું કરવું તેના માટે ઉપાય બતાવે છે કે પુષ્ટિમાર્ગીય ભક્તે શ્રીભાગવતમાં તત્પર રહેવું, એટલે તેના વાંચન અને મનનમાં તત્પર રહેવું, અને શ્રીઠાકુરજીની સેવા તથા ઉત્સવોમાં પ્રવૃત્ત રહેવું. ક્યાં રહેવું તેનો નિયમ નથી કારણકે પ્રભુ તો અનુગ્રહ (કૃપા)થી જ કલ્યાણ કરવાના છે.

મર્યાદામાર્ગીય અજ્ઞાનાવસ્થાવાળા ભક્તે શ્રીભાગવતમાં તત્પર રહી ગંગાજીના કાંઠા પર રહેવું, કારણકે તેને પ્રભુના અનુગ્રહનું બળ નથી, પણ સાધનનું બળ છે, માટે ઉત્તમ ગણાતા સ્થાનમાં રહેવું જોઈએ. તેને પ્રભુની સેવામાં અને ઉત્સવાદિકમાં હર્ષ આવતો નથી, તેમાં સ્નેહપૂર્વક તે પ્રવૃત્ત થતો નથી, તેથી પોતાના મનની વૃત્તિની અધોગતિ ન થવા માટે સત્સંગ જડે તેવા ઉત્તમ સ્થાનમાં રહેવાની જરૂર છે.

પુષ્ટિમાર્ગીયને પણ સત્સંગની જરૂર છે, પણ તેના મનની પ્રવૃત્તિ સેવા અને ઉત્સવાદિકદ્વારા પ્રભુમાં લગાડવાની છે, માટે જ્યાં રહી સેવામાં અને ઉત્સવમાં આનંદથી ભાગ લઈ શકે અને મનમાં ઉદ્વેગ ન રહે, તે સ્થનામાં જ તેને રહેવાની આવશ્યકતા છે, માટે અમુક સ્થાનમાં રહેવાનો તેને નિર્ણય નથી. ૧૮.

**ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ।।**
**જ્ઞાનાધિકો ભક્તિમાર્ગઃ એવં તસ્માત્ નિરૂપિતઃ ।।૧૯।।**

**અર્થ :** બન્નેને ક્રમવડે પહેલાં કહેલી માનસી સેવારૂપી ફળ મળે છે. જ્ઞાનથી અધિક ભક્તિમાર્ગ છે, તેથી એ પ્રમાણે નિરૂપણ કરેલું છે.

પોતાના સ્વરૂપનું અને અક્ષરનું જ્ઞાન ન હોવા છતાં ભક્તિમાર્ગ (સ્નેહમાર્ગ)થી કલ્યાણ થવાની તે બન્ને (મર્યાદા ભક્ત અને પુષ્ટિભક્તિ)ની અંતઃકરણની વૃત્તિ હોવાથી તેમને ફળ એકદમ ન મળતાં ક્રમવડેજ મળે છે, પરંતુ મળવાનું ફળ પહેલાં કહેલી માનસી સેવારૂપ ફળ મળે છે, કારણકે પ્રભુમાં સ્નેહવડે આગળ વધવાથી મન પ્રભુમાં જ જોડાય છે, જેથી માનસી સેવા જ સિદ્ધ થાય છે.

જ્ઞાનમાર્ગનું ફળ અક્ષરપ્રાપ્તિ છે એટલે જ્ઞાની અક્ષરમાં સાયુજ્ય પામે છે. ભક્તિમાર્ગમાં જે મર્યાદા ભક્તો છે તેને પ્રથમ જો કે અક્ષરપ્રાપ્ત છે, પણ જ્ઞાની કરતાં તેને અક્ષરપ્રાપ્તિમાં વિલક્ષણતા છે. જ્ઞાનીને ફક્ત સંસારના દુઃખનાં નિવૃત્તિની જ અપેક્ષા હોવાથી નદી જેમ સમુદ્રમાં મળી જાય છે, પણ મર્યાદાભક્તોને તો અક્ષરસ્વરૂપનાં દર્શન સ્પર્શ અને તેની સાથે સંભાષણની ભાવના હોવાથી તેને તેવી પ્રાપ્તિ થાય છે, અને તેવા મર્યાદા ભક્તોપર વિશેષ કૃપા થતાં પુરુષોત્તમના દર્શનાદિક પણ ક્રમે ક્રમે થાય છે. ૧૯.

(ભકિત તદ્દન ન હોય તેવામાં અન્યથાભાવે કરવામાં આવતી ભગવત્સેવા તો વ્યર્થ જ હોય છે )

**ભક્ત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ।।**
**અન્યથાભાવમ્ આપન્નઃ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ।।૨૦।।**

**અર્થ :** જે પ્રમાણે ગંગાતીરને વિષે રહેલો, પોતાના દુષ્ટ કર્મથી અન્યથા ભાવને પામેલો તે સ્થાનથી નાશ પામે છે, તે પ્રમાણે ભક્તિના અભાવમાં પણ ઉત્તમ સ્થાનમાં એટલે બ્રહ્મયોનિમાં અથવા ભક્તને ત્યાં જન્મ થયા છતાં પોતાના દુષ્ટ કર્મવડે નાશ પામે છે.

ભક્તિ ન હોય તો ફક્ત ઉત્તમ સ્થાનમાં રહેવાનું કશું ફળ નથી, જેમકે ગંગાજીમાં ભક્તિ વગરના ગંગાજીને કાંઠે રહેનારા, પોતાના દુષ્ટ કર્મવડે અન્યથાભાવને પામેલા (સંસારાસક્ત થયેલા અથવા પાપાચરણમાં આસક્ત થયેલા) તે સ્થાનમાં રહ્યા છતાં, પોતાની હાલની સ્થિતિથી નાશ પામે છે–

હેઠો પડે છે-નીચ યોનિમાં પડે છે. તેમજ ભગવાન પ્રત્યે ભક્તિ વગરનો બ્રાહ્મણકુળમાં કે ભકતને ત્યાં જન્મ પામેલો છતાં કાંઈ ફળ મેળવી શકતો નથી. પોતાના દુષ્ટ કર્મવડે તે મળેલા સારા ઠેકાણેથી નાશ પામે છે, નીચ યોનિમાં પડે છે કે નરકમાં પડે છે. ૨૦.

(ભગવત્સેવાના ઉપદેશનો ઉપસંહાર)

**એવં સ્વ-શાસ્ત્ર-સર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્।।**
**એતદ્ બુદ્‌ધ્વા વિમુચ્યેત પુરુષઃ સર્વ-સંશયાત્।।૨૧।।**

**અર્થ :** એ પ્રમાણે મેં પોતાના શાસ્ત્રનું સર્વસ્વ ગુપ્તનિરૂપણ કર્યું છે, તે જાણીને પુરુષ સર્વ સંશયથી વિશેષે કરીને મુક્ત થાય છે.

સિદ્ધાંત બાબતની મનની તમામ શંકાઓનું આ ગ્રન્થથી નિરાકરણ થઈ જાય છે, તેમ જ પોતાનું કર્તવ્ય શું છે તે બાબતનું પણ આ ગ્રન્થથી નિરાકરણ થઈ જાય છે, જેથી સિદ્ધાંત અને કર્તવ્ય બાબત મનમાં સંશય રહેતા હોય, તે આ ગ્રન્થના અભ્યાસથી પુરેપુરા નાશ પામી જાય છે.

।। ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતા સિદ્ધાન્તમુક્તાવલી સમ્પૂર્ણા ।।

**સારાંશ :**

૧. શ્રીકૃષ્ણની સેવા સદા કરવી.
૨. મન પરોવી સેવા થાય તે ઉત્તમ છે, અથવા મન સેવા પરાયણ જ રહે તે ઉત્તમ છે.
૩. માનસી સેવાના સાધનરૂપ તનુવિત્તજા સેવા છે.
૪. મન પરોવી સેવા કરવાથી સંસારના દુઃખની નિવૃત્તિ અને બ્રહ્મબોધ-એ બે અવાંતર ફળ થાય છે, મુખ્ય ફળ તો મન સેવા પરાયણ રહે તે જ છે.
૫. ગંગાજીના ૧.જળ ૨.તીર્થ અને ૩.સાક્ષાત્ સ્વરૂપ એ ત્રણ સ્વરૂપ છે.
૬. જગતના નિયામક ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ફકત જગતના કામચાર માટે છે. તેઓ સ્વતંત્ર નથી, માટે બ્રહ્માવાદીઓએ શ્રીપૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં બુદ્ધિ રાખવી.

૭. જીવ અક્ષરબ્રહ્મનો અંશ છે, છતાં અવિદ્યાને લીધે પોતાનું સ્વરૂપ જાણતો નથી.
૮. અવિદ્યાને લીધે સંસારમાં આસક્ત રહી શ્રીકૃષ્ણને ભજે તો, ગંગાજીથી દૂર રહેલા માણસને ગંગાજીના અભાવથી દુઃખનો અનુભવ કરવો પડે છે, તેમજ સંસારાસક્ત માણસને સંસારમાં દુઃખ ભોગવવા પડે છે. પણ જો અવિદ્યાથી મુક્ત થઈ શ્રીકૃષ્ણનું ચિંતન કરવામાં આવે તો તેને સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. માટે શ્રવણાદિકથી પ્રભુનું માહાત્મ્યજ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો જેથી અવિદ્યા નાશ પામે છે.
૯. અવિદ્યા છતાં શ્રીકૃષ્ણનું ભજન કરવાવાળાને જો કે સંસારનાં દુઃખ ભોગવવાં પડે છે, છતાં તે દુઃખથી કંટાળી શ્રીકૃષ્ણનું ભજન ન છોડી દે તો તે કૃષ્ણ ભજન જ તેની અવિદ્યા મટાડી દે છે, અને સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. સેવા સાથે શ્રવણાદિક હોય તો અવિદ્યાથી વહેલો મુક્ત થાય છે, અને શ્રવણાદિક વગર ફક્ત સેવામાં આગ્રહી હોય તો સતત શ્રીકૃષ્ણભજનથી પણ અવિદ્યાથી મુક્ત થઈ પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થાય છે. પણ તેમાં લગાર વધારે કાળ જાય છે.
૧૦. જ્ઞાનનો અભાવ હોય તો સાધનબળવાળા મર્યાદા ભક્તોએ ગંગાજી વગેરે પવિત્ર સ્થાનમાં રહી ભગવાનની કથાવાર્તામાં ચિત્ત રાખી રહેવું, પરંતુ પુષ્ટિમાર્ગીય ભક્તોએ તો જ્ઞાનનો અભાવ છતાં ભગવાનની કથાવાર્તામાં ચિત્ત રાખીને પણ પ્રભુની સેવા જ કરવી, તેમને અમુક જગ્યાએ રહેવાનું અવસ્યપણું નથી.
૧૧. મર્યાદામાર્ગીય જ્ઞાની અને ભક્ત ક્રમે ક્રમે પુષ્ટિમાર્ગીય ભક્ત થઈ શકે છે. જ્ઞાની કરતાં ભક્તનું ઉત્તમપણું છે, એ ભક્તિ શબ્દની વ્યાખ્યાથી જ જણાય છે. પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થયા પછી સર્વથી અધિક અને સુદઢ સ્નેહ પ્રભુમાં થાય તેવા સ્નેહને ભક્તિ કહે છે.
૧૨. ઉત્તમ સ્થાનમાં રહ્યાં છતાં જો ભગવદ્ભજન ન કરે, તો પોતાના દુષ્ટ કર્મવડે પોતાની ચાલુ સ્થિતિથી પણ હેઠે પડે છે, માટે ઉત્તમ સ્થાનમાં રહેવાનું પ્રધાનપણું નથી, પણ ભગવદ્ભજનનું જ પ્રધાનપણું છે.

# ॥ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ ॥

(પુષ્ટિ[ક] પ્રવાહ [ખ] અને મર્યાદા[ગ] ના માર્ગ[૧] સર્ગ[૨] ફલ[૩] ના પાર્થક્યનું નિરૂપણ)

**પુષ્ટિ[ક/૧]-પ્રવાહ[ખ/૧]-મર્યાદા[ગ/૧] વિશેષેણ પૃથક્-પૃથક્।।**
**જીવ[૨/૫]-દેહ[૨/૨]-ક્રિયા[૨/લ]-ભેદૈઃ પ્રવાહેણ[૨] ફલેન[૩] ચ ।।૧।।**
**વક્ષ્યામિ સર્વ-સન્દેહા ન ભવિષ્યન્તિ યત્ શ્રુતેઃ ।।**

**અર્થ :** પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ મુખ્ય ત્રણ ધર્મમાર્ગને તે દરેક ધર્મમાર્ગમાં રહેલા જીવ, દેહ અને ક્રિયાના ભેદ સહિત પ્રવાહ (સર્ગ-પરંપરા)વડે અને ફળવડે વિશેષથી પૃથક્ પૃથક્ (જુદા જુદા) કહું છું. જે સાંભળવાથી સર્વ સંદેહ નિવૃત્ત થઈ જાય.

ચૈતન્યરૂપ જીવ ભગવદંશપણાથી સર્વ સરખા છતાં કોઈને શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે, કોઈને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, કોઈને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, અને કોઈ અંધ તામસમાં પડે છે, એમ શાસ્ત્રો ઉપરથી જણાય છે. તો આવી રીતે ફળમાં ભેદ કેમ પડે છે. ૧.

કેટલાકનો દેહ ઉત્તમ સ્થાનીય છતાં તેમની ક્રિયા હીન હોય છે અને કેટલાકનો દેહ હીન સ્થાનીય છતાં તેમની ક્રિયા ઉત્તમ હોય છે તેનું શું કારણ? ૨.

કેટલાક સંસારના સુખની જ ઈચ્છાવાળા હોય છે અને કેટલાક પરલોકના સુખની ઈચ્છાવાળા હોય છે, અને કેટલાક આલોકના અને પરલોકના સુખ દુઃખની કશી ઈચ્છા ન કરતાં મોક્ષની ઈચ્છાવાળા હોય છે, વળી કેટલાક મોક્ષની પણ ઈચ્છા ન કરતાં ભગવાનની સેવામાં જ મગ્ન હોય છે. આવી રીતે જુદી જુદી વૃત્તિ હોવાનું શું કારણ? વગેરે ઘણા પ્રકારની શંકા આ ગ્રન્થનો અભ્યાસ કરવાથી દૂર થાય છે.

સર્ગથી ત્રણે માર્ગના જીવ, દેહ અને ક્રિયા જુદી છે, તેમજ ત્રણે માર્ગના જીવને થવાનું ફળ એટલે ગતિ જુદી છે, એ બધી બાબત શ્રવણ કર્યા બાદ જ્યારે પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ એ ત્રણે માર્ગ ભિન્ન છે એમ સમજાય છે, ત્યારે અનેક પ્રકારના જીવ અને તેઓ જુદી જુદી બાબતમાં

ગુંથાયેલા કેમ રહે છે? બધાને અમુક બાબત જ પ્રિય કેમ લાગતી નથી? આ સર્વ સંદેહ આ ગ્રન્થ સાંભળ્યા પછી મનમાં થતા નથી. ૧.

(ત્રણેય માર્ગોના ભેદને સિદ્ધ કરનારા પ્રમાણોનું સંકલન)

**ભક્તિમાર્ગસ્ય કથનાત્[ક/૧] પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ ।।૨।।**

**'દ્વૌ ભૂતસર્ગાવિ'ત્યુક્તેઃ[ખ/૧] પ્રવાહોઽપિ વ્યવસ્થિતઃ ।।**

**વેદસ્ય વિદ્યમાનત્વાત્[ગ/૧૧] મર્યાદાપિ વ્યવસ્થિતા ।।૩।।**

**અર્થ :** ભક્તિમાર્ગના કથનથી પુષ્ટિમાર્ગ છે, એ પ્રમાણે નિશ્ચય છે, તેમ જ ગીતાજીના ૧૬ મા અધ્યાયનો ૬ ઠ્ઠો શ્લોક 'દ્વૌ ભૂતસર્ગૌ' એ પ્રમાણેનો છે, તેમાં પ્રવાહ માર્ગની પણ વ્યવસ્થા છે, તેમજ વેદનું વિદ્યમાનપણું છે, તેથી મર્યાદામાર્ગની પણ વ્યવસ્થા છે.

ગીતાજીના બારમા અધ્યાયમાં ખાસ ભક્તિમાર્ગ કહેલો છે, અને બીજા અધ્યાયોમાં પ્રસંગે પ્રસંગે ભક્તિમાર્ગનું ઉત્કૃષ્ટપણું વર્ણવેલું છે. ભક્તિમાર્ગ તે જ પુષ્ટિ (અનુગ્રહ) માર્ગ છે, એ પ્રમાણે નિશ્ચય છે.

ગીતાજીના ૧૬ મા અધ્યાયના ૬ ઠ્ઠા શ્લોકમાં કહેલું છે કે, આ લોકમાં પ્રાણીમાત્રના બે સર્ગ છે. દૈવ અને આસુર. આસુરનું વર્ણન ૭ થી ૨૦ મા શ્લોક સુધીમાં બતાવ્યું છે. આસુર તે જ પ્રવાહી કારણકે આસુર લોકોને આ સંસાર પ્રવાહમાં ભટકવાનું છે, માટે તે પ્રવાહમાર્ગ કહેવાય છે.

ઉપર બે પ્રકારના સર્ગ કહ્યા તેમાં દૈવ સર્ગના જીવો મધ્યે કેટલાકની વૃત્તિ વેદમાં કહેલી મર્યાદા પ્રમાણે જ ચાલવાના આગ્રહવાળી હોય છે, માટે તે દૈવી જીવો મર્યાદામાર્ગીય કહેવાય છે. ૩.

(પુષ્ટિમાર્ગ[ક/૧] એક જુદો માર્ગ હોવા બાબત વિશેષ પ્રમાણ)

**કશ્ચિદેવ હિ ભક્તો હિ 'યો મદ્ભક્ત' ઈતીરણાત્ ।।**

**સર્વત્રોત્કર્ષ-કથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ ।।૪।।**

**ન સર્વોઽતઃ પ્રવાહાદ્ હિ ભિન્નો વેદાચ્ચ ભેદતઃ ।।**

**'યદા યસ્યે'તિ વચનાત્ 'નાહં વેદૈર્' ઈતીરણાત્ ।।૫।।**

**અર્થ :** ગીતાજીના ૧૨ મા અધ્યાયમાં ૧૩ મા શ્લોકથી ૨૦ મા શ્લોક સુધીમાં ઉત્તમ ભક્ત જે કોઈક જ હોય છે, તેમનાં લક્ષણ બતાવ્યાં છે. તે દરેક શ્લોકને અંતે 'યો મદ્‌ભક્તઃ સ મે પ્રિયઃ'' જે મારો ભક્ત છે તે મને પ્રિય છે. એમ જણાવ્યું છે. આવી રીતે સર્વ ઠેકાણે ઉત્તમતાના કથનથી પુષ્ટિમાર્ગ છે એમ નિશ્ચય છે. ૪.

સર્વલોક (પ્રવાહી)નો આ પુષ્ટિમાં સમાવેશ થતો નથી. જેથી પ્રવાહથી પુષ્ટિમાર્ગ ભિન્ન છે, અને વેદ (મર્યાદામાર્ગ)થી પણ ભિન્ન છે, તેને માટે ભાગવત ૪ થા સ્કંધમાં ૨૯ મા અધ્યાયનો 'યદા યસ્ય' એ પ્રમાણેનો શ્લોક કહેલો છે. તે વચનથી, અને ગીતાજીમાં અધ્યાય ૧૧, શ્લોક ૫ માં ''નાહં વેદૈઃ'' એ પ્રમાણે શ્લોક છે, તેથી જણાય છે કે મર્યાદા દૈવી જીવોથી પણ પુષ્ટિ દૈવી જીવો જુદા અને ઉત્તમ છે. ૫.

ગીતાજીના ૧૨ મા અધ્યાયમાં ૧૩ મા શ્લોકથી ૨૦ મા શ્લોક સુધીમાં ભક્તનાં નીચે પ્રમાણે ૩૨ લક્ષણો જણાવ્યાં છે.

[૧]કોઈ પ્રાણીનો દ્વેષ નહિ કરનાર, [૨]સઘળાઓનો મિત્ર, [૩]દયા રાખનાર, [૪]મમતા રહિત, [૫]અહંકાર રહિત, [૬]સુખ અને દુઃખમાં સમાન રહેનારો, [૭]ક્ષમાવાળો, [૮]મારાથી પ્રસાદી થએલા દ્રવ્યોથી દેહને નિભાવીને સંતોષ માનનાર, [૯]હમેશાં ચિત્તની એકાગ્રતા રાખનારો, [૧૦]ચિત્તને રોકનારો, [૧૧]કેવળ મારી સેવામાં જ દૃઢ નિશ્ચયવાળો, [૧૨]મારામાં મન અને બુદ્ધિને અર્પણ કરનાર, [૧૩]જેનાથી લોક ઉદ્વેગ પામે નહિ અને જે લોકથી ઉદ્વેગ પામે નહિ, [૧૪]હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી રહિત હોય તે મને પ્રિય છે. [૧૫]મારી સેવા સિવાય મુક્તિ પર્યંતની પણ જેને ઈચ્છા નથી, [૧૬]પવિત્ર આચારવાળો, [૧૭]સેવાના મનોરથમાં ચતુર, [૧૮]સેવાથી પ્રતિકૂળ ગૃહાદિકમાં ઉદાસીન, [૧૯]જેને

લૌકિક ક્લેશ નાશ પામ્યો છે તેવો, [૨૦]પ્રતિકૂળવાળા અનુકૂળ થાય તેને પ્રયત્ન કરવાના આરંભનો ત્યાગ કરનાર, જે મારો ભક્ત તે મને પ્રિય છે. [૨૧]જે પ્રતિકૂળ હોય તેને દુઃખ દેવામાં હર્ષ ન કરે, [૨૨]તેને સુખ થાય તો દ્વેષ ન કરે, [૨૩]ધનાદિક જતું રહે તેમાં શોક ન કરે, [૨૪]ધનાદિક પ્રાપ્તિ ઈચ્છા ન કરે, [૨૫]શુભ અશુભનો પરિત્યાગી જે ભક્તિવાળો હોય તે મને પ્રિય છે, [૨૬]શત્રુ અને મિત્રમાં, માન અને અપમાનમાં, અને શીતોષ્ણાદિક સુખ દુઃખમાં સરખી વૃત્તિવાળો, [૨૭]દુઃસંગથી રહિત, [૨૮]પોતાની સ્તુતિ નિંદામાં તુલ્ય બુદ્ધિ રાખનાર, [૨૯]વાણીને નિયમમાં રાખનાર, [૩૦]જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ રાખીને મારી સેવામાં તેનો ઉપયોગ કરનાર, [૩૧]પ્રભુમાં વ્યસન થયા બાદ બાધિત ઘરને છોડનાર, અને [૩૨]મારામાં સ્થિરબુદ્ધિયુક્ત ભક્તિવાળો નર મને પ્રિય છે.

મર્યાદામાર્ગમાં અક્ષરબ્રહ્મની સાથે આત્માની એકતાની (સમાનતા) ભાવના કરતાં પુષ્ટિભક્તિયોગમાં નિષ્ઠાવાળો (દાસપણું સ્વીકારી મારી સેવા કરવાવાળો) પોતાને અત્યંત પ્રિય છે એમ ઉપસંહાર કરે છે.

ભાગવતના ૪ થા સ્કંધના અધ્યાય ૨૯ માના શ્લોક **'યદા યસ્ય'**થી શરૂ થાય છે, તેનો અર્થ નીચે પ્રમાણે છે.

"આત્મભાવિત (અંતઃકરણમાં ભાવના કરાયેલા) ભગવાન જ્યારે જેના ઉપર અનુગ્રહ કરે છે, ત્યારે તે ભક્ત લોકમાં અને વેદમાં ચોંટેલી બુદ્ધિને છોડી દે છે".

તેમ જ ગીતાજીના ૧૧ મા અધ્યાયમાં ૫૩ મા શ્લોકમાં કહ્યું છે કે–

"તેં જે સ્વરૂપનાં દર્શન કર્યાં, તે નિરતિશય અને અક્ષરઐશ્વર્યવાળો હું છું. તે વેદના પ્રવચનથી, તપથી, જ્ઞાનથી, અને યજ્ઞ કરવાથી મારું દર્શન થઈ શકે તેમ નથી, પણ જેના પર મારી કૃપા થાય છે તે જ મારાં દર્શન કરી શકે છે".

આ બધાં પ્રમાણ વાક્યોથી પ્રવાહી અને મર્યાદા જીવોથી પુષ્ટિ જીવો ભિન્ન છે, એમ સાબીત થાય છે.

હવેના શ્લોકમાં વાદીની શંકા અને તેનું સમાધાન છે.

**માર્ગૈકત્વેડપિ ચેદ્ અન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ ।।**
**ન તદ્ યુક્તં સૂત્રતો હિ ભિન્નો યુક્ત્યા હિ વૈદિકઃ ।।૬।।**

**અર્થ :** ભક્તિમાર્ગ એ એક જ માર્ગ છે, અને પછીના બે તે ભક્તિમાર્ગના અંગ માનેલા છે. આમ કોઈ કહે ત્યાં કહે છે કે તે કહેવું વાજબી નથી, વૈદિકમાર્ગ સૂત્રથી અને યુક્તિથી નિશ્ચયપૂર્વક ભિન્ન છે.

જેમ એક જ દેહમાં માથું, પેટ, છાતી, હાથ, પગ એ વગેરે જુદા જુદા અવયવ છે, તેમ ભક્તિમાર્ગ એ મુખ્ય એક જ માર્ગ છે, અને તેના અવયવરૂપ બાકીના બે, વૈદિક અને પ્રવાહ માર્ગ છે. આમ કોઈ કહે, તો તે બાબત કહે છે કે એમ નથી, પણ ત્રણે માર્ગ એક બીજાથી જુદા છે. ભક્તિમાર્ગમાં જેની સ્થિતિ છે તેને ખરી રીતે વૈદિક કે પ્રવાહી સાધનની અપેક્ષા નથી. મર્યાદામાર્ગવાળા સાધનબળથી કૃતાર્થ થવાને વિચારવાળા છે. તેમનો નિઃસાધન ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી, તેમ જ તેમને પ્રવાહીની અપેક્ષા નથી. તેમ જ પ્રવાહી જીવોને મર્યાદા કે ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી, કારણકે તેઓ તો આસુરી જીવો છે, તેમનો દૈવીમાં પ્રવેશ નથી. આવી રીતે ત્રણે માર્ગ એક બીજાથી ભિન્ન છે.

**જીવ-દેહ-કૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા-શ્રુતેઃ ।।**
**યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ ।।૭।।**
**પ્રમાણ-ભેદાદ્ ભિન્નો હિ પુષ્ટિમાર્ગો[ક/૧] નિરૂપિતઃ ।।**

**અર્થ :** જે પ્રમાણે પુષ્ટિમાર્ગીય જીવનું, તેમના દેહનું અને તેમની કૃતિનું બીજાથી ભિન્નતા શ્રુતિથી સિદ્ધ છે, તે જ મુજબ પુષ્ટિમાર્ગનું નિત્યતા શ્રુતિથી સિદ્ધ છે. પ્રવાહી અને મર્યાદા, બંનેને ભગવત્પ્રાપ્તિ નિષેધથી અને

જુદા જુદા પ્રમાણભેદથી પુષ્ટિમાર્ગ, નિશ્ચય ભિન્ન છે એમ નિરૂપેલ છે.

પ્રવાહમાર્ગીય, મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય એ ત્રણે પ્રકારના જીવો જુદા છે, તેમ જ દેહે જુદા છે, અને તેમની કૃતિ જુદી છે. આ બધી બાબત શ્રુતિથી સાબીત છે. વળી પુષ્ટિમાર્ગનું નિત્યપણું પણ શ્રુતિથી સાબીત છે, જેથી પુષ્ટિમાર્ગ આધુનિક છે એમ કહેનારનું કહેવું તદન ખોટું છે. સૂર્યનો ઉદય પૂર્વ દિશામાં થાય છે. તે સૂર્ય નવો પ્રકટ થતો નથી, પણ અમુક કાળ આપણાથી અપ્રત્યક્ષ થઈ પાછો પ્રત્યક્ષ થાય છે, તેમજ પુષ્ટિમાર્ગ નિત્ય છતાં પ્રભુ ઈચ્છાથી અમુક કાળ બહુધા તિરોધાન થઈ પાછો પ્રભુ ઈચ્છાથી જ આવિર્ભાવ પામે છે. પ્રભુ ઈચ્છાથી અને તેમની આજ્ઞાથી જ પ્રભુના શ્રીમુખસ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ તિરોધાન થઈ ગયેલ પુષ્ટિમાર્ગનો, ઉગતા સૂર્યની પેઠે આવિર્ભાવ કરેલ છે.

વિસ્તારવાળા ટીકા ગ્રન્થોમાં શ્રુતિ, સૂત્ર, ગીતાજી અને ભાગવતનાં અનેક પ્રમાણ આપીને પુષ્ટિમાર્ગનું નિત્યપણું અને બીજાથી ભિન્નપણું સાબીત કરેલું છે, તે જાણવાની ઈચ્છા થતાં તેવા ગ્રન્થો જોવા અને મનન કરવાની જરૂર છે.

(પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના [૨]સર્ગો ભિન્ન હોવાના હેતુ)

**સર્ગભેદં[૨] પ્રવક્ષ્યામિ [૫]સ્વરૂપાંગ[૨]-ક્રિયા[લ]-યુતમ્ ।।૮।।**

**ઈચ્છા-માત્રેણ[ખ/૨] મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ।।**

**વચસા[ગ/૨] વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન[ક/૨] નિશ્ચયઃ ।।૯।।**

**અર્થ :** ત્રણે માર્ગના સર્ગ સૃષ્ટિભેદને સ્વરૂપ, અંગ અને ક્રિયા સહિત કહું છું. ઈચ્છા માત્રથી મનવડે પ્રવાહી સૃષ્ટિ હરિએ બનાવી છે. વાણીવડે વેદમાર્ગને (મર્યાદાસૃષ્ટિ) હરિએ સર્જેલ છે. શ્રીઅંગવડે પુષ્ટિસૃષ્ટિ હરિએ સર્જી તે નિશ્ચય છે.

ભાગવત એકાદશસ્કંધમાં અહંકારના કાર્યરૂપ મનથી સૃષ્ટિ થઈ છે, તેમાં ઈચ્છાશક્તિ કારણ છે. તે આસુર-પ્રવાહસૃષ્ટિ છે.

માંડૂક્યઉપનિષદમાં ઓંકારથી ઉત્પત્તિ લખી છે, અને ભાગવત એકાદશસ્કંધમાં પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણી અને તેથી જગતની ઉત્પત્તિ કહી છે. પ્રભુની વાણીરૂપી વેદ છે, અને વેદ સાક્ષાત્ નારાયણનું સ્વરૂપ છે, માટે વેદથી સૃષ્ટિ છે તે મર્યાદા સૃષ્ટિ છે.

પુરુષવિધ બ્રાહ્મણી શ્રુતિમાં એક આત્માના બે વિભાગ થયા, તેનાથી પતિ અને પત્ની થયાં એમ લખ્યું છે, તેથી આનંદાત્મક સ્વરૂપથી જે સૃષ્ટિ થઈ તે પુષ્ટિસૃષ્ટિ થઈ.૯.

આ પ્રમાણે ત્રણ પ્રકારના જીવ અને તેમના સર્ગ જુદા જુદા છે, તે જ બાબત તેમના ફલભેદવડે પણ સર્ગ જુદા જુદા છે, એમ હવેના શ્લોકમાં બતાવે છે :

(ત્રણેય માર્ગોના જુદા-જુદા ફળો હોવા પાછળના હેતુઓ)

**મૂલેચ્છાતઃ[ખ/૩] ફલં લોકે વેદોક્તં[ગ/૩] વૈદિકેપિ ચ ।।**

**કાયેન[ક/૩] તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોऽપિ નૈકધા ।।૧૦।।**

**અર્થ :** પ્રવાહીસૃષ્ટિને મૂલેચ્છાથી લૌકિક ફળ થાય છે, વૈદિક સૃષ્ટિને વિષે વેદમાં કહેલું ફળ થાય છે, અને પુષ્ટિ સૃષ્ટિને વિષે પ્રભુના શ્રીઅંગવડે ફળ થાય છે. આ પ્રમાણે ભિન્ન ઈચ્છાથી પણ એક પ્રકારની સૃષ્ટિ નથી, પણ જુદી જુદી છે.

પ્રવાહીસૃષ્ટિ સૃષ્ટિના અંત સુધી આ સંસાર પ્રવાહમાં જ રાખવાની ઈચ્છાથી કરેલી છે, જેથી તેમની ગતિ સ્વર્ગથી નરક પર્યંત સારા નઠારા કૃત્ય પ્રમાણે થાય છે, સ્વર્ગથી આગળ મહર લોકાદિમાં તેમની ગતિ નથી.

મર્યાદાસૃષ્ટિ જો કે સૃષ્ટિની શરૂઆતથી થયેલી છે, પરંતુ તેમને કલ્પના અંત સુધી આ લોકમાં જ ભમવાનું નથી. તેઓ શાંત છે, એટલે કલ્પ પહેલાં આ લોકમાંથી તેમની સ્થિતિનો અંત આવી જાય અને મોક્ષ થાય તેવી ઈચ્છાથી આ સૃષ્ટિમાં તેમનો સર્ગ છે, તેમને વેદમાં કહેલું મોક્ષ સુધીનું ફળ મળે છે.

પ્રભુની લીલામાં અનુકૂળતા માટે અથવા દંડ તરીકે પ્રભુની ઈચ્છા હોય તેટલો વખત ફક્ત આ સૃષ્ટિમાં પુષ્ટિ જીવનું આવવું થાય છે, તેથી તેમને ફળ પણ પ્રભુના સ્વરૂપ વડે જ થાય છે. તેમને લોકની કે વેદના ફળની અપેક્ષા નથી.

(જીવોના ત્રિવિધ સર્ગ[ક ખ ગ-૨])

**'તાન્ અહં દ્વિષતો' વાક્યાદ્ ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ ।।**

**અત એવેતરૌ[કગ] ભિન્નૌ સાન્તૌ મોક્ષ-પ્રવેશતઃ ।।૧૧।।**

(પુષ્ટિસર્ગમાં જીવ[૨/૫] દેહ[૨/૨] ક્રિયા[૨/લ]ઓ ના વિશેષ ઉપભેદો)

**તસ્માદ્ જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશયઃ ।।**

**ભગવદ્-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્[ક-૨ ૫]।।૧૨।।**

**અર્થ :** ગીતાજીના અધ્યાય ૧૬, શ્લોક ૧૯મો 'તાનહં દ્વિષતો'થી શરૂ થાય છે, તે વાક્યથી પ્રવાહી જીવો જુદા છે. મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય બન્ને શાંત હોવાથી મોક્ષમાં પ્રવેશવાળા છે, તેથી જ પ્રવાહી જીવોથી તેઓ ભિન્ન છે. પુષ્ટિમાર્ગના જીવો ભગવાનની સેવાને માટે છે, તે વગર તે સૃષ્ટિ જ ન હોય, તેથી તે સૃષ્ટિના જીવો ભિન્ન છે, તેમાં સંશય નથી.

ગીતાજીના ૧૬ મા અધ્યાયમાં, ૧૯ મા શ્લોકમાં કહેલ છે કે,-શ્લોક ૭ થી ૧૮ માં શ્લોક સુધી ગણાવેલા લક્ષણવાળા જીવો દ્વેષી, ક્રૂર અને અધમ હોય છે, તેથી તેમને સદા અશુભ એવી આસુર યોનિમાં નાંખું છું. આમાં સદા પદ છે, જેથી સૃષ્ટિની શરૂથી અંત સુધી તેમની તેમાં જ સ્થિતિ છે, તેમને મોક્ષ નથી, પણ મર્યાદા અને પુષ્ટિ એ બન્ને દૈવી છે, તેઓ મોક્ષમાં પ્રવેશવાળા હોવાથી શાંત એટલે અંતવાળા છે. એટલે મર્યાદા દૈવીજીવો વેદોક્ત રીતે મોક્ષરૂપી ફળ મેળવે છે, અને પુષ્ટિ જીવો પ્રભુના અનુગ્રહપૂર્વક પુરુષોત્તમને પામે છે. માટે પુષ્ટિમાર્ગમાં રહેલા જીવો ભિન્ન છે. આ પુષ્ટિ જીવને પ્રવાહી જીવની પેઠે લોકમાં નિષ્ઠા હોતી નથી, પણ ફક્ત ભગવાનના સ્વરૂપની સેવામાં જ તેમની નિષ્ઠા હોય છે, જેથી આ પુષ્ટિ સૃષ્ટિ

ભગવાનના શ્રીઅંગની સેવા માટે જ છે. જો તેમ ન હોય તો કોઈ બીજી રીતે પુષ્ટિ સૃષ્ટિનું આ જગતમાં વિદ્યમાનપણું હોય નહિ. ૧૧-૧૨.

**સ્વરૂપેણાવતારેણ લિંગેન ચ ગુણેન ચ ।।**
**તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા ।।૧૩।।**
**તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ[૩૨/૨] ।।**

**અર્થ :** ભક્તના સ્વરૂપવડે, અવતારવડે, લિંગ (ચિહ્ન)વડે અને ગુણવડે તારતમ્ય (ન્યૂનાધિકપણું)નથી, તો પણ જેટલું કાર્ય કરાવવું હોય, તેટલું તારતમ્ય તેના સ્વરૂપમાં, દેહમાં અને તેની ક્રિયામાં પ્રભુ કરે છે.

નાટકમાં સૂત્રધારે નિર્માણ કર્યા મુજબ જુદાં જુદાં પાત્રને જુદું જુદું કાર્ય કરવાનું હોય છે, તેમજ લીલોપયોગીપણાથી દરેકને જે જે કાર્યમાં પ્રભુએ જોડ્યા હોય તે તે કાર્યમાં ભક્ત જોડાય છે. ભક્તોના અમુક અમુક કાર્યમાં જોડાયા ઉપરથી તેમના સ્વરૂપ અને ગુણનું ન્યૂનઅધિકપણું સમજવાનું નથી. આપણી બુદ્ધિથી તેમનું ખરું (રસો વૈ સઃ) સ્વરૂપ જણાતું નથી માટે પ્રભુના ખરા (પુષ્ટિ) ભક્તોમાં આપણી બુદ્ધિ અનુસાર ન્યૂનઅધિકપણું સમજવાનું સાહસ કરવું નહિ.

મતલબ કે જેને ભગવાનનો સાક્ષાત્કાર થયો છે, એવા સુદૃઢ ભક્તિવાળા ભક્તો સર્વસમાન અને સર્વશક્તિમાન છતાં ભગવાન પોતાની અનુકૂળતા (ઈચ્છા) પ્રમાણે તેમને જુદા જુદા કાર્યમાં પ્રેરે છે; જો કે તે ભક્તોને અન્ય કાર્યમાં પ્રભુ પ્રેરે તો તે કાર્ય પણ સંપૂર્ણરીતે જ કરવામાં તેમની કશી ન્યૂનતા હોતી નથી. ૧૩.

ઉપરના શ્લોકથી પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થયેલા બધા જીવો સરખા ગણવાના નથી. ઉપરની બાબત તો શુદ્ધ પુષ્ટિજીવ માટે છે. એમ બતાવવા માટે હવેના શ્લોકમાં પુષ્ટિ જીવના ભેદ બતાવે છે :

**તેહિ દ્વિધા શુદ્ધ-મિશ્ર-ભેદાન્ મિશ્રાસ્ ત્રિધા પુનઃ ।।૧૪।।**

**પ્રવાહાદિ-વિભેદેન ભગવત્કાર્ય-સિદ્ધયે ।।**
**પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ ।।૧૫।।**
**મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણા-ઽતિ-દુર્લભાઃ[ક/૨/લ] ।।**
**એવં સર્ગસ્તુ તેષાં હિ … … … … … ।।**

**અર્થ :** તે (પુષ્ટિજીવો) શુદ્ધ અને મિશ્ર એમ બે પ્રકારના છે. વળી મિશ્રના ત્રણ પ્રકાર છે. [૧]પુષ્ટિ મિશ્ર પુષ્ટિ, [૨]મર્યાદા મિશ્ર પુષ્ટિ અને [૩]પ્રવાહી મિશ્ર પુષ્ટિ. આ ભેદો ભગવત્ કાર્યની સિદ્ધિને માટે છે.

[૧]જે પુષ્ટિવડે મિશ્ર પુષ્ટિજીવો છે તે સર્વજ્ઞ હોય છે. [૨]પ્રવાહવડે મિશ્ર પુષ્ટિજીવ છે તે ક્રિયામાં પ્રીતિવાળા હોય છે. [૩]મર્યાદાવડે મિશ્ર પુષ્ટિજીવ છે તે ભગવત ગુણને જાણવાવાળા છે.

પ્રથમ બતાવેલા શુદ્ધ પુષ્ટિજીવ તો પ્રેમવડે શુદ્ધ હોય છે. તે તો અતિ દુર્લભ છે. આ પ્રમાણે સર્ગનું નિરૂપણ કર્યું.

જે શુદ્ધ પુષ્ટિભક્તો છે તે તો પ્રભુની લીલામાં અનુકૂળતા માટે જ આ સૃષ્ટિ ઉપર આવેલા છે, તેમને દંડનો સંભવ જ નથી. તેઓ ભગવાનની આજ્ઞાથી મિશ્ર પુષ્ટિજીવોના કલ્યાણને માટે જ આવેલ હોય છે, તેઓ અતિ દુર્લભ હોય છેઃ-મિશ્ર પુષ્ટિજીવો પણ ભગવત્કાર્ય (લીલા)ની સિદ્ધિને માટે એટલે અનુકૂળતાને માટે જ છે. પરંતુ તેઓ કોઈ અપરાધને લીધે દંડ થવાથી આ સૃષ્ટિમાં આવેલ હોય છે. ૧૫.

(પુષ્ટિમાર્ગીય[ક/૩] ફલનું સવિશેષ નિરૂપણ)

**… … … … … … ફલં ત્વત્ર નિરૂપ્યતે ।।૧૬।।**
**ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ ।।**
**ગુણ-સ્વરૂપ-ભેદેન તથા તેષાં ફલં ભવેત્ ।।૧૭।।**

**અર્થ :** હવે ફળનું નિરૂપણ કરાય છે. પુષ્ટિજીવોને ભગવાન જ ફળ છે, ને ગુણ અને સ્વરૂપના ભેદવડે જે પ્રમાણે પૃથ્વી ઉપર આવિર્ભાવ થાય, તે પ્રમાણે પુષ્ટિજીવોને ફળ થાય છે.

આ શ્લોકમાં પુષ્ટિજીવોને મળવાનું ફળ કહે છે. તેમને ફળ ભગવાન જ છે. ભગવાનના સ્વરૂપ સિવાય અન્ય મોક્ષ, સ્વર્ગાદિક ફળની અપેક્ષા તેમને છે જ નહિ.

કોઈ ભક્તની ભાવના ભગવાનના બાળસ્વરૂપમાં હોય, કોઈની કિશોર સ્વરૂપમાં હોય, અને કોઈની પ્રૌઢસ્વરૂપમાં ભાવના હોય, તેમજ લીલા પરત્વે જે જે ગુણગાનમાં ભક્તની આસક્તિ હોય તે તે ભાવના પ્રમાણે પૃથ્વી ઉપર સ્વરૂપ અને ગુણથી પ્રભુ પ્રગટ થાય, તે તે પ્રમાણે તે ભક્તને સ્વરૂપ દર્શનાદિ ફળ થાય છે. ૧૭.

**આસક્તૌ ભગવાન્ એવ શાપં દાપયતિ ક્વચિત્ ।।**
**અહંકારે-ऽથવા લોકે તન્માર્ગ-સ્થાપનાય હિ ।।૧૮।।**
**ન તે પાષંડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવઃ ।।**
**મહાનુભાવાઃ પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વ-હેતવે ।।૧૯।।**

**અર્થ :** મિશ્ર પુષ્ટિજીવો લૌકિકમાં આસક્તિવાળા થવા છતાં ભગવાન જ ક્યારેક શાપ દેવડાવે છે, ક્યારેક અહંકાર થયા છતાં શાપ દેવડાવે છે, અને ક્યારેક લોકમાં તે માર્ગને સ્થાપવા સારુ શાપ દેવડાવે છે. જેને શાપ થયો હોય તે પાખંડી થતો નથી, તેને રોગાદિક બાધા કરતા નથી, પરંતુ ઘણું કરીને શાસ્ત્રને વિષે મહાનુભવી હોય છે. તેમાં ભગવાનનો હેતુ તેની શુદ્ધિને માટે છે.

નલકુબેર અને મણિગ્રીવને નારદ દ્વારા શાપ થયો હતો, તે લૌકિક આસક્તિને લીધે થયો હતો, તે શાપને લીધે બન્ને યમલાર્જુન વૃક્ષ થયા, તેમાંથી તેમનો ભગવાને ઉદ્ધાર કર્યો.

અહંકારને લીધે ચિત્રકેતુને પાર્વતીજીથી શાપ થયો. તે વૃત્રાસુર નામ રાક્ષસ થયો. તેમાંથી ભગવાને ઈંદ્ર સાથેના યુદ્ધ વખતે દર્શન દઈ ઉદ્ધાર કર્યો.

નૃગ રાજાને ગૌદાનની ગફલતીથી લોકમાં તે માર્ગનું સ્થાપન કરવા માટે બ્રાહ્મણદ્વારા શાપ થયો હતો. તેનો પણ ભગવાને જ કરચલાની યોનિમાંથી ઉદ્ધાર કર્યો. ૧૯.

આ પ્રમાણે શાપ આપેલા બધાની પ્રથમ કરતાં શુદ્ધતા કરેલી છે, માટે તે શાપ અનુગ્રહ રૂપ જ છે.

**ભગવત્-તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ ।।**

**અર્થ :** ભગવાન્‌ના લીલાર્થ તર-તમ ભાવથીને નિશ્ચયપૂર્વક ભજે છે

ગૌણ કે મુખ્યપણાથી ભગવાન કાર્ય અને લીલા માટે અનેક સ્વરૂપથી બિરાજે છે. તે સ્વરૂપ મધ્યે જે સ્વરૂપમાં ભક્તની આસક્તિ થઈ ભજન થતું હોય, તે ભક્તને શાપ થયા પછી પણ તે જ સ્વરૂપથી તેનો ઉદ્ધાર થાય છે. જેમકે ચિત્રકેતુ સંકર્ષણ સ્વરૂપનો ભક્ત હતો, તેને પાર્વતીજીનો શાપ થયા બાદ વૃત્રાસુરરૂપે ઈંદ્રની સામે યુદ્ધ કરતો હતો, ત્યારે પણ તેણે સંકર્ષણના ચરણમાં મનથી પ્રવેશ કર્યો હતો.

ઈંદ્રદ્યુમ્ન રાજા નિર્ગુણ ઉપાસક હતો. તે અગત્સ્ય મુનિના શાપથી ગજેંદ્ર થયો. તે અવસ્થામાં નિર્ગુણ ભગવાનની જ સ્તુતિ કરેલી છે, અને દર્શન પણ નિર્ગુણ પ્રભુએ જ હરિસ્વરૂપે આપેલાં છે. ૧૯।।

**લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા ।।૨૦।।**
**વૈષ્ણવત્વં હિ સહજં તતો-ऽન્યત્ર વિપર્યયઃ ।।**

**અર્થ :** પુષ્ટિ જીવોને વૈદિકપણું અને લૌકિકપણું કપટથી છે, બીજે પ્રકારે નથી, પરંતુ વૈષ્ણવપણું સહજ છે. અને મર્યાદા જીવોને વૈદિકપણું સહજ છે, અને વૈષ્ણવપણું તેમજ લૌકિકપણું કપટથી છે અને પ્રવાહી જીવોને લૌકિકપણું સહજ છે, પણ વૈષ્ણવપણું અને વૈદિકપણું કપટથી છે.

એક મ્યાનમાં બે તલવાર રહેતી નથી. વૈષ્ણવપણું એ પ્રભુ ઉપર અત્યંત સ્નેહને લીધે છે, વૈદિકપણું એ વૈદિક કાર્ય ઉપર આગ્રહ રાખી વર્તવા ઉપર છે, અને લૌકિકપણું એ સંસારમાં આસક્તિને લીધે છે.

જેને પ્રભુમાં સ્નેહ પુરેપુરો રાખવો હોય તેનાથી વૈદિક કાર્ય ઉપર તેવો આગ્રહ રાખી શકાય નહિ, અને લૌકિક તો અનિત્ય છે જેથી ત્યાગ

(ભુલી જવા) કરવા યોગ્ય જ છે, માટે વૈષ્ણવોને પ્રભુમાં સ્નેહ સ્વાભાવિક છે, જેથી બાકીના બેમાંથી વૈદિક કાર્ય ગૌણરૂપે કરે છે, અને લૌકિક કાર્ય તો લૌકિકમાં નિંદા થઈ ઉદ્વેગ ન થાય માટે જ કરે છે. તે જ મુજબ મર્યાદા જીવોની નિષ્ઠા વૈદિક કાર્યોમાં હોય છે. તેથી તેમને પ્રભુમાં નિરવધિ (અપાર) સ્નેહ હોતો નથી, જેથી ભક્તિ ગૌણરૂપે કરે છે. અને લૌકિક તો તે પણ અનિત્ય જાણી લોકનિંદા ન થાય માટે જ કરે છે. ભગવત્સેવામાં આસક્ત ન થતાં પોતાની નિષ્ઠાવાળા વૈદિક કાર્યમાં બરાબર નિયમસર રહે છે.

પ્રવાહી જીવો લૌકિક કાર્ય આસક્તિપૂર્વક કરે છે, અને તેને બાકીના બેની નિત્યપણાની ખબર જ નથી, જેથી તે લોકમાં નિંદા થાય માટે દેખાવાને માટે ઉપર ટકી રહેવા માટે કરે છે. ૨૦.

(કર્મોની ગહન ગતિને કારણે સદા પરિભ્રમણ કરતા પુષ્ટિ-પ્રવાહ-મર્યાદારૂપ ત્રણમાંથી કોઈ એક માર્ગ પર આવી ચઢેલા, તન્માર્ગીય ન હોવા છતાંય તન્માર્ગીય હોવાનો આભાસ પ્રકટ કરનારા ચર્ષણી જીવો)

**સમ્બન્ધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્ તથા પરે ॥૨૧॥**
**'ચર્ષણી'શબ્દ-વાચ્યાસ્ તે તે સર્વે સર્વ-વર્ત્મસુ ॥**
**ક્ષણાત્ સર્વત્વમ્ આયાન્તિ રુચિસ્ તેષાં ન કુત્રચિત્ ॥૨૨॥**
**તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્ ॥**

**અર્થ :** બધા માર્ગમાં સંબંધવાળા પ્રવાહમાં રહેલા કેટલાક જીવો ક્ષણક્ષણમાં સર્વ માર્ગમાં આવી જાય છે, પણ કોઈ જગ્યાએ તેની રુચી (સ્થિરતા) થતી નથી. આવા જીવો 'ચર્ષણી' (ભટકનારા) કહેવાય છે, તેઓ કર્મને આધીન છે, ને સર્વ ઠેકાણે તેને કર્માનુસાર જ સર્વ ફળ મળે છે.

પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવો પોતપોતાના માર્ગમાં રુચિવાળા હોય છે, પણ પ્રવાહી મધ્યેના કેટલાક જીવો કોઈ જગ્યાએ પ્રેમરહિત તદન સુકા અંતઃકરણવાળા હોય છે. તેઓ જો કે બધા માર્ગમાં આવી જાય છે, પણ તેમનું કોઈ જગ્યાએ મન ઠરતું નથી, તેમને ભક્તિમાર્ગમાં રુચિ થતી નથી, તેમજ મર્યાદામાર્ગમાં રુચિ થતી નથી, એટલું જ નહિ પણ

પ્રવાહીમાર્ગમાં પણ પરોપકારાદિ સત્કૃત્યો કરવામાં વૈદિક સકામ યજ્ઞાદિ કરવામાં કે એવા બીજામાં કશામાં તેમનું મન ચોંટતું નથી. જેમ કુલણીયો ગુંદર બીલકુલ ચીકાશ વગરનો હોય છે જેથી કોઈ ઠેકાણે ચોંટતો નથી, તેમ આવા ચર્ષણી પ્રવાહી જીવનું અંતઃકરણ પ્રેમ લાગણી રહિત હોવાથી કોઈ જગ્યાએ ચોંટતું નથી, જેથી કોઈ પણ જગ્યાએ તેનું અંતઃકરણ ચોંટવા સંભવ નથી. તેઓ પ્રેમરહિત છતાં જ્યાં જ્યાં રહી જે જે કાર્યો કરે છે તે કાર્યોનું તેમને ફળ મળે છે. એમનું કાર્ય સ્નેહરહિત હોવાથી અથવા વિધિ વગરનું હોવાથી પુષ્ટિ કે મર્યાદામાર્ગનું ફળ મળતું નથી, ફક્ત લૌકિક ફળ, કાર્ય અનુસાર મળે છે. ૨૨.

(ચર્ષણી જેવા પ્રવાહમાર્ગીય જીવો[ખ/૨/૫] નાં બે ઉપભેદ)

**પ્રવાહસ્થાન્[ખ] પ્રવક્ષ્યામિસ્વરૂપાંગ[ખ/૨/૫-ખ/૨/૨]ક્રિયા[ખ/૨/૯]યુતાન્ ।।૨૩।।**
**જીવાસ્તે હ્યાસુરાઃ[ખ/૨/૫] સર્વે 'પ્રવૃત્તિંચે'તિ વર્ણિતાઃ ।।**
**તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞ-દુર્જ્ઞ-વિભેદતઃ ।।૨૪।।**

**અર્થ :** સ્વરૂપ, અંગ અને ક્રિયા સહિત પ્રવાહસ્થાનને કહું છું. પ્રવાહીમાં રહેલા જીવો આસુરો છે, અને ગીતાજીના ૧૬ મા અધ્યાયમાં ૭ મા શ્લોકથી ''પ્રવૃત્તિં ચ'' એ શ્લોકથી તે આસુરોનું વર્ણન કરાયેલું છે. તે આસુરો પણ અજ્ઞ અને દુર્જ્ઞ એમ બે પ્રકારના છે.

ગીતાજીના ૧૬ મા અધ્યાયના ૭ મા શ્લોકથી આસુર જીવોના ૨૫ લક્ષણો નીચે પ્રમાણે આપ્યા છે.

[૧]પ્રવૃત્તિ અને નિવૃત્તિના સ્વરૂપને નહિ જાણનાર, [૨]શૌચ વગરના, [૩]આચાર રહિત, [૪]સત્ય રહિત, [૫]જગતને અસત્ય, અપ્રતિષ્ઠિત, અનીશ્વર છે એમ કહેનારા, [૬]ઉપર પ્રમાણે દૃષ્ટિનું અવલંબન કરીને આત્માનો નાશ-ત્યાગ કરનારા, [૭]અલ્પબુદ્ધિવાળા, [૮]ઉગ્રકર્મ કરનાર, [૯]જગતના ક્ષયને માટે અહિત કરનાર, [૧૦]ન પુરી શકાય તેવા કામના આશ્રયી, [૧૧]દંભ, મન અને મદ યુક્ત, [૧૨]મોહને લીધે અવળા નિશ્ચયને

પામી અશુચિ વ્રત કરનારા, [13]અનંત લય સુધી ચિંતાને ધારણ કરનારા, [14]કામ, ઉપભોગને માટે આ દેહ અને જગત્ છે એમ નિશ્ચય કરાયેલા, [15]સેંકડો આશાના પાશથી બંધાયેલા, [16]કામ ક્રોધ પરાયણ, [17]કામ અને ભોગને માટે અન્યાયથી અર્થ મેળવનારા, [18]મેં આ આજે મેળવ્યું, હું આ મનોરથ પામીશ, આ મારૂં ધન થશે એવી બુદ્ધિવાળા, [19]આ શત્રુને મેં માર્યો અને બીજાને પણ મારીશું હું સમર્થ છું, હું જ ભોગી છું, હું સિદ્ધ છું, હું જ સુખી છું, હું બળવાન્ છું, એમ માનનારા, [20]હું કુટુંબયુક્ત છું, મારા જેવું કોણ છે, હું પૂજાઉં છું, હું બ્રહ્મ છું, હું ખુશીથી આપનાર છું, એ પ્રમાણે અજ્ઞાનવડે મોહિત, [21]ચિત્તમાં અનેક જાતની ભ્રમણાવાળા, અને મોહજાળમાં વીંટાએલા, [22]નામ માત્ર યજ્ઞવડે જે ભજે છે, તે દંભપૂર્વક અને અવિધિપૂર્વક ભજનારા, [23]અહંકાર, બળ, દર્પ, કામ અને ક્રોધનો આશ્રય કરાયેલા, [24]સર્વેશ્વર, લીલા કર્તા સર્વત્ર વર્તમાન, ચેતનાત્મક એવા પુરુષોત્તમનો દ્વેષ કરનાર, [25]સારે રસ્તે ચાલનાર માણસ ઉપર દોષનો આરોપ મૂકનાર, –આવા લક્ષણવાળા આસુર જીવો દ્વેષી, અધમ ને દૂર હોય છે. આસુરયોનિમાં જન્મ પામેલામાંના કેટલાક સહજ આસુર છે. તેમાં દુર્જ્ઞ છે, અને કેટલાક અજ્ઞ આસુર છે. તેઓ ખરી રીતે દૈવી છતાં અપરાધને લીધે આસુરમાં જન્મેલા હોય છે.

**દુર્જ્ઞાસ્ તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્ તાન્ અનુ યે પુનઃ ।।**
**પ્રવાહેડપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્ તૈર્ ન યુજ્યતે ।।૨૫।।**
**સોડપિ તૈસ્ તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ ।।**
**... ... ... ... ... ... ... ... ... ... ।।**

(આથી આગળ ગ્રન્થના 'ખ'ભાગમાં '૨/૨+૨/લ' તથા '૩' અંશો; તેમજ 'ગ'ભાગમાં '૨/૫+૨/૨+૨/લ'+'૩' અંશો પણ ત્રુટિત દેખાય છે)

**અર્થ :** દુર્જ્ઞ પ્રવાહી જીવો ભગવાને ગીતાજીમાં કહેલા છે, અને અજ્ઞો તો પ્રવાહી

ન છતાં તેઓ પ્રવાહીને અનુસરનાર હોય છે. મિશ્રપુષ્ટિમાં રહેલા જીવો પ્રવાહમાં આવી ગયા છતાં તેની સાથે જોડાઈ જતા નથી, પણ વેદની નિંદા કરવાથી કે દુષ્કૃત્યથી તે આસુરકુળમાં ઉત્પન્ન થયેલા હોય છે.

આગળના શ્લોકમાં આસુર જીવોમાં જે લક્ષણ જણાવ્યાં છે તે દુર્જ્ઞ આસુરી જીવના લક્ષણનું વર્ણન કરાયેલું છે તે સહજ આસુર છે. અજ્ઞ આસુર એ વાસ્તવિક રીતે આસુર નથી, છતાં આસુર જીવને અનુસરનાર હોય છે, તેઓ ખરી રીતે તો દૈવી જીવ હોય છે, પણ અહંકારને લીધે અથવા બીજા દુષ્કૃત્યથી તેને પ્રભુએ કોઈ દેવ કે મહાપુરુષદ્વારા શાપ દેવડાવી દંડ તરીકે થોડી મુદત માટે આસુરયોનિમાં નાંખેલા હોય છે. જો કે દંડ થવાથી આસુર યોનિમાં પડે છે પણ તે દંડ અનુગ્રહરૂપ જ હોય છે, જેથી પોતાના ગુનાહનું તે જીવને ભાન રહે છે, ને થયેલ દંડને લીધે તેમને પોતાના દોષની સ્ફુરણા થાય છે. જેથી આસુરયોનિમાં આવતા છતાં તેઓ આસુરની સાથે તદન મળી જતા નથી. જેમ પાણીમાં તેલ નાંખીએ, છતાં તેલને પાણી મળી જતાં નથી, તેમજ જુદા રહે છે. ઉલટું તેમનામાં દીનતા પ્રાપ્તિ થવાથી આસુર તરીકે દંડની મુદત પુરી થતાં પ્રથમ કરતાં પણ ઉચ્ચ સ્થાનને પ્રાપ્ત થાય છે. પ્રથમ પ્રવાહી પુષ્ટિમાં હોય તો આ દંડ થયા પછી મર્યાદા પુષ્ટિમાં આવે છે જેમકે દુધ અને જલ ઓતપ્રોત મળી જાએ છે, તેમ અને મર્યાદા પુષ્ટિમાં પ્રથમ હોય તો આ દંડ થયા પછી પુષ્ટિ પુષ્ટિમાં જેમકે શુધ્ધ તેલના જેવાં એટલે સ્નેહવાળા અથવા છેવટે મધ જેવાં જાણવાં. આવી રીતે પુષ્ટિ જીવો ઉપર પ્રભુનો દંડ તે અનુગ્રહરૂપ જ હોય છે.

આ ગ્રન્થ અધુરો છે એમ શ્રીગોકુળનાથજી વગેરે સંસ્કૃત વિવૃત્તિ કર્ત્તાઓનો મત છે.।

।।ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતઃ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ સમ્પૂર્ણઃ।।

**સારાંશ :**

**(૧) જીવોના ભેદ :**

દૈવી –આસુરી.

(૧) દૈવી. આ સૃષ્ટિ સાંત એટલે મોક્ષના અધિકારવાળી છે. તેના પણ બે ભેદ છે. પુષ્ટિ અને મર્યાદાઃ ૧.પુષ્ટિસૃષ્ટિ : પ્રભુ સ્વરૂપમાં આસક્ત હોય છે. અને તેમની પ્રવૃત્તિ પ્રભુ સ્વરૂપની સેવા કરવામાં જ હોય છે. ૨. મર્યાદાસૃષ્ટિ : વેદાજ્ઞામાં આસક્ત હોવાથી તે આજ્ઞાવાળી મર્યાદામાં જ તેમની પ્રવૃત્તિ છે.

(૨) આસુરી એટલે પ્રવાહી. આ સૃષ્ટિ, લૌકિક પ્રવાહમાં જ આસક્ત છે.

**(૨) પુષ્ટિના ભેદ :**

૧. શુદ્ધપુષ્ટિ. આ જીવા કોઈપણ યોનિમાં ફક્ત પ્રભુ આજ્ઞાથી તેમની લીલોપયોગી અનુકૂળતા માટે જ પ્રકટેલ હોય છે, તો આજ્ઞા પ્રમાણેનું કાર્ય કરી પાછા પ્રભુ સમીપ તેમની સેવામાં પહોંચે છે.

૨. મિશ્રપુષ્ટિ–અપરાધથી પ્રભુએ કૃપાથી દંડ કરવાથી ભૂલોકમાં આવે છે તેના ત્રણ ભેદ છે.

૧. પુષ્ટિમિશ્રપુષ્ટિ–તેઓ સર્વ ભગવાનનાં સ્વરૂપ તથા તેમના ગુણને તેમની લીલાને તથા પોતાના ઉપર થયેલાં દંડને તથા પોતાને હવે શું કર્તવ્ય છે તે સર્વને જાણનાર હોય છે.

૨. મર્યાદા મિશ્રપુષ્ટિ ભગવાનના ગુણને જાણવાવાળા હોય છે.

૩. પ્રવાહ મિશ્રપુષ્ટિ તેમનામાં સ્નેહ કમી હોય તેમજ ભગવદ્ ગુણનું જ્ઞાન પણ નથી હોતું. લૌકિક આસક્તિને લીધે તેઓ પ્રભુ સેવા સંબંધી કાર્ય સ્નેહ રહિત કરનાર હોય છે. તેઓ આરતિવાળા થતાં સ્નેહ અને ભગવદ્ ગુણ ગાનમાં ક્રમે ક્રમે આગળ વધી શકે છે.

આ ત્રણે પ્રકારનો મિશ્ર પુષ્ટિ જીવોનો ક્રમે ક્રમે ચઢી શુદ્ધપુષ્ટિમાં પ્રવેશ થઈ શકે છે.

**(૩) મર્યાદા જીવો** – આ જીવો માટે ઉપર કહેલ છે તેથી વિશેષ કાંઈ વર્ણન આ ગ્રન્થમાં કરવામાં આવ્યું નથી. તેઓ પુષ્ટિ જીવથી તદ્દન જુદા છે માટે મિશ્ર પુષ્ટિ જીવો સાથે પણ તેમની એકતા કરવી નહિ.

**(૪)પ્રવાહી જીવો** – તેના બે ભેદ છે.

૧) સહજ આસુર–તેમનું વર્ણન ગીતાજીના સોળમા અધ્યાયમાં ૭ થી ૨૦ શ્લોક સુધીમાં બતાવ્યું છે.

૨) અજ્ઞ આસુર–આ અજ્ઞ આસુરો ખરી રીતે દૈવી છે. તેઓનો મિશ્ર પુષ્ટિ પૈકીના પ્રવાહ મિશ્ર પુષ્ટિ જીવોમાં સમાવેશ થાય છે. તેઓ સહજ આસુરમાં કેવળ મળી જતા નથી. તેઓ ભક્તિ માર્ગને અનુસરનાર હોય છે અને દંડ ભોગવી ક્રમે ક્રમે કૃતાર્થ થાય છે.

**(૫) પુષ્ટિ સૃષ્ટિ** પ્રભુના શ્રીઅંગથી થઈ છે, માટે તેમની ક્રિયા પ્રભુ સ્વરૂપની સેવા અને આસક્તિ પણ તે સ્વરૂપમાં જ હોય છે જેથી છેવટ ફળ પણ પ્રભુ સ્વરૂપની જ પ્રાપ્તિ અને તેની અવિચ્છિન્ન સેવાનું જ ફળ મળે છે. મિશ્ર પુષ્ટિ જીવો પણ ક્રમે ક્રમે છેવટ શ્રીપ્રભુ સ્વરૂપને પામી શકે છે.

**(૬) મર્યાદા સૃષ્ટિ** – પ્રભુની વાણીદ્વારા થયેલી છે, તેથી વાણીરૂપ વેદમાં જ જીવોને આસક્તિ રહે છે. પ્રભુ સ્વરૂપમાં તેમની આસક્તિ હોતી નથી. ફક્ત વેદમાં શુદ્ધાદ્વૈત જ્ઞાનમાં જ તેઓ આસક્ત હોય છે માટે તેને જ મુખ્ય ફળ તરીકે માનતા હોવાથી જ્ઞાનરૂપ વેદોક્ત તેમને ફળ પ્રભુ આપે છે. પ્રભુના સ્વરૂપની પ્રાપ્તિનું ફળ તેમને મળતું નથી.

**(૭) આસુરી (પ્રવાહિ) સૃષ્ટિ** પ્રભુની ઈચ્છાથી આ જગતના પ્રારંભથી અંત સુધી મહાપ્રલય કાળ સુધી લૌકિક સુખ દુઃખમાં જ આસક્ત રહી તેમાં જ ભટક્યા કરે છે તેઓ સહજ આસુર (અહંકારી) છે.

આ આસુર પૈકી કેટલાક ચર્ષણી જીવો પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ માર્ગમાં ફરે છે. તે તે માર્ગની દીક્ષા લઈ તેમાં કહેલ કર્મ કરે છે પણ તેઓનું ચિત્ત એકેમાં ચોંટતું નથી (ડામાંડોળ શંકાશીલ રહે છે તેથી) તેઓને ફક્ત બહારની ક્રિયા પ્રમાણે લૌકિક ફળ જ મળે છે.

# ।। સિદ્ધાન્તરહસ્યમ્ ।।

સિદ્ધાંતમુક્તાવલીમાં બતાવ્યા મુજબ જીવ પ્રભુનો અંશ છે. અંશે અંશીની સેવા કરવી જોઈએ એ મુખ્ય સિદ્ધાંત છે. એ સિદ્ધાંતનું રહસ્ય એટલે સિદ્ધાંતમાં ખુલ્લી રીતે ન આપ્યું હોય, પરંતુ ગુપ્તપણે સિદ્ધાંતમાં રહેલું હોય, તે રહસ્ય શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પુષ્ટિ જીવોપર કૃપા કરી સ્પષ્ટ બતાવે છે. ઠાકોરજીએ સુચવેલ તે રહસ્ય જ અક્ષરે અક્ષર શ્રીમહાપ્રભુજી આ ગ્રન્થમાં આજ્ઞા કરે છે (સમજાવે છે.)

(''સર્વથા નિર્દોષ એવા ભગવાન્ અનેક પ્રકારના દોષોવાળા જીવોદ્વારા સેવ્ય કેવી રીતે બની શકે!'' આવી શ્રીમહાપ્રભુજીની ચિન્તાને દૂર કરવામાટે પોતે ભગવાને પ્રકટ થઈને, સમર્પણપૂર્વક સેવા કરવાથી જીવોનાં દોષો સેવામાં બાધક નહીં થાય તેવા વચન આપ્યાનો વૃતાન્ત)

**શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહા-નિશિ ।।**
**સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ।।૧।।**

**અર્થ :** શ્રાવણ માસની અમલ (સુદિ) અગીઆરસની મધ્ય રાત્રિએ સાક્ષાત્ ભગવાને જે કહ્યું તે અક્ષરે અક્ષર કહેવાય છે.

પ્રભુના અનુગ્રહલાયક પુષ્ટિ જીવોના ઉદ્ધાર માટે જે દુઃસંગ લાગ્યો હોય તેનાથી છુટાં પાડી મૂળમાં (એટલેકે પોતાના અંશ છે તે બાબતની સંશય રહિત ખાતરી કરી આપી તેના અસલ ધર્મમાં લાગડવા માટે) શ્રી પૂર્ણ પુરુષોત્તમના મુખારવિંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું પૃથ્વી ઉપર પધારવું થયું છે. તેવા જીવોને આસુરાવેષયુક્ત જોઈને શ્રીમહાપ્રભુજીને ચિંતા થઈ કે આ જીવોની લૌકિકમાંથી આસક્તિ મટી પ્રભુમાં શી રીતે લાગે. તે ચિંતાનું સમાધાન કરવા શ્રીઠાકોરજીએ સાક્ષાત્ પ્રકટ થઈ શ્રીમહાપ્રભુજીને જે સૂચના આપી તે આ ગ્રન્થમાં કહી છે.

આપેલી આજ્ઞા (સૂચના) બે પ્રકારની છે. ૧.આસુરાવેશવાળા પુષ્ટિ જીવોને પોતાના સ્વરૂપનું ભાન થાય તેવો ગદ્યાત્મક મંત્ર જે બ્રહ્મસંબંધ મંત્ર

કહેવાય છે, તે અને ૨.આ મંત્ર મળ્યા પછી ભક્તોએ શી રીતે વર્તવું તે બાબત.

આ ગ્રન્થમાં બીજી આજ્ઞા બતાવેલ છે. ભક્તના ઉપર પ્રભુકૃપાનું સિંચન થાય, ત્યારે જ પ્રભુ આજ્ઞામાં ભક્તને રુચિ થઈ તે પ્રમાણે વર્તવાનો ઉત્સાહ થાય છે. તે કૃપાનું સિંચન બતાવવા માટે શ્રાવણ માસમાં આ આજ્ઞા થઈ છે, અને ભક્તની અગીઆરે ઈંદ્રિયોને નિર્મળ બનાવવા માટે આ આજ્ઞા થઈ છે. એમ બતાવવા માટે અમલપક્ષ એટલે મેલ વિનાની શુદ્ધ (સુદિ) અગીઆરસે આ આજ્ઞા થઈ છે.

(પોતાનું તથા પોતીકી સકલ વસ્તુનું પરમાત્માને સમર્પણ કરવાથી બ્રહ્મસમ્બન્ધ સિદ્ધ થાય છે. બ્રહ્મસમ્બન્ધ થતાં પાંચમાં[૧-૫]થી એકેય પ્રકારનો દોષ ભગવત્સેવામાં બાધક બની શકતો નથી)

**બ્રહ્મ-સમ્બન્ધ-કરણાત્ સર્વેષાં દેહ-જીવયોઃ ।।**
**સર્વ-દોષ-નિવૃત્તિર્ હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ।।૨।।**
**સહજા[૧] દેશ-કાલોત્થાઃ[૨-૩] લોક-વેદ-નિરૂપિતાઃ ।।**
**સંયોગજાઃ[૪] સ્પર્શજાશ્[૫] ચ ન મન્તવ્યાઃ કથંચન ।।૩।।**

**અર્થ :** બ્રહ્મસંબંધ કરવાથી સર્વના દેહ અને જીવના સર્વ દોષની નિશ્ચય નિવૃત્તિ થાય છે. દોષ પાંચ પ્રકારના મર્યાદામાર્ગમાં કહ્યા છે, તેનાં નામ. (૧)સહજદોષ, (૨)દેશોત્થ દોષ, (૩)કાલોત્થ દોષ, (૪)સંયોગજ દોષ, અને (૫)સ્પર્શજ દોષ. ઉપાસના માર્ગમાં કહેલા આ ભક્તિમાર્ગમાં કોઈ પ્રકારે માનવા નહિ. લોકવેદમાં આ સર્વ દોષો દર્શાવેલા છે.

**(૧) સહજદોષ** - જે દોષ જન્મથી જ ઉત્પન્ન થતા હોય તે જેમકે સ્ત્રી, શૂદ્ર, ચંડાળ વગેરે હીન ગણાતી જાતિમાં જન્મ થવો તે. મનુસ્મૃતિ વગેરેમાં આ હીન જાતિને ઉત્પન્ન સંસ્કાર માટે અને વેદ ભણવા માટે યોગ્ય ગણ્યા નથી. બીજદોષકે ગર્ભદોષને પણ સહજદોષ કહી શકાય.

**(૨) દેશોત્થ દોષ –** જે દેશમાં કૃષ્ણમૃગ (કાળીઆર) પોતાની ખુશીથી રહે

છે, તે દેશને યજ્ઞ કરવા માટે લાયક ગણેલો છે, તે સિવાયના દેશને મ્લેચ્છ દેશ ગણવામાં આવે છે. મગધ, મારવાડ, બંગ વગેરે દેશોને અપવિત્ર ગણવામાં આવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એમણે યજ્ઞ કરવા લાયક પવિત્ર દેશમાં રહેવું, એમ શાસ્ત્રની આજ્ઞા છે. અપવિત્ર અથવા મ્લેચ્છ દેશમાં રહેવાથી જે દોષ ઉત્પન્ન થાય તેને દેશોત્થ દોષ કહે છે.

**(૩) કાલોત્થદોષ –** કલિકાળ, ખરાબ મુહૂર્ત, અમુક અવસ્થા વગેરેથી ઉત્પન્ન થતા દોષોને કાલોત્થ દોષ કહે છે. વર્ષાકાળમાં અથવા પ્રદોષમાં વેદ ભણવાની મનાઈ છે, એ કાલોત્થ દોષને લીધે છે એમ સમજવું.

**(૪) સંયોગજ દોષ –** સંગ દોષ અથવા પતિત (પાપી) વગેરેના સમાગમથી ઉત્પન્ન થતા દોષોને સંયોગજ દોષ કહે છે.

**(૫) સ્પર્શજ દોષ –** સ્પર્શ ન કરવા લાયક વસ્તુ અથવા અપવિત્ર ગણાતા પશુ પ્રાણી વગેરે વસ્તુના સ્પર્શથી થતા દોષોને સ્પર્શજ દોષ કહે છે.

જ્યાં સુધી ભક્તિમાર્ગમાં પ્રવેશ થયો નથી ત્યાં સુધી આ દોષો બાધક હોય, પરંતુ ભક્તિમાર્ગમાં પ્રવેશ કરવા માટે બ્રહ્મસંબંધ કરવાથી જ ઉપર બતાવ્યા પ્રમાણેના પ્રથમ થયેલ આ પાંચે પ્રકારના દોષો દૂર થાય છે. મર્યાદામાર્ગમાં દોષોને માટે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને પ્રાયશ્ચિત્ત કરવું પડે છે, અને સ્ત્રીશૂદ્રાદિક તો પ્રાયશ્ચિત્તથી પણ શુદ્ધ થઈ શકતા નથી એમ માનેલા છે. આ ભક્તિમાર્ગમાં તો સર્વનો સરખો અધિકાર મનાયો છે, અને બ્રહ્મસંબંધ-ઉપદેશ મંત્ર એ પ્રાયશ્ચિત્તનું આધિદૈવિક સ્વરૂપ છે, જેથી પ્રથમના તમામ દોષ બ્રહ્મસંબંધ કરવાથી નાશ પામે છે.

અહીં દેહ અને જીવ એ બંનેને જુદા પાડવાનું કારણ એ છે કે જે-દેહ અને તેના અંગરૂપ ઈંદ્રિયો, તથા દેહના સંબંધી સગાં વહાલાં અને ધનાદિ હોય તે બધા સહિત બ્રહ્મ સાથે સંબંધ થાય એટલે તે બધામાંથી પોતાપણાની મમતા મટી જાય, અને જીવને બ્રહ્મસંબંધ થવા પહેલાં અહંતા મમતા રૂપ જે વાંછના હોય છે, તે બધી બ્રહ્મસંબંધ કરવાથી નાશ પામે છે, અને જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે, (હું કોણ અને મારું કર્તવ્ય શું એનો નિશ્ચય થાય છે.)

બ્રહ્મસંબંધ કર્યા બાદ એવી શુદ્ધ ભાવના થવી જોઈએ કે દેહ, ઈંદ્રિયો અને સગાં સંબંધી એ બધાને પણ મારા સંબંધી બ્રહ્મ સાથે સંબંધ થયો છે જેથી હવે તે સર્વ પ્રભુની વસ્તુ છે માટે પોતાપણાની મમતા મટાડી પ્રભુની વસ્તુ તરીકે તેમનો સંબંધ પ્રભુ સેવોપયોગી બાબતમાં જ કરાય તે સંબંધ નિર્દોષ ગણાય છે. બ્રહ્મસંબંધનો મંત્ર ગુરુદેવ પાસેથી જ લેતાં પ્રથમના દોષો મટી ભગવત્સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. તે યોગ્યતા પ્રાપ્ત થયા છતાં પોતે ભગવત્સેવા ન કરતાં પ્રથમ પ્રમાણે અહંતા મમતારૂપ સંસારમાં દેહ અને અંતઃકરણ રોકી રાખે ત્યાં સુધી પ્રભુની ખરી કૃપા થઈ સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ કરવાને તે લાયક થતો નથી. મલતબ કે બ્રહ્મનો પુરુષોત્તમનો વાસ્તવિક સંબંધ ત્યાં સુધી થતો નથી, માટે બ્રહ્મનો (એટલે પુરુષોત્તમનો એટલે ઠાકોરજીનો) પ્રત્યક્ષ સંબંધ થવા માટે ગુરુદેવ પાસેથી બ્રહ્મસંબંધ મંત્ર લીધા પછી શી રીતે વર્તવું, કે જેથી કાયમ માટે સંસાર છુટી પ્રભુનો સાક્ષાત્ સંબંધ થાય, તે હવેના શ્લોકમાં બતાવે છે.

આ આખા ગ્રન્થમાં બ્રહ્મ શબ્દ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણને માટે વાપર્યો છે. (જે પૂર્ણ પુરુષોત્તમને ઓળખાવે ને મેળવે તે પણ પૂર્ણ પુરુષોત્તમ જ હો ગુણાતીત પુરુષોત્તમ જ છે.)

**અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।।**

(આત્મનિવેદીના ત્રણ કર્તવ્યો : અસમર્પિતવસ્તુનો ત્યાગ[1] સમર્પિતનો જ ઉપભોગ[2] અને અર્ધભુક્ત વસ્તુઓનું અસમર્પણ[3])

**અસમર્પિત-વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્[1] ।।૪।।**

**અર્થ :** બ્રહ્મસંબંધ લીધા સિવાય બીજી રીતે સર્વ દોષોની નિવૃત્તિ કોઈ પ્રકારે થતી નથી તે કારણથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો.

બ્રહ્મસંબંધ મંત્રોપદેશ લીધા પછી તેનું સ્મરણ હમેશા ભગવદીયોની સાથે રહી કરવું, જેથી દેહ, દેહના સંબંધી, ઈંદ્રિયો, અંતઃકરણ, અને પ્રાણો એ બધામાંથી પોતે મમતા છોડી સર્વે પ્રભુને અર્પણ કર્યા બાબત અને પોતે પ્રભુના

દાસ છીએ એવી મંત્રોપદેશ વખતે લીધેલી પ્રતિજ્ઞા અંતરમાં તાજી રહેવાથી દાસભાવના વધતી જશે. વળી તે દાસ ભાવનાની વૃદ્ધિ કરવા માટે ખાસ જરૂરનું છે કે તમામ વસ્તુઓ પ્રભુસેવામાં જ વાપરવી અને પ્રભુસેવામાં ન આવી હોય તેવી કોઈ ચીજ સ્વામીના ઉપયોગમાં આવ્યા પહેલાં વાપરતો નથી, માટે દાસપણાની લીધેલ પ્રતિજ્ઞાને સફળ કરવા માટે દરેક ચીજ ઠાકોરજીને અર્પણ કર્યા પછી તેમની પ્રસાદી તરીકે જ પોતે ઉપયોગમાં લેવી જોઈએ.

**નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ[૨] ।।**
**ન મતં દેવદેવસ્ય સામિભુક્ત-સમર્પણમ્[૩] ।।૫।।**

**અર્થ :** જે ભક્તોએ પોતાના આત્માનું ભગવાનને નિવેદન કરેલું છે, તેઓએ સર્વ પદાર્થ ભગવાનને અર્પણ કરીને જ તે વડે પોતાનો નિર્વાહ ચલાવવો જોઈએ એવી આ ભક્તિમાર્ગની સ્થિતિ (મર્યાદા) છે, દેવના દેવ (શ્રીકૃષ્ણ)ને અર્ધ ભોગવેલી વસ્તુનું સમર્પણ કરવું યોગ્ય નથી.

નિવેદન, દાન અને અર્પણ એ ત્રણ શબ્દના અર્થ અને તેનો ભેદ જાણવો જોઈએ.

નિવેદન-વસ્તુનું નામ લઈ તે વસ્તુ આપની (પ્રભુની) છે, એમ પ્રભુને જણાવવું તે નિવેદન કહેવાય છે.

દાન-ધન કે બીજા પદાર્થમાં વિધિપૂર્વક પોતાની સત્તા છોડીને બીજાની સત્તા કરવી તેને દાન કહે છે.

અર્પણ-રસોઈ કરવાવાળો રસોઈ તૈયાર કરી જેમ માલીકને અર્પણ કરે છે, તેમ સ્વામીને ભોગવવા યોગ્ય પ્રથમ નિવેદન કરેલી ચીજ ઉપભોગમાં લેવા લાયક સુધારી તૈયાર કરી સ્વામીને અર્પણ કરવી (ધરાવવી) તેને સમર્પણ કહે છે.

દાન કરેલી વસ્તુ પોતાના ઉપયોગમાં ન આવે પણ નિવેદન કરેલી વસ્તુ સ્વામીને અર્પણ કર્યા બાદ તેમની પ્રસાદી સેવકના ઉપયોગમાં આવે છે, કારણકે નિવેદન અને અર્પણ એ બંને દાન નથી.

કોઈ પ્રાપ્ત થયેલ વસ્તુ પ્રભુને નિવેદન કરી શુદ્ધ કરી અર્પણ

કરવાની બાબતમાં ગફલત થઈ જવાથી તે વસ્તુમાંથી થોડો કે વધારે ભાગનો પોતે અથવા બીજાએ ઉપયોગ કરેલો હોય તેવી અર્ધ ભોગવેલી વસ્તુ પ્રભુને અર્પણ કરવી નહિ, તેમજ બીજાએ ઉપયોગમાં લીધેલી વસ્તુનો બાકી વધેલો ભાગ તેની પાસેથી મેળવી પ્રભુને અર્પણ કરવો નહિ. દરેક વસ્તુનો પહેલો ઉપયોગ કરનારે કર્યા બાદ તે વસ્તુ ઉપયોગ કરનારની અર્ધભુક્ત (ઉચ્છિષ્ટ-એઠી) થઈ ગણાય છે, તેથી તેવી અર્ધભુક્ત વસ્તુ પ્રભુને સમર્પવી નહિ.

**તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ-વસ્તુ-સમર્પણમ્ ।।**

**અર્થ :** તેથી શરૂઆતમાં જ સર્વ કાર્યમાં સર્વ વસ્તુ પ્રભુને સમર્પવી.

નિબંધના સર્વ નિર્ણયભાગના ભક્તિ પ્રકરણમાં શ્લોક ૨૩૯ માં કહ્યું છે કે,-હલકી સામગ્રી વગેરે પ્રભુને ન સમર્પવી. લોકમાં હલકી ગણાતી, પોતે હલકી ગણીએ તે, અને ચિત્તને હલકી લાગે તે ત્રણે હલકી ચીજોને બાદ કરી, લોકમાં ઉત્તમ ગણાતી આમ્રફળ, દ્રાક્ષ વગેરે, દેહને પ્રિય દૂધ વગેરે, સારા માર્ગથી પેદા કરેલું હોય અને બીજાના ભાગરૂપ ન હોય તે સમર્પવી. ઉપર કહેલ પ્રમાણેની વસ્તુ મેળવીને જ પ્રભુસેવાના ઉપયોગમાં લેવી, અને પછી પ્રસાદી વસ્તુથી નિભાવ કરવો. રોગાદિક પ્રસંગે ઓષડ વગેરેનો ઉપયોગ કરવો પડે છે તે મનની નાપસંદગી છતાં ખાવી પડે છે, તેવી વસ્તુનું સમર્પણ થાય નહિ, એ દેખીતું જ છે.

(જૂના જમાનામાં દાસો જેમ પોતાનું તથા પોતાની દરેક વસ્તુઓનું સમર્પણ, દાન નહીં, પોતાના સ્વામીને કરતા હતા, તેમ જીવે પણ ભગવાન્ પ્રતિ સમર્પણ જ કરવાનું છે, દાન નહીં. આમ કરતાં 'દત્તાપહાર' નામનો દોષ લાગી શકતો નથી)

**દત્તાપહાર-વચનં તથા ચ સકલં હરેઃ ।।૬।।**
**ન ગ્રાહ્યમ્ ઈતિ વાક્યં હિ ભિન્ન-માર્ગ-પરં મતમ્ ।।**

**અર્થ :** દીધેલું (દાન કરેલું) પાછું ન લેવાય એવું શાસ્ત્રમાં કહેલું છે. એ પ્રમાણે હરિનું બધું ગ્રહણ ન થાય એ પ્રમાણે વાક્ય ગ્રહણ કરવું નહિ. કારણકે તે દાન પરત્વેનું વચન ભિન્ન માર્ગવાળાને માટે માનેલું છે, ભક્તિમાર્ગ માટે નથી.

દાન આપેલું, પાછું લેવાય નહિ. એ વચન આને લાગુ પડતું નથી, ભક્તિમાર્ગથી ભિન્નમાર્ગમાં પૂજામાર્ગમાં દાનવિધિથી જ્યાં અપાય છે, ત્યાં તેમને તે નિયમ લાગુ પડતો હોય તો ભલે, પણ ભક્તિમાર્ગમાં તો દાનની છાયા છે જ નહિ. ખરા સેવકની પેઠે ઉપર જણાવ્યા મુજબ નિવેદન અને અર્પણ છે, માટે અવશેષ-પ્રસાદીનો ઉપભોગ કરવો એ જ ખરો ધર્મ છે એ બાબત હવેના શ્લોકમાં કહેવામાં આવે છે.

ઉપર પ્રમાણે ત્રણ શ્લોક લૌકિક રીતે સમર્પણ કરવાના કહ્યા. હવે ભગવત્કાર્ય સમજી સમર્પણ કરવામાં શું વધારે છે, તે બે શ્લોકથી બતાવે છે.

**સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ ।।૭।।**
**તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।।**

**અર્થ :** જે પ્રમાણે લોકમાં સેવકનો વ્યવહાર માન્ય ગણાય છે, તે પ્રમાણે પ્રભુને અર્પણ કરીને બધાં કાર્યો કરવાં, જેથી સર્વ કાર્યોને પણ બ્રહ્મપણું પ્રાપ્ત થાય છે.

સેવક સ્વામીની આજ્ઞા પ્રમાણે સર્વ કાર્ય કરે છે, એટલું જ નહિ પણ ઉત્તમ સેવક તો સ્વામીની સાથેના સહવાસથી સ્વામીના અભિપ્રાયને જાણી આજ્ઞાની રાહ ન જોતાં તેમના અભિપ્રાય પ્રમાણે કાર્ય જ કરે છે. પોતાના સુખની લગારે લાગણી રાખતો નથી. તેમજ ભક્ત પ્રભુની ઈચ્છા સાથે પોતાની ઈચ્છા અનુકૂળ કરે, એટલે જે જે કાર્યો કરે, તે તે પોતાની અહંતા મમતાની લીધે નહિ, પણ પ્રભુસેવામાં ભાવના વધારનારી જ ક્રિયા કરે, તો તે તે બધાં કાર્યો ભગવદ્રૂપ થાય છે. એટલે ખરા ભગવદીયનો લૌકિક વ્યવહાર અને દેહસંબંધી ક્રિયાઓ પણ ભગવત્સેવામાં સહાય કરનાર જ હોય છે. જે ક્રિયામાં પ્રભુસેવામાં ઉપયોગીપણાની ભાવના થાય તેજ ક્રિયા તેનાથી બને છે.

(આત્મા અને આત્મીય દરેક વસ્તુનું પ્રભુને સમર્પણ કરવાથી સેવામાં તેનો વિનિયોગ કરી શકાય તેવી શુદ્ધિ થાય જ છે)

**ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિ-વર્ણના ॥૮॥**
**ગંગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ ॥**

**અર્થ :** જે પ્રમાણે ગંગાપણામાં સર્વ દોષોના ગુણદોષ વગેરેનું વર્ણન ગંગાપણાથી જ નિરૂપણ થાય છે, તે જ પ્રમાણે પ્રભુને સમર્પિને સર્વ કાર્યો નિર્મળતાથી કરનારના સર્વ ગુણદોષવાળાં કાર્યો ભગવદ્રૂપ થાય છે.

દોષવાળું ખાળ વગેરેનું પાણી જે ખાળમાં નિંદવા લાયક હતું, તે ગંગાજીમાં મળવાથી ગંગાપણાથી જ તેનું વર્ણન થાય છે. ગંગાજીમાં મળ્યા પછી તેના ગુણદોષની નિંદા થતી નથી. પણ ઊલટું ગંગાજળરૂપે તેનાં વખાણ થાય છે. તેમજ ભક્ત જે જે કાર્યો પ્રભુ સેવોપયોગી જાણી કરે તે તે કાર્યોમાં કદાચ પુરેપુરી શુદ્ધતા ન હોય છતાં શુદ્ધ અંતઃકરણથી પ્રભુને સમર્પણ કરેલા સહેજ દોષવાળાં કર્મો પણ નિંદવા લાયક ન રહેતાં બ્રહ્મમય (બ્રહ્મને લાયક) થઈ તે કર્મો વખાણને પાત્ર ગણાય છે.

આપણા હિતેચ્છુ આપણા હિત માટે કોઈ કાર્ય શુદ્ધ ભાવના રાખી કરે, અને તે કાર્યથી આપણને કદાચ નુકસાન થાય, તો પણ તેના શુદ્ધભાવ વડે આપણે જેમ તેનો દોષ વિચારતા નથી, તેમ શુદ્ધભાવથી પ્રભુસેવોપયોગી જાણી કરેલાં કાર્યમાં દોષની સંભાવના થઈ જાય તો પણ પ્રભુ તે કાર્ય સેવારૂપ જ માની લે છે, અને તે કાર્ય તેના ભાવની વૃદ્ધિના કારણરૂપ જ બને છે તેવું કાર્ય કદાચ ભક્તને પ્રભુસેવામાં અંતરાયરૂપ થઈ જાય, તે પણ તે ભાવવૃદ્ધિરૂપે વિરહનું કારણ બને છે, અને એ રીતે કોઈ કોઈ સમયે તો શિથિલભાવને સતેજ કરવામાં તે કારણરૂપ થાય છે.

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં સિદ્ધાંતરહસ્યં સંપૂર્ણમ્ ॥

**સારાંશ**

૧.બ્રહ્મસંબંધ લીધાથી પ્રથમના તમામ જાતના દોષોની નિવૃત્તિ થઈ જાય છે.
૨.બ્રહ્મસંબંધ થયા પછી ઠાકોરજીની સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.
૩.બ્રહ્મસંબંધ થયા પછી સેવામાં ચિત્ત ન પરોવાય ત્યાં સુધી ચિત્તમાં રહેલી

અવિદ્યા ખસતી નથી. જેથી પોતાનું શ્રેય થવામાં વિલંબ થાય છે, માટે સેવામાં ચિત્ત પરોવવું.

૪. અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. એટલે પ્રભુને અંગીકાર કરાવ્યા વિનાની કોઈ ચીજનો ઉપભોગ કરવો નહિ. અર્ધભુક્ત આપણે અથવા કોઈએ ભોગવેલી ચીજ ઠાકોરજીને ધરાવવી નહિ.

૫. નિવેદન. દાન અને સમર્પણનો ભેદ યાદ રાખવો.

૬. આ ભક્તિમાર્ગમાં સેવકોનો સ્વામી પ્રત્યે જે ધર્મ છે તેને અવલંબીને પ્રભુસેવાનાં તમામ કાર્યો કરવાં. પોતાના દેહાદિના સુખની અપેક્ષા રાખવી નહિ. સ્વામીના જ સુખની અપેક્ષા રાખવી.

૭. સ્વામીની સેવા કરતાં દોષ ન થવા કાળજી રાખવી, પરંતુ કોઈ દોષ થઈ જાય તો ફરી તેમ ન બને માટે કાળજી રાખવી, પણ તેને માટે ચિંતા ન કરવી. કારણકે એ તો આ ભક્તિમાર્ગમાં બહુ બાધક છે. અને તે કોઈ પણ પ્રસંગે ન કરવા માટે નવરત્ન અને અંતઃકરણપ્રબોધ નામે બે ગ્રન્થ કરી શ્રીમહાપ્રભુજી વારંવાર બોધ આપે છે, તે બે ગ્રન્થોનું વર્ણન હવે પછી આપવામાં આવ્યું છે.

## ॥ નવરત્નમ્ ॥

**ચિંતાસંતાનહંતારો યત્પાદાંબુ જરેણવઃ ॥**
**સ્વીયાનાં તાન્નિ જાચાર્યાન્ પ્રણમાપિ મુહુર્મુહુઃ ॥૧॥**

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ આ ગ્રન્થ પોતાના અનન્ય સેવક ગોવિંદદવેને મનમાં રહેતા ઉદ્વેગો મટાડવા માટે અને તે નિમિત્તે સમગ્ર વૈષ્ણવ માટે કરેલ છે. આ ગ્રન્થનો અભિપ્રાય સહિત પાઠ કરવાથી જેવી રીતે ગોવિંદ દવેનો ઉદ્વેગ (ચિંતા) નાશ પામ્યો હતો, તેવી રીતે ભાવાર્થ જાણી પાઠ કરવાથી દરેક વૈષ્ણવની ચિંતા નાશ પામે છે.

ચિંતાનું સ્થાન અંતઃકરણ છે, માટે અંતઃકરણનું પૂર્ણ રીતે શોધન થવાથી ચિંતાનો નાશ થાય છે. અંતઃકરણમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર

એ ચારવાનાં છે. [૧] મન-સંકલ્પ વિકલ્પ કર્યા કરે છે. [૨]બુદ્ધિ-મને કરેલા સંકલ્પ વિકલ્પના સામસામી રદીઆ આપે છે. [૩]ચિત્ત-મને કરેલા સંકલ્પ વિકલ્પની બાબતમાં બુદ્ધિ તરફથી સામસામા મળેલા રદીઆ ઉપરથી નિશ્ચય કરે છે. બુદ્ધિ અને ચિત્તને ભેગાં ગણીએ તો બુદ્ધિ નિશ્ચયનું પણ કામ કરે છે. [૪]અહંકાર-તે નિશ્ચયનો અમલ કરે છે. ખરું રત્ન અંધકારમાં પ્રકાશ આપનાર હોય છે. તેમ આ નવ શ્લોકરૂપ નવરત્ન અંતઃકરણમાં ધારણ કરવાથી અંતઃકરણમાં રહેલો ચિંતારૂપ અંધકાર નાશ પામે છે માટે આ ગ્રન્થનું નામ નવરત્ન ગ્રન્થ રાખવામાં આવ્યું છે. હવે આ ગ્રન્થ શરૂ થાય છે.

(લૌકિક કે અલૌકિક બાબતમાં, સેવામાં ઉપયોગી કે અનુપયોગી વસ્તુઓની બાબતમાં કરવામાં આવતી કોઈ પણ જાતની ચિન્તાનું સમાધાન આત્મનિવેદનના સ્વરૂપનું ચિન્તન કરીને કરવું)

**ચિન્તા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।।**
**ભગવાનપિ પુષ્ટિસ્થો, ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ।।૧।।**

**અર્થ :** જેમણે પોતાનું (માનેલ) સર્વસ્વ શ્રીઠાકુરજીને નિવેદન કરેલ છે, તેમણે કદાપિ કાંઈ પણ ચિંતા ન કરવી. કારણકે અંગીકાર કરનાર ભગવાન પણ પુષ્ટિસ્થ છે. તે લૌકિક ગતિ નહિ કરે.

આખા જગતના આદિકારણ પ્રભુ એક જ છે. પરંતુ તેમણે કરેલી પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી સૃષ્ટિના જીવ, દેહ અને ક્રિયા જેમ જુદી જુદી છે, તેવી રીતે તેમને ફળ પણ જુદી રીતે આપે છે, માટે-

૧.જગતના આદિકારણ પ્રભુ દૈવી જીવો મધ્યેના પુષ્ટિ જીવો ઉપર અનુગ્રહ દૃષ્ટિથી જુએ છે, જેથી પુષ્ટિ જીવો ઉપર પુષ્ટિસ્થ પ્રભુ બિરાજે છે એમ કહેવાય છે.

૨.તે જ પ્રભુ, દૈવી જીવો મધ્યેના મર્યાદાની અપેક્ષા પ્રધાન જીવો ઉપર વેદાદિમાં કહેલ રીતે ફળ આપવારૂપ દષ્ટિથી, જુએ છે. માટે મર્યાદા જીવો ઉપર મર્યાદાસ્થ પ્રભુ બિરાજે છે એમ કહેવાય છે.

૩.તે જ પ્રભુ આસુરી જીવોના જીવનક્રમ માટે ઠરાવેલા કુદરતરૂપ નિયમને અનુસરી કર્મ પ્રમાણે જ ફળ આપવાની દષ્ટિથી જુએ છે. જેથી પ્રવાહી જીવો ઉપર પ્રવાહસ્થ પ્રભુ બિરાજે છે એમ કહેવાય છે.

પુષ્ટિ જીવને મુખ્ય ફળ પુરુષોત્તમની પ્રાપ્તિ (અને તેની સેવા)છે, મર્યાદા જીવને મુખ્ય ફળ અક્ષરની (પ્રભુ દર્શનની પ્રાપ્તિ છે, અને પ્રવાહી જીવોને મુખ્ય ફળ સ્વર્ગની (પ્રભુની વિભૂતિ અથવા શક્તિરૂપ દેવલોકની જન્મમરણની) પ્રાપ્તિ છે.

પુષ્ટિ પ્રભુ સાધનની અપેક્ષા રાખતા નથી, પરંતુ ભકતની દીનતાથી જ પ્રસન્ન થઈ કરુણા દષ્ટિ દ્વારા જ તેનું નિવેદન સ્વીકારે છે. એટલે લૌકિક જે કાંઈ છે તેમાં કાંઈ પોતાપણું ન રહેવાથી તેમાં પ્રભુ ગતિ નહિ કરે એમ નિશ્ચય રાખવો.

નિવેદન કર્યા પછી લૌકિક બાબતમાં મનના સંકલ્પ વિકલ્પો કરવા નહિ નિબંધમાં બતાવ્યું છે કે-મિથ્યા ધ્યાન કરવું નહિ, માટે લૌકિક સંકલ્પો વિકલ્પો આવે તો નિવેદન સ્મરણ કરી તરત મનમાંથી તેવા મિથ્યા ધ્યાનરૂપ લૌકિક સંકલ્પ વિકલ્પ કાઢી પ્રભુસંબંધી જ સંકલ્પો (મનોરથો વિચારવા) કરવા. આ હકીકત બીજા શ્લોકમાં બતાવે છે.

**નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્ જનૈઃ ।।**
**સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૨।।**

**અર્થ :** સર્વ પ્રકારે (અથવા હમેશાં) તાદશી ભકતો સાથે નિવેદનનું સ્મરણ કરવું, અને પ્રભુ સર્વના ઈશ્વર અને સર્વના આત્મા છે તે પોતાની ઈચ્છાથી કરશે, એમ વિચારવું.

તાદશીની સાથે (એટલે જેમણે નિવેદન કર્યું છે એવાની) નિવેદનનું સ્મરણ કરવું. પ્રભુના દાસને પ્રભુની સેવોપયોગી બાબત સિવાય મનમાં કાંઈ વિચારવાનું નથી, જેથી પ્રભુ સેવોપયોગી સિવાય બીજા સંકલ્પ વિકલ્પોને નિવેદનના સ્મરણથી હટાવવા. (એટલે મનોરથ વિચારવા અથવા કરવા

અથવા યોજવા.)

મનમાં સદા જેવું સ્મરણ આવ્યા કરે તેવા સંકલ્પ વિકલ્પ ઉઠે છે, માટે જેના લૌકિક સંકલ્પ વિકલ્પ નાશ પામ્યા છે અને પ્રભુ સંબંધી જ સંકલ્પો આવે છે, તેવા તાદશીની સાથે જ સમાગમથી તેમની પેઠે લૌકિક બાબતના સંકલ્પ વિકલ્પોનો નાશ થઈ મનમાં પ્રભુ સંબંધી જ સંકલ્પો (મનોરથો) આવે છે. એ રીતે તાદશીની સાથેના સમાગમથી મનનું શોધન થવાની જરૂર છે.

પ્રભુ સર્વના નિયંતા હોવાથી અને સર્વના આત્મા હોવાથી પોતાની ઈચ્છાથી જે કરવાનું હશે તે કરશે. જ્યારે આપણા વિચાર પ્રમાણે પ્રભુ કરવાના નથી, પણ પોતાની ઈચ્છાથી જ કરવાના છે તો પછી મનમાં લૌકિક કશો વિચાર શા માટે થવા દેવો જોઈએ, અને કદાપિ બને તો પ્રથમના અવશેષ વિચારને નિવેદનના સ્મરણથી હટાવી કાઢવા.

આ રીતે બે શ્લોકથી મનમાં લૌકિક સંકલ્પ વિકલ્પો આવતા હોય તેને હટાવી કાઢવાનો ઉપાય બતાવી લૌકિક ગતિ સંબંધની ચિંતાનું નિવારણ કરવા ઉપાય બતાવ્યો છે.

હવે ત્રણ શ્લોકવડે બુદ્ધિનું શોધન કરી ચિંતા દૂર કરવા ઉપાય બતાવે છે.

(આત્મનિવેદન કરનાર પોતાનો કે તેના નિવેદિત સ્વકીયોનો, જો નિવેદિત કે અનિવેદિત વ્યક્તિઓમાટે વિનિયોગ થતો હોય, ત્યારે આત્મનિવેદનના સ્વરૂપના વિચારે ભક્તિમાટે થતી ચિન્તા દૂર કરવી)

**સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ ઈતિ સ્થિતિઃ ।।**
**અતો-ઽન્યવિનિયોગેઽપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિ ચેત્ ।।૩।।**

**અર્થ :** નિવેદન થયા પછી નિવેદન કરેલા તમામ પદાર્થને પ્રભુનો સંબંધ છે, ફક્ત જેણે નિવેદન કરેલું છે, તેનો જ કંઈ જુદો સંબંધ નથી. જ્યારે એમ જ છે તો પછી એ ફળના કોઈ અન્ય વિનિયોગમાં પણ પોતાને શા માટે ચિંતા કરવી.

પોતાના મમતાવાળા તમામ પદાર્થનો પ્રભુ સાથે સંબંધ થયો છે તો પછી ધન દેહાદિ પ્રભુના વિનિયોગમાં આવે તો તે ઉપરાંત તે ધન દેહાદિ ઈંદ્રિયાદિના વિનિયોગમાં પણ આવે તોપણ શા માટે ચિંતા કરવી ? કારણકે તેમનો પણ પ્રભુ સાથે સંબંધ થયેલ છે એટલે પ્રભુ સંબંધી વસ્તુમાં પોતાનો વિનિયોગ થાય તે ચીજોને પણ શ્રીપ્રભુ સેવામાં લેવાની હોવાથી તેનું પર્યવસાન પણ પ્રભુ વિનિયોગમાં જ થાય છે માટે ચિંતા ન કરવી. (સમર્પિત થએલ સ્ત્રી પુત્રાદિકનો સેવામાં ઉપયોગ ન થતાં, અન્યમાં થાય તોપણ ચિંતા ન કરવી, અને તેમનો પ્રભુકૃત અંગીકાર વિશેષ અથવા ઓછો થાય તોપણ ચિંતા ન કરવી.)

**અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેદનમ્ ।।**
**યૈઃ કૃષ્ણ-સાત્કૃત-પ્રાણૈઃ તેષાં કા પરિદેવના ।।૪।।**

**અર્થ :** અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેણે આત્મનિવેદન કરેલું છે તેને કશી ચિંતા કરવાની નથી, તો પછી જેણે કૃષ્ણની સાથે પોતાના પ્રાણ જોડેલા છે તેને તો શી ચિંતા કરવાની હોય.

ભક્તિમાર્ગમાં પ્રથમાધિકારીએ અજ્ઞાન કે જ્ઞાનથી નિવેદન કર્યા પછી તેનું અંતઃકરણ પ્રથમના અધ્યાસથી અન્ય વિષયમાં પરોવાયેલું રહે છે, છતાં ક્રમે ક્રમે પ્રભુ પ્રમેય બળથી તેનું અંતઃકરણ અન્યમાંથી કાઢી પોતામાં લગાવશે જ, એમ નિશ્ચય છે, તો તેમને પણ જ્યારે ચિંતા કરવા જેવું નથી, તો જે ઉત્તમ ભકતનું મન અન્ય વિષયમાંથી નિકળી જઈ પ્રભુની સાથે જ પ્રાણો જોડાઈ ગયા છે, તેને તો કાંઈ ચિંતા કરવાનો સંભવ જ ક્યાંથી હોય ?

નિવેદન કરેલું હોય (એટલે ફક્ત આ જે છે તે આપનું છે એમ જણાવેલ હોય તે.) ત્યાર પછી તે વસ્તુ પ્રભુ લાયક શુદ્ધ કરી ભોગવવા લાયક બનાવાય છે. તે અર્પણ કરવાના પદાર્થો અનુક્રમે નીચે પ્રમાણે અર્પણ થાય છે.

(૧)દેહના સંબંધવાળા ધન વગેરે જડ પદાર્થો પ્રથમ અર્પણ થાય છે.

(૨)દેહ સંબંધી ચિંતાત્મક સગાંસંબંધી અર્પણ થાય એટલે તે પણ પ્રભુના છે, એમ જણાયેથી દીકરો જન્મતાં પ્રભુએ તેમની સેવામાં મદદ માટે આપ્યો, અને મરી જાય તો તેમણે પોતાની સેવા માટે ઉપાડી લીધો, એવો ભાવ થાય. અથવા તેમના પ્રત્યે પોતાના નથી એવો વૈરાગ્ય થાય.

(૩)દેહ અર્પણ થાય એટલે દેહનું પ્રભુ સેવા કરતાં લગારે આળસ ન આવે, અને દેહમાં કોઈ જાતનો અધ્યાસ રહે નહિ.

(૪)ઈંદ્રિયાધ્યાસ મટી ઈંદ્રિયોનું અર્પણ થાય, એટલે તમામ ઈંદ્રિયો પ્રભુ સેવામાં જ લાગે.

(૫)અંતઃકરણાધ્યાસ મટી અંતઃકરણ પ્રભુ લીલાનું જ ચિંતન કરે.

(૬)પ્રાણાધ્યાસ મટી પ્રાણો પ્રભુમાં જ તલ્લીન રહે.

(આત્મનિવેદનમાં વિશ્વાસ ન હોવાને કારણે કે ભગવત્સેવામાં નિવેદિતનો વિનિયોગ ન થવાને કારણે થતી ચિન્તા શ્રીપુરુષોત્તમના સ્વરૂપચિન્તનદ્વારા દૂર કરવી)

**તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।।**
**વિનિયોગેડપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ।।૫।।**

**અર્થ :** આગલા શ્લોકમાં કહેલ નિવેદન શ્રીપુરુષોત્તમને વિષે થયું હોય તો અવશ્ય ચિંતા છોડવી. અન્ય વિનિયોગ છતાં પણ ચિંતા છોડવી કારણકે હરિ પોતે જ સમર્થ છે.

જો નિવેદન પુરુષોત્તમ સિવાય તેના વ્યૂહોમાં કે તેની વિભૂતિમાં થયું હોય તો તો પોતાની લૌકિક ગતિ કે વૈદિક ગતિ થવાની ચિંતા થાય કારણકે વ્યૂહાદિકનું સામર્થ્ય સ્વતંત્ર નથી. શ્રીપુરુષોત્તમનું આપેલું સામર્થ્ય તેમનામાં છે તેથી તે જાતે જ નિર્ભય નથી તો બીજાને શી રીતે કરી શકે માટે સર્વોપરિ શ્રીપુરુષોત્તમ જ ભક્તની તમામ ચિંતા હરવાને શક્તિમાન્ છે માટે હરિ શબ્દ શ્રીપુરુષોત્તમ પ્રત્યે જ વપરાય છે માટે તેમને નિવેદન કર્યા પછી ધનાદિકનો અન્ય વિનિયોગ થાય ત્યાં શ્લોકમાં કહેલ પ્રમાણે ભાવના કરી સર્વ ચિંતાનો ત્યાગ કરવો.

કામનાથી કરેલું, તે તે કામના અધિષ્ઠાતા દેવ અંગીકાર કરે છે, અને તેનું ફળ સ્વર્ગ છે.

નિષ્કામ કર્મમાર્ગથી અર્પણ કરેલ ક્રિયાત્મક પ્રભુ અંગીકાર કરે છે, અને તેનું ફળ સત્યલોક સુધી છે.

શુદ્ધાદ્વૈત જ્ઞાનીએ અર્પણ કરેલ તથા મર્યાદા ભક્તે અર્પણ કરેલ તે અક્ષરાત્મક પ્રભુ અંગીકાર કરે છે.

આ દેહ વગેરે બધું શ્રીકૃષ્ણની સેવા કરવા દાસ રૂપે જ છે, એમ શુદ્ધ પ્રેમ ભાવવડે અર્પણ કરેલું તે શ્રીકૃષ્ણ જ અંગીકાર કરે છે.

આમ ત્રણ શ્લોકથી બુદ્ધિમાં વિરુદ્ધ ભાવના ન આવવા દેવાથી બુદ્ધિનો વિકાર દૂર થઈ તેમાં પેઠેલી ચિંતાનો નાશ કરવાનો ઉપાય બતાવ્યો.

(પોતે કે પોતાના સ્વકીયો લૌકિક કે વૈદિક વ્યવહારોમાં સ્વસ્થ ન રહી સકતા હોય તો તેવા કારણે કરવામાં આવતી ચિન્તા પણ પોતાના સાક્ષિભાવના ચિન્તનથી આત્મનિવેદીએ દૂર કરવી)

**લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।।**
**પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતા-ઽખિલાઃ ।।૬।।**

**અર્થ :** પુષ્ટિમાર્ગ (અનુગ્રહ માર્ગ)માં રહેલા હરિ લોકમાં અને વેદમાં સ્વાસ્થ્ય નહિ કરે, જેથી બધા ભક્તો સાક્ષી તરીકે થાઓ.

લૌકિકમાં કે વૈદિકમાં જે જે કાળે જે જે બને તે પ્રભુની ઈચ્છાથી બને છે, તે બાબતમાં પોતાને કાંઈ લાભ હાનિ નથી, એવી રીતે ચિત્તમાં નિશ્ચય કરી લૌકિક વૈદિકમાંથી મમત્વનો ત્યાગ કરવાથી સાક્ષીની પેઠે થવાય છે.

અંતઃકરણની સ્થિતિ જો લૌકિકમાં રહે તો દુઃખાત્મક સંસાર ચાલુ જ રહે. જો વૈદિક કાર્ય કર્મમાં સ્થિતિ રહે તો પણ તેમ જ થાય, વૈદિક નિષ્કામ કર્મમાં અંતઃકરણની સ્થિતિ થાય એટલે છેવટ લક્ષ્યબિંદુ તે જ હોય તેથી પર કાંઈ નથી, એમ અંતઃકરણને લાગતું હોય તો તેને પુરુષોત્તમની પ્રાપ્તિ ન થતાં છેવટ બ્રહ્મલોકની પ્રાપ્તિ થઈ, કલ્પાંતે અક્ષરની પ્રાપ્તિ થઈ શકે છે. એવા અભિપ્રાયથી લૌકિક વૈદિકમાં અંતઃકરણની સ્થિતિ એટલે લક્ષ્યબિંદુ

કૃપાળુ પ્રભુ નહિ થવા દે એમ અભિપ્રાય છે. પોતાનું લક્ષ્યબિંદુ પુરુષોત્તમ પ્રાપ્તિ માટે છે, તો અંતઃકરણના અવશેષ અધ્યાસથી મનના સંકલ્પ વિકલ્પ લૌકિક કે વૈદિકમાં કોઈ કોઈ વખત થઈ જાય, તે ઉપરથી પોતાની સ્થિતિ માટે ચિત્તમાં ઉદ્વેગ કરવો ઘટતો નથી. કૃપાળુ પ્રભુ પર વિશ્વાસ રાખવો કે પોતાના નિશ્ચયવાળા લક્ષ્યબિંદુએ પહોંચાડશે જ.

(ગુરુ-ભગવાન્ બન્ને કે બેમાંથી કોઈ એકની આજ્ઞા ભંગ થવાના ભયથી કરવામાં આવતી સ્વસેવ્યપ્રભુવિષયક ચિન્તા ભગવત્સેવાના તાત્પર્યના વિવેકથી દૂર કરવી)

**સેવાકૃતિર્ ગુરોર્ આજ્ઞા બાધનં વા હરીચ્છયા ।।**
**અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ।।૭।।**

**અર્થ :** ગુરુની (સામાન્ય) આજ્ઞા પ્રમાણે પ્રભુની સેવા કરવી, હરિની ઈચ્છાવડે (વિશેષ આજ્ઞા થતા) ગુરુ આજ્ઞાનો બાધ થાય તેમાં અડચણ નહિ. એ પ્રમાણે સેવાપર ચિત્ત રાખીને સુખે (આનંદમાં) રહેવું.

લૌકિક વૈદિકમાં ડોળાઈ ગયેલું ચિત્ત પણ, પ્રભુ સેવાથી ઠેકાણે આવી પ્રભુ સંબંધી જ નિશ્ચયવાળું જ થઈ જાય છે, અને જેમ પ્રભુ સંબંધમાં ચિત્ત લાગી રહેલું રહે છે, તેમ લૌકિક અને વૈદિક બાબતમાંથી ચિત્ત આપોઆપ છૂટી જઈ વ્યસન સુધી (ભક્તિવર્ધિની ગ્રન્થમાં બતાવ્યા મુજબ) પહોંચે છે. જ્યારે સેવામાં પૂરેપુરું ચિત્ત જોડાય છે ત્યારે પ્રભુની ભક્તના શુદ્ધ અંતઃકરણદ્વારા, સ્વપ્નદ્વારા, દેહ સંબંધથી રહિત ફક્ત સેવોપયોગી વિશેષ આજ્ઞા થાય તે આજ્ઞા ગુરુ આજ્ઞાને અનુકૂળ હોય, અને ક્યારેક તેને બાધક એટલે પ્રતિકૂળતાવાળી હોય, તો શુદ્ધ અંતઃકરણ અને સ્વપ્નમાં થતી તેવી વિશેષ આજ્ઞા પ્રમાણે સેવા કરવી.

પ્રભુમાં વ્યસન થયા પછી તો ચિંતાનો સંભવ જ નથી ત્યારપછી સુદઢ ભક્તિ થાય છે, એટલે ભગવાન સાક્ષાત્કાર થઈ જે આજ્ઞા કરે છે તે તે આજ્ઞાઓનું સેવન ચિંતા રહિત જ થાય છે.

(ઉપદેશેલ પ્રકારે સેવાનો નિર્વાહ કરવાનું સામર્થ્ય હોય કે ન હોય, તેના કારણે

સ્વાભાવિક રૂપે ઉત્પન્ન થતિ ચિન્તાને ભગવલ્લીલાની ભાવના કે ભગવત્ શરણાગતિ થી દૂર કરવી)

**ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્ યદ્-યત્ કરિષ્યતિ ।।**
**તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ।।૮।।**

**અર્થ :** સેવામાં ચિત્ત ઉદ્વેગ પામે તો પણ હરિ (એટલે ઠાકોરજી) જે જે કરે છે તે તેમની લીલા છે, એમ માનીને ચિંતાને જલદી છોડવી.

ચિત્ત જ પ્રભુ સેવામાં ઉદ્વેગવાળું રહેતું હોય તો કેમ કરવું ? તે બાબતની ચિંતાનો ત્યાગ કેવી રીતે થાય, તે બાબત આજ્ઞા કરે છે કે લૌકિક પ્રતિબંધ પ્રયાસ કરવાથી મટે છે પરંતુ સેવામાં પ્રતિબંધ હોય તો તે બાબત કશો ઈલાજ કરવો નકામો છે, છતાં ચિંતા ન કરવી. સેવામાં ચિત્ત ઉદ્વેગવાળું રહેતું હોય તો એમ સમજવું કે પ્રભુને આપણી પાસે સેવા કરાવવી નહિ હોય, તે વખતે શુધ્ધાદ્વૈત સિધ્ધાંતાનુસાર જ્ઞાનમાર્ગમાં ચિત્ત પ્રફુલ્લિત રહેતું હોય, તો તેમાં ચિત્ત પરોવવું.

અંતઃકરણમાં જે ભગત્કાર્ય કરવાથી આનંદ આવતો હોય તે દેહ સંબંધ વગરનું ભગવત્કાર્ય કરવું જોઈએ. નિબંધમાં ભક્તિપ્રકરણમાં કહેલ છે કે જેનાથી સેવા ન બનતી હોય, પરંતુ મન જ પૂરેપુરું ભગવાનમાં રહેતું હોય તેને પણ સાયુજ્ય મુક્તિ મળે છે, ને તેને પુરુષોત્તમનું દાસત્વ સિધ્ધ થતું નથી. તો પોતે તે પ્રકારનો જીવ હશે અથવા બાકીનો લાભ ભવિષ્યમાં મળશે, એમ ચિત્તમાં નિશ્ચય કરી ચિંતા છોડવી.

આ પ્રમાણે બધી રીતે ચિત્તનું સંશોધન (સમાધાન) કરી ચિત્તમાંથી ચિંતા કાઢી નાંખવી, મતલબ કે જે પ્રકારે ચિંતા ન રહે અને અંતઃકરણ પ્રભુ વિષયમાં લાગે તે તે કાર્યમાં ચિત્ત જોડવું.

**તસ્માત્ સર્વાત્મના નિત્યં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ।।**
**વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિઃ ।।૯।।**

**અર્થ :** તેથી સર્વ પ્રકારે હમેશા 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્ર સર્વ

પ્રકારે બોલતા જ રહેવું એવી જ મારી મતિ છે.

અહંકારના શોધનથી તેમાં રહેલી મમતાનો નાશ થવાથી દૈન્ય પ્રાપ્ત થાય છે, તે દૈન્ય સર્વ મલીનતા તોડવાનું પરમ સાધન થઈ પ્રભુમાં ખરી પ્રીતિ જોડાવે છે.

ઉપર પ્રમાણે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના શોધનથી ચિંતાનો નાશ થઈ દીનતા પ્રાપ્ત થાય છે. જ્યારે ખરી દીનતા પ્રાપ્ત થાય ત્યારે જ પ્રભુની અંગીકૃતિનો અનુભવ થાય છે. દીનતા પ્રાપ્ત કરવામાં અષ્ટાક્ષર મંત્ર ઘણો જ અસર કરનાર છે, કારણકે આ મંત્ર દીનતાનો જનક છે. દીનતા પ્રાપ્ત થયા પછી પણ આ મંત્ર કાયમ જપવો જેથી પ્રભુ વિના રહ્યું ન જાય તેવી દીનતા પ્રાપ્ત થઈ પ્રપંચની તદ્દન વિસ્મારક અંતિમ વિરહ દશા થઈ પછી સ્વરૂપના સાક્ષાત્ દર્શનાદિ થાય છે.

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતો નવરત્નગ્રન્થઃ સંપૂર્ણ ।।

## ।। અન્તઃકરણપ્રબોધઃ ।।

નવરત્ન ગ્રન્થમાં ચિંતા છોડવા માટે અંતઃકરણ મધ્યેના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું પૃથક્ પૃથક્ શોધન કરી ચિંતાનો ત્યાગ કરવા ઉપદેશ બતાવ્યો છે. આ અંતઃકરણ પ્રબોધમાં સમગ્ર અંતઃકરણને સાવધાન કરી નવરત્નમાં બતાવેલ ઉપરાંત ચિંતા છોડવા માટે ખાસ ઉપદેશ છે.

(ભગવદાજ્ઞાનું અનુસરણ કરવામાટે અન્તઃકરણનું પ્રબોધન)

**અન્તઃકરણ! મદ્વાકયં સાવધાનતયા શૃણુ ।।**
**કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્।।૧।।**

**અર્થ :** હે અંતઃકરણ મારૂં વચન સાવધાનતાથી સાંભળ. ખરી રીતે દોષ વગરના કૃષ્ણથી બીજા દેવ નથી.

જો અંતઃકરણ પ્રભુ સિવાય અન્ય વિષયમાં લોગલું હોય, અથવા

અલૌકિકમાં પોતાની ગતિ બાબત ચિંતામાં પડેલું હોય, તો તેને સાવધાન થઈ પોતાની શિક્ષા સાંભળવા માટે આજ્ઞા કરે છે.

ભક્તના અંતઃકરણ અમૃતવચનો સાંભળવા માટે જાગ્રત થઈ ઉત્સાહવાળાં થયા બાદ આપ આજ્ઞા કરે છે કેઃ-

ખરી રીતે દોષ વગરના દેવ શ્રીકૃષ્ણ જ હોવાથી અંતઃકરણમાં રહેલા અવશેષ (બાકી રહેલા) દોષો પૂર્ણ રીતે કાઢી નાંખવાને શ્રીકૃષ્ણથી અન્ય કોઈ દેવ નથી. જીવ પોતાની શક્તિ પ્રમાણે દોષ કાઢવા પ્રયત્ન કરી શકે છે પણ તે વડે પૂરેપૂરા દોષ નીકળી શકતા નથી, જેથી અવશેષ રહેલા દોષોનો ભક્તના ઉપર કરુણા કરી પોતે જ નાશ કરે છે.

સ્વભાવ ઉપર પૂર્ણ વિજય ન થવાથી સ્વભાવ દોષને લીધે કેટલાક ભક્તોને પોતાની સ્થિતિ બાબતમાં ચિંતા રહેતી હોય, તેમની ચિંતા દૂર કરવા માટે આપ આજ્ઞા કરે છે કેઃ-

(આત્મસમર્પણ કરનારનો મનોરથ ભગવદાજ્ઞાથી પ્રતિકૂલ હોવાથી પૂર્ણ ન થઈ શકે તો પણ પશ્ચાત્તાપ ન કરવો)

**ચાંડાલી ચેદ્ રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ।।**
**કદાચિદ્ અપમાનેપિ મૂલતઃ કા ક્ષતિર્ ભવેત્ ।।૨।।**
**સમર્પણાદ્ અહં પૂર્વમ્ ઉત્તમઃ કિં સદા સ્થિતઃ ।।**
**કા મમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્ ।।૩।।**

**અર્થ :** ચાંડાલ જો રાજપત્ની થઈ, અને વળી રાજાએ માનિતી કરી, પછી ક્યારેક રાજાવડે અપમાન થયા છતાં પ્રથમની ચાંડાલી સ્થિતિથી શું ક્ષતિ (હલકી ગણાય) છે ? સમર્પણથી પહેલાં હું શું હમેશાં ઉત્તમતાથી રહેલો હતો ! મારી શું અધમતા થયેલી છે કે જેથી પશ્ચાત્તાપ (ચિંતા) થાય ?

ચાંડાલીના દૃષ્ટાંતથી કહે છે કે, પ્રભુની અંગીકૃતિ પહેલાં એટલે નામ (અષ્ટાક્ષર મંત્ર) અને નિવેદન (બ્રહ્મસંબંધ) થયા પહેલાં તારી સ્થિતિ ચાંડાલી બરોબર હતી, તેવી સ્થિતિમાંથી નામ મંત્રથી રાજપત્ની સમ થઈ; અને બ્રહ્મસંબંધ થયાથી માનિતી થઈ, એટલે પ્રભુની શ્રીઅંગની સેવા કરવા

પૂર્ણ લાયક બનાવી.

પૂર્વના મલીન અધ્યાસનો પૂર્ણ નાશ ન થવાથી સેવામાં પ્રમાદ થવાથી અથવા અહંકાર થવાથી પ્રભુના તરફથી અપમાન થયું, એટલે સેવાથી પ્રતિબંધ થયો. આવા વખતે મન ચિંતામાં પડે, તો અંતઃકરણમાં જે મલીનતા રહેલી હોય તેમાં ઉલટો વધારો થાય, માટે તે વધારો ન થવા માટે આપ આજ્ઞા કરે છે કે પ્રથમની અવશેષ ચિંતાનો જે રીતે ત્યાગ કરવો, પરંતુ ચિંતાના નવા અંકુરો તો અંતઃકરણમાં ન જ ફૂટવા દેવા, આવા વખતે એમ સમજવું કે પ્રભુએ અંગીકૃતિ કરી તે કાંઈ મારી લાયકાત જોઈ કરી નહોતી, પણ આપે કૃપા કરીને જ કરી હતી, તેવી જ રીતે આ પ્રતિબંધ પણ મારાપર કૃપા કરી સર્વના દોષોના નિવારણ માટે જ નાંખ્યા હશે એમ સમજવું. વળી પોતાની લૌકિકમાં જ ગુંથાઈ રહેવારૂપ પ્રથમની અવસ્થાની સાથે હાલની અવસ્થાની સરખામણી કરવાથી ચિંતારૂપ દોષનો અંતઃકરણમાં વધારો થવા પામતો નથી.

ચિંતા દોષરૂપ છે, પણ આવા વખતમાં વિરહ થાય એ તો પ્રભુની પુનઃ અંગીકૃતિ થવામાં બહુ જ ઉપયોગી છે, માટે ચિંતા અને વિરહનો ભેદ યાદ રાખવો જોઈએ.

(ભગવાનની આજ્ઞા તો અનુસરણીય જ હોય છે તે માટેના ત્રણ કારણો)

**સત્યસંકલ્પતો વિષ્ણુઃ નાન્યથા તુ કરિષ્યતિ ।।**
**આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહો-ઽન્યથા ભવેત્ ।।૪।।**
**સેવકસ્ય તુ ધર્મો-ઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।।**

**અર્થ :** વિષ્ણુ સત્ય સંકલ્પવાળા છે જેથી બીજે પ્રકારે નહિ કરે. જીવે તો સ્વામીની આજ્ઞા પ્રમાણે જ હમેશાં કરવું. જો બીજી રીતે થાય તો સ્વામિદ્રોહ થાય. સેવકનો તો એ જ ધર્મ છે, સ્વામી પોતાનો (સેવક પ્રત્યે) ધર્મ બજાવશે.

સ્વામી અને સેવકનો પરસ્પર ધર્મ બતાવે છે. સ્વામી તો સેવકના ઉપર કૃપાયુક્ત છે જ, અને તેમનો સંકલ્પ (સેવકના પ્રત્યેના હિતકારી વિચાર) સત્ય છે, જેથી હમેશાં સેવકના હિતની જ બાબત સ્વામિ વિચારે છે,

અહિતની બાબત કદી વિચારતા નથી એમ અંતઃકરણમાં જીવે ખાત્રી રાખી નિશ્ચિંત રહેવું.

હવે સેવકનું સ્વામી પ્રત્યે કર્તવ્ય બતાવે છે-સેવકે તો સ્વામીની આજ્ઞા પ્રમાણે હમેશાં સેવા કરવી જોઈએ. સેવક પ્રત્યે સ્વામીની ગુરુદ્વારા થયેલી સામાન્ય આજ્ઞા પોતાની (પ્રભુની) સેવામાં પ્રસન્ન મનથી તત્પર રહેવાની છે. આ ઉપરાંત અંતઃકરણદ્વારા અને સ્વપ્નદ્વારા પોતાના દેહસંબંધી ન હોય તેવી પ્રભુ તરફથી વિશેષ આજ્ઞા થાય તે વિશેષ આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ, એમ ન થાય તો સ્વામીનો દ્રોહ (અપરાધ) થાય.

(આચાર્યચરણોએ જે બે ભગવદાજ્ઞાઓનું અનુસરણ ન કર્યું તેનું વર્ણન)

**આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગંગા-સાગર-સંગમે ।।૫।।**

**યાપિ પશ્ચાત્ મધુવને ન કૃતં તદ્ દ્વયં મયા ।।**

(લોકગોચર દેહ-દેશ પરિત્યાગ કરી દેવા માટે ત્રીજી ભગવદાજ્ઞા[૬] નું અનુસરણ કરવામાં પશ્ચાત્તાપ કરવાનું કોઈ કારણ નથી તેના છ હેતુ)

**દેહ-દેશ-પરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ ।।૬।।**

**પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા[૧] ।।**

**અર્થ :** ગંગા અને સાગરના સંગમ ઉપર ઠાકુરજીની પ્રથમ જે આજ્ઞા થઈ, અને પછી મધુવનમાં જે બીજી આજ્ઞા થઈ તે અનુક્રમે દેહ અને દેહના પરિત્યાગ સંબંધી હતી. તે મારાવડે (પહેલાંની દૈવી જીવોના ઉદ્ધારરૂપ ભાગવતની સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનવાળી તથા ખરી ભક્તિદર્શક ટીકા કરવાની આજ્ઞા થયેલી હતી, તેના પાલનના આવેશને લીધે) ન કરાઈ, અને ત્રીજી આજ્ઞા લોકગોચર પરિત્યાગ સંબંધી થઈ, ત્યાં શા માટે પશ્ચાત્તાપ (ચિંતા) કરવો. હું સેવક છું, બીજો નથી.

શ્રીમહાપ્રભુજી પોતાનો દાખલો આપી ભક્તોને ચિંતા ન કરવા ઉપદેશ આપે છે. ઉપરના શ્લોકમાં કહ્યું કે પ્રભુની આજ્ઞાનું તરત પાલન થવું જોઈએ, જો તે પ્રમાણે ન થાય તો સ્વામીદ્રોહ થાય, પરંતુ પ્રભુએ કરેલી કોઈ

પ્રથમની આજ્ઞાના પાલનમાં મન આવેશવાળું હોય, તે આજ્ઞાનું કાર્ય પુરું ન થયું હોય તેટલામાં બીજી આજ્ઞા થાય, તો પ્રથમની આજ્ઞાનું પાલન કરવાના આવેશવાળુ મન બીજી આજ્ઞાના પાલનના આગ્રહમાં ગફલતવાળું થઈ જાય, તો સ્વામીદ્રોહ થવા બાબત ચિંતા કરવી કે નહિ ? આવી શંકાના સમાધાન માટે વિચાર કરાય છે.

જો કે બંને આજ્ઞા પ્રભુની છે (પોતાના દેહસંબંધી લૌકિક સ્વાર્થની બાબત નથી, તેથી પાખંડનો સંભવ નથી.) છતાં પહેલી આજ્ઞાની બાબત પૂર્ણ થયા અગાઉ બીજી આજ્ઞા થાય, તો એ જરૂરી છે કે પહેલી આજ્ઞાનું પાલન પૂરું ન થયા છતાં તે કાર્ય અધૂરું મૂકી બીજી આજ્ઞાનું પાલન થવું જોઈએ. પણ ફક્ત પહેલી આજ્ઞાના પાલનમાં આવેશવાળું મન લૌકિક કોઈ પણ સ્વાર્થ વગરનું હોય છતાં બીજી આજ્ઞામાં ગફલતવાળું થઈ જાય, તો બીજી આજ્ઞાનું ભાન થતાં જ તેનું પાલન થવું જોઈએ, પણ થયેલા વિલંબ માટે ચિંતા તો ન જ કરવી; કારણકે ચિંતા તો અંતઃકરણના વિષરૂપ જ છે, માટે તેને અંતઃકરણમાં જગા ન આપવી. બીજી આજ્ઞાનું તરત પાલન ન થવાથી તે આજ્ઞા ફરીથી થાય, તો તે બીજી આજ્ઞાના પાલન માટે અંતઃકરણને સાવધ કરવા માટે છે, પણ દ્રોહરૂપે નથી. જો પ્રભુને સેવક પ્રતિ તિરસ્કાર થયો હોય તો તેવી રીતે બીજી આજ્ઞા પુનઃ કરતા નથી, પણ ઉપેક્ષા જ કરે છે. માટે તેવા વખતે અંતઃકરણ સાવધાન કરી બીજી આજ્ઞાનું પાલન કરવા તત્પર થવું. પણ ચિંતા ન કરવી.

**લૌકિક-પ્રભુવત્ કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃ કદાચન[૨]।।૭।।**
**સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થો-ડસિ[૩] સુખી ભવ।।**

**અર્થ :** હે અંતઃકરણ ! શ્રીકૃષ્ણ લૌકિક પ્રભુની પેઠે ક્યારે પણ ન જોવા. ભક્તિવડે સર્વ સમર્પેલું છે તેથી તું કૃતાર્થ છે, માટે સુખી થા. (ચિંતા ન કર એમ આશ્વાસન કરે છે.)

લૌકિક પ્રભુ (રાજા, શેઠ, ધણી.) સેવક ઉપર અમુક પ્રસંગે ખુશ

થાય છે અને પછી બીજે પ્રસંગે તેના પર ગુસ્સે થઈ કાઢી મૂકે છે, તેમ શ્રીકૃષ્ણ પ્રત્યે કદી વિચારવું નહિ, કારણકે શ્રીકૃષ્ણ અંગીકૃત જીવનો પછી તિરસ્કાર કરતા નથી. તેની ગફલત બદલ તેના પર અનુગ્રહ કરી તેનું મન અન્યમાંથી નિકળી પોતાના તરફ લગાડવા તેને દંડ દે છે, પણ તે દંડ અનુગ્રહરૂપ જ છે.

જેને અંતઃકરણમાં સર્વસ્વ શ્રીકૃષ્ણ જ છે, આલોક અને પરલોકમાં કંઈ ઈચ્છિત નથી, તેમ કશામાં મમતા નથી, તમામ ઠાકુરજીને સ્નેહપૂર્વક સમર્પણ કરેલું છે, તે કૃતાર્થ છે. તેને કોઈ કાળે ગમે તેવી સ્થિતિમાં ચિંતા કરવાની નથી.

**પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે।।૮।।**
**તથા દેહે ન કર્તવ્યં વરસ્ તુષ્યતિ નાન્યથા[૪]।।**

**અર્થ :** જે પ્રમાણે મોટી ઉંમરની દીકરીને (તેના માબાપ) સ્નેહથી સાસરે ન મોકલે તો એમ કરવાથી વર નારાજ થાય છે, તે પ્રમાણે દેહ વિષે ન કરવું.

દીકરીના દૃષ્ટાંતથી શ્રીઆચાર્યજી ઉપદેશ આપે છે, કે આ દેહ ઉપર સ્નેહ રાખી તેને પ્રભુ કાર્યમાં જોડવામાં આળસ કરવું નહિ, જો આળસ કરવામાં આવે તો પ્રભુ નારાજ થાય, જેથી સેવકે પોતાનો ધર્મ બજાવ્યો ન ગણાય. જો સેવક પોતાનો ધર્મ ન બજાવે તો સ્વામિદ્રોહ થાય, જેથી સેવક પરની કર્તવ્યતા પણ થયેલી ન જણાય તો તેમાં સેવકનો જ દોષ છે, માટે તેવો દોષ થઈ જાય તો તે દોષ જાણવામાં આવતાં તે બાબત ચિંતા ન કરતાં પોતાની ભૂલ તરત સુધારી આળસ ન કરતાં દેહને પ્રભુસેવામાં બરાબર રીતે જોડવો.

**લોકવત્ ચેત્ સ્થિતિર્ મે સ્યાત્ કિં સ્યાદ્ ઈતિ વિચારય[૫] ।।૯।।**
**અશકયે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથંચન[૬] ।।**

**અર્થ :** જો લોકની પેઠે મારી સ્થિતિ હોય તો શું હોય, એ પ્રમાણે વિચાર કર.

અશક્યમાં હરિ જ શરણ છે, એમ સમજી કોઈ પ્રકારથી મોહ (ચિંતા)ને પ્રાપ્ત ન થા.

(ભાગવતનો અર્થ કરી લોકમાં મારી પ્રસિદ્ધિ થાય તે પણ શા કામની? અને દેહત્યાગ પછી ઉત્તમ ફળ શ્રીકૃષ્ણરૂપી મળવાનું છે. દેહત્યાગ અશક્ય છે, પણ અશક્યમાં હરિ જ શરણ છે.)

જ્યારે પ્રભુ તરફથી કાંઈ દંડ થાય, તે વખતે ચિંતા ન કરતાં વિચારવું કે પ્રવાહી જીવોની પેઠે મારી સ્થિતિ હોત તો મને પ્રભુએ આપેલ દંડની પણ કાંઈ સ્મૃતિ ન રહેતાં લૌકિક અનેક પ્રકારના સુખ દુઃખમાં મન દોરાયું હોત તો શી ગતિ થાત. એમ વિચાર કરી દંડ થવાથી પણ પોતાનું મન પ્રભુમાં વિશેષ રહ્યા કરતું હોય તે જ પ્રભુ અંગીકૃતિની ખાતરી છે, માટે ચિંતા ન કરતાં આનંદ સહિત અંતઃકરણ પ્રભુમાં જ જોડી રાખવું.

કદાચ સેવા કે કથાવાર્તા વગેરે જે જે કાર્યમાં અંતઃકરણનું અશક્યપણું જણાય, તો હરિશરણની ભાવના અંતઃકરણમાં કાયમ રાખવી, અને નવરત્ન ગ્રન્થના ૮ મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ચિત્તનું સમાધાન કરવું, પરંતુ કોઈ રીતે મોહ (ચિંતા)ને પ્રાપ્ત ન થવું.

કાંઈક પ્રભુની સ્મૃતિપૂર્વક અંતઃકરણમાં ફીકર થાય તે ચિંતા કહેવાય, અને જ્યારે અંતઃકરણમાં પ્રભુની તદન વિસ્મૃતિ થઈ ફીકર થાય, તે મોહ કહેવાય. મોહ ઉત્તરરૂપ છે અને ચિંતા પૂર્વરૂપ છે, માટે જ ગમે તે બાબતમાં ચિંતા ન થવા માટે નવરત્ન અને અંતઃકરણ પ્રબોધગ્રન્થમાં બોધ છે. કારણકે અંતઃકરણમાં ચિંતા પ્રવેશ કરવા ન પામે તો પછી મોહ થવાનો સંભવ જ ન રહે.

(પોતાના અન્તઃકરણનું પ્રબોધન કરીને આચાર્યચરણે સ્વીય જનોની ચિન્તાઓનું નિવારણ કરી દીધું છે તે જાણવું)

**ઈતિ શ્રીકૃષ્ણ-દાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ।।૧૦।।**
**ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।।**

**અર્થ :** એ પ્રમાણે શ્રીકૃષ્ણના દાસ શ્રીવલ્લભના ચિત્ત પ્રતિ કહેલ હિતકારી

વચન સાંભળીને ભક્ત નિશ્ચિતપણાને પામે.

પ્રભુ પ્રત્યે દાસપણાથી રહેનારને કોઈ પ્રકારથી ચિંતા કરવાની નથી, એમ બતાવવા માટે અહિં શ્રીમહાપ્રભુજી પોતે પોતાને માટે શ્રીકૃષ્ણના દાસ એવું વિશેષણ આપે છે.

ચિંતાનો નાશ થાય એવાં આ હિતકારી વચનો છે. ચિત્તમાંથી જ્યારે ચિંતાનો પૂર્ણ નાશ થાય, ત્યારે અંતઃકરણ પ્રસન્ન રહે છે. પ્રસન્ન અંતઃકરણથી જ દાસધર્મ બજાવાય છે. દાસધર્મ બજાવતાં કોઈ પણ પ્રકારનો અવિદ્યાજનક અધ્યાસ રહેતો નથી તે વખતે સ્વામી સેવક પ્રત્યે બજાવવાના તમામ ધર્મો બજાવે છે, ત્યારે સેવક કૃતકૃત્ય બને છે, માટે દાસધર્મ ન ચૂકાય, એવી રીતે હમેશાં સાવધાન રહેવું જોઈએ.

આ અંતઃકરણપ્રબોધ ગ્રન્થ પોતાના અંતઃકરણ એટલે વૈષ્ણવોને ઉદ્દ્દેશી ભક્તો માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કરેલો છે, એમ આસપાસના સંજોગો જોતાં તથા પ્રાચીન ટીકાગ્રન્થો જોતાં જણાય છે.

।। ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતો અન્તઃકરણપ્રબોધઃ સમ્પૂર્ણઃ ।।

## ।। વિવેકધૈર્યાશ્રયઃ ।।

(વિવેક[ક] ધૈર્ય[ખ] અને આશ્રયના[ગ] રક્ષણની આવશ્યકતા)

**વિવેક[ક]–ધૈર્યે[ખ] સતતં રક્ષણીયે તથાશ્રયઃ[ગ] ।।**

**અર્થ :** હમેશાં વિવેક, ધૈર્ય તથા આશ્રય રક્ષણ કરવા યોગ્ય છે.

(વિવેકનું[ક] સ્વરૂપ, તેની પ્રાપ્તિના ચાર ઉપાયો : પ્રાર્થનાત્યાગ[૧] અભિમાનત્યાગ[૨] હઠત્યાગ[૩] અને અનાગ્રહ[૪])

**વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ[ક] ।।૧।।**

**અર્થ :** વિવેક તો "હરિ સર્વ પોતાની ઈચ્છાથી કરશે" એવો વિશ્વાસ.

પ્રથમ વિવેક-પ્રભુ 'હરિ' છે, એટલે ભક્તનાં દુઃખ અને પાપના હરનાર છે, તેવા દયાળુ પ્રભુ પોતાની ઈચ્છાથી (એટલે સહેજ સ્વભાવથી) જે કરવું હશે તે કરશે. આમ મનમાં ભાવના રાખવી એ પ્રથમ વિવેક છે.

આ જગતમાં જે કાંઈ બને છે તે પ્રભુની ઈચ્છા પ્રમાણે બને છે. માણસો દેવો કે દૈત્યો પોતે પોતાની ઈચ્છા પ્રમાણે કાંઈ પણ કરવાને સમર્થ નથી. જ્યારે આમ છે તો પોતાના અહંકારપણાથી મનમાં સંકલ્પ વિકલ્પ કરવાથી કાંઈ થઈ શકતું નથી, માટે મનને પ્રભુથી બહિર્મુખ કરવું ન જોઈએ. એમ આ પ્રથમ વિવેકથી સમજવાનું છે.

**પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્ ।।**
**સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ[1] ।।૨।।**

**અર્થ :** પ્રાર્થના કરી સ્વામીના અભિપ્રાયમાં સંશય કરવાથી શું થાય ? સર્વ ઠેકાણે સર્વ પ્રભુનું જ છે, અને સર્વ સામર્થ્ય પણ પ્રભુનું જ છે.

બીજો વિવેક-જ્યારે ભગવાન પોતાની ઈચ્છા પ્રમાણે જ કરે છે, તો ભગવાનની પાસે કશી પ્રાર્થના (માગણી) શા માટે કરવી જોઈએ, ન જ કરવી જોઈએ, કારણકે પ્રભુ પ્રાર્થનાથી કાંઈ આપતા નથી, પણ જે આપનું (જીવની યોગ્યતા પ્રમાણે) ઘટે છે, તે પોતાની ઈચ્છાથી જ આપે છે. જે આપે છે તે વગર માગે જ આપે છે, પ્રાર્થનાની કશી ઈચ્છા રાખતા નથી. જન્મ્યા પહેલાં માતાના સ્તનમાં દૂધની તૈયારી રાખવા કોણે માગણી કરી હતી. તેમજ બાળ અવસ્થામાં પોતાના રક્ષણ માટે માબાપ કે બીજાના મનમાં પોતાપણાની ભાવના થવા માટે પ્રભુની પ્રાર્થના કોણે અને ક્યારે કરી હતી. એ તો બધું પ્રભુ જ પોતાની ઈચ્છા પ્રમાણે કરે છે, તેમજ મરણ માટે (લૌકિક દેહથી છુટા થવા માટે) કોઈ પ્રાર્થના કરતું નથી, છતાં તે પણ પ્રભુની ઈચ્છા પ્રમાણે જ વગર માગે આવે છે. આવી રીતે જ્યારે પ્રાર્થના કશા ઉપયોગની નથી તો પ્રાર્થના ન જ કરવી એમ સમજવું એ બીજો વિવેક છે.

ત્રીજો વિવેક-પ્રાર્થના કરવાથી કાંઈ મળતું નથી, પણ ઉલટો અધર્મ

થાય છે. જે અંતર્યામી નથી, આપણા મનની વાત જાણવાને અશક્ત છે તેને આપણા મનની વાત જણાવવા માટે પ્રાર્થના કરાય, પરંતુ તે કારણથી પ્રભુની પ્રાર્થના કરવી સંભવતી નથી, કેમકે પ્રભુ તો અંતર્યામી છે. આપણા મનમાં શી શી ઈચ્છા છે, તે અંતર્યામી પ્રભુ બધું જાણે છે, પરંતુ આપણી ઈચ્છા આપણાં લાભની છે કે ગેરલાભની છે, યોગ્ય છે કે અયોગ્ય છે, તે સમજવાની આપણી શક્તિ નથી, છતાં મનમાં જે સંકલ્પ વિકલ્પ ઉઠે તે સંબંધી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ તે પ્રમાણે પ્રભુ કાંઈ આપે નહિ. અવિદ્યારૂપી દોષથી કરેલી તે પ્રાર્થનાથી તો પ્રભુ અંતર્યામી નથી એવો દોષ આપણા અજ્ઞાનપણાને લીધે આવી જાય છે, પ્રાર્થના કરવાથી આવો દોષ આપણે જાણી બુઝી મૂકતા નથી, છતાં પ્રાર્થના કરવાથી એ દોષ થાય છે જ.

વળી પ્રાર્થના કરવાથી તે કરતાં પણ બીજો વધારે મોટો દોષ થાય છે, આપણી પાસે કોઈ વાઘરી, નાનકસાંઈ, સીધી વગરે ભીખ માગવા આવે છે, તે વખત તેની પ્રાર્થના પ્રમાણે આપવાની આપણી ઈચ્છા હોતી નથી, છતાં તે બહુવાર માગી, કળકળાટ કરી આપણને સતાવે છે, તેથી આપણે કાયર થઈ તેને કાંઈક આપી કાઢીએ છીએ. આપણે તેને જે કાંઈ આપીએ છીએ, તે કાયરતાને વશ થઈ આપણી ઈચ્છા ઉપરાંત આપીએ છીએ. પ્રભુની પ્રાર્થના કરવાથી આપણે આપણા જેવા પ્રભુને કાયર માનીએ છીએ એ બીજો દોષ પણ પ્રભુ ઉપર મૂક્યાના આપણે ગુનેહગાર થઈએ છીએ.

પ્રભુ સત્ય સંકલ્પવાળા છે, તેમના ઉપર આપણે પ્રાર્થના વડે તે અભિપ્રાય ફેરવશે, એમ શંકાવાળા થઈએ, તેથી ઉપર જણાવ્યા તેવા બે દોષવાળા થઈએ છીએ. (અને પ્રભુ સાથે આપણો અંગીકાર નિત્ય છે. આપણને શરણે લીધા છે તે કદાપિ ત્યાગ નહિ કરે, અને ભક્તસુખાર્થે જે કરવાનું તે કરશે જ.) એમ જ્યારે આપણા અંતઃકરણમાં ઠસે છે, ત્યારે નિશ્ચય કરીએ છીએ કે પ્રભુની પ્રાર્થના (એટલે હઠથી જે મેળવવું ને લેવા સારું) કરવી એમ મહા દોષ છે. આવી સમજણરૂપ ત્રીજો વિવેક છે.

ચોથો વિવેક–સર્વ ઠેકાણે પ્રભુનું સર્વ છે અને પ્રભુ સર્વ સામર્થ્યવાન

છે. માટે આપણને જે કાળે જે ઘટિત હશે તે સર્વ આપશે જ. તે બાબતની કશી ઈચ્છા કે ચિંતા મનમાં કરવી નહિ આમ સમજવું તે ચોથો વિવેક છે.

જો કોઈ વસ્તુની ઈચ્છા કરવી નહિ, તો પછી મન કયા કામમાં રોકવું? ગીતાજીમાં કહેલ છે કે મન કર્મ કર્યા વિના (કે સંકલ્પ વિકલ્પ કર્યા વિના) રહેતું જ નથી. મનમાં સંકલ્પ વિકલ્પ થયા જ કરે છે, તે શી રીતે બંધ થાય ? આના ઉપાય માટે જ કહેલું છે કે-મનને પ્રભુ વિષયમાં જોડવું, એટલે લૌકિક સંકલ્પ વિકલ્પ મનમાં આવશે નહિ પરંતુ તેને બદલે પ્રભુ વિષયના સંકલ્પો જ મનમાં આવશે, જેથી તે સંકલ્પો મન પ્રભુ તરફ વાળવામાં મદદ કર્તા થશે.

**અભિમાનશ્ ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વ-ભાવનાત્ ।**
**વિશેષતશ્ ચેદ્ આજ્ઞા સ્યાદ્ અન્તઃકરણ-ગોચરઃ ।।૩।।**
**તદા વિશેષ-ગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્[૨] ।।**

**અર્થ :** સ્વામીના આધીનપણાની ભાવનાથી વાસના સહિત અભિમાનનો ત્યાગ કરવો. પ્રભુ અંતઃકરણગોચર છે. તેથી જો દેહ સંબંધીથી જૂદી પ્રભુ સંબંધી વિશેષપણાથી આજ્ઞા થાય તો તેની ભાવના કરવી.

પાંચમો વિવેક-આપણે સ્વતંત્ર નથી. પરતંત્ર છીએ. આખું જગત્ પરતંત્ર છે. પરતંત્ર હોઈ અભિમાન કરવું એ મહાદોષ છે. પ્રભુ સર્વના સ્વામી છે. આપણે સ્વામીને આધીન છીએ, માટે સ્વામીની ઈચ્છાને અનુકૂળ રહેવું એ આપણો ધર્મ છે. આપણા ધર્મમાં રહેવા માટે સ્વચ્છંદ રીતે મનને કોઈ બીજા રસ્તે જવા દેવું ન જોઈએ. મન સ્વચ્છંદથી બીજે જાય અને આ મેં જ કર્યું, હું આમ કરી નાખું, એ રીતે મનમાં આવે તેનું નામ અભિમાન છે, માટે સ્વામીના આધીનપણાથી અભિમાનનો ત્યાગ કરવો એ પાંચમો વિવેક છે.

પ્રભુના દાસ આખું જગત છે, પણ બધા પ્રભુનું દાસપણું સ્વીકારતા નથી, જેથી તેઓને દાસ ધર્મ સિદ્ધ થતો નથી. દાસના મુખ્ય ત્રણ વર્ગ પડી શકે, તે સમજવું જરૂરી છે.

૧.કેટલાક ઉત્તમ સેવકો એવા હોય છે કે સ્વામી (શેઠ)ની ઈચ્છા સહજ જાણી જઈ તેમની આજ્ઞાની વાટ ન જોતાં તેમની સેવામાં પૂરેપૂરા તત્પર રહે છે. આવા સેવકો તે જ ખરા સેવકો છે. (જેવા કે કૃષ્ણદાસ મેઘને જેણે શ્રીમહાપ્રભુજીની મનની વાત જાણી, મુરમુરાલાવી આરોગાવ્યા તેવા.)

૨.સાધારણ સેવકો શેઠની આજ્ઞા થાય ત્યારે સેવામાં લાગી શકે તેવા હોય છે. તેઓ પોતાના મનની ઉકેલતાથી આજ્ઞા થયા પહેલાં કાંઈ કરવાં જેટલા ચાલાક હોતા નથી. તેમને હમેશને માટે સામાન્ય આજ્ઞા કરેલી હોય તો તે સામાન્ય આજ્ઞા પ્રમાણે કરે જાય છે, પણ પોતાની બુદ્ધિની (સમજથી) ઉકેલતાથી સમય પ્રમાણે કે આગળ પાછળનો વિચાર કરી કાર્ય કરવામાં તેઓ પાછળ હોય છે. આવા સેવક આજ્ઞાંકિત સેવક કહેવાય છે.

૩.કેટલાક હલકા સેવકો શેઠની સામાન્ય કે વિશેષ આજ્ઞાઓ પ્રમાણે મનની નાખુશીથી પણ દબાણને લીધે જ કાર્ય કરે છે, પણ મનમાં કાંઈ ઉમંગ રાખતા નથી. આવા સેવકો તે તાબેદાર સેવક છે. (લોકમાં દેખાવ કરવા પુરતાં વર્તે છે તે.)

આ ત્રણમાંથી આપણે કયા પ્રકારમાં છીએ તેનો વિચાર કરવો જોઈએ. આ ત્રણમાં એક તરીકે પણ આપણે છીએ, એમ દાવો કરી શકીએ તેમ નથી. આપણે હજુ પ્રભુના દાસ થવાને માટે યોગ્ય જ નથી, જેથી અભિમાની અને પ્રભુની ઈચ્છાની પ્રતિકૂળ થનાર તરીકે હજુ તો ઓળખાઈએ છીએ. જેથી તે બાબતની હમેશાં કાળજી રાખી પ્રભુના સેવક બનવા માટે જેમ બને તેમ પ્રભુ ઈચ્છાને અનુકૂળ થવું જોઈએ.

છટ્ઠો વિવેક–ઉપર જણાવી ગયા તેવા ઉત્તમ સેવકના અંતઃકરણમાં પ્રભુનો આવેશ થાય છે. તેવા શુદ્ધ અંતઃકરણમાં પ્રભુની વિશેષ આજ્ઞા થાય છે. એ વિશેષ આજ્ઞા દેહ અને તેના અંગભૂત (સગાંસંબંધી)થી ભિન્ન હોય છે. એવી પ્રભુ સેવોપયોગી વિશેષ આજ્ઞા થાય, તે પ્રમાણે કરવા તત્પર રહેવું, એ છટ્ઠો વિવેક છે.

જ્યારે અંતઃકરણમાં દેહ સંબંધી સંકલ્પ વિકલ્પ ન થતાં પ્રભુ સંબંધી

જ સંકલ્પો થાય, ત્યારે તે શુદ્ધ અંતઃકરણ થયું કહેવાય, તેવા અંતઃકરણમાં સામાન્ય આજ્ઞા ઉપરાંત પ્રભુ સેવોપયોગી સંકલ્પ થાય તે વિશેષ આજ્ઞા જાણવી. ઉપર પ્રમાણે તદન શુદ્ધ અંતઃકરણ ન થયું હોય એવા સાધારણ ભક્તના અંતઃકરણમાં પણ ક્વચિત્ પ્રભુસ્મૃતિ થતાં અંતઃકરણ તેટલીવાર શુદ્ધ થયેલું હોય, તે વખતમાં ઉપર પ્રમાણે વિશેષ આજ્ઞા થાય તો તે પ્રમાણે કરવા તત્પર થવું.

**આપદ્-ગત્યાદિ-કાર્યેષુ હઠસ્ ત્યાજ્યશ્ ચ સર્વથા[૩] ।।૪।।**
**અનાગ્રહશ્ ચ સર્વત્ર ધર્માધર્માગ્ર-દર્શનમ્[૪] ।।**
**વિવેકો-ડયં સમાખ્યાતો... ... ... ... ... ... ।।**

**અર્થ :** આપત્તિ પ્રાપ્ત થઈ હોય તે વગેરે વખતે સર્વથા કાર્યમાં હઠનો ત્યાગ કરવો. સર્વ ઠેકાણે ધર્મ અને અધર્મનું દર્શન કરી અનાગ્રહ રાખવો. આ રીતે વિવેક પ્રખ્યાત છે,

સાતમો વિવેક – આપત્તિ વખતમાં કાર્યમાં હઠનો ત્યાગ કરવો.

ભગવત્કાર્યઃ – સામગ્રી વગેરેનો નિયમ બાંધ્યો હોય તેવી નાણાં સંબંધી બાબતમાં આપત્તિ વખતે હઠ છોડી દેવી. પ્રભુ તો જે ભાવપૂર્વક અર્પણ કરે છે તે જ રંચક છતાં ગ્રહણ કરે છે. ભાવ વગરનું વિશેષ થતાં ગ્રહણ (અંગીકાર) કરતા નથી. હઠ કરવાથી દેવું થઈ સાખ બગડવાથી અપયશ મળવાથી મન વિક્ષેપ પામી ભાવહાનિ થાય, માટે હઠનો અવશ્ય ત્યાગ કરવો.

વૈદિક અને સ્માર્તકાર્ય :- ભગવત્કાર્યમાં હઠ ન કરવો, ત્યારે આ કાર્યમાં હઠ ન કરવાની બાબતમાં વિશેષ કહેવાની જરૂર નથી.

ધન સંબંધી આપત્તિ હોય, ત્યારે તો સર્વ કાર્ય ન થઈ શકે જ. તે વખતે વૈદિક તથા શૌચ (બાહ્ય આચાર)ના નિયમો પણ ન જળવાય એ સ્વાભાવિક છે. હઠ કરી શૌચના નિયમો પાળવા જાય તો થોડી મુદતની આપત્તિ વિશેષ લંબાય, અને ભગવત્કાર્યમાં વિશેષ અંતરાય પડે.

કાર્યમાં હઠનો ત્યાગ કરવા કહેલ છે, પરંતુ ગમે તેટલી આપત્તિ છતાં ભાવનામાં (એટલે પ્રભુની સેવા સંબંધી વિચારવામાં) કાંઈ પણ ત્યાગ કરવાનું સમજવાનું નથી. શરીરની આરોગ્યતા બગડવાથી અભક્ષ્યનું ભક્ષણ કરી શરીર સુધારવાની ભાવના કરવી, કે અન્યદેવ પાસે કે પ્રભુ પાસે આરોગ્ય માટે પ્રાર્થના કરવી, એથી વિવેક, ધૈર્ય અને આશ્રયનો ત્યાગ થાય છે, માટે તેવી ભાવનાની બાબતમાં તો અવશ્ય હઠ (દઢતા) રાખવો જ જોઈએ.

આઠમો વિવેક-ધર્મ અને અધર્મની સરખામણી કરીને સર્વ ઠેકાણે અનાગ્રહ રાખવો.

ધર્મ (ફરજ)ના કાર્યો જેવાં કે સત્ય, દયા, પરોપકાર વગેરે કાર્યોમાં સર્વ ઠેકાણે ધર્મ અને અધર્મની સરખામણી કરીને જેમાં ધર્મ વધતો હોય તે કાર્યો કરવાં અને જે કાર્યમાં અધર્મ વધતો હોય તે કાર્યો ન કરવાં.

બધા ધર્મો (કાર્યરૂપે કરવાની ફરજો) લૌકિક સ્વાર્થમાં અંધ થઈ અધર્મ ન કરવા માટે જ ફરજરૂપ છે, પણ કેવળ પરોપકાર બુદ્ધિથી તો ધર્મ અને અધર્મનું અવશ્ય દર્શન કરીને જ અનાગ્રહી થવાની જરૂર છે.

તેમજ ભગવત્કાર્ય વૈદિક કાર્ય, અને સ્માર્ત કાર્યમાં કાળનો સમભાગ્ય પાડવો કે કેમ ? તેવી બાબતમાં પ્રથમ આવિવેક આધારે સમજવું જોઈએ કે શ્રેષ્ઠ બાબતમાં પ્રથમ આગ્રહ રાખવો, તે કાર્ય સંપૂર્ણ થઈ રહ્યા બાદ બીજાનું કાર્ય કરવું. ભગવત્કાર્ય માટે વૈદિક કાર્યમાં હાનિ થાય. તેમજ વૈદિક કાર્ય માટે સ્માર્તકાર્યમાં હાનિ થાય તેનો વાંધો નહિ. લૌકિક કાર્યનો તો નિયમ રખાય જ નહિ, તે તો નછૂટકે જ કરવાનું છે.

(ધૈર્યનું[ખ] લક્ષણ, તેની પ્રાપ્તિના સોદાહરણ ચાર ઉપાયોઃ અનાગ્રહ[૧] સહન[૨] ત્યાગ[૩] અને અસામર્થ્યની ભાવના[૪])

**... ... ... ... ... ... ... ધૈર્યન્તુ વિનિરૂપ્યતે ।।૫।।**

**ત્રિદુઃખ-સહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા[ખ]।।**

**અર્થ :** હવે ધૈર્યનું વિશેષે કરીને નિરૂપણ કરાય છે. મરણ પર્યંત સર્વ પ્રકારથી

હમેશાં ત્રણ દુઃખને સહન કરવા, તેને ધૈર્ય કહે છે.

ત્રણ પ્રકારનાં દુઃખ.

**(૧) આધિભૌતિક દુઃખ** –દેહ સંબંધી દુઃખ. આ દેહ અને દેહ સંબંધી સગાંવહાલાંનો દુઃખ વડે જે જે આધિ (મનનું દુઃખ) વ્યાધિ (શરીર સંબંધી દુઃખ) અને ઉપાધિરૂપ (માની લીધેલું) દુઃખ થાય છે તે બધું દેહ સંબંધિ દુઃખ સહન કરવું.

**(૨) આધ્યાત્મિક દુઃખ** – ઈંદ્રિય સંબંધી દુઃખ કામાદિવડે જે દુઃખ દેહ સંબંધી દુઃખ ઉપરાંતનું મનમાં થાય છે તે. આ દુઃખ કામાદિકને (લૌકિક વિષયોને) નિયમમાં રાખવાની કચાશથી થાય છે. (દેવ, ગૃહાદિકથી જે દુઃખ થાય તે આધ્યાત્મિક દુઃખ.)

આધિભૌતિક દુઃખ અને આધ્યાત્મિક દુઃખ બંનેમાં મનના દુઃખની વ્યવસ્થા એમ સમજવી કે દેહાધ્યાસથી જે દુઃખ મનમાં થાય તે આધિભૌતિક દુઃખ, અને ઈંદ્રિયાધ્યાસથી મનમાં જે દુઃખ થાય તે આધ્યાત્મિક દુઃખ સમજવું.

**(૩) આધિદૈવિક દુઃખ** – પ્રભુ તરફથી પ્રતિબંધાદિક થવાથી થતું દુઃખ પ્રભુ સેવામાં આગળ વધવામાં પ્રભુ ઈચ્છા ન હોવાથી અનેક પ્રકારના પ્રતિબંધ નડે તેથી જે દુઃખ થાય તે.

મનમાં કેવી ભાવના રાખી આ દુઃખો સહન કરવાં તે કહે છે.

**તક્રવદ્[૧] દેહવદ્[૨] ભાવ્યં જડવદ્[૩] ગોપ–ભાર્યવત્[૪] ।।૬।।**

**અર્થ :** આધિભૌતિક (દેહ સંબંધી) દુઃખમાં તક્ર (છાશ)ની પેઠે ભાવના રાખવી, આધ્યાત્મિક (ઈંદ્રિય સંબંધી) દુઃખમાં જડભરતના જેવી ભાવના રાખવી અને આધિદૈવિક પ્રતિબંધાદિકમાં ગોપભાર્યાના જેવી ભાવના રાખવી.

(૧) છાશમાં મમત્વપણાની બુદ્ધિ રહેતી નથી તેમ આ દેહમાં પણ મમત્વપણાની બુદ્ધિ ન રાખવી.

(૨) ભરતજીને પરોપકાર કરવાં છતાં હરણીના બચ્ચામાં મમતા થવાથી હરણ યોનિમાં જન્મ લેવો પડ્યો હતો, પછી જ્યારે બ્રાહ્મણ કુળમાં

જન્મ થયો ત્યારે પ્રભુ કૃપાના બળે પાછલા જન્મોનું ભાન રહેવાથી કોઈનો સંગ ન કરવાનો નિશ્ચય કરી જડ (માટી, પથ્થર વગેરે) પેઠે રહેતા હતા, ઈંદ્રિયોના વિષયોમાં પૂર્ણ વૈરાગ્યવાન હતા, જેથી ભૂખ વગેરે પણ બાધા કરી શક્તી નહિ. તેવી ભાવનાથી ઈંદ્રિય સંબંધી આધ્યાત્મિક દુઃખ સહન કરવું.

(૩) પ્રભુ તરફથી પ્રતિબંધાદિક દુઃખમાં જેમ અંતર્ગ્રહગતા ગોપીજનોને કામ ભાવથી પ્રભુને મળવાની ઈચ્છા હતી, જેથી પ્રભુએ તેમને તેમના સંબંધીદ્વારા મળવામાં પ્રતિબંધ કર્યો. તે પ્રતિબંધનું દુઃખ તેમને ભાસવા લાગ્યું. અને પછી પ્રભુ મળવામાં વિલંબ થતાં વિરહ તાપ એવો પ્રકટ થયો કે તે વિરહતાપદ્વારા કામ ભાવ વગેરે સકામ વૃત્તિઓ ભસ્મ થતાં તેમનો પ્રાકૃત દેહ પડી ગયો, અને નિષ્કામ થઈ પ્રભુના ચરણારવિંદમાં પહોંચી. તે પ્રમાણે પ્રતિબંધાદિ દુઃખમાં દેહાંતે હું નિશ્ચય કૃતાર્થ થઈશ એવી બુદ્ધિથી વિરહનો અનુભવ કરતાં કરતાં પ્રભુના સ્વરૂપમાં નિષ્કામપણાથી ચિત્ત જોડવું.

જે ગોપીકાનો નિર્ગુણ દેહ હતો તેમને ભગવાન પ્રત્યે જવામાં પ્રતિબંધ ન નડ્યો, અને ત્યાં ગયા બાદ પ્રભુએ પાછા જવા આજ્ઞા કરવા છતાં પાછા વળવાની બુદ્ધિ ન કરતાં ધૈર્યથી ભક્તિમાર્ગ અનુસાર ઉત્તર દીધો. તે પ્રમાણે આપણે પણ (પ્રભુ અને તેને લાયકની વસ્તુ આપણી ઈચ્છાનુસાર મેળવવામાં, તેમજ લૌકિકમાં પણ આપણી ઈચ્છાનુસાર મળવામાં) વિલંબથી થતું દુઃખ (બન્ને સમયમાં) સહન કરી નિરવધિ સ્નેહથી નિયમપૂર્વક પુષ્ટિમાર્ગમાં રહેવાથી પ્રભુ ફળ દેશે જ, એવી દઢતા રાખી દુઃખને સહન કરવું.

આથી દેહાધ્યાસ, ઈંદ્રિયાધ્યાસ, અને અંતઃકરણાધ્યાસ છોડવાનો આગ્રહ રાખવાની આજ્ઞા કરેલી છે.

**પ્રતીકારો યદચ્છાતઃ સિદ્ધશ્ ચેત્ નાગ્રહી ભવેત્[૧] ।।**
**ભાર્યાદીનાં તથા-ડન્યેષામ્ અસતશ્ચાક્રમં સહેત્[૨] ।।૭।।**

**અર્થ :** દુઃખનો સામો ઉપાય પ્રભુ ઈચ્છાથી મળી આવે તો આગ્રહી થવું નહિ.

ભાર્યાદિનો, બીજાનો તથા અસત્ માણસોનો અતિક્રમ સહન કરવો.

દેહનાં દુઃખમાં ભગવદિચ્છાથી જે બને છે તે ઠીક બને છે. એવા અંતઃકરણના વિવેકબળથી-કંઈ ઔષધ સહજ મળી આવે તો તે ન ખાવાનો આગ્રહ કરવો નહિ. દેહના દોષ મટતાં પ્રભુસેવામાં દેહ વહેલો ઉપયોગી થાય એવી ભાવનાથી ઔષધો ખાવામાં વાંધો નથી, પણ અંતઃકરણને વિશેષ દોષવાન બનાવે તેવાં અગ્રાહ્ય ઔષધ ખાઈ રોગ મટાડવાની ઈચ્છાકરવા કરતાં આ દેહ પડે તેની ચિંતા નહિ એવો આગ્રહ પણ અવશ્યનો છે.

દેહ સંબંધી સ્ત્રીપુત્રાદિક તથા કહેવાતાં સગાંવહાલાં તેની અવિદ્યાના વિશેષપણાથી આપણું અપમાન કરે, તો તેમના પર ક્રોધ કરવો નહિ. કારણકે તેઓ ઘણાં હોય જેથી આપણને વારંવાર ક્રોધ આવવાથી ક્રોધના સંસર્ગથી અંતઃકરણમાં આસુરાવેશ થઈ જાય. તે જ પ્રમાણે બીજા જ્ઞાતિના જન સાથે અથવા વ્યવહારમાં અનેક માણસો સાથે પ્રસંગ આવે તેમાં પ્રસંગવશાત્ તેઓ આપણું અપમાન કરે, તે પણ ક્રોધનો આવેશ ન આવવા દેવા માટે સહન કરવું. તેમજ અસત પુરુષોનો સ્વભાવ બીજાની ચેષ્ટા કરવાની હોય છે, અને સત પુરુષ દુઃખી થાય તેવા ઉપાયમાં તેઓની પ્રવૃત્તિ હોય છે, આવા અસત પુરુષનાં અપમાન પણ સહન કરવાં. કારણકે તેવા અસત પુરુષની સાથે વારંવાર ક્રોધ થાય તો વિશેષ આસુરાવેશ થાય માટે તેમનાથી દૂર રહેવું, પણ તેમના અપમાનથી ક્રોધ ન કરવો.

દેહાધ્યાસ કરતાં અંતઃકરણાધ્યાસ છોડવો વધારે કઠણ છે માટે આ શ્લોકમાં અંતઃકરણાધ્યાસ છોડવા બાબત વિશેષ કહેલું છે. હવે પછીના શ્લોકમાં તે જ મુજબ ઈંદ્રિયાધ્યાસ છોડવા વિશેષ આજ્ઞા કરી છે.

**સ્વયમ્ ઈન્દ્રિય-કાર્યાણિ કાય-વાઙ્-મનસા ત્યજેત્[3]।।**
**અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્[4]।।૮।।**

**અર્થ :** પોતાના લૌકિક સ્વાર્થ માટે કાયા અને મનવડે ઈંદ્રિયોના કાર્યોને છોડવાં, અને તે પ્રમાણે જ્યાં સુધી અશૂરપણાવડે ત્યાગ ન થઈ શકે, ત્યાં

સુધી પોતાના અસામાર્થ્યની ભાવના કરવી, આંખ, કાન, જીભ વગેરે ઈંદ્રિયો પોતપોતાના ઘણા કાળના અધ્યાસને લીધે અનેક રીતે પાછી વાળતાં અને પ્રભુની તરફ લગાડવાની મહેનત કરવા છતાં પોતાના અધ્યાસને છોડવામાં અસમર્થતા બતાવે છે, જેથી તેને બળાત્કારથી અધ્યાસમાંથી એકદમ પાછી વાળતાં તેઓ ખરી રીતે પાછી વળતી નથી, જેથી પાછળથી પાખંડ થવાનો સંભવ રહે છે, માટે વૈરાગ્ય અને સંતોષ બરાબર થાય તેવો પ્રયાસ ચાલુ રાખવો, અને તે મુદત દરમ્યાન અહર્નિશ એવી ભાવના રાખવી કે આ ઈંદ્રિયોને પોતાના કાર્યોમાંથી પાછી વાળવાને પોતાનું અંતઃકરણ હજુ જોઈએ તેવું શક્તિમાન થયું નથી, જેથી ઈંદ્રિયો આહાર વિહારમાંથી હજુ શાંત થઈ નથી. એમ ભાવના કરી ઈંદ્રિય વિષયોમાંથી શાંત થવાના દરેક પ્રયત્ન અને સત્સંગ, અંતઃકરણનો અને ઈંદ્રિયોનો અધ્યાસ મટે ત્યાં સુધી નિયમસર ચાલુ રાખવા.

**અશક્યે હરિરેવાસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્ ।।**
**એતત્ સહનમ્ અત્રોક્તમ્... ... ... ... ... ... ।।**

**અર્થ :** વિવેક અને ધૈર્યની બાબત મનની દુર્બલતાને લીધે રાખવી અશક્ય જણાય, ત્યાં એવી ભાવના રાખવી કે હરિ સર્વ દુઃખહર્તા છે. તેમના આશ્રયથી સર્વ થશે. એ પ્રમાણે ધૈર્યની હકિકત કહી.

બરાબર રીતે વિવેક અને ધૈર્ય અંતઃકરણમાં સ્થિર કરવાને જીવ પોતાના સામર્થ્યબળથી અશક્ત છે, તેથી દરેક જીવને હરિના આશ્રયથી જ તે સિદ્ધ થાય છે. જ્યાં સુધી અન્યનો આશ્રય રહે છે ત્યાં સુધી મન, વિવેક અને ધૈર્યને રસ્તે ચાલતું જ નથી. કારણકે પ્રભુ સિવાય ધૈર્ય આપવાને કોઈ સામર્થ્યવાન્ નથી. શાસ્ત્રમાં અનેક દેવો અને ભક્તોની વાતો આવે છે, તે કથામાં જ્યારે દેવો અને ભક્તોને અધૈર્યનો (ધૈર્ય છૂટવાનો) પ્રસંગ આવે છે તે તે વખતે પ્રભુના આશ્રયથી જ ધૈર્યની પ્રાપ્તિ થયેલી છે. જેથી વિવેક અને ધૈર્યની પ્રાપ્તિ માટે પ્રભુનો આશ્રય પ્રથમ જોઈએ, તે આશ્રયનું નિરૂપણ હવે કરાય છે.

(આશ્રયનું[ग] સ્વરૂપલક્ષણ)

... ... ... ... ... ... **આશ્રયો-ऽतो निरूप्यते ।।९।।**

**ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ[ग] ।।**

**અર્થ :** હવે આશ્રયનું નિરૂપણ કરાય છે. આ લોકમાં અને પરલોકમાં સર્વ સ્થળે હરિ મારું આશ્રય સ્થાન છે, એમ ભાવના રાખવી.

હરિ સિવાય બીજાં તમામ સ્થાન ભયાનક છે. આભૂલોકમાં મનની દરેક સ્થિતિ ભયવાળી છે એતો સ્પષ્ટ છે, પરંતુ પરલોક એટલે ભૂલોકથી ચડીઆતા ભુવરલોક, સ્વરલોક (સ્વર્ગ) મહર્લોક, જનલોક, તપલોક, અને સત્યલોક સુધી તમામ લોક વધતા ઓછા ભયવાળા છે, માટે તે બધા લોકમાં આપણી સ્થિતિ ઈચ્છવા લાયક નથી. ફક્ત હરિનો જ આશ્રય ઈચ્છવા જોગ છે. હરિની જ છાયાની ભાવના કરવી, અને તે ભાવના હરિએ અંગીકાર કરી, (તદીયપણાથી આપણો અંગીકાર કર્યો) તો પછી ગમે તે સ્થળમાં અને ગમે તે કાળે કશો ભય નથી.

ભયકારક પ્રસંગો કયા કયા આવવા સંભવ છે, કે તેવા પ્રસંગોમાં વિશેષ કરી હરિ શરણ વિચારાય તે પ્રસંગો કહે છે.

(આગળ કહેવામાં આવતા હેતુઓ[૧-૧૨] માંથી કોઈ પણ હેતુઓથી કાં તો એવીજ અન્ય પણ કોઈ અવસ્થામાં ભગવદાશ્રય તો જાળવવો જ)

**દુઃખહાનૌ[૧] તથા પાપે[૨] ભયે[૩] કામાદ્યપૂરણે[૪] ।।૧૦।।**

**ભક્તદ્રોહે[૫] ભક્ત્યભાવે[૬] ભક્તૈશ્ ચાતિક્રમે કૃતે[૭] ।।**

**અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ।।૧૧।।**

**અહંકાર-કૃતે[૮] ચૈવ પોષ્ય-પોષણ-રક્ષણે[૯] ।।**

**પોષ્યાતિક્રમણે[૧૦] ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે[૧૧] ।।૧૨।।**

**અલૌકિક-મનઃસિદ્ધૌ[૧૨] સર્વથા શરણં હરિઃ ।।**

**અર્થ :** [૧]દુઃખ થાય તેવી હાનિમાં [૨]પાપમાં [૩]ભયમાં [૪]ઈચ્છિત અર્થ પૂર્ણ

કરવામાં [૫]ભક્તદ્રોહ થઈ જાય તો [૬]ભક્તિના અભાવમાં [૭]ભક્તોવડે અતિક્રમ થાય તેમાં [૮]અશક્યમાં અથવા [૯]સુશક્યમાં સર્વથા હરિ આશ્રયસ્થાન છે [૧૦]અહંકાર કર્યો હોય તેમાં [૧૧]પોષ્યવર્ગના પોષણ તથા રક્ષણમાં [૧૨]પોષ્યવર્ગ અતિક્રમણ કરે તેમાં તથા [૧૩]શિષ્યવર્ગ અતિક્રમણ કરે તેમાં [૧૪]અલૌકિક મનની સિદ્ધિમાં આમ ઉપરની બધી બાબતમાં તથા બીજા સર્વ અર્થમાં ચિત્તમાં હરિશરણની ભાવના કરવી.

(૧) દુઃખ થાય તેવી હાનિમાં-માણસને પોતપોતાના સ્વભાવ પ્રમાણે કોઈ કોઈ પ્રકારની હાનિ, દુઃખ ઉત્પન્ન કરતી નથી જેને જે પ્રકારની હાનિથી મનમાં દુઃખ થાય તેવી હાનિમાં ચિંતા થાય છે, જેથી લૌકિકમાં પડી જવાનો ભય રહે છે, માટે તેવી દુઃખકર્તા હાનિમાં પ્રભુશરણની ભાવના કરવી, અને વાણીવડે પ્રભુશરણનું કીર્તન કરવું. તે જ પ્રમાણે નીચેની બાબતોમાં પણ ભાવના અને કીર્તન કરવું.

(૨) પાપમાં-હરકોઈ પ્રકારનું પાપ થઈ જાય તેમાં. (જાણીબુઝીને કરેલા પાપમાં, બીજાને છેતરવારૂપ દંભથી જે હરિશરણ ફક્ત મુખે ઉચ્ચારાય, તે પાખંડમાં ગણાય છે.)

(૩) ભયમાં-હિંસક પ્રાણીઓના, અસત પુરુષોના તથા રાજ્ય તરફના ભય વગેરેમાં.

(૪) કામાર્થ પૂરણ થવામાં-મનની ધારણા પ્રમાણે કામ થયું હોય તેમાં અહંકારવૃત્તિ ન થવા માટે હરિશરણ વિચારવું. કામાદ્યપૂરણે એવો પાઠ હોય તો, કામ વગેરેના અપૂરણમાં પણ હરિ શરણ જ વિચારવું.

(૫) ભક્તદ્રોહમાં-ભક્ત આપણો દ્રોહ કરે અથવા ભક્તનો આપણાથી દ્રોહ થઈ જાય તેમાં.

(૬) ભક્તિના અભાવમાં-ભક્તિ ન બની શકતી હોય તેમાં શ્રીહરિનું શરણ રાખવું.

(૭) ભક્તવડે અતિક્રમ થાય તેમાં-ભક્ત તિરસ્કાર કરે ત્યારે (સામાનો દોષ જોઈ મન ક્રોધયુક્ત ન કરતાં પોતાનો દોષ વિચારવો.)

શ્રીહરિનું શરણ રાખવું.

(૮) અશક્યમાં-કોઈ પણ અશક્ય બાબતમાં-(તે બાબત ન થવાથી અસંતોષ ન રાખતાં હરિશરણ યાદ કરવું.)

(૯) સુશક્યમાં-સહેલાઈથી જે બાબત બને તેમાં અહંકારવૃત્તિ ન કરતાં હરિશરણ યાદ કરવું.

(૧૦) અહંકાર કરેલો હોય તેમાં-અહંકાર કર્યો હોય તે વખતે જો હરિશરણ સંભારાય તો અહંકારનો નાશ થાય છે, અને અહંકાર થવાથી જે આસુરાવેશ થયો તે પણ નાશ પામે છે.

(૧૧) પોષ્યના પોષણમાં અને રક્ષણમાં પોષણ કરવા યોગ્ય જે સ્ત્રી પુત્રાદિક, તેમના-પોષણમાં અહંકાર વૃત્તિનો ત્યાગ કરી હરિશરણ સંભારવું.

(૧૨) પોષ્યવર્ગ અતિક્રમ કરે તેમાં-પોષ્યવર્ગ આપણા કહેવા પ્રમાણે ન વર્તે ત્યારે તેનાપર ક્રોધ થઈ મન આસુરાવેશવાળું થઈ જાય, તેમ ન થવા માટે હરિશરણ વિચારવું.

(૧૩) શિષ્યવર્ગ અતિક્રમ કરે તેમાં-ગુરુની આજ્ઞા પ્રમાણે શિષ્ય ન વર્તે તો તે વખતે ગુરુ ક્રોધ કરે, તો શિષ્યનું બગડે, માટે ક્રોધ ન કરતાં શરણભાવના કરવી. (એ જીવ મારે શરણ છે. ક્ષમાને યોગ્ય છે, તેથી દયા લાવી ગુરુએ ક્રોધ ન કરવો. છતાં ગુરુ ક્રોધ કરે તો. શિષ્યે તો કદી જ ન કરવો. કારણકે ગુરુનો ક્રોધ, એટલે પ્રભુ આપણું અહિત ઈચ્છે જ નહિ તો બગડે જ ક્યાંથી, તેથી એ શિક્ષારૂપ છે, દંડ જાણી હિત ગણી સહન કરવો.)

(૧૪) અલૌકિક મનની સિદ્ધિમાં-અલૌકિક બાબતની મનમાં સિદ્ધિ થવા માટે અને થઈ હોય તે વખતે માન ન આવી જાય માટે હરિનું શરણ રાખવું. (જેમ રાસલીલામાં ગોપીજનોને અભિમાન થઈ જવાથી પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા હતાં.) આ વખતે આ અને બીજી દરેક બાબતમાં હરિશરણની ચિત્તમાં ભાવના કરવી.

ઉપરની બાબતોમાં તો હરિશરણથી ભયમાંથી મુક્ત થવાય છે, પરંતુ

નીચે બતાવેલી ત્રણ બાબત તો સર્વ પ્રકારે ત્યાગ કરવાની છે.

(ભગવદાશ્રયની સિદ્ધિમાટે ચાર ઉપાય : આશ્રયભાવની માનસિક-વાચિક ભાવના[1] અન્યાશ્રયત્યાગ[2] દૃઢવિશ્વાસ[3] તથા [4]શરણભાવના હૃદયમાં દૃઢ રાખીને જે કંઈ સહજ પ્રાપ્ત થાય તેનો મમતારહિત ઉપભોગ)

**એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્[1] ।।૧૩।।**
**અન્યસ્ય ભજનં તત્ર સ્વતો-ગમનમેવ ચ ।।**
**પ્રાર્થના કાર્યમાત્રેઽપિ તથા-ઽન્યત્ર વિવર્જયેત્[2] ।।૧૪।।**

**અર્થ :** આ પ્રમાણે સદા ચિત્તમાં ભાવના કરવી, અને વાચાવડે કીર્તન કરવું. હરિ સિવાય બીજાનું ભજન, અને ત્યાં પોતાથી ગમન કરવું (જવું) અને કાર્ય માત્રમાં અન્યની પ્રાર્થના આ ત્રણ તો વિશેષ કરી ત્યાગ કરવાં.

આ ત્રણે બાબત એટલી ભયાનક છે કે ત્યાં હરિ શરણની ભાવનાનો સંભવ જ નથી, એટલું જ નહિ પણ પ્રથમની હરિશરણ ભાવના કાંઈ થયેલી હોય તે પણ આ ત્રણ પૈકી એક પણ દોષવડે નાશ પામી જાય છે, માટે આ ત્રણે વિશેષ કરી ત્યાગ કરવાં. અત્રે અન્ય આસક્તિવાળાને એવી શંકા થાય છે કે શ્રીમહાપ્રભુજી પણ અન્ય સ્થળોએ પધારેલા છે અને તેમનાં દર્શન પણ કરેલાં છે તો આપણે પણ કેમ ન જવું, અને દર્શન કેમ ન કરવાં ? આ શંકા શરૂઆતમાં થાય એ સ્વાભાવિક છે, પણ તે નિર્મૂળ છે, અને ન કરવી, કારણકે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય તો દૈવી જીવોના કલ્યાણને માટે છે, માટે આપણા જેવા અન્ય સ્થળોમાં ભટકતા હોય, તેમના પર કરુણા કરી તેમને રસ્તે ચડાવવા માટે અન્ય સ્થળોએ પધારવું થયેલું છે.

શિવજી ઠાકુરજીના અનન્ય ભક્ત છે, અને જ્યોતિર્લિંગમાં સાક્ષાત્ પધારેલા છે, તો તેવા સ્થળમાં દૈવી જીવોના ઉદ્ધાર માટે અને માયાવાદનો નિરાસ કરવા માટે શ્રીમહાપ્રભુજી પધારેલા ત્યારે અનન્યભક્ત જે શિવજી તેમનું સન્માન કરવારૂપ અરસપરસ મળવું થયેલું છે. કોઈ જગાએ તેમનું પૂજનરૂપ (પૂજા કરવાની ભાવનાથી) દર્શન કરેલ નથી માટે ઉપરની પણ

બાબતોનો અવશ્ય ત્યાગ કરવાની આજ્ઞા છે.

વળી દેવી આસક્તિવાળા ભક્તો એમ સવાલ ઉઠાવે છે કે, શ્રીકૃષ્ણને સાથે લઈ નંદજી અંબાજી ગયા હતા. એ હકીકત ભાગવતમાં છે, તો આપણે કેમ ન જવું ? તે બાબત એમ સમજવાનું છે કે નંદજીને પ્રભુપર પૂર્ણ પ્રેમ હોવા છતાં મનમાં અન્ય આસક્તિ અવશેષ રહેલી તેથી અંબાજી ગયેલા, પણ તે અન્યાશ્રયના દોષની શિક્ષા તે જ વખતે નંદજીને થઈ હતી. તે દોષની શિક્ષારૂપે નંદજીને અજગર ગળી ગયો તે વખતે ઠાકુરજીનું શરણ સંભારવાથી ઠાકુરજીએ જ તેમને તેનાથી છોડાવ્યા તે હકીકત પણ તે જ અધ્યાયમાં છે, તેથી જાણાશે કે અન્યાશ્રય મહાબાધક છે.

આ વિષે વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ બીજા દરેક ગ્રન્થોમાંથી ઘણું જાણવાનું મળશે; જેથી મનનું બરાબર સમાધાન થશે.

**અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।।**
**બ્રહ્માસ્ત્ર-ચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ।।૧૫।।**

**અર્થ :** અવિશ્વાસ ન કરવો કેમકે તે સર્વ પ્રકારે બાધ કરનાર છે. બ્રહ્માસ્ત્ર અને ચાતકની ભાવના કરવી. જે પ્રાપ્ત થાય તેમાં મમતાને અહંકાર વગરના થઈ સેવવું, ભોગવવું, ને પ્રભુસેવા કરવી.

હરિની શરણાગતિ સિદ્ધ થશે કે નહિ એવું મનમાં ઢચુપચુ ન રાખવું. કારણકે તેવું ઢચુપચુપણું જ સિદ્ધિમાં બાધક છે. બ્રહ્માસ્ત્ર ઉપર રાવણને અવિશ્વાસ આવવાથી હનુમાન તેથી છુટા થઈ ગયા હતા; અને ચાતકને વિશ્વાસ છે, તો મેઘ જડ થતાં તેની કામના પૂર્ણ કરે છે, તૃષામુક્ત કરે છે, તો હરિ ઉપર વિશ્વાસ હોય તો શરણાગતિ સિદ્ધ થાય તેમાં શું આશ્ચર્ય છે.

વ્યાવૃત્તિ રહિત થઈને અથવા બે પહોર વ્યાવૃત્તિ કરવા છતાં હરિમાં ચિત્ત રાખીને ભગવદિચ્છાથી જે પ્રાપ્ત થાય, તે વડે મમતા વગરના થઈ પ્રભુસેવા કરવી. સેવા છોડી વિશેષ મેળવવા વધારે વખત વ્યવહારમાં પ્રયત્ન કરવો નહિ.

**યથા-કથંચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ ।।**
**કિં વા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્ ।।૧૬।।**

**અર્થ :** ઉચ્ચ એટલે ઉંચા (વૈદિક), અને અવચ એટલે તેથી હલકા (લૌકિક) કાર્યો સહેજસાજ મમતા રાખ્યા વિના કરવાં. બહુ કહેવા વડે શું ? દરેક બાબતમાં હરિના શરણની ભાવના કરવી.

મમતા એક હરિસેવામાં જ રાખવી. બીજાં કાર્યો પોતાની ગતિરૂપ નથી એમ જાણી જે કાર્ય વગર ન ચાલે તે કરવાં. વૈદિક કાર્ય સેવાના અનવસરમાં નિષ્કામપણાથી કાંઈ મમતા રાખ્યા વગર કરવાં. પ્રભુના શરણથી ઉત્તમ સ્થાન એકે નથી માટે હૃદયમાં તેની ઉત્તમતા રાખી લૌકિક વૈદિકકાર્યો મમતા રાખ્યા વગર સહેજસાજ કરવાં, આગળ કહેવામાં આવ્યું છે કે પ્રભુ સેવા છોડીને વૈદિકકાર્યો ન કરવાં કેમકે ભક્તિનું મુખ્યપણું, અને વૈદિકનું ભક્તિની સરખામણીમાં ગૌણપણું છે.

(ભગવદાશ્રયની આવશ્યકતાની એક વધુ ઉપપત્તિ અને ઉપસંહાર)

**એવમ્ આશ્રયણં પ્રોક્તમ્ સર્વેષાં સર્વદા હિતમ્ ।।**
**કલૌ ભક્ત્યાદિ-માર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ।।૧૭।।**

**અર્થ :** એ પ્રમાણે સર્વને હમેશાં હિતકારી આશ્રય બાબત કહ્યું. કળિયુગમાં ભક્તિ જેમાં પ્રથમ છે એવા સન્માર્ગો દુઃસાધ્ય એટલે મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવા છે, એમ મારી મતિ છે. (એ પ્રમાણે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.)

આ કળિકાળમાં સન્માર્ગોમાં રુચિ થવી જ મુશ્કેલ છે, પણ રુચિ થયા પછી બીજા માર્ગોમાં જે જે મુશ્કેલીઓ અને પાછા પડવાનો ભય છે તે ભક્તિ માર્ગમાં નથી, માટે ભક્તિ માર્ગને બધી રીતે સર્વોત્તમ જાણી તેમાં જ મન જોડવું.

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિચરતિં વિવેકધૈર્યાશ્રયનિરૂપણં સંપૂર્ણમ્ ।।

**સારાંશ :**

**વિવેક :**

(૧)હરિ સર્વ પોતાની ઈચ્છાથી કરશે.

(૨)પ્રભુની પ્રાર્થના સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે ન કરવી. પણ પ્રભુસેવાર્થ સ્મરણ કરવું.

(૩)પ્રભુની પ્રાર્થના કરવામાં બે મોટા દોષ થાય છે.

(૪)સર્વ પ્રભુનું છે, પ્રભુ સર્વ સામર્થ્યવાન્ છે.

(૫)અભિમાનનો ત્યાગ કરવો.

(૬)અંતઃકરણમાં દૈહિકથી ભિન્ન, વિશેષ આજ્ઞા થાય (એટલે કે પ્રભુનાં સુખને માટે જે આજ્ઞા થઈ હોય તેમાં આપણો કોઈ પ્રકારનો સ્વાર્થ નથી. એમ નિશ્ચય થાય તો) તેમાં તત્પર રહેવું.

(૭)આપત્તિ વખતે હઠનો ત્યાગ કરવો. પણ ભાવનામાં દ્રઢતા રાખવી.

(૮)ધર્મ અને અધર્મની સરખામણી કરી સર્વ ઠેકાણે અનાગ્રહ રાખવો.

**ધૈર્ય :**

(૧)(અ). દેહ અને દેહના સંબંધીના દુઃખમાં તક્ર (છાશ)ની ભાવના કરવી. (આ)-ઈંદ્રિય સંબંધી દુઃખમાં જડભરતની ભાવના કરવી. (ઈ)-પ્રતિબંધાદિ દુઃખમાં અંતર્ગ્રહગતા ગોપીજનની ભાવના રાખવી.

(૨)ભગવદિચ્છાથી દુઃખનો ઉપાય મળે તો આગ્રહ ન કરવો તેમજ સ્ત્રી વગેરેનો અતિક્રમ સહન કરવો.

(૩)ઈંદ્રિયોનાં કાર્યોને છોડવાં. ન છૂટે તો ત્યાં સુધી પોતાના અસામર્થ્યની ભાવના કરવી. જે જે ન થઈ શકે તેમાં હરિની શરણભાવના રાખવી.

**આશ્રય :**

(૧)સર્વ સ્થળે હરિની શરણગાત રાખવી.

(૨)અનેક ભયકારક પ્રસંગોમાં હરિશરણ યાદ કરવું.

(૩)હરિસિવાય અન્યનું ભજન, પોતાથી ત્યાં જવું, અને અન્યની પ્રાર્થના કરવી, એ ત્રણનો અવશ્ય ત્યાગ કરવો.

(૪)અવિશ્વાસ ન કરવો.

(૫)લૌકિક વૈદિક કાર્યો મમતા રાખ્યા વગર (સહેજસાજ) કરવાં, મુખ્ય તો પ્રભુસેવા સંબંધી કાર્ય કરવું. (કારણકે આપણું ઈચ્છિત ફળ મેળવવામાં બાધકતા આવે નહિ; અને લૌકિકનિંદાથી બને તેટલું બચવું સારું.)

## ॥ કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ ॥

કલિયુગમાં લોકાશ્રય અને વેદાશ્રયની વિફળતાના નિરૂપણપૂર્વક શ્રીકૃષ્ણાશ્રયની સફળતાના નિરૂપણમાટે ધર્મના છ અંગો : કાલ દેશ દ્રવ્ય કર્તા મન્ત્ર અને કર્મ ની વર્તમાન સમયમાં અસાધકતા અને કર્મ જ્ઞાન ભક્તિ તેમજ પ્રપત્તિ ના માર્ગો મુજબ પણ શ્રીકૃષ્ણાશ્રય જ કર્તવ્ય છે.

વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં વિવેક, ધૈર્ય, અને આશ્રયનું સ્વરૂપ કહ્યું. આશ્રયમાં દરેક (એટલે લૌકિક અને અલૌકિક બંનેમાં) શક્ય અને અશક્ય બાબતમાં હરિનું શરણ વિચારવાનું કહેલું છે.

હરિ એટલે ભક્તનાત્રિવિધ દુઃખને હરનાર, એવો અર્થ થાય છે. પરોપકારી માણસ અને દેવો પણ દુઃખને હરી શકે છે, તેમજ દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્તા, અને કર્મ એ છની શુદ્ધિથી પણ દુઃખ નાશ પામે છે, તો હરિ શબ્દથી શું સમજવું એમ શંકા થાય તે મટાડવા માટે કહે છે કે હરિ શબ્દથી શ્રીકૃષ્ણ જ સમજવા. કારણકે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છની શુદ્ધિ માટે જ શંકા છે, તો તેઓથી ત્રિવિધ દુઃખ મટી નિર્ભય શી રીતે થવાય. તેમ તે છએની બરાબર શુદ્ધિ સત્યયુગ જેવા સારા વખતમાં કદાપિ હોય છતાં તે પૂર્ણ નિર્ભય બનાવી શકતા નથી, વળી ગમે તેવો સમર્થ માણસ ભયયુક્ત જ છે, એટલું જ નહિ પરંતુ દેવો પણ નિર્ભય નથી, તો બીજાને નિર્ભય શી રીતે કરી શકે, માટે આ જગતના આદિકારણ અને સર્વને ભયમાં રાખનાર એક શ્રીકૃષ્ણ જ વાસ્તવિક રીતે નિર્ભય છે. જેથી શ્રીકૃષ્ણ જ હરિસ્વરૂપથી (એટલે સર્વ પાપને હરનાર તરીકે) બિરાજે છે. તેમનો જ

આશ્રય કર્તવ્ય છે, તે બાબત આ કૃષ્ણાશ્રયગ્રન્થમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ આજ્ઞા કરેલી છે.

આ શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થનો પાઠ શ્રીકૃષ્ણની (અથવા તો ગુરુની) સાન્નિધ્ય (સમીપ)માં કરવાથી શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય છે.

બીજા માર્ગમાં જેમ પોતાના ઈષ્ટનાં દર્શન વખતે પ્રાર્થના કરી પોતાને અને પોતાના કુટુંબને નીરોગી રહેવા, ધનવાન થવા કે બીજી રીતે સુખી થવાની માગણી કરતાં સાંભળીએ છીએ, તેમ આ પુષ્ટિમાર્ગમાં રહેલા વૈષ્ણવોએ તેવી માગણી ન કરતાં શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થવા માટે આ કૃષ્ણાશ્રયગ્રન્થનો પાઠ શ્રીઠાકુરજીની સાન્નિધ્ય (સમીપ)માં કરવો, એમ છેવટે આજ્ઞા કરેલી છે.

(લોકાશ્રય[૩] હાલે ફળસાધક નથી તો પણ કૃષ્ણાશ્રય[૪] ની સફળતાના નિરૂપણમાટે ધર્મના છ અંગોમાંના કાલ[૧]ની વર્તમાન સમયમાં ફલાસાધકતાનું નિરૂપણ)

**સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ[૧] ચ ખલ-ધર્મિણિ ।।**
**પાષંડ-પ્રચુરે લોકે[૩] કૃષ્ણ એવ ગતિર્ મમ[૪] ।।૧।।**

**અર્થ :** ખલ (ઉપરથી સારો દેખાય, અને અંદર દુષ્ટ હોય તે.) ધર્મવાળા કલિયુગમાં સર્વ માર્ગ નષ્ટ થઈ ગયા, અને લોકમાં પાખંડનો પ્રચાર થયો છે, તેમ છતાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

શ્રીકૃષ્ણ સિવાય સર્વ, કાળને આધીન છે માટે શ્રીકૃષ્ણને મળવાના માર્ગ સિવાયના તમામ માર્ગ પણ કાળદોષથી દોષવાળા થાય છે. આ કલિકાલ સર્વ કાલમાં કનિષ્ટ છે, જેથી કર્માદિ સર્વ માર્ગનું શુદ્ધ સ્વરૂપ નષ્ટ થઈ ગયું છે. જો કે આ કર્માદિમાર્ગો સત્યયુગ જેવા શુદ્ધ કાલમાં પોતાના શુદ્ધ સ્વરૂપમાં હોય, તે વખતે પણ તેમનાથી સાધારણ જ શ્રેય થાય છે, પણ આ કલિકાલમાં તો કર્માદિ માર્ગોનું શુદ્ધ સ્વરૂપ બિલકુલ નષ્ટ થઈ જવાથી તેને અનુસરનારા લોક પાખંડમાં પ્રવૃત્તિવાળા થયેલા છે. આવા વખતમાં તો વિશેષે કરી કલ્યાણને માટે શ્રીકૃષ્ણ જ ગતિ છે.

શ્રીકૃષ્ણ કાળના પણ કાળ હોવાથી તેમના ભક્તને કાળદોષ લાગતો નથી, સર્વ કાળમાં શ્રીકૃષ્ણના ભક્ત બરાબર રીતે ઉત્તમ શ્રેય મેળવી શકે છે, જો કે સત્યયુગ જેવા શુદ્ધ કાલમાં ટુંકી દષ્ટિવાળાને માટે સાધારણ નિત્ય કરવાના કર્માદિ માર્ગો પોતાના શુદ્ધ સ્વરૂપમાં મળી આવવાથી તે સત્યયુગમાં તેમનું સાધારણ કલ્યાણ થાય છે, પરંતુ આ કલિકાલમાં તો તે માર્ગો પણ નષ્ટ થઈ ગયા છે, એટલે બધાના શ્રેય માટે ફક્ત સર્વકાલમાં અબાધિત ફક્ત શ્રીકૃષ્ણનો આશ્રય જ અવશેષ છે. (બાકી રહ્યો છે.)

(લોકાશ્રય[ક] હાલે ફળસાધક નથી તો પણ કૃષ્ણાશ્ર[ગ] ની સફળતાના નિરૂપણમાટે ધર્મના ષડંગોમાંના દેશ[૨] ની વર્તમાન સમયમાં ફલાસાધકતાનું નિરૂપણ )

**મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ[૨] પાપૈક-નિલયેષુ ચ ।।**
**સત્પીડા-વ્યગ્ર-લોકેષુ[ક] કૃષ્ણ એવ ગતિર્ મમ[ગ] ।।૨।।**

**અર્થ :** શુદ્ધ ગણાતા દેશો પણ મ્લેચ્છથી વિંટાઈ ગયેલા છે તેથી તે બધા પાપના સ્થાનરૂપ થયા છે, વળી સત્ પુરુષને પીડા કરવામાં સર્વ લોકસમૂહ વ્યગ્ર (તત્પર) થઈ ગયો છે, તેવા વખતમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

જેમ કાળનું શુદ્ધપણું નથી, તેમજ શુદ્ધ દેશો પણ રહ્યા નથી, જે શુદ્ધ દેશો ગણાતા, અને જ્યાં સંતપુરુષો શાંતિમાં રહી શકતા હતા તેવા શુભ દેશો પણ મ્લેચ્છોથી વિંટાઈ ગયેલા છે, જેથી તે દેશો પણ પવિત્ર ન રહેતાં પાપના સ્થાનકો થયા છે, તે કારણથી હાલ સત્ પુરુષોને કોઈ સ્થળમાં શાંતિથી રહેવાનું નથી જેથી સામાન્ય લોકોનાં મન જે વ્યગ્ર થયાં છે. કારણ સ્વધર્માદિક આચરણ કરનારને પીડા થતી દેખવામાં આવવાથી સાધારણ લોકોને ધીરજ રહેતી નથી, આવી રીતે દેશની પણ અશુદ્ધિ થયા છતાં વિશુદ્ધ સ્થાનરૂપ શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો. એટલે મારું અંતઃકરણ અન્ય સર્વમાંથી નીકળી શ્રીકૃષ્ણમાં જ લાગો અને નિર્ભય બનો.

(લોકાશ્રય[ક] હાલે ફળસાધક નથી તો પણ કૃષ્ણાશ્રય[ગ] ની સફળતાના નિરૂપણમાટે ધર્મના છ અંગોમાંના દ્રવ્ય[૨] ની વર્તમાન સમયમાં ફલાસાધકતાનું નિરૂપણ )

**ગંગાદિ-તીર્થ[ઉ]-વર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ[ક] ।।**
**તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્ મમ[ગ] ।।૩।।**

**અર્થ :** ગંગા વગેરે ઉત્તમ તીર્થો પણ દુષ્ટો વડે વિંટાઈ ગયેલાં છે, માટે અર્થરૂપ તીર્થોનું દેવતાઈ સ્વરૂપ તિરોહિત થઈ ગયું છે, આવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

આધિભૌતિક અર્થ, (દ્રવ્ય) દાનવડે કુલની શુદ્ધતા કરવામાં ઉપયોગી છે. તેમજ આધ્યાત્મિક અર્થ તીર્થસ્વરૂપ છે, તે પાપોને ભસ્મ કરી અંતઃકરણ શુદ્ધ બનાવે છે, પણ દુષ્ટોવડે વિંટાઈ ગયેલાં ગંગાદિ ઉત્તમ તીર્થોનું દેવતાઈ સ્વરૂપ તિરોધાન થઈ જવાથી તે તીર્થોમાં કાયમ માટે દેવતાઈ સ્વરૂપ ન બિરાજતું હોવાથી (જળરૂપ) આધિભૌતિક સ્વરૂપ બહારનો મેલ ધોવામાં ઉપયોગી છે, પણ અંતરનો મેલ ધોઈ અંતઃકરણશુદ્ધ બનાવી શકતું નથી, ફક્ત સત્પુરુષ પ્રત્યે જ તીર્થોનું દેવતાઈ સ્વરૂપ આવિર્ભાવ પામે છે, માટે તીર્થના પણ તીર્થસ્વરૂપ શ્રીકૃષ્ણમાં જ મારી બુદ્ધિ લાગો.

(લોકાશ્રય[ક] હાલે ફળસાધક નથી તો પણ કૃષ્ણાશ્રય[ગ] ની સફળતાના નિરૂપણમાટે ધર્મના છ અંગોમાંના કર્તાની[ઘ] વર્તમાન સમયમાં ફલાસાધકતાનું નિરૂપણ)

**અહંકાર-વિમૂઢેષુ સત્સુ[ખ] પાપાનુવર્તિષુ ।।**
**લાભ-પૂજાર્થ-યત્નેષુ[ઘ] કૃષ્ણ એવ ગતિર્મમ[ગ] ।।૪।।**

**અર્થ :** સત્પુરુષો (પંડિતો) પણ અહંકારમાં વિશેષ મૂઢ થયેલા છે. પાપી પુરુષને અનુસરવાવાળા થયા છે, અને લાભ અને પ્રતિષ્ઠાને અર્થે જ તેમનો પ્રયત્ન છે. તેવા વખતમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

અંતઃકરણની શુદ્ધતાવાળો પુરુષ મળવો હાલ ઘણો દુર્લભ છે, લોકમાં સત ગણાતા હોય, પરંતુ તેઓ ખરી રીતે સત હોતા નથી. અમે બધામાં શ્રેષ્ઠ છીએ, વગેરે આપવડાઈના વિચારો અને કથનવડે અહંકારમાં વિમૂઢ થવાથી પોતાની યોગ્યતાનું ભાન હોતું નથી, એટલું જ નહિ પણ

પોતાના સ્વરૂપનું અજ્ઞાન હોવાથી પંચપર્વ અવિદ્યામાં ગુંથાએલા હોય છે. વળી તેઓ પાપી પુરુષને અનુસરનાર હોય છે, તેમના તરફથી પોતાને દ્રવ્ય વગેરેનો લાભ અને માન મળવાની લાલસાવાળા હોવાથી તેમને અનુસરનાર હોય છે. તેમનું પારમાર્થિક કાર્ય દેવ પૂજન વગેરે લૌકિક દ્રવ્ય, લાભ અને માનને માટે પ્રયત્નવાળું હોય છે, જેથી કર્મમાર્ગમાં કર્ત્તાની પણ વિશુદ્ધતા બિલકુલ નથી. જેથી સર્વ જગતના કર્ત્તા શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

(લોકાશ્રય[ક] હાલે ફળસાધક નથી તો પણ કૃષ્ણાશ્રય[ગ] ની સફળતાના નિરૂપણમાટે ધર્મના છ અંગોમાંના મન્ત્રની[પ] વર્તમાન સમયમાં ફલાસાધકતાનું નિરૂપણ)

**અપરિજ્ઞાન-નષ્ટેષુ મન્ત્રેષ્વવ્રત-યોગિષુ ।।**

**તિરોહિતાર્થદેવેષુ[ખ] કૃષ્ણ એવ ગતિર્ મમ[ગ]।।૫।।**

**અર્થ :** મંત્રનું પરિજ્ઞાન ન હોવાથી, વ્રતાદિકનો યોગ ન હોવાથી, વળી અર્થ અને દેવતા તિરોધાન થવાથી મંત્ર નષ્ટપ્રાય થઈ ગયા છે. તેવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

વૈદિક અને તંત્રોક્ત બન્ને જાતના મંત્રનું તાત્પર્ય, તેમનું ફળ, અને તેમના દેવતાના સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તે મંત્રો બહુધા નષ્ટ થઈ ગયા છે.

ગુરુકુલમાં વાસ કરવો, બ્રહ્મચર્યાદિક વ્રતો રાખે, અને શૂદ્રની સમીપમાં ન ભણે, એ વગેરે નિયમ રાખે તો જ મંત્રનું ફલ મળે, પરંતુ તે નિયમ રહ્યો નથી, માટે વૈદિક મંત્રો પણ ફલસાધક નથી. તંત્રોક્તમંત્ર-તાત્પર્યનું જ્ઞાન ન હોવાથી, તેનાં અર્થ અને દેવતાનું તિરોધાન થઈ જવાથી તે પણ ફલસાધક નથી માટે શ્રીકૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે.

(લોકાશ્રય[ક] હાલે ફળસાધક નથી તો પણ કૃષ્ણાશ્રય[ગ] ની સફળતાના નિરૂપણમાટે ધર્મના છ અંગોમાંના કર્મની[૬] વર્તમાન સમયમાં ફલાસાધકતાનું નિરૂપણ)

**નાના-વાદ-વિનષ્ટેષુ સર્વ-કર્મ[૬]-વ્રતાદિષુ[ખ] ।।**

**પાષંડૈક-પ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્ મમ[ગ]।।૬।।**

**અર્થ :** અનેક પ્રકારના વાદવડે સર્વ કર્મ અને વ્રતાદિક નષ્ટ થઈ ગયાં છે, અને (વાદીનો) પ્રયત્ન માત્ર પાખંડને ચલાવવા માટે જ છે, તેવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

અમુક કર્મ કે વ્રત આ રીતે થાય એમ એક કહે, બીજો બીજી રીતે થાય એમ કહે, ત્રીજો ત્રીજી રીતે જ કહે. એ પ્રમાણે જુદા જુદા પ્રકારના વાદથી કર્મ અને વ્રતાદિકનું ખરું સ્વરૂપ જ તિરોધાન થઈ ગયું, એટલું જ નહિ પણ તે અનેક પ્રકારના વાદમાં દુરાગ્રહ વધી કર્મવ્રતાદિકના બાના હેઠળ પાખંડમાં જ પ્રયત્નવાળા થએલા છે.

સર્વત્ર આવી સ્થિતિ છતાં શ્રીકૃષ્ણનો આશ્રય જ સર્વ રીતે કલ્યાણકારી છે.

આ રીતે કાલ, દેશ, દ્રવ્ય, કર્ત્તા, મંત્ર અને કર્મ એ છ શુદ્ધ ન હોવાથી કર્મમાર્ગથી–આ સમયમાં તે કલ્યાણનો કશો સંભવ નથી, માટે તેમાં ચિત્તની વૃત્તિ ન ખુંચવા દેતાં શ્રીકૃષ્ણનો જ આશ્રય રાખવો. સર્વ કરતાં શ્રીકૃષ્ણનું માહાત્મ્ય વધારે છે, એમ અંતઃકરણની ખાત્રી થાય તો જ આગ્રહપૂર્વક આશ્રય સિદ્ધ થાય, માટે એક શ્લોકથી શ્રીકૃષ્ણનું નામ માહાત્મ્ય અને એક શ્લોકથી સ્વરૂપ માહાત્મ્ય બતાવે છેઃ

(કર્મમાર્ગ[ય] ના વિચારે પણ કૃષ્ણાશ્રય[ગ] ની ફળસાધકતાનું નિરૂપણ)

**અજામિલાદિ–દોષાણાં નાશકો[ય]–ऽનુભવે સ્થિતઃ ।।**

**જ્ઞાપિતાખિલ–માહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્ મમ[ગ] ।।૭।।**

**અર્થ :** અજામિલાદિના દોષનો નાશ કરનાર અનુભવમાં રહેલા છે, અને તે વડે જેમણે પોતાનું અખિલ માહાત્મ્ય બતાવ્યું છે, તે શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

આ શ્લોકમાં પ્રભુનું નામ માહાત્મ્ય બતાવ્યું છે. ભાગવતમાં સ્કંધ ૬ ટ્ઠામાં અધ્યાય ૧ થી ૩ લગી અજામિલ આખ્યાન છે, તે ઉપરથી પ્રભુ નામના મહિમાની મુખ્યતા આપણને જણાય છે. અધમમાં અધમ માણસ હોય છતાં પ્રભુના નામ કીર્તનવડે પાપ નાશ થઈ કૃતાર્થ થાય છે. પ્રભુના નામ

કીર્તન વડે જ કૃતાર્થ થયાના બીજાં ઘણાં દૃષ્ટાંતો ભાગવતાદિમાં છે. તે ઉપરથી પ્રભુના નામ સ્મરણથી જ સંપૂર્ણ રીતે કલ્યાણ થવાની ખાત્રી છે, માટે શ્રીકૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે.

(જ્ઞાનોપાસનામાર્ગની[ર] દૃષ્ટિથી પણ કૃષ્ણાશ્રય[ગ] ની ફળસાધકતાનું નિરૂપણ)

**પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનન્દકં બૃહત્ ।।**

**પૂર્ણાનન્દો હરિસ્ તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્ મમ[ગ] ।।૮।।**

**અર્થ :** સકલ દેવો પ્રાકૃત છે અને બૃહત્ (અક્ષરબ્રહ્મ) ગણિતાનંદ છે, શ્રીહરિ પૂર્ણાનંદ છે. તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

નરકના જીવ કરતાં આ લોકના જીવની સ્થિતિ ચડીયાતી છે, આ લોકમાં માણસ સર્વમાં ચડીયાતા છે, માણસ કરતાં ઉપરના લોકમાં વસનાર દેવો ચડીયાતી સ્થિતિમાં છે, છતાં તે બધા દેવો પણ પ્રાકૃત છે. જેમ આ લોક પ્રકૃતિને વશ છે તેમજ દેવો પણ પ્રકૃતિને વશ છે. સત્યલોક સુધી સર્વ પ્રકૃતિને વશ છે. બધા લોકથી શ્રેષ્ઠ અક્ષરબ્રહ્મ છે. છતાં તે શ્રીકૃષ્ણની બરાબરી કરી શકે તેમ નથી, કારણકે અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે. અને શ્રીકૃષ્ણ તો પૂર્ણાનંદ છે. શ્રીકૃષ્ણના સ્વરૂપની બરોબર એકેય નથી એટલે સર્વ કરતાં નામ અને સ્વરૂપ એ બંને રીતે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સર્વોપરિ છે, જેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

તૈત્તરીય ઉપનિષદમાં આનંદની ગણત્રી કરી છે ત્યાં

(૧)આખી પૃથ્વી દ્રવ્યથી પૂર્ણ પોતાની સત્તા નીચે હોય એવા મનુષ્ય ચક્રવર્તી મહારાજાનો જે આનંદ તે એક આનંદ છે.

(૨)એવા મનુષ્યનો ૧૦૦ ગણો આનંદ=૧ ગંધર્વનો આનંદ.

(૩)ગંધર્વનો ૧૦૦ ગણો આનંદ=૧ દેવલોકમાં રહેનારનો આનંદ.

(૪)દેવલોકમાં રહેનારનો ૧૦૦ ગણો આનંદ=૧ ઈંદ્રનો આનંદ.

એમ આનંદની સો સો ગણી ચડીયાતી ગણત્રી કરતાં છેવટ અક્ષરબ્રહ્મ સુધી આનંદની ગણત્રી કરેલી છે. ત્યાર બાદ અક્ષરથી કેટલાગણો

પુરુષોત્તમનો આનંદ એ ગણત્રી થઈ શકે તેમ નથી. જો ગણત્રી થાય તો તો પરિમિત આનંદ પુરુષોત્તમનો પણ થાય. પણ તે તો અગણિતાનંદ છે, માટે જ પૂર્ણાનંદ છે.

પ્રભુનું માહાત્મ્ય (મોટાઈ) જાણ્યા છતાં ભક્તમાં દીનતા ન હોય તો પ્રભુ પોતાના પણાથી સ્વીકારે નહિ, માટે હવેના શ્લોકમાં ભક્ત પોતાની દીનતા બતાવે છે.

(ભક્તિમાર્ગના વિચારે પણ કૃષ્ણાશ્રયની ફલસાધકતાનું નિરૂપણ)

**વિવેક-ધૈર્ય-ભક્ત્યાદિ[લ]-રહિતસ્ય વિશેષતઃ ।।**
**પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્ મમ[ગ] ।।૯।।**

**અર્થ :** વિવેક, ધૈર્ય અને નવધા ભક્તિ વગેરેથી રહિત અને વિશેષે કરીને પાપમાં આસક્ત એવો સાધન વગરનો દીન જે હું તેની ગતિ શ્રીકૃષ્ણ જ છે.

આ લોકમાં પણ દીન (ગરીબ)ને સહાય કરનાર ઘણા થોડા હોય છે. દીનને કોઈ મદોન્મત્ત ન કનડે તેવો હિમ્મતવાન્ અને પરોપકારી જવલ્લે જ જોવામાં આવે છે.

ધનાદિ સાધનસંપત્તિવાળાનો ભાવ જ્યાં ત્યાં પુછાય છે. તેવી રીતે ધાર્મિક સાધનસંપત્તિ, વિવેક, ધૈર્ય, નવધાભક્તિ વગેરે યુક્તનો ભાવ મર્યાદા પુરુષોત્તમ (અક્ષરબ્રહ્મ) સુધી પુછાય છે. પણ ત્યાં સુધીમાં કોઈ પૂર્ણ રીતે દીનદયાળ થઈ શક્તું નથી. દીનદયાળ તો અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે માટે હું જે દીન તેની તો શ્રીકૃષ્ણ જ ગતિ હો.

(પ્રપત્તિમાર્ગ[વ] ના વિચારે પણ કૃષ્ણાશ્રય[ગ] ની ફળસાધકતાનું નિરૂપણ)

**સર્વ-સામર્થ્ય-સહિતઃ સર્વત્રૈવાખિલાર્થ-કૃત્ ।।**
**શરણસ્થ[વ] સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્[ગ] ।।૧૦।।**

**અર્થ :** સર્વ સામર્થ્ય સહિત, અને સર્વ ઠેકાણે સર્વ અર્થને આપનાર અને શરણમાં રહેલાનો રૂડી રીતે ઉદ્ધાર કરનાર શ્રીકૃષ્ણને હું વિજ્ઞપ્તિ કરું છું.

જો કે ભક્તને પ્રભુ આશ્રય અને પ્રભુસેવા સિવાય કાંઈ ઈચ્છિત હોતું નથી. છતાં કોઈ અર્થમાં ઈચ્છા હોય તો પ્રભુ સર્વ સ્થળે ને સર્વ અર્થ આપવાને સર્વ સામર્થ્યયુક્ત છે, જેથી પ્રભુના આશ્રિતજનો પ્રભુ સિવાય બીજાની પાસે યાચના કરતાં જ નથી. જો પોતાનો સ્વામી સર્વ આપવાને અસમર્થ હોય, અને બીજો વધારે સમર્થ માલૂમ પડે તો જ સ્વાર્થી જનોનું મન પોતાના સ્વામીપર ન ચોંટતા બીજે યાચના કરવા ઈચ્છે, પણ શ્રીકૃષ્ણ, તો સર્વ રીતે સમર્થ છે, એટલું જ નહિ પણ બીજામાં જે કાંઈ સામર્થ્ય જણાય છે તે શ્રીકૃષ્ણનું જ આપેલું છે, ને તે શ્રીકૃષ્ણની ઈચ્છા હોય ત્યાં સુધી જ બીજાને આપેલું સામર્થ્ય રહે છે. વળી બીજાને આપેલ સામર્થ્યનું જોર તેનાપર ચાલતું નથી, તો એવા સર્વ સામર્થ્યયુક્ત પ્રભુને છોડીને બીજે ભટકનાર મંદભાગી સમજવો.

**'કૃષ્ણાશ્રયમ્' ઈદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણ-સન્નિધૌ ।।**
**તસ્યાશ્રયો[૧] ભવેત્ કૃષ્ણ[૨] ઈતિ શ્રીવલ્લભો-ऽબ્રવીત્ ।।૧૧।।**

**અર્થ :** આ કૃષ્ણાશ્રય સ્તોત્રને જે કૃષ્ણની સાન્નિધ્ય (અથવા પોતાના ગુરુ સન્મુખ) (સમીપ)માં ભણે, તેને કૃષ્ણનો આશ્રય થાય, એ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું છે.

આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો શ્રીકૃષ્ણની સમીપ અથવા શ્રીકૃષ્ણનિમિત્ત પાઠ કરે તેને કૃષ્ણાશ્રય થાય, એમ શ્રીવલ્લભાચાર્યજીનું વચન છે, તે ઉપર પાકો વિશ્વાસ રાખવો. નલકુબેર અને મણિગ્રીવને નારદજીએ શાપ આપ્યા પછી પણ બંનેની દીનતાથી પ્રસન્ન થઈ દેવતાનાં સો વર્ષ પછી શ્રીકૃષ્ણનું સમીપપણું થશે. અને તમારો ઉદ્ધાર થશે, એમ નારદજીએ વચન (વરદાન) આપેલું હતું, તે વચન પ્રભુએ સિદ્ધ કર્યું હતું. તો સાક્ષાત્ શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું ભક્ત પ્રત્યેનું વચન (વરદાન) આપી સિદ્ધ કરશે જ. એમ પાકો ભરોસો રાખી નિયમસાર સમજણસહિત પાઠ કરવો, જેથી શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થશે, એમાં સંશય નહિ.

।। ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્યવિરચિતઃ શ્રીકૃષ્ણાશ્રયઃ સંપૂર્ણ ।।

**સારાંશ :**

(૧) જેમ શ્રીયમુનાજીની સાન્નિધ્યમાં કે પરોક્ષમાં શ્રીયમુનાજીની સ્તુતિ માટે શ્રીયમુનાષ્ટક છે તેમ શ્રીકૃષ્ણની સાન્નિધ્યમાં કૃષ્ણ-આશ્રય સિદ્ધ થવા માટે આ સ્તોત્ર છે.

(૨) સાધન બળથી એક ઈચ્છનાર-કાળ, દેશ, દ્રવ્ય, કર્ત્તા, મંત્ર અને કર્મનું પ્રબળપણું બતાવે છે પણ આ નિઃસાધન કેવળ પ્રભુ કૃપા બળથી જ શ્રેય-ઈચ્છનારા આ માર્ગમાં-તે સાધન માર્ગનું દુર્બલપણું આ સ્તોત્રના ૧ થી ૬ શ્લોકમાં બતાવ્યું છે, જ્યાં તે છએની જ શુદ્ધિ નથી તો પછી તેવા શ્રેયની જ આજ્ઞા ક્યાંથી હોય ? માટે ફક્ત કૃષ્ણનો આશ્રય જ નિઃસાધન શ્રેયસાધક છે તે બતાવ્યું છે.

(૩) સાતમાં શ્લોકમાં તેવા નિઃસાધન ભક્ત ઉપર કૃપા કર્યાનું દૃષ્ટાંત આપી નામ માહાત્મ્ય બતાવ્યું છે.

(૪) આઠમા શ્લોકમાં દેવો પ્રાકૃત એટલે લૌકિક છે માટે અનિત્ય છે. અક્ષર નિત્ય છતાં ગણિતાનંદ છે અને શ્રીકૃષ્ણપૂર્ણાનંદ-અગણિતાનંદ છે એમ કહી સ્વરૂપ માહાત્મ્ય બતાવ્યું છે.

(૫) પ્રભુનાં નામ અને સ્વરૂપનું માહાત્મ્ય જાણ્યા છતાં દીનતા ન હોય તો પ્રભુ તદીયપણાથી સ્વીકારે નહિ માટે દીનતા નવમા શ્લોકમાં બતાવી છે.

(૬) દશમા શ્લોકમાં સર્વ સામર્થ્ય પ્રભુના આશ્રય ઉપર છે એ પ્રમાણે વિનંતિ છે એમ કહે છે.

(૭) અગીઆરમા શ્લોકમાં શ્રીઆચાર્યજી આ સ્તોત્ર કૃષ્ણ સાન્નિધ્યમાં પઢવાથી તેનું ફળ જે કૃષ્ણાશ્રય તે સિદ્ધ થાય છે એમ શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે.

## ।। ચતુઃશ્લોકી ।।

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ અનુક્રમે પ્રાપ્ત થાય છે.

(૧) ધર્મ=ફરજ, આ જીંદગીમાં પોતાની ખરી ફરજો બજાવવાથી પોતાને જે પદાર્થ મેળવવાની ઈચ્છા હોય તે પદાર્થ (અર્થ) પ્રાપ્ત થાય છે. ઈચ્છાપૂર્વક મળેલા પદાર્થના ભોગથી કામ (ઈચ્છા) પૂર્ણ થાય છે. કામ પૂર્ણ થયા બાદ મનની વૃત્તિ નિષ્કામ થાય છે. જ્યારે નિષ્કામ વૃત્તિ થઈ એટલે મોક્ષનો માર્ગ ખુલ્લો થાય છે.

(૨) જેટલી ધર્મ (ફરજ) બજાવવાની ઓછી સમજણ હોય છે, અને તે અમલમાં મૂકવામાં જેટલી કપટબુદ્ધિ હોય છે; તે પ્રમાણે ઉત્તરોત્તર અર્થ અને કામ પણ અપૂર્ણ અને મલિન પ્રાપ્ત થાય છે, જેથી છેવટ સુધી કામ પૂર્ણ થઈ નિષ્કામ થવાતું નથી, જેથી મોક્ષને રસ્તે ચઢાતું નથી.

(૩) આપણી જીંદગીમાં આપણે બજાવવાના જે ધર્મો છે, તે એટલા બધા છે કે કેટલેક પ્રસંગે તેમાંથી એક ધર્મ બજાવતાં બીજા ધર્મ (ફરજ)ને હાનિ પહોંચે છે, આથી ઘણાને મોહ ઉત્પન્ન થાય છે, જેથી ધર્મના ખરા સ્વરૂપથી અજ્ઞાન રહી ચારે પુરુષાર્થમાંથી ભ્રષ્ટ થાય છે.

(૪) શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ ધર્મ (ફરજ)ની બાબતમાં મોહ ઉત્પન્ન ન થાય માટે દરેક જિજ્ઞાસુને આ બાબતમાં બોધ આપ્યો કે ''ધર્માધર્માગ્રદર્શનમ્'' આગળથી ધર્મ અને અધર્મનું દર્શન કરવું. આ વિવેક દરેક ધર્મ બજાવતાં યાદ રાખવો. જે કાર્યમાં ધર્મ વિશેષ અને અધર્મ ઓછો માલૂમ પડે તે કાર્ય જરૂર પ્રસંગે કરવું, પણ જે કાર્યમાં ધર્મ ઓછો અને અધર્મ વિશેષ માલૂમ પડે તે કાર્ય સર્વથા ન કરવું. જે કાર્યમાં અધર્મની છાયા ન જ હોય તે તો અવશ્ય કરવું, પણ તે કાર્ય પ્રભુ કાર્ય છોડીને તો ન જ કરવું.

(૫) કોઈ જાતનો ધર્મ બજાવતાં તેમાં પોતાની આસક્તિ ન રાખવી, અને કશા ફળની ઈચ્છા પણ ન રાખવી, એ પ્રમાણે વર્તવાથી મોહ ઉત્પન્ન થવાનો સંભવ રહેશે નહિ.

(૬) સ્મૃતિકારોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહેલા છે તે ગૌણ છે, અને વેદમાં બતાવેલા ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ મુખ્ય છે, માટે વેદના રહસ્યપુરૂપ મુખ્ય પુરુષાર્થનું ભાન કરાવવા ચતુઃશ્લોકી ગ્રન્થ બનાવ્યો છે. આ બતાવેલ પુરુષાર્થોમાં મન એટલું બધું પરોવવું કે ગૌણ પુરુષાર્થમાં કશો મોહ ઉત્પન્ન થવા અવકાશ જ ન રહે.

(પુષ્ટિભક્તિમાર્ગીય ધર્મપુરુષાર્થ તે તો વ્રજાધિપનું ભજન)

**સર્વદા સર્વ-ભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।।**
**સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન।।૧।।**

**અર્થ :** હમેશાં સર્વ ભાવવડે વ્રજાધિપ ભજનીય છે, પોતાનો એ જ ધર્મ છે, ક્યારે અને કોઈ જગ્યાએ પણ અન્ય ધર્મ નથી.

(૧) સર્વ ભાવ-આપણા મનમાં પ્રેમની જે લાગણી રહેલી છે તેને ભાવ કહે છે. આ પ્રેમ એટલે ભાવ પુરપૂરો પ્રભુમાં જોઈએ, પરંતુ પ્રભુમાં વિસ્મરણને લીધે એ પ્રેમ લૌકિકમાં જોડાયેલો છે. ફરીથી એ પ્રેમ લૌકિકમાંથી કાઢી પ્રભુપ્રત્યે જોડવા માટે લૌકિકમાં જે જે વસ્તુમાં પ્રેમ લાગેલો હોય તે તે વસ્તુ સહિત તે પ્રેમ ભગવાનમાં જોડવો.

(૨) વ્રજાધિપ (વ્રજ-ગાયોને રાખવાનું સ્થળ, નિઃસાધન જીવોને રહેવાનું સ્થળ, લૌકિક ત્યાગપૂર્વક રહેવાનું સ્થળ.)

જે જે જીવો લૌકિક ત્યાગપૂર્વક પ્રભુને મળવામાં નિઃસાધન છે તેમના અધીન એટલે સર્વ પ્રકારે પાલન કરનાર, નિઃસાધન જીવોનું સર્વ રીતે રક્ષણ કરનાર.

(૩) ભજનીય-સેવા કરવા યોગ્ય.

સેવા-પોતાના કંઈ પણ સુખની અપેક્ષા વગર ફક્ત પ્રભુનું સુખ વિચારીને કાયાની ગતિ જ્યાં જ્યાં થાય, એ સર્વ સેવા છે.

(૪) ધર્મ-ફરજ, કર્તવ્ય આ જીંદગીમાં જે કર્તવ્ય છે તે.

ધર્મ અનેક રીતે વર્ણવાય છે. પણ ધર્મનું છેવટ લક્ષ્યબિંદુ એટલે

ધર્મનું સફળપણું તો વ્રજાધિપનું સેવન જ છે. બીજા ધર્મો આ ધર્મ વિના નકામા છે. આ ધર્મ બજાવી શકાય તેને માટે સાધન દશામાં બીજા ધર્મો (બીજી ફરજો) સહાયકર્તા છે, પણ વ્રજાધિપના સેવન સિવાય બીજા ધર્મો પ્રભુપ્રાપ્તિમાં તો નકામા જ છે. (પરંતુ સેવાના અનઅવસરમાં બીજા ધર્મ ન છુટકે કરવા.)

(પુષ્ટિભક્તિમાર્ગીય અર્થપુરુષાર્થ તો પોતે શ્રીહરિ સ્વયં)

**એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।।**
**પ્રભુઃ સર્વ-સમર્થો હિ તતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।।૨।।**

**અર્થ :** ધર્મ બાબતમાં કહ્યા પ્રમાણે વ્રજાધિપનું સેવન સદા કરવું, અને ભક્તના અર્થ સંબંધી કાર્યો સર્વ સમર્થ પ્રભુ પોતે જ કરશે, તેથી નિશ્ચિન્તપણાથી રહેવું.

અર્થની બાબતમાં આલોક સંબંધી અને પરલોક સંબંધી પ્રભુ પોતાની ઈચ્છાથી કરશે, એવો વિવેક મનમાં રાખવો, અને નિશ્ચિત રહી પ્રભુ સેવા સ્મરણ કરવું. અર્થ બાબતમાં પોતાની કેવી સ્થિતિ થશે તે બાબતમાં નિશ્ચિન્ત રહેવું જે સ્થિતિમાં પ્રભુ રાખે તે વ્યાજબી જ છે, પોતાની તેવી સ્થિતિ યોગ્ય છે, એમ પ્રભુ ઈચ્છાને અનુકૂળ મન કરવું તે ભક્તિમાર્ગમાં અર્થ છે, અને આ જ અર્થ સર્વ અર્થમાં શ્રેષ્ઠ છે, કારણ બીજા સર્વ અર્થ અનિત્ય અને ક્ષણિક સુખ આપનાર છે, તેમજ સુખને બદલે દુઃખ પણ કરે છે, પરંતુ પ્રભુરૂપી આ અર્થ સુખસાગરને આપનાર છે. નિત્ય હોવાથી આનંદાત્મક છે.

(પુષ્ટિભક્તિમાર્ગીય કામપુરુષાર્થ તે તો શ્રીહરિના દર્શનની આર્તિ હૃદયમાં હોવી તે જ)

**યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।।**
**તતઃ કિમ્ અપરં બ્રૂહિ લૌકિકૈર્ વૈદિકૈર્ અપિ ।।૩।।**

**અર્થ :** જો શ્રીગોકુલાધીશ હૃદયમાં સર્વ પ્રકારે ધારણ કર્યા તો પછી લૌકિક

અને વૈદિક વડે પણ બીજું શું મેળવવાનું છે, તે તું કહે ?

કામ એટલે ઈચ્છા, પ્રીતિ, તેનું સ્થાન અંતઃકરણ છે. જે વસ્તુની તીવ્ર ઈચ્છા અંતઃકરણમાં થાય તે વસ્તુ અંતઃકરણમાં મુખ્ય સ્થાન ભોગવે છે. વિચાર કરતાં જણાય છે કે પ્રભુ સિવાય અન્ય તમામ વસ્તુ સદોષ છે, માટે સદોષ વસ્તુની કામનાથી અંતઃકરણ સદોષ થાય છે, માટે અંતઃકરણમાં સદોષ વસ્તુને જગ્યા ન આપતાં નિર્દોષ પ્રભુને જ સર્વ પ્રકારે ધારણ કરવામાં આવે તો પછી લૌકિક કે વૈદિક વડે બીજું શું ઈચ્છવા યોગ્ય છે ? કંઈ નહિ.

(પુષ્ટિભક્તિમાર્ગીય મોક્ષપુરુષાર્થ તે તો ભગવદ્‌ભજન-સ્મરણ-પરાયણ જીવન સિવાય બીજું કાંઈ જ નહિ)

**અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર-પાદયોઃ ।।**
**સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ ।।૪।।**

**અર્થ :** શ્રીગોકુલાધીશને હૃદયમાં ધારણ કર્યા પછી પણ સર્વ પ્રકારે રૂડી રીતે તેમના ચરણ કમળનું સ્મરણ અને સેવા કરવાનું છોડવાં નહિ. એમ મારી મતિ છે. (એ પ્રમાણે ભક્તિમાર્ગીય ચોથા પુરુષાર્થનું ઉત્તમ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી જણાવે છે.)

મર્યાદાનો મોક્ષ અક્ષર પ્રાપ્તિ છે પ્રભુ પોતે અક્ષરાતીત છે, માટે સર્વથી ઉત્તમ મોક્ષ તો અક્ષરાતીત પુરુષોત્તમના ચરણકમળની પ્રાપ્તિ છે. હૃદયમાં ધારણ થયેલ ગોકુલાધીશના ચરણકમળનું સ્મરણ સદા કરવાથી તે ચરણકમળ હૃદયમાં દઢ થાય છે, અને પછી સુદઢ થાય છે, એથી ઉત્તમ પછી કાંઈ નથી. આ બાબત ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં વિસ્તાથી બતાવેલ છે. શ્રીમહાપ્રભુજી અનન્ય દાસને આ અંતિમ (બહુજ બારીક) રહસ્ય બતાવી જણાવે છે કે ઉત્તમ દાસ તે જ સ્વામિનું સર્વસ્વ છે.

।। ઈતિ શ્રીમદ્‌વલ્ભાચાર્યવિરચિતા ચતુઃશ્લોકી સંપૂર્ણ ।।

**સારાંશ :**

(૧)લૌકિક ચાર પુરુષાર્થો ઋષિઓએ સ્મૃતિમાં વર્ણવેલ છે. તેના ચોથા

પુરુષાર્થનું વર્ણન શ્રીઆચાર્યજીએ બાલબોધમાં બતાવ્યું છે કે આ જગતના કામચારી અધિષ્ઠાતા દેવ, બ્રહ્મા, શિવ અને વિષ્ણુ છે તેમાં શિવ અને વિષ્ણુ મુખ્યત્વે અનુક્રમે ભોગ અને મોક્ષ આપે છે. આ મોક્ષ પોતાના સ્થાનનો જ સમજવો.

(૨)આ ગ્રન્થમાં જે ચાર પુરુષાર્થો છે તે અલૌકિક છે. મર્યાદા માર્ગમાં પણ પુરુષાર્થો છે તે અલૌકિક નથી પણ પારલૌકિક મોક્ષ કહેવાય છે. તેનો મોક્ષ અક્ષરમાં છે અને આ અલૌકિક મોક્ષ તો સર્વોપરિ પૂર્ણાનંદને હૃદયમાં પધરાવી તેમના ચરણનું સેવન કરવું તે જ છે.

(૩)વિષ્ણુ, નારાયણ પ્રકૃતિ પુરુષ, કાળ પુરુષ અને અક્ષરના પણ અવતારો કૃષ્ણ નામથી અમુક અમુક કલ્પમાં થયા છે વળી સારસ્વત કલ્પમાં પણ જે શ્રીકૃષ્ણ પ્રકટ થયા તેમાં પણ ચતુર્વ્યૂહ જે નારાયણ પ્રકૃતિ પુરુષ કાળ અને અક્ષરરૂપ અનુક્રમે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ એ રીતે ચાર વ્યૂહ સહિત રસાત્મક, પુરુષોત્તમનું પ્રાકટ્ય થયેલ છે. તેમાં રસાત્મક શ્રીકૃષ્ણનું રાસલીલાનું જે શૃંગારાત્મક સ્વરૂપ, તેમનું જ ભજન એ અલૌકિક ધર્મ છે. તે જ સ્વરૂપ ભક્તનું નિજેચ્છાથી સર્વ કરશે એમ માનવું તે અલૌકિક ધર્મ, તે જ સ્વરૂપ જે હૃદયમાં ધારણ કર્યા પછી તેમના ચરણનું સેવન કરવું તે જ અલૌકિક ફળાત્મક મોક્ષ કહેલ છે. સેવાફળમાં કહ્યા મુજબ ત્રણ ફળ પૈકી અધિકાર મુજબ ફળ મળે છે.

## ।।ભક્તિવર્ધિની।।

(દઢ બીજભાવવાળા[૬] પુષ્ટિજીવોમાટે ભક્તિની ફળાત્મક પ્રવૃદ્ધિનો ઉપાય)

**યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ।।**

**બીજ-ભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણ-કીર્તનાત્[૬] ।।૧।।**

**અર્થ :** જે પ્રમાણે ભક્તિનો વધારો થાય તેનો ઉપાય બતાવાય છે. બીજભાવ

દઢ થવાથી ભક્તિનો વધારો થાય છે, અને બીજભાવની દઢતા, (૧)ત્યાગ. (અહંતા મમતાનોત્યાગ) અને (૨)શ્રવણ કીર્તનથી થાય છે.

ભક્તિ શબ્દનો અર્થ ''માહાત્મ્યજ્ઞાનપૂર્વન્તુ સુદઢઃ સર્વતોધિકઃ સ્નેહો ભક્તિઃ'' માહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વથી અધિક સુદઢ સ્નેહને ભક્તિ કહે છે. ભક્તિના બે અંગ છે, (૧)માહાત્મ્યજ્ઞાન, (૨)સુદઢ સર્વથી અધિક સ્નેહ.

પ્રભુનું માહાત્મ્ય જાણ્યાવગર તેમાં સુદઢ સ્નેહ થતો નથી. જે પ્રમાણમાં પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થાય તે પ્રમાણમાં પ્રભુ પ્રત્યે સ્નેહ પણ વધતો જાય. જે પ્રમાણમાં સ્નેહ વધે તે જ પ્રમાણમાં ભક્તિ વધેલી ગણાય છે.

પ્રભુનું માહાત્મ્ય શ્રવણકીર્તનથી થાય છે, અને પ્રભુમાં સ્નેહ લૌકિકમાં ત્યાગની લાગણીથી થાય છે. આ બેથી બીજભાવ દઢ થાય છે.

બીજભાવ દઢ થયા વગર વૃક્ષ થતું નથી. ખેતરમાં વાવેલ ઘણાં બીજો નકામાં જાય છે, કારણકે તે જમીનમાં ઉપલક રહેલાં હોય છે. જમીનમાં જે ભાગમાં ભીનાશ રહેલી હોય ત્યાં સુધી બીજ પહોંચ્યું ન હોય, તો તે બીજ નકામું જાય છે; તેમજ જે શ્રવણકીર્તન મનમાં રહેલી પ્રેમની લાગણી સુધી પહોંચતું નથી, તે ભક્તિ ઉત્પન્ન કરતું નથી.

શંકા-વ્રજમાં ગોપીજનો વગેરેએ શ્રવણકીર્તન ક્યારે કર્યું હતું ? છતાં તેમને કેમ સુદઢ ભક્તિ થઈ હતી ?

સમાધાન-ગોપીજન શ્રુતિની ઋચાઓ જ મુનષ્યરૂપે અવતરી હતી. શ્રુતિની ઋચાઓ સાક્ષાત્ પ્રભુના માહાત્મ્ય જ્ઞાનસ્વરૂપ જ છે, જેથી તેમને પ્રભુનું માહાત્મ્ય રગેરગે હતું; તેમજ ઋષિરૂપા ગોપીજનોએ પણ પૂર્વજન્મમાં પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન મેળવ્યા પછી સ્તુતિ કરતાં વરદાન મળવાથી ગોપીજન થએલ હતી. પૂર્વજન્મમાં વિશેષ માહાત્મ્યજ્ઞાન અને તેથી વધેલા સ્નેહને લીધે હાલ પણ ઘણાને નાની ઉમરમાંથી પ્રભુમાં ઘણો સ્નેહ હોય છે, અને લૌકિકમાં ત્યાગવૃત્તિ હોય છે. આપણામાં લૌકિકતા ગઈ નથી

તેથી માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ હ્રદયમાં સ્થિર થયાં નથી, એમ સમજી લૌકિક ત્યાગવૃત્તિપૂર્વક શ્રવણકીર્તન માટે કાળજી રાખવી.

(અદઢ બીજભાવવાળામાં અવ્યાવૃત્ત[ખ/૧] અને વ્યાવૃત્ત[ખ/૨] પુષ્ટિ- જીવોમાટે ભક્તિની ફલાત્મક પ્રવૃદ્ધિના ઉપાયો )

**બીજ-દાર્ઢ્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।।**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ[ખ/૧] ।।૨।।**
**વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા[ખ/૨] ।।**

(અદઢ બીજભાવવાળા વ્યાવૃત્ત[ખ/૨] જીવને શ્રવણાદિ કરવાથી સાંસારિક રાગનો વિનાશક ભગવત્પ્રેમ[ય], ઘરમાં અરુચિ વધારનારી ભગવદાસક્તિ[ર] તથા વ્યસનદશા[લ] સિદ્ધ થાય છે. આમ બીજભાવના દઢ[વ] થવાથી ભક્ત કૃતાર્થ થઈ જાય છે )

**તતઃ પ્રેમ[ય] તથાસક્તિઃ[ર] વ્યસનં[લ] ચ યદા ભવેત્ ।।૩।।**
**બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે દઢં યન્ નાપિ નશ્યતિ[વ] ।।**

**અર્થ :** (બીજની દઢતાનો પ્રકાર કહે છે.) સ્વધર્મપણાથી ઘરમાં રહીને સેવાવડે અને શ્રવણાદિક વડે લૌકિક કાંઈપર વ્યવહાર વગરના થઈ કૃષ્ણને ભજે તેથી પ્રેમ થાય, પછી આસક્તિ થાય અને છેવટે વ્યસન થાય.

અથવા- સ્વધર્મપણાથી ઘરમાં રહીને લૌકિક વ્યવહાર થોડો ઘણો કરતાં છતાં હરિમાં ચિત્ત રાખી શ્રવણ અને સેવામાં હમેશાં પ્રયત્નવાળો રહે, જેથી પ્રેમ થયા પછી આસક્તિ અને છેવટે વ્યસન થાય.

આ બંને ઉપાયમાં પહેલો વધારે ચડીઆતો છે, તેમાં પ્રભુના ઉપર દઢ વિશ્વાસની જરૂર છે, તેમાં લૌકિક ગંધથી રહિત થઈ કૃષ્ણની સેવા અને શ્રવણ કરવાનું છે, જેથી પ્રેમ, આસક્તિ અને વ્યસન તાકીદે થાય છે. કારણકે તેમાં દુઃસંગનો ઝાઝો સંભવ નથી, આવો દઢ વિશ્વાસ પ્રભુ પ્રત્યે ન હોય તો પહેલા પ્રકારની રીતે ન કરી શકવાથી બીજો પ્રકાર કહે છે. આ બીજા પ્રકારમાં દુઃસંગ થવાના પ્રસંગ વધારે છે, માટે તેથી વધારે ડરતા રહેવાનું છે. વ્યવહાર

કરવા છતાં વ્યવહારના વખતમાં પણ ચિત્ત તો હરિમાં જ રાખવું, વ્યવહારમાં ચિત્ત પરોવી દેવું નહિ. હરિમાં ચિત્ત રાખી વ્યવહાર કરવાથી દુ:સંગ બહુ બાધા કરતો નથી. કેમકે વ્યવહારમાં જે દુ:સંગ થાય છે તેમાં ચિત્ત ન જોડવાથી તેનાપર પ્રેમ થતો નથી. જે વસ્તુમાં પ્રેમ થાય છે તે ગુણ કે બાધ કરનાર થાય છે. આ દુ:સંગને દુ:સંગરૂપે જાણી વ્યવહારના રૂપમાં ન છૂટકે પ્રસંગ પડવાથી તે બહુ બાધા કરતો નથી, જો કે કાંઈક તો બાધા કરનાર થાય છે, તેથી જ અવ્યાવૃત્તિને વ્યાવૃત્તિ કરતાં શ્રેષ્ઠ કહી છે.

જ્યારે પ્રભુમાં વ્યસન થાય છે ત્યારે બીજભાવ દઢ થયો કહેવાય છે, ત્યાર પછી તે કોઈથી નાશ પામતો નથી, એટલે બીજાના સંસર્ગથી હેઠો પડતો નથી.

**સ્નેહાદ્ રાગવિનાશઃ[૫] સ્યાદ્ આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ[૨] ।।૪।।**
**ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે ।।**
**યદાસ્યાદ્ વ્યસનં[૯] કૃષ્ણે કૃતાર્થઃ[૧] સ્યાત્ તદૈવહિ ।।૫।।**

**અર્થ :** સ્નેહથી અન્ય વસ્તુમાંથી પ્રીતિનો નાશ થાય છે. આસક્તિથી ઘરમાં અરુચિ થાય છે, વળી ઘરમાં રહેનાર સ્ત્રીપુત્રાદિક મને બાધક છે એવો અભાવ ઉત્પન્ન થાય છે, અને તેમાં અનાત્મપણું એટલે પોતાના નથી એવું જણાય છે. જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય છે ત્યારે તે કૃતાર્થ થાય છે.

પ્રભુમાં સ્નેહ વધારવામાં ત્રણ બાધક છે :

(૧) પ્રભુ સિવાય બીજી વસ્તુમાં સ્નેહ.

(૨) ઘરમાં આસક્તિ.

(૩) પ્રભુ વિના કાળ નિર્વાહ.

જ્યારે પહેલો દોષ દૂર થાય ત્યારે પ્રભુમાં પ્રેમ થાય છે. જ્યારે પહેલો અને બીજો દોષ દૂર થાય છે ત્યારે પ્રભુમાં આસક્તિ થાય છે, અને જ્યારે ત્રણે દોષ દૂર થાય છે ત્યારે પ્રભુમાં વ્યસન થાય છે.

પાછળ કહેવામાં આવ્યું છે કે ત્યાગ (લૌકિક ત્યાગ) અને

શ્રવણકીર્તનથી બીજભાવ દઢ થાય છે, તેમાં ત્યાગનું લક્ષણ જણાવવા માટે ૨-૩-૪ અને ૫ માં શ્લોકમાં જણાવવામાં આવ્યું છે, જ્યારે વ્યસન સુધી જીવ પહોંચે ત્યારે જ ત્યાગ થયો ગણાય. શ્રવણકીર્તન પણ વચમાંની અવસ્થામાં આવો ત્યાગ થવામાં મદદકર્તા છે. શ્રવણકીર્તન વિના આવો ત્યાગ સિદ્ધ થતો નથી. આવો ત્યાગ થતાં બીજભાવ દઢ થયો ગણાય છે.

પ્રભુમાં વ્યસન થયા બાદ તેને દુઃસંગ નીચે પાડવા સમર્થ થતો નથી, પણ ભક્તિનું દઢ થયેલ બીજ વૃક્ષરૂપ થવામાં તો દુઃસંગ બાધક જ થાય છે. જેમ કેટલાક છોડને ઉપરથી છેદી નાંખીએ તો પણ વારંવાર ફુટી વધે છે, તેમ બીજ દઢ થયા પછી તેનું દુઃસંગ વડે છેદન થાય તો બીજને કાંઈ બાધ આવતો નથી, પણ તે દઢ થયેલ બીજ વૃક્ષરૂપ થઈ શકતું નથી, માટે વ્યસન થયા પછી પણ દુઃસંગથી ડરતા રહેવું જોઈએ.

પ્રભુમાં વ્યસન થાય ત્યાં સુધી ઘરમાં રહી પ્રભુસેવા કરવાની આજ્ઞા છે, પરંતુ જ્યારે પ્રભુમાં વ્યસન થાય, ત્યારે પ્રભુ સેવાનિમિત્તે પણ કુટુંબવાળા ઘરમાં રહે તે બાધક છે, તે બતાવે છે.

(ભગવાન્‌માં વ્યસનભાવવાળો પણ ભક્ત જો વ્યાવૃત્ત હોય તો ઘરમાં સદા-સર્વદા રહેવું ભક્તિભાવમાં ક્યારેક બાધક થઈ શકે છે તે કારણે ગૃહત્યાગની પ્રશંસા)

**તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।।**
**ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈક-માનસઃ ।।૬।।**
**લભતે સુદઢાં ભક્તિં સર્વતો-ડપ્યધિકાં પરામ્ ।।**

**અર્થ :** પ્રભુમાં વ્યસન દશા જેની થઈ હોય તેને તાદશી કહે છે. એવા ભગવદીને પણ હમેશાં ઘર વિનાશ કરનાર થાય છે, માટે ઘર ત્યાગ કરીને પ્રભુ જ એક અર્થ છે એવા મનવાળો પ્રભુ મેળવવા જ મહેનત કરે તે સર્વથી અધિક અને સર્વથી પર સુદઢ ભક્તિને મેળવે છે.

વ્યસન સુધીની દશા થયા પછી પ્રભુને જ મળવાનો તીવ્ર વિરહતાપ થાય, ત્યારે રાસપંચાધ્યાયિમાં પ્રભુ અંતર્ધાન થતાં પ્રભુ શોધવામાં

ગોપીજનની જે દશા થઈ હતી, તેવી દશા તાદશીની થાય, ત્યારે પ્રભુ સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ (દર્શન) કરાવે છે. આને સુદઢ ભક્તિ કહે છે.

બીજનું દઢપણું થવું, તે દઢભાવવાળી ભક્તિ છે. ત્યારબાદ આગળ વધવામાં દુઃસંગની બીક છે. પરંતુ જ્યારે સુદઢ ભક્તિ થઈ એટલે તેને કશાનો ભય નથી, એટલો દઢ અને સુદઢ ભક્તિમાં ફેર છે. દઢભક્તિ કરતાં સુદઢ ભક્તિનું અત્યંત વિશેષપણું છે.

પ્રભુમાં અત્યંત ભાવ વધારવાથી ઘર છૂટી જાય તે પ્રકાર કહ્યો. હવે અજ્ઞાનથી કોઈએ ઘર છોડી દીધું હોય, તો ત્યાર પછી તેણે શું કરવું કે જેથી તેનું કલ્યાણ થાય, તે કહે છે.

([૧]સંગદોષ અને અન્નદોષ નો ભય હોય તો ગૃહત્યાગનો અનુકલ્પઃ [૨]ભગવાનની સેવા-કથામાં પરાયણ ભગવદીયોની ન બહુ પાસે કે ન બહુ દૂર રહીને તેમની સાથે સેવા-પરિચર્યા અને કથાશ્રવણ માં તત્પર થવું)

**ત્યાગે બાધક-ભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથા-ઽન્નતઃ ।।૭।।**
**અતઃ સ્થેયં હરિ-સ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।।**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।**

**અર્થ :** અજ્ઞાનથી કરેલ ત્યાગમાં દુઃસંગથી અને અન્નદોષથી ઘણું બાધ કરનાર થાય છે, માટે તેણે હરિસ્થાનમાં રહેવું, અને ત્યાં પણ પ્રભુમાં તત્પર તદીયોની સાથે રહેવું. વધુ પરિચયથી ચિત્ત દોષવાળું થાય તેમ લાગે, તો જેમ ચિત્ત દોષવાળું ન થાય તેમ છેટે રહી દિવસનો કેટલોક ભાગ સત્સંગ કરવો.

અજ્ઞાનથી ત્યાગ કરેલાના શ્રેયનો ઉપાય બતાવાય છે, જેથી જ્ઞાન થયું ક્યારે કહેવાય, અને અજ્ઞાન કોને કહેવાય, તે પણ જાણવું જોઈએ.

ગીતાજીના ૧૩ માં અધ્યાયના ૬ થી ૧૧ સુધીના શ્લોકોમાં જ્ઞાન અને અજ્ઞાન સંબંધી નીચે મુજબ વર્ણન કર્યું છે.

જ્ઞાન- [૧]અમાનીપણું [૨]અદંભીપણું [૩]અહિંસા [૪]ક્ષમા [૫]સરળતા [૬]આચાર્યની ઉપાસના [૭]શુદ્ધિ [૮]સ્થિરતા [૯]ઈંદ્રિયોનો આત્મામાં નિગ્રહ

[10]ઈંદ્રિયોનો વિષય તરફ વૈરાગ્ય [11]અનહંકાર [12]જન્મ મૃત્યુ વૃદ્ધાવસ્થા વ્યાધિ વગેરે દુઃખોના દોષનો અનુભવ [13]પુત્ર, સ્ત્રી, ઘર વગેરેમાં અનાસક્તિ, [14]તેમનો અસંગ [15]ઈચ્છેલા અને નહિ ઈચ્છેલા પદાર્થોની પ્રાપ્તિમાં સર્વદા સરખા ચિત્તપણું [16]પ્રભુને વિષે અનન્ય યોગવાળી અવ્યભિચારિણી ભક્તિ, [17]એકાંત રહેઠાણ [18]જનસમૂહપર અપ્રીતિ [19]અધ્યાત્મજ્ઞાનમાં હમેશાં નિષ્ઠા અને [20]તત્ત્વજ્ઞાનના અર્થનું દર્શન-આનાથી વિરુદ્ધ તે અજ્ઞાન.

ઉપર બતાવેલાં જ્ઞાનનાં લક્ષણો છે, તે રહિત જે ઘરનો ત્યાગ કરે તે નિષ્ફળ છે, એટલું જ નહિ પણ વખત જતાં પાખંડી થાય છે. જેથી તેવા અજ્ઞાનીઓએ કરેલ ઘરત્યાગ પછી તેમની પાખંડી સ્થિતિ ન થાય તેટલા માટે શ્રીમહાપ્રભુજી ઉપાય બતાવે છે કે તેમણે હરિસ્થાનમાં રહી જેને પ્રભુમાં વ્યસન થયેલ હોય તેવા ખરા ત્યાગી જે તાદશી કહેવાય છે તેમની સાથે રહેવું, અને સાથે રહેવામાં ચિત્ત દોષવાળું થઈ જશે એવી બીક રહેતી હોય તો તેમનાથી છેટે રહી (બહુ દૂર નહિં અને બહુ પાસે નહિં) તેઓનો હમેશાં સંગ કરવો. જેમ ચિત્ત દોષવાળું ન થાય તેમ રહેવું, જેથી તેમનું કલ્યાણ થશે.

(સ્વગૃહમાં કે કોઈ સ્વકીયના ઘરમાં પણ ભગવત્સેવા-કથામાં જે પરાયણ હોય તેની ભક્તિનો નાશ ક્યારેય થતો નથી)

**સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્ દૃઢા ભવેત્ ।।**
**યાવજ્-જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્ મમ ।।૯।।**

**અર્થ :** પ્રભુની સેવા અથવા કથા બેમાંથી એકમાં અથવા બંનેમાં જેને જીવન પર્યંત દૃઢ આસક્તિ હોય, તેનો કોઈ જગ્યાએ નાશ નથી, એવી મારી મતિ છે.

નિવૃત્તિપરાયણ ભક્તોને ત્યાગ ભાવના થાય છે. તેમને માટે ભક્તિના વધારા માટે પ્રથમ કહેલું છે. પ્રવૃત્તિ પરાયણ ભક્તોને ત્યાગ ભાવના ન થતાં જીવનપર્યંત ઘરમાં રહી પ્રભુસેવા અને કથા અથવા બેમાંથી એકમાં દૃઢ આસક્તિ હોય તો તે દેહ પડ્યા પછી અવશ્ય કૃતાર્થ થાય છે.

નિવૃત્તિ પરાયણ ભક્ત જીવન ચાલતાં છતાં વ્યસન પર્યંત પહોંચીને

તે ઉપરાંત તીવ્ર વિરહદશાને પામી પ્રભુના સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ કરે છે, તેવી રીતે પ્રવૃત્તિ પરાયણ ભક્ત પહોચીં શક્તો નથી, પણ દેહ પડ્યા પછી, કૃતાર્થ થાય છે, એટલે જો લૌકિકમાંથી આસક્તિ તદ્દન નિકળી જઈ પ્રભુપરાયણ થઈ ગયે હોય તો સ્વાનંદ (ભગવદનુભવ)ને પામે છે, પરંતુ લૌકિક આસક્તિ અવશેષ રહી હોય તો ઉત્તમ ભગવદીયને ત્યાં જન્મ લઈ નિવૃત્તિપરાયણ થઈ સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ કરે છે.

સેવા અને કથા ઉપર પ્રીતિ હોય, પરંતુ ઘરમાં રહેવાથી મને બાધનો સંભવ છે, ઘરમાં રહેવાથી અનેક પ્રકારના ભોગમાં આસક્તિ થાય છે, માટે ઘર છોડવાથી તે આસક્તિ છૂટી જશે, એમ મનમાં આવતું હોય તેવાઓને માટે આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે :

(ભક્તિભાવના બાધની સમ્ભાવનામાં એકાન્તમાં વાસ કરવો ઈચ્છનીય નથી)

**બાધ-સમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઈષ્યતે ।।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।૧૦।।**

**અર્થ :** સેવા કરવામાં દઢતા ન હોવાથી ઉદ્વેગ થાય, અને ભોગમાં આસક્તિ હોય, તે સેવામાં બાધક છે, એવા બાધના સંભવથી મારાથી સેવા બરાબર થતી નથી માટે ઘર છોડીને કોઈ એકાંત સ્થળમાં રહી ભગવદ્ ભજન કરવાની ઈચ્છા થાય, ત્યાં આજ્ઞા કરે છે કે તેવી ઈચ્છાથી ઘરને ન છોડવું. એકાન્ત વાસ ઈષ્ટ નથી હરિ સર્વ ઠેકાણે રક્ષા કરશે તેમાં સંશય નહિ.

જેટલી બને તેટલી સેવા કરવી તથા કથામાં ચિત્ત પરોવવું, જેથી ભાવ વધતાં વધતાં ઉદ્વેગો અને ભોગની ઈચ્છાનો ક્રમેક્રમે નાશ થશે. સેવા અને કથામાં વિઘ્ન આવે તો પણ તે બંને છોડવાં નહિ, અને ભવિષ્યમાં ફલ મળશે કે નહિ તેવી શંકા કરવી નહિ.

જ્યાં સુધી ઉદ્વેગ અને ભોગનો સંભવ મનમાં છે, ત્યાં સુધી ઘર છોડવાથી તે સંભવ મટતો નથી. અધકચરી સ્થિતિમાંથી ઘર છોડવાથી ઉલટું એક ઘરને બદલે અનેક ઠેકાણે મન ચોંટે છે અને પાખંડ વધી જાય છે, માટે

નિવૃત્તિપરાયણ હોય તો જ વ્યસન પર્યંત દશા થયા બાદ વિરહનો અનુભવ કરવા માટે જ ઉપર કહ્યા પ્રમાણે ઘરનો ત્યાગ થઈ શકે. બાકી બીજી કોઈ રીતે ઘર છોડવામાં ઉલટું નુકસાન છે. મન દઢ રાખી ઘરમાં રહી સેવા અને કથા જીવન પર્યંત કરવી, તેમાં જે જે વિઘ્ન આવે તેથી હરિ રક્ષણ કરશે, એમ ભરોસો રાખવો.

ઉપર પ્રમાણે બધી રીતે ભક્તિના વધારાનો પ્રકાર કહી હવે ઉપસંહાર કરે છે.

(ગ્રન્થોપસંહાર અને ગ્રન્થના પાઠનું ફળ)

**ઈત્યેવં ભગવચ્-છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।।**
**ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ ।।૧૧।।**

**અર્થ :** એ પ્રમાણે વાણીમાં ન આવે પરંતુ ફક્ત અનુભવથી જાણવા લાયક ગૂઢ છે તત્ત્વ જેનું, એવું ભક્તિની વૃદ્ધિનું શાસ્ત્ર વર્ણવ્યું. આ શાસ્ત્રનો રૂડી રીતે અર્થ સમજીને પાઠ કરે તો તેને તેમ કરતાં કરતાં નિષ્પાપ અંતઃકરણ જ્યારે થાય ત્યારે પ્રભુમાં દઢ પ્રીતિ થાય. મતલબ કે અર્થ સહિત પાઠ કરવાથી મનમાં રુચિ થાય, તેથી કથા અને સેવામાં પ્રવૃત્તિ થાય, જેથી પ્રભુમાં દઢ પ્રીતિ થાય.

ઉપર પ્રમાણે આ ગ્રંથમાં મુખ્ય ચાર બાબત કહી.

(૧) ભક્તિના વધારાના ઉપાયમાં બીજભાવ દઢ જોઈએ, તે બીજભાવની દઢતા ત્યાગ (અહંતા, મમતા પ્રાકૃત ચીજ અને તેને વિષેનો) અને શ્રવણકીર્તનથી થાય છે. પ્રભુમાં પ્રેમ થયા પછી આસક્તિ અને છેવટે વ્યસન થાય ત્યારે ત્યાગ થયો કહેવાય.

(૨) અજ્ઞાનથી ઘર છોડી નીકળી પડેલાને ભક્તિનો વધારો થવા હરિસ્થાનમાં તાદશીની સાથે ચિત્ત દોષવાળું ન થાય તેવી રીતે રહેવા આજ્ઞા કરેલ છે.

(૩) ઘરમાં રહી કાંઈક લૌકિક આસક્તિ છતાં સેવા અને કથામાં પ્રીતિ હોય તેવા પ્રવૃત્તિપરાયણ ભક્તો દેહ પડ્યા પછી કૃતાર્થ થાય છે.

(૪) લૌકિકમાં આસક્તિ છતાં સેવા કથામાં તે બાધક હોવાથી તેમાંથી બચવા માટે ઘર છોડવું નહિ પણ નિઃશંક બની બને તેટલું સેવા કથામાં મન જોડવું એવી શિક્ષા છે.

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતા ભક્તિવર્દ્ધિની સંપૂર્ણ ।।

## ॥ જલભેદઃ ॥

કેટલાક કહે છે કે જગતમાં ગમે ત્યાં બેસવું ઉઠવું, અને જેની સાથે બેસ ઉઠ થાય તે માણસ પાસેથી સારનું ગ્રહણ કરવું, અને અસારનો ત્યાગ કરવો, સારું બધેથી ગ્રહણ કરવું.

તેમનું આ કહેવું વ્યાજબી છે, એમ ઉપર ઉપરથી વિચાર કરતાં જણાય છે, પણ લગાર વધારે વિચાર કરવાથી જણાશે કે જો ગમે તેની પાસે બેસી સારનું જ ગ્રહણ થઈ અસારનો ત્યાગ કરવા બની શક્તું હોય, તો દરેક સ્થળે સત્સંગનો મહિમા મોટો ગણેલો છે અને દુઃસંગનો ત્યાગ કરવા કહેલ છે, તેમ કહેવાની જરૂર રહે નહિ.

એક માણસને બીજાના ગુણ અને દોષ બંનેનો ઓછો વધતો કાંઈક સંગ લાગે છે જ. ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં કહ્યા પ્રમાણે વ્યસન સ્થિતિ થયા છતાં સંગ કાંઈક બાધક થાય છે, તો બીજાની શી વાત કરવી. જ્યારે ભગવત્ સાક્ષાત્કાર થાય એટલે સુદઢ ભક્તિ થાય. એવી સ્થિતિ થાય ત્યાં સુધી સંગની શુભ અશુભ અસર ઓછા વધતા પ્રમાણમાં થાય છે, માટે ભગવાન સંબંધી શ્રવણ કોની પાસેથી કરવું, અને કોની પાસેથી શ્રવણ કરવું બાધક છે, તે માટેની શંકા દૂર કરવા શ્રીમહાપ્રભુજીએ વક્તાના ભેદ બતાવવા આ જલભેદ નામે ગ્રન્થ કરેલો છે.

(''કૂપ્યાભ્યઃ સ્વાહા... સર્વાભ્યઃ સ્વાહા'' (તૈત્તિ.સંહિ.૭।૪।૧૨) વચનમાં જે કુલ વીસ પ્રકારના જલના ભેદો વર્ણવાયા છે તેમની માફક ભગવત્કથા કરનારાઓના

પણ અપ્રકીર્ણ[૧-૧૯] =વર્ગીકૃત અને વિપ્રકીર્ણ [૨૦] =અવર્ગીકૃત ભાવો કહી શકાય છે. આમ બે જે મુખ્ય ભેદો તે પૈકી અપ્રકીર્ણભાવો઼ દ્વ વિષયાસક્ત[ક] પ્રવચનકર્તાઓના ભાવો[(૧-૫)] મુમુક્ષુ[ખ] પ્રવચનકર્તાઓના ભાવો[(૬-૧૮)] વિમુક્ત[ગ] પ્રવચનકર્તાઓના ભાવો[૧૯] આમ ત્રિવિધ હોય છે. આમાં વિપ્રકીર્ણ ભાવો[૨૦]ના ઉપભેદો અપરિગણિત છે )

**નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્ ।।**
**ભાવાન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસન્દેહ-વારકાન્ ।।૧।।**
**ગુણ-ભેદાસ્તુ તાવન્તો યાવન્તો હિ જલે મતાઃ ।।**

**અર્થ :** શ્રીહરિને નમન કરીને તેમના ગુણોના ભેદ કરનાર અને સર્વ સંદેહને મટાડનાર ૨૦ પ્રકારના ભાવ કહું છું.

જલ પ્રવાહી રસરૂપ છે તેમજ ભાવ પણ પ્રવાહી રસરૂપ છે, ગુણ અને પાત્રભેદથી જલ જુદી જુદી અસરવાળું હોય છે, તે જ મુજબ ભાવ પણ જુદી જુદી અસરવાળો હોય છે. જેટલા જળના ભેદ શ્રુતિમાં પ્રતિપાદન કરેલા છે, તેટલા ભેદ ગુણના પણ છે.

આ ભાવ પુરુષોના પ્રત્યેનો છે, જેથી જલના ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ અને અધમપણાની પેઠે માણસોનો પુરુષોત્તમ પ્રત્યે કયો ભાવ ઉત્તમ છે, કયો ભાવ મધ્યમ છે, કયો ભાવ કનિષ્ઠ છે અને કયો ભાવ અધમ છે, તે ૨૦ પ્રકારના મુખ્ય ભેદવડે બતાવ્યું છે.

જલના ૨૦ પ્રકારના મુખ્ય ભેદ વેદમાં બતાવેલા છે, તે મુખ્ય ભેદના બીજા અવાંતર ભેદ પણ છે, તેમજ ગુણના પણ મુખ્ય ૨૦ ભેદ બતાવી જલના દૃષ્ટાંતથી આવાંતર ભેદ (પેટા ભેદ) બતાવેલા છે.

હવે ૨૦ પ્રકારના ભાવો જલના દૃષ્ટાંથી બતાવે છે.

(''કૂપ્યાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા વિષયાસક્ત પ્રવક્તાનો અનિન્દ્ય[ક-૧] ભાવ )

**ગાયકાઃ કૂપસંકાશા 'ગન્ધર્વા' ઈતિ વિશ્રુતાઃ ।।૨।।**
**કૂપભેદાસ્તુ યાવન્તસ્ તાવન્તસ્ તેઽપિ સમ્મતાઃ ।।**

**અર્થ :** ગાયન કરનાર જે ગંધર્વ નામે પ્રસિદ્ધ છે, તેનો ભાવ કુવાના જલ જેવો છે. કુવાના જલના જેટલા ભેદ છે, તેટલા ગાયન કરનારના પણ છે.

**કુવાના જલના ગુણ.**

(૧) શિતકાળમાં ઉષ્ણ.

(૨) ઉષ્ણકાળમાં શિતળ એટલે તાપને દૂર કરવાપણું.

(૩) વાપરવાથી શુદ્ધ રહેવાપણું.

**કુવાના જલમાં ભેદ.**

(૧) સ્વાદમાં ફેરવાળાં, ખારો, ફીકો, મીઠો, કડુચો, વગેરે.

(૨) પરિણામમાં કોઈ સુખદાઈ અને કોઈ દુઃખદાઈ હોય છે.

**ગાયકોના ગુણ.**

(૧) જડ પુરુષની જડતાન મટાડવાપણું.

(૨) સંસારના તાપથી તપ્ત થયેલાના તાપને નિવૃત્ત કરવાપણું.

(૩) ગાન કરવાથી ભાવમાં વધવાપણું.

**ગાયકોના ભેદ.**

(૧) કોઈનો પુરુષોત્તમ પ્રત્યે ભાવ, કોઈનો વિભૂતિ પ્રત્યે, કોઈનો ગુણાવતાર પ્રત્યે, એમ ભાવ પરત્વે ગાન કરનારા.

(૨) સત્વાદિક ગુણ ભેદે કરીને કોઈ અકામ, કોઈ મોક્ષ કામ કોઈ સ્વર્ગકામ અને કોઈ આ લોકની કામનાવાળા હોય છે.

(''કૂલ્યાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળજેવા વિષયાસક્ત પ્રવક્તાનો નિન્દ્ય[૬-૨] ભાવ)

**'કુલ્યાઃ' પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ ।।૩।।**

**અર્થ :** પૃથ્વી ઉપર પરંપરાયુક્ત નહેરના જલના ભાવ જેવા પૌરાણિક છે.

(૧) નદી કે બીજા મોટા જળાશયથી નહેરની પરંપરા હોય છે.

આ સિવાયના પુરાણીઓ ભાગવત વગેરેમાં ભાષાંતરો (સમાધિભાષા, પરમતભાષા, લૌકિકભાષા) અર્થ અનેક પ્રકારની પ્રભુની

લીલાની ભાવના સમજ્યા વગરના હોય છે તે વક્તા શ્રોતાનું કાંઈ હિત કરી શકતા નથી.

(૨) નહેરનું પાણી કાયમ વહેતું હોય તો શુદ્ધ રહે છે.

(૩) પરંપરાયુક્ત વહેતું પાણી નહેરને શુદ્ધ રાખવામાં ઉપયોગી છે.

૧.પુરાણોના ખરો અર્થ રાખવા માટે પરંપરાથી સદ્‌ગુરુ પાસે ખરા અર્થને ભણેલા હોવા જોઈએ.

૨.પુરાણી ભાગવતાદિનો હમેશ પાઠ કરવાનો નિયમ રાખે તો જ ભાવનો ઉદય રહે છે.

૩.પરંપરાથી શીખેલ અને હમેશ પાઠ કરનારનો બોધ બીજાને ઉપયોગી છે.

(''વિકર્યાભ્યઃ સ્વાહા''આ વચનમાં કહેલા જળ જેવા વિષયાસક્ત પ્રવક્તાનો નિન્દ્ય[૬-૩] ભાવ)

**ક્ષેત્ર–પ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિ–હેતવઃ ।।**

**અર્થ :** ક્ષેત્રમાં પ્રવેશ થયેલા તેઓ સંસારની ઉત્પત્તિના કારણરૂપ છે.

(૧) નહેરનું જળ ખેતરમાં પ્રવેશ કરવાથી નવું ધાન્ય ઉત્પન્ન કરવાને સમર્થ છે.

(૨) ખેતરમાં ગયેલું જળ શિષ્ટાચારમાં ઉપયોગી નથી.

(૧) પુરાણીઓ જો સ્ત્રી પુત્રાદિ કુટુંબના પોષણ માટે વાચન કરે અને અંતરમાં ભાવ ન હોય તો સંસારની ઉત્પત્તિના કારણરૂપ છે.

(૨) પુરાણીઓનું તેવા ભાવવાળું વાંચન ભગવદ્ ભાવને વધારનાર થતું નથી, પણ કહેનાર અને સાંભળનાર બંનેને સંસારમાં પાડે છે.

(''અવટ્યાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા વિષયાસક્ત પ્રવક્તાનો નિન્દ્ય[૬-૪] ભાવ)

**વેશ્યાદિ–સહિતા મત્તા ગાયકા 'ગર્ત'સંજ્ઞિતાઃ ।।૪।।**

**અર્થ :** ગાયન કરનાર જો વેશ્યાદિયુક્ત મદમાં મત્ત થયેલો હોય તો તેમનો ભાવ ગર્ત (ખાડા)ના જલ બરાબર છે.

(૧) કપિલદેવજીએ કહેલ છે કે વેશ્યા અગર બીજી સ્ત્રીનો સંસર્ગ કરવાવાળાને જેવો મોહ તથા બંધ થાય છે, તેવો મોહ અને બંધ બીજાને થતો નથી.

(૨) સ્ત્રીના પ્રસંગવાળો ક્વચિત્ પ્રભુ ભજનનો ડોળ કરે છે, પણ ખરી રીતે તેને સ્વામીસેવક ભાવનું અનુસંધાન રહેતું નથી. (તેને વક્તા ન કરવો, તેનાં કીર્તન ન સાંભળવાં.)

(૩) સ્ત્રીના પ્રસંગવાળા ગાયકો શ્રીકૃષ્ણના ગુણનું ગાન તેમનું માહાત્મ્ય જાણીને કરતા નથી, પણ ઉત્તમ સ્વર અને ગીતને વશ થઈને પ્રભુના ગુણવાળા ગાયનોનું ગાન કરે છે માટે તેમનો ભાવ ખાડાના પાણી જેવો દોષવાળો ગણ્યો છે.

(''ખન્યાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા વિષયાસક્ત પ્રવક્તાનો નિન્દ્ય[ક-૫] ભાવ)

**જલાર્થમેવગર્તાસ્તુનીચાગાનોપજીવિનઃ ।।**

**અર્થ :** ગાયનથી જીવિકા ચલાવનાર નીચ માણસનો ભાવ એઠું પાણી ભરવાના ખાડા એટલે ખાળકુંડીના પાણી જેવો છે.

ખાળકુંડીનું પાણી જેમ સ્પર્શ કરનારને અશુદ્ધ કરે છે તેમજ ઉપજીવિકા યુક્ત ગાન કરનારનો ભાવ સાંભળનારને અશુદ્ધ કરે છે.

(''હ્રધાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા કર્મમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૬] નો ભાવ)

**'હ્રદા'સ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્-છાસ્ત્રતત્પરાઃ ।।૫।।**

**અર્થ :** ભગવત્શાસ્ત્રમાં તત્પર જે પંડિતો છે તેમનો ભાવ ધરાના જલની તુલ્ય છે.

ધરાનું જલ જેમ નિરંતર શીતળ હોય છે, અને બીજાથી મલિન થતું નથી, તેમજ પંડિતનો ભાવ સંસારના તાપથી તૃપ્ત થતો નથી, તેમજ કુતર્ક વગેરેથી સંશયવાળો થતો નથી.

(''સૂદ્યાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા કર્મમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૭] નો ભાવ)

**સન્દેહ-વારકાસ્તત્ર 'સૂદા' ગમ્ભીર-માનસાઃ ।।**

**અર્થ :** ગંભીર મનવાળા એટલે અંતર નિષ્ઠાવાળા તથા સંદેહને મટાડવાવાળા પંડિતોનો ભાવ સારા જલવાળા ધરાની બરોબર છે.

છટ્ઠા ભાવથી વિશેષ ભાવનું આ સાતમા ભાવમાં વર્ણન છે. છટ્ઠા ભાવવાળો પોતાથી નિશ્ચયવાન્ હોય છે, પણ બીજાથી શંકા સમાધાન કરવામાં નિપૂણ હોતો નથી અને આ સાતમા ભાવવાળો તો બીજાની શંકાનું પણ સમાધાન કરી શકે છે, એટલું વિશેષ છે.

(''સરસ્યાભ્યઃ સ્વાહા'' વચનમાં કહેલા જળ જેવા કર્મમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા [ખ-૮] નો ભાવ)

**'સરઃ'-કમલ-સમ્પૂર્ણાઃ પ્રેમ-યુક્તાસ્ તથા બુધાઃ ।।૬।।**

**અર્થ :** પ્રેમયુક્ત સંદેહ મટાડનારા પંડિતો કમળવાળા તળાવના જલની બરોબર ભાવવાળા છે.

સાતમા કરતાં પણ વધારે ચડીઆતો ભાવ બતાવ્યો છે. છટ્ઠા અને સાતમા ભાવવાળો પંડિત ફક્ત જ્ઞાની જ હોય છે, પરંતુ આ આઠમા ભાવવાળો તો જ્ઞાની સાથે ભક્ત પણ હોય છે તેમનો ભાવ કમળવાળા તળાવ જેવો કહેલ છે.

કમળવાળું તળાવ જોનારના તાપનો ત્યાગ દેખતાં જ નાશ થાય છે, તેમાં સ્નાન વગેરે કરવાથી વિશેષ તાપ નાશ પામે છે, તેમજ જ્ઞાનસહિત ભક્તના દર્શન માત્રથી પ્રથમ જોનારને શાંતિ થાય છે, પછી વાતચીત થતાં તમામ સંદેહ નિવારણ થઈ વિશેષ શાંતિ થાય છે.

("વૈશન્તીભ્યઃ સ્વાહા"વચનમાં કહેલા જળ જેવા કર્મમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૯]નો ભાવ)

**અલ્પ-શ્રુતાઃ પ્રેમયુક્તા 'વેશન્તાઃ' પરિકીર્તિતાઃ ।।**

**અર્થ :** પ્રેમયુક્ત પરંતુ શાસ્ત્રનું શ્રવણ થોડું કર્યું હોય, તેઓનો ભાવ નાનાં તળાવ સમાન છે.

નાનાં તળાવમાં વિશેષ પશુ વગેરેથી પાણી ડોળાયેલું થઈ જાય છે, તેમજ પ્રેમયુક્ત છતાં અલ્પ શ્રવણવાળાનો ભાવ દુઃસંગ વડે ડોળાઈ જાય છે, એથી તે શંકાશીલ બની જાય છે.

("પલ્વલ્યાભ્યઃ સ્વાહા"વચનમાં કહેલા જળ જેવા કર્મમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૧૦]નો ભાવ)

**કર્મશુદ્ધાઃ 'પલ્વલાનિ' તથા-ઽલ્પશ્રુત-ભક્તયઃ ।।૭।।**

**અર્થ :** કર્મ શુદ્ધ છતાં અલ્પશ્રુત અને અલ્પભક્તિવાળાનો ભાવ વિશેષ નાનાં તળાવ સમાન છે.

કર્મ શુદ્ધ છતાં અલ્પશ્રુત એટલે શાસ્ત્રનું શ્રવણ થોડું કરેલ હોય, તેમજ ભક્તિ થોડી હોવાથી કર્મ પ્રભુ અર્પણને માટે જ ન કરતાં લૌકિક પારલૌકિક કામનાથી કરવાની ઈચ્છા થવાથી અને સાધન બળનું અભિમાન થવાથી મનમાંનો ભાવ ક્ષુદ્ર (હલકો) હોય છે, અને અભિમાન વગેરેથી ડોળાઈ ગયેલો હોય છે, તેમજ દુઃસંગથી પણ તેનો ભાવ વિશેષ ડોળાઈ જાય છે, માટે ઉપરના નવમા ભાવથી પણ હલકો ભાવ હોય છે.

("વર્ષ્યાભ્યઃ સ્વાહા"વચનમાં કહેલા જળ જેવા જ્ઞાનમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૧૧]નો ભાવ)

**યોગ-ધ્યાનાદિ-સંયુક્તા ગુણા 'વર્ષ્યાઃ' પ્રકીર્તિતાઃ ।।**

**અર્થ :** યોગ અને ધ્યાન વગેરે યુક્તનો ભાવ વરસાદના જલની બરોબર છે.

વૃષ્ટિનું જલ તાપની શાંતિ કરનારું છે, તથા પૃથ્વી ઉપર વ્યાપ્ત થઈ

જાય છે, અને ક્ષેત્રાદિકમાં ધાન્ય ઉત્પન્ન કરે છે. તેમજ યોગધ્યાનયુક્ત યોગીનો ભાવ યોગ ધ્યાન કરતી વખતે સર્વ દેહ અને ઈંદ્રિયોમાં પ્રસરે છે, તેમજ સત્પાત્રને યોગાભ્યાસ કરાવે તો પોતાના ભાવ જેવો તેનો ભાવ પણ કરી શકે છે. (જે વિષય પોતે જાણતો હોય અને જેટલો શીખવે તેટલા પર્યંત જ લાભકારક નીવડે.)

(''સ્વેદજાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા જ્ઞાનમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૧૨] નો ભાવ)

**તપો-જ્ઞાનાદિ-ભાવેન 'સ્વેદજાસ્'તુ પ્રકીર્તિતાઃ ।।૮।।**

**અર્થ :** તપ (ઈંદ્રિયનિગ્રહ સિવાય ફક્ત દેહદમન) તથા આત્મજ્ઞાન તે જ બ્રહ્મજ્ઞાન માનનારા, તથા (આદિ પદવડે) વર્ણ અને આશ્રમના ધર્મના જ ભાવવાળા, એવા ભાવવડે યુક્ત પરસેવાના જલ જેવા છે.

જ્ઞાનને મોક્ષદાતા ઘણે ઠેકાણે વર્ણન કરેલ છે. તે જ્ઞાન શુદ્ધાદ્વૈત સમજવું (માયાવાદનું મિથ્યાજ્ઞાન એ નહિ) જ્ઞાન ભક્તિનું સાધક તથા મોક્ષદાતા છે, તે શુદ્ધાદ્વૈત જ્ઞાન છે. પરંતુ આત્મજ્ઞાન જે આ જીવ હું જ બ્રહ્મ છું એવું શબ્દવડે સમજનાર અભિમાની હોય છે, તેમજ વેદની અને લોકની મર્યાદાનો ઉલ્લંઘન કર્તા હોય છે. તેવી સમજથી સંસાર તાપ શાંત થતો નથી.

તેમજ તપ-પંચાગ્નિ વગેરેથી દેહદમન કરનારને પણ થોડીવાર શરીર શીતળતાનો ભાસ થાય છે પરંતુ ખરી રીતે તો ફક્ત દુઃખનો અનુભવ થાય છે. પરસેવો વળવાથી થોડી વાર શરીર શીતળ થયું હોય એવો ભાસ થાય છે, પરંતુ ખરી રીતે શીતળતા થતી નથી. તેવી રીતે તપ અને આત્મજ્ઞાનીના દુઃખની નિવૃત્તિ ખરી રીતે થતી નથી.

ફક્ત વર્ણ અને આશ્રમના ધર્મમાં કહેલી ક્રિયાઓ અનુક્રમે કરી જતો હોય, પરંતુ તેનું રહસ્ય સમજતો ન હોય અથવા સમજવાનો પ્રયત્ન પણ ન હોય, તેમજ તેની સાથે શુદ્ધ જ્ઞાન અને ભક્તિનો અંશ ન હોય, તો તે પ્રેમ વગરનો એટલે ભાવ વગરનો હોવાથી પરસેવાના જલની માફક તેનો ભાવ

ઘણો હલકો ગણાય છે.

(''હ્રાદુનીભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા જ્ઞાનમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૧૩]નો ભાવ)

**અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ ગુણાઃ ।।**
**કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ 'પતચ્છબ્દાઃ' પ્રકીર્તિતાઃ ।।૯।।**

**અર્થ :** અલૌકિક જ્ઞાનવડે વેદના શુદ્ધ અર્થ અને અભિપ્રાયને જાણનારા એવા ક્વચિત્ જણાતા ભક્તોથી હરિના ગુણનું વર્ણન કરનારાનો ભાવ પર્વતમાંથી પડતી જલધારાની બરોબર છે.

બારમા ભાવમાં શુષ્ક જ્ઞાનીનો કનિષ્ઠભાવ કહી આ તેરમા ભાવમાં વેદ પ્રતિપાદ્ય ઉત્તમ જ્ઞાનીનો ઉત્તમ ભાવ કહે છે. પર્વતમાંથી પડતી જલની ધારા નિર્મળ, શીતળ, મધુરતાવાળી, સ્નાન આચમન અને પાન કરવામાં મનોહર તેમજ તાપ મટાડવાવાળી છે, તેવું વિહિત અલૌકિકજ્ઞાનવાળાનું ભગવત્ ગુણગાન છે.

(''પૃષ્વાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા ઉપાસનામાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૧૪]નો ભાવ)

**દેવાદ્યુપાસનોદ્ભૂતાઃ 'પૃષ્વા' ભૂમેર્ ઈવોદ્ગતાઃ ।।**
**સાધનાદિ-પ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ।।૧૦।।**
**પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ 'સ્યન્દમાનાઃ' પ્રકીર્તિતાઃ ।।**

**અર્થ :** દેવાદિની ઉપાસનાથી ઉત્પન્ન થયેલ ભાવ ભૂમિથી ઉત્પન્ન થયેલ ઝાકળના જળ જેવો છે. સાધનાદિ પ્રકારવડે નવ પ્રકારની ભક્તિમાર્ગથી જેનો પ્રેમ પૂર્ણ હોય તેનો, અને તે વડે પ્રભુધર્મની સ્ફૂર્તિવાળાનો ભાવ પર્વતમાંથી નીકળતા ઝરણાની બરોબર છે.

ઝાકળનું જળ તૃષા વગેરેને મટાડી શકતું નથી. તેમજ દેવાદિની ઉપાસનાથી સંસાર તાપ (જન્મમરણનો ફેરો)મટતો નથી.

ઝાકળનું જળ ફક્ત થોડીવાર જળના ભાસવાળું રહે છે, તેમજ દેવાદિની ઉપાસનાથી થોડીવાર મન શાંત હોય તેવું લાગે છે.

ઝાકળનું જળ સૂર્યનો તાપ પડતાં થોડીવારમાં અદશ્ય થાય છે તેમજ દેવાદિની ઉપાસનાથી થયેલો ભાવ પણ સંસાર તાપ સહન ન થતાં તરત નાશ પામે છે.

અતિશય વર્ષાથી ઝરણાના જળનું વિશેષ વહેવું થાય છે અને ઓછાપણાથી ઝરણાનું ન્યૂનપણું થાય છે, તેવી જ રીતે સાધનબળ વધારે હોય ત્યારે ભાવના વધે છે અને સાધન ઘટે છે ત્યારે ભાવના ઘટે છે.

ભક્તિમાર્ગના પ્રથમ અધિકારીની આવી સ્થિતિ હોય છે. શ્રીગુસાંઈજી ભક્તિહંસગ્રન્થમાં આજ્ઞા કરે છે કે પ્રાથમિક એટલે ભક્તિમાર્ગમાં શરૂઆત થયેલી હોય, એવા તો ભક્તિના સાધનમાં પ્રવૃત્ત હોય છે, કેમકે તેમનો મર્યાદામાં અંગીકાર થયો છે, ત્યાર પછી પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થાય ત્યાં સુધી મર્યાદા અનુસાર સેવા કરે. સ્નેહ વધ્યા પછી પ્રભુસેવામાં બધા ઉપચાર સ્નેહપૂર્વક થાય, ત્યારે વિધિનું અપ્રયોજકપણું થાય છે.

(''સ્થાવરાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા ઉપાસનામાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૧૬] નો ભાવ)

**યાદશાસ્ તાદશાઃ પ્રોક્તા વૃદ્ધિ-ક્ષય-વિવર્જિતાઃ ।।૧૧।।**

**'સ્થાવરાસ્' તે સમાખ્યાતા મર્યાદૈક-પ્રતિષ્ઠિતાઃ ।।**

**અર્થ :** ઉપર કહ્યા તેવા સાધનનિષ્ઠ મર્યાદાવાળાના ભાવ વૃદ્ધિક્ષય વગરનો કેવળ મર્યાદામાં અંગીકાર છે, તેવાઓનો ભાવ સ્થાવર જળાશય જેવો છે.

આ સોળમો ભાવ પંદરમાંથી વધારે ચડતા છે. સ્થાવર જળાશય એટલે જેમાં વરસાદથી કે તાપથી પાણી વધતું ઘટતું નથી. એવા મહાન્ જળાશય જેવો પૂર્ણ પ્રેમવાળા મર્યાદાભક્તનો ભાવ છે. (જેવી રીતે કાંકરોલીમાં રાય સાગર છે.) આવા ભાવવાળાનો ભાવ સંસાર તાપથી કે કુતર્કથી ઓછો થતો નથી.

(''નાદેયીભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા ઉપાસનામાર્ગીય મોક્ષકામી પ્રવક્તા[ખ-૧૭] નો ભાવ)

**અનેક-જન્મ-સંસિદ્ધા જન્મ-પ્રભૃતિ સર્વદા ॥૧૨॥**
**સંગાદિ-ગુણ-દોષાભ્યાં વૃદ્ધિ-ક્ષય-યુતા ભુવિ ॥**
**નિરન્તરોદ્ગમયુતા 'નદ્યસ્' તે પરિકીર્તિતાઃ ॥૧૩॥**

**અર્થ :** અનેક જન્મવડે સારી રીતે સિદ્ધ અને જન્મથી જ લઈને હમેશાં સત્સંગ અને દુઃસંગને લીધે ગુણ અને દોષવડે પ્રેમની બુદ્ધિ અને ક્ષીણતાવાળા, અને નિરંતર જન્મ લેવાવાળાનો ભાવ નદીની તુલ્ય છે.

નદીનું જળ વૃષ્ટિવડે વધે છે, અને તાપથી ઘટે છે. વળી પર્વત અને આસપાસની જમીનના ગુણદોષવાળું હોય છે; તેવી જ રીતે ઉપર કહેલાનો ભાવ તપ, ધ્યાન અને સમાધિવડે પાપ ક્ષયદ્વારા શુદ્ધ થાય છે, અને સત્સંગદ્વારા વધે છે, તેમજ દુઃસંગવડે દોષને ઉત્પન્ન કરે છે.

(''સૈન્ધવીભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા ભક્તિમાર્ગીય મોક્ષકામી પ્રવક્તા [ખ-૧૮] નો ભાવ)

**એતાદશાઃ સ્વતન્ત્રાશ્ ચેત્ 'સિન્ધવઃ' પરિકીર્તિતાઃ ॥**

**અર્થ :** ઉપર કહેલા ૧૭ મા ભાવવાળા જો સ્વતંત્ર હોય એટલે મનની કોઈ પ્રકારની ઉપાધિ રહિત હોય, તો સમુદ્રને મળનાર મોટી નદી જેવા સમજવા.

મોટી નદીઓમાં વર્ષાવડે જળ વધારે હોય છે, તેમજ બહુ તાપ પડતાં પર્વતનો બરફ ઓગળીને તેનું નદીમાં મોટું પુર આવે છે, મતલબ કે મહાન્ નદીઓમાં બારે માસ પુષ્કળ જળ હોય છે, તે જ પ્રમાણે સ્વતંત્ર ભાવનાવાળાઓનો સત્સંગવડે કે દુઃસંગવડે ભાવ વધતો ઘટતો નથી, પરંતુ તેમની ભાવના સમુદ્રરૂપ પ્રભુને મળવામાં જ હોય છે. મહાન્ નદી જેમ સમુદ્ર મળવામાં અંતરાયરૂપ ડુંગર વગરેને ભેદીને સમુદ્રને મળે છે તેમજ સ્વતંત્રભાવવાળા પણ પ્રભુ મળવામાં અંતરાયરૂપ લૌકિક સુખ-દુઃખની ઉપેક્ષા કરી (અક્ષરધામને ભેદીને તેમાં રહેલા) પ્રભુના ચરણારવિંદને પામે છે.

("સમુદ્રીયાભ્યઃ સ્વાહા" વિમુક્ત વકતાઓના ભાવ ભગવાન્‌ના લોક-વેદપ્રસિદ્ધ, અપ્રસિદ્ધ કે ઉભયમિશ્રિત ગુણોનું વર્ણન કરવાવાળા ક્ષારદિ પાંચ સમુદ્રોના જલ જેવા પંચવિધ ભાવ[ગ-૧૯]. વિમુક્તોમાં પણ છઠા અમૃતસમુદ્ર જેવાં અતિ-ઉત્તમ પ્રવક્તાઓના ભાવો ભગવાનના સચ્ચિદાનન્દાત્મક અપ્રાકૃત ગુણોનાં વર્ણન કરવાના હોવાથી તેઓના અત્યુત્તમ ભાવ[ગ-૧૦] ને અમૃતોદધિના જલ જેવા સમજવા)

**પૂર્ણા ભગવદીયા યે શેષ-વ્યાસાગ્નિ-મારુતાઃ ॥૧૪॥**
**જડ-નારદ-મૈત્રાદ્યાસ્ તે 'સમુદ્રાઃ' પ્રકીર્તિતાઃ ॥**
**લોક-વેદ-ગુણૈઃ મિશ્ર-ભાવેનૈકે હરેર્ ગુણાન્ ॥૧૫॥**
**વર્ણયન્તિ સમુદ્રાસ્ તે 'ક્ષારાદ્યાઃ ષટ્' પ્રકીર્તિતાઃ ॥**
**ગુણાતીતતયા શુદ્ધાન્ સચ્ચિદાનન્દરૂપિણઃ ॥૧૬॥**
**સર્વાન્ એવ ગુણાન્ વિષ્ણોર્ વર્ણયન્તિ વિચક્ષણાઃ ॥**
**તે'ડમૃતોદાઃ' સમાખ્યાતાસ્ તદ્-વાક્-પાનં સુદુર્લભમ્ ॥૧૭॥**
**તાદશાનાં ક્વચિદ્ વાક્યં દૂતાનામ્ ઇવ વર્ણિતમ્ ॥**

**(અ) અર્થ :** શેષ, વ્યાસ, અગ્નિ, (શ્રીમહાપ્રભુજી) હનુમાન, જડભરત, નારદ, મૈત્રેય વગેરે જે ભગવદીયો છે તે સમુદ્રના જેવા ભાવવાળા છે. ચંદ્ર માથે આવતાં વૃદ્ધિ પામનાર દરિઓ. જેમ સમુદ્ર ચંદ્રને અનુકૂળ છે, તેમ ભગવદીયો પ્રભુની લીલામાં અનુકૂળ ભાવવાળા છે, તેમને પ્રભુની સેવા માટે જ દેહાદિની અપેક્ષા છે, પણ દેહાદિને માટે પ્રભુની અપેક્ષા નથી. આવા ભગવદીય રત્નાકરની તુલ્ય છે.

**(આ) અર્થ :** કેટલાક લોક વેદ અને મિશ્રભાવવડે હરિના ગુણનું વર્ણન કરે છે, તે છ પ્રકારના સમુદ્ર જેવા છે.

(૧) ક્ષારસમુદ્ર જેવા ભાવવાળા-પ્રભુમાં વૈરાગ્યપૂર્ણ હોવાથી કોઈની પાસેથી કાંઈ ગ્રહણ કરતા નથી; અને ઈચ્છા પણ કરતા નથી. માણસ પવિત્ર થવાને ઈશ્વરને ભજે એવો વિધિ હોવાથી સ્વાર્થને લીધે, ભજન સ્તુતિ અને અર્પણ વગેરે કરે છે. એવું જાણી વર્ણન કરનારનો ભાવ.

લોક મિશ્રભાવવાળા-રામકૃષ્ણ બહુ બળવાન્ હોવાથી મનુષ્યમાં દેવ

મનાયા એવા ભાવથી વર્ણન કરનારને ભાવ.

ક્ષારસમુદ્રનું જળ તૃષાનિવૃત્તિમાં કે તૃપ્તિમાં નિરૂપયોગી છે, તેવી રીતે ઉપરનો ભાવ ભક્તિમાર્ગમાં નિરૂપયોગી છે.

(૨) દધિમંડ સમુદ્ર જેવા ભાવવાળા-દહિને વલોવી નવનીત કાઢી લીધેલ છાશના જેમ નિસત્વ છે. તેમ આવા ભાવવાળા એમ માને છે કે-સો હાથવાળા શ્રીકૃષ્ણે વરાહરૂપ ધરી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, ઈત્યાદિ વચન પ્રમાણે જગત્કર્તા કાર્યાર્થે વિવિધ દેહમાં પ્રવેશ કરી કાર્ય કરે છે ને કાર્ય થઈ રહ્યા બાદ દેહ છોડી દે છે તેવાનો ભાવ ભગવાન્ ચિદ્રૂપ, વિજ્ઞાનપૂર્ણ, સર્વસમ અને મોક્ષને લીધે સેવન કરવા યોગ્ય છે, એમ હોય છે.

(૩) સુરોદક સમુદ્ર બરોબર ભાવવાળા-માયાના ગુણ વડે હરિ સર્વ કરે છે, માયાના ગુણવડે જ પ્રભુમાં કર્તાપણું છે, એવી રીતે વર્ણન કરનારનો ભાવ સુરોદક બરોબર છે, સુરામાં સ્વરૂપનું વિસ્મરણપણું તથા દોષ ઉત્પન્ન કરવાપણું છે. તેવો ઉપરનો ભાવ દષ્ટ છે.

(૪) ક્ષીરોદક સમુદ્ર બરોબર ભાવાવાળા-પ્રભુ સર્વના ઈશ્વર અને સર્વ કામ કરવામાં સમર્થ છે, એવા ભાવવાળાનો ભાવ ક્ષીરોદક સમુદ્ર સમ છે, દૂધના ગુણ જેવો તે ભાવવાળાનો ગુણ છે.

(૫) ઘૃતોદક સમુદ્ર બરોબર ભાવવાળા-પ્રભુ મહા બળવાન્ છે, માટે પોતાના ભક્તને પણ બળવાન્ બનાવ્યા છે, એવું જાણી વર્ણન કરનારનો ભાવ ઘીના ગુણ જેવો છે.

(૬) ઈક્ષુરસોદક સમુદ્ર સમભાવાવાળા-પ્રભુ લક્ષ્મીજીના પતિ છે, અને બધાને ભોગ મોક્ષ દેવાવાળા છે. એમ જાણી વર્ણન કરનારનો ભાવ શેરડીના રસના ગુણ જેવો છે.

આ છ સમુદ્રના ભાવ જાણ્યા પછી શુદ્ધોદક સમુદ્રના ગુણવાળાનો ભાવ કેવો હોય છે તે જાણવાની ઈચ્છા થાય છે. શુદ્ધોદક સમુદ્ર બરોબર-શરણ આવેલો જીવ ચાહે જેવો હોય તોપણ શ્રીકૃષ્ણ તેનો ઉદ્ધાર કરે છે. શરણાગતને કદી છોડી દેતા નથી. આવું જાણી વર્ણન કરનારનો ભાવ છે.

(ઈ) **અર્થ :** અમૃત સમુદ્રસમ ભાવવાળા-ગુણથી પર, સત્ ચિત્ અને આનંદરૂપ એવા સર્વ ગુણ પ્રભુના છે એવું જાણીને વર્ણન કરનાર વિચક્ષણ પુરુષનો ભાવ અમૃત બરોબર છે, તેમની વાણીનું પાન અત્યંત દુર્લભ છે. ૧૭.

આવા ભગવદીયોના કોઈ ઠેકાણે પ્રસન્નતાપૂર્વક કહેલા વાક્યોને દૂતની જ બરાબર કહેલ છે.

(અમૃતોદધિ જેવા ભાવવાળા ભગવદ્ગુણના પ્રવક્તાઓની એક ઓર વિશેષતા)

**અજામિલાકર્ણનવદ્ બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ।।૧૮।।**
**રાગાજ્ઞાનાદિ-ભાવાનાં સર્વથા નાશનં યદા ।।**
**તદા લેહનમ્ ઈત્યુક્તં સ્વાનન્દોદ્ગમ-કારણમ્ ।।૧૯।।**

**અર્થ :** અજામિલને વિષ્ણુ દૂતે કહેલાં વચન સાંભળવાની પેઠે, તે વાક્યને અમૃતબિંદુ પાન કહેલ છે. ૧૮.

લેહન-(ચાટણ અવલેહ) લૌકિકમાં પ્રીતિ અને સ્વરૂપનું અજ્ઞાન વગેરે ભાવનો જ્યારે સર્વ પ્રકારે નાશ થાય ત્યારે લેહન સ્વાનંદના પ્રકટમાં કારણરૂપ છે. એટલે આનંદનો આસ્વાદ લેવાય છે. ૧૯.

આવા ભગવદીયો પ્રભુની દરેક લીલાનું તાત્પર્ય બરાબર સમજાવી બીજાને નિઃશંક બનાવે છે, જેથી વિલક્ષણ કહેલ છે. આવા વિચક્ષણ ભક્તોની વાણીનો મહીમા ૧૮ મા શ્લોકમાં બતાવ્યો છે, આવા મહાપુરુષોના વચનો કાંઈપણ કારણ વગર ફક્ત પ્રભુની કૃપા થવાની હોય છે તેના પ્રત્યે ક્વચિત્ કહેવાયા છે, અથવા તેમનાં તરફથી કહેવામાં આવે છે. આ વાક્ય અમૃતબિંદુરૂપ છે.

અંતઃકરણ ધરાઈ જાય તેટલું પીવામાં આવે તો વિશેષની ઈચ્છા ન રહે, માટે જેટલું મળે છે તેને બિંદુ કહેલ છે, બિંદુ હોવાથી વિશેષની ઈચ્છા રહે છે. પ્રભુનાં જ વચનો દૂતની (ગુરૂ અથવા ભક્તની માફક સાંભળવામાં

આવવાથી, અંતઃકરણમાં પ્રભુનું વિસ્મરણ કરાવનાર લૌકિક રાગ તથા સ્વરૂપનું અજ્ઞાન રહેલાં હોય, તે આપો આપ નાશ પામી જાય છે. એમ એ રીતે બંને વાનાં નાશ પામે તો અમૃતબિંદુ પાન કર્યું કહેવાય. એક બિંદુનું પૂરી રીતે પાન થઈ શકે નહી, ઘણા બિંદુ મળે અને અંતઃકરણ સુધી તૃપ્તિ થઈ જાય તેને પાન કહે છે, પણ આ તો બિંદુ છે, તેથી બિંદુ ચાટી શકાય છે, માટે અત્રે લેહન છે. આ અમૃતબિંદુ કાનદ્વારા મળે, તે લેહન થવાથી અંતઃકરણમાં તેની અસર જતાં રાગ અને અજ્ઞાન નાશ પામી તે સ્વાનંદ લે છે અને વિશેષની જીજ્ઞાસા અતિ તીવ્ર થવાથી લેહન કરનાર (ચાટનાર) તેમાં તન્મય થઈ કૃતકૃત્ય થઈ જાય છે.

(''સર્વાભ્યઃ સ્વાહા''વચનમાં કહેલા જળ જેવા વીસમા વિપ્રકીર્ણ=અવર્ગીકૃત[20] ભાવો)

**ઉદ્‌ધૃતોદકવત્ 'સર્વે' પતિતોદકવત્ તથા ।।**
**ઉક્તાતિરિક્ત-વાક્યાનિ ફલં ચાપિ તથા તતઃ ।।૨૦।।**

**અર્થ :** ઉપર કહેલથી જુદાં વાક્યો ઉદ્દ્‌ધૃતોદકના જેવા એટલે ઉંચે ફેંકાએલ પાણી-વરાળ જેવાં અથવા જળાશયમાંથી પાત્રમાં લીધેલ જળ જેવાં છે, તથા પડેલા પાણી જેવાં છે, અને ફળ પણ તે જ મુજબ છે.

**(અ)** કેટલાકનાં વચન હવામહેલ જેવાં નકામાં હોય છે. જે વરાળ હવામાં રહેતી હોય છે, તે વરાળ સ્નાન પાન વગેરે ઉપયોગમાં આવતી નથી, તેમ ડોળ ઘાલનારાં માણસોનાં ખાલી વચનો તદ્દન નકામાં છે.

પાત્રમાં લીધેલ જળ જેમ પાત્રના ગુણદોષવાળું હોય છે, તેમજ કીર્તન કરનાર બીજાનાં કહેલ વચનો કહે તેમાં બોલનારનો સારો કે નબળો ભાવ મિશ્ર થાય છે, ને તેની અસર પણ સાંભળનારપર તેવી જ થાય છે.

**(આ)** કેટલાકનાં વચનો પડેલા જળ જેવાં છે એટલે પડેલું જળ જે જે જમીનમાં થઈને જાય છે, તે તે તમામ જમીનના ગુણવાળું હિતકર કે દોષકર થાય છે, તેમજ બોલનારનો ભાવ જેવો હોય તેવી અસર સામા

સાંભળનારના મન ઉપર થાય છે.

(ગ્રન્થનો ઉપસંહાર)

**ઈતિ જીવેન્દ્રિયગતા નાના-ભાવં-ગતા ભુવિ ।।**

**રૂપતઃ ફલતશ્ ચૈવ ગુણા વિષ્ણોર્ નિરૂપિતાઃ ।।૨૧।।**

**અર્થ :** એ પ્રમાણે સ્વરૂપથી અને ફળથી પૃથ્વી ઉપર જુદા જુદા ભાવને પામેલ જીવ અને ઈંદ્રિયને વિષે રહેલા વિષ્ણુના ગુણો નિરૂપણ કર્યા.

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતો જલભેદઃ સંપૂર્ણ ।।

**સારાંશ**

(૧)આ આખા ગ્રન્થ ઉપરથી આપણને જણાય છે કે બધાનાં અંતઃકરણ સરખાં સંસ્કાર પામેલાં હોતાં નથી, તેમજ એક જાતની કે સરખી ભાવનાવાળાં નથી. જેમ ઓછા વધતી ભાવનાવાળાં તેમજ જુદી જુદી ભાવનાવાળાં માણસો હોય છે, તેમજ તેવાઓએ સંગ જુદી અસર કરનારો થાય છે.

(૨)ભક્તિમાર્ગીયને કયા ભાવવાળાનો સંગ ઉત્તમ છે, કયો સંગ સાધારણ છે, અને કયો સંગ કનિષ્ઠ છે. તથા કયો સંગ નુકસાન કરતા છે, તે બાબતનો આ ગ્રન્થ આધારે વિચાર કરતાં જણાય છે કે-

(૩)અમૃત સમુદ્રરસ ભાવવાળા પ્રભુના દૂતની સમાન છે, તેવા (૧૯ મા ભાવમાં ઈ અને અ માં જણાવેલા) પ્રભુની ઈચ્છા અનુકૂળ પોતાની મનની અનુકૂળતા રાખનાર પૂર્ણ ભગવદીય શેષ, વ્યાસ, અગ્નિ, હનુમાન, જડભરત, નારદ, મૈત્રેય વગેરેનો સમાગમ અતિ દુર્લભ છે. પણ કદાપિ તેવા ભાવવાળાનો સંગ ભાગ્યોદયથી થાય તો તેમનાં વચનામૃત, સાંભળનારના અતંઃકરણમાં ઉત્તમ અસર કરી પૂર્ણ ફળદાયી થાય છે. (આવા ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો અને તેમની વાર્તાનો દાખલો પરી પૂર્ણ રીતે પૂરો પાડે છે.)

(૪)શુદ્ધોદક સમુદ્રસમ ભાવવાળા-પ્રભુ શરણાગતનું રક્ષણ કરનાર છે. એવા ભાવવાળાનો ગ્રન્થ સંસારના તાપને શાંત કરે છે અને નિડર બનાવે છે. (૧૯ આ ભાવ)

(૫)પ્રેમયુક્ત તથા સંદેહને મટાડનાર ભક્ત પંડિતોનો (૮ મો ભાવ) તથા અલૌકિક જ્ઞાનવડે હરિના ગુણ કહેનારનો સંગ (૧૩ મો ભાવ) તેમજ સ્થાવર જળાશય જેવા ભાવવાળા (૧૬ મો ભાવ) નો સંગ ભાવની વિશેષ વૃદ્ધિ કરે છે.

(અ)અંતરનિષ્ઠાવાળા સંદેહ નિવારક પંડિતોનો સંગ ૭ મો ભાવ).

(આ)સાધન વગેરે પ્રકારથી નવ પ્રકારની ભક્તિથી પૂર્ણ પ્રેમવાળા હોવાથી પ્રભુ ધર્મની સ્ફુર્તિવાળાનો સંગ (૧૫ મો ભાગ.)

(ઈ)મહા (મોટી) નદી જેવા ભાવવાળા-અનેક જન્મ વડે ભાવમાં વધેલ હોય અને તે દુઃસંગથી વધે ઘટે નહિ, તેવા ભાવવાળાનો સંગ (૧૮મો ભાગ.)

(ઉ)ક્ષીરોદક સમુદ્રસમ, ઘૃતોદક, સમુદ્રસમ ભાવનાવાળાનો સંગ (૧૯ મા આ ભાગ મધેનો ૪,૫,૬ પેટાભાવ.)

આ બધાનો સંગ સાધારણ રીતે ભાવની વૃદ્ધિ કરવાવાળો છે. ૭ ગાયકો (૧ લો ભાવ), પુરાણીઓ (૨ જા ભાવાવાળા) આ બંને જો નિરપેક્ષ ભાવથી ગુણગાન કે કથા કરતા હોય તો સાંભળનારના ભાવનું પોષણ કરે છે. તેમજ ભગવત્શાસ્ત્રમાં તત્પર પંડિતો (૬ ઠો ભાવ)નો સંગ પણ ભાવનું પોષણ કરે છે. તેમજ પૃથ્વી પર પડેલું જળ સારા સંસ્કારવાળું હોય તો (૨૦ મા ભાવ પૈકી), તથા પાત્રમાં લીધેલ જળ જેવા ભાવવાળા સારા સંસ્કારવાળા હોય તો (૩૦ મા ભાવ પૈકી) તે પણ ભાવનું પોષણ કર્ત્તા થાય છે.

(૮)યોગ અને ધ્યાનયુક્ત ભાવવાળા (૧૧ મો ભાવ) દધિમંડ સમુદ્ર જેવા ભાવવાળા (૧૯ મા આ નો ૨ જો ભાવ) અને નદીના જળ જેવા ભાવવાળા (૧૭ મો ભાવ)નો સંગ તેવી ભાવનાવાળાને ગુણ કરનાર અને બીજાને અનુપયોગી છે.

(૯)અલ્પ ભક્તિ અને અલ્પ શ્રવણ (૯ માં અને ૧૦ મા ભાવવાળા)નો સંગ

સાંભળનારા મનને સંશય ઉત્પન્ન કરી મન ઢચુપચુ કરે છે, માટે તે નુકસાન કરનાર છે.

(૧૦)ક્ષેત્રમાં પ્રવેશ થયેલ નહેરના જળ જેવા (ત્રીજો ભાવ) અપેક્ષાવાળા અને ઉદર માટે જ ગાયન કરનાર અને કથા કરનાર પુરાણીઓનો સંગ તેમજ (૪ થા ભાવવાળા) વૈશ્યાદિ સહિત મત્ત ગાયકો, (૫ મા ભાવાવાળા) નીચ ગાયકો, (૧૨ મા ભાવવાળા) પરસેવાના જળ જેવા ભાવવાળા દેહદમન કરનાર, અને શુષ્કજ્ઞાની અને (૧૪ મા ભાવ)વાળા દેવાદિની ઉપાસનાના ભાવવાળા, અને ક્ષાર સમુદ્રસમ ભાવવાળાનો સંગ ઉપાસનાના ભાવવાળા, અને ક્ષાર સમુદ્રસમ (૨૦ મા ભાવ પૈકી હલકા ભાવવાળાનો સંગ પણ નુકસાન કરનાર થાય છે.)

(૧૧)સુરોદક સમુદ્રના જળ જેવા ભાવવાળા (૨૦ મા આ ના ૩ જા) ભાવવાળા માયાના ગુણવડે હરિ સર્વ કરે છે, તે માયાના ગુણ વડે જ હરિમાં કર્ત્તાપણું છે. એવી રીતે વર્ણન કરનાર માયાવાદીઓનો સંગ સર્વભાવનો નાશ કરનાર છે.

ઉપર પ્રમાણે વિચાર કરી પોતાના ભાવની વૃદ્ધિ કરે તેવાઓનો જ સંગ કરવા દરેક વૈષ્ણવોએ ધ્યાનમાં રાખવું જોઈએ.

## ॥ પંચપદ્યાનિ ॥

ભક્તિ[ક] અને પ્રપત્તિ[ખ] માર્ગોના અધિકારભેદથી ભગવત્કથાના શ્રોતાઓના બે ભેદ થાય છે. ત્યાં ભક્તિમાર્ગમાં ઉત્તમાધિકાર[૧] મધ્યમાધિકાર[૨] અને કનિષ્ઠાધિકાર[૩] આમ ત્રિવિધતા છે.

(ભક્તિમાર્ગીય ઉત્તમાધિકારી શ્રોતાનું સ્વરૂપ[ક-૧])

**શ્રીકૃષ્ણ-રસ-વિક્ષિપ્ત-માનસા રતિ-વર્જિતાઃ ।।**

**અનિર્વૃતા લોક-વેદે તે મુખ્યાઃ[ક-૧] શ્રવણોત્સુકાઃ ।।૧।।**

**શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ** - શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી

રસમાં જેનું મન વિક્ષિપ્ત (ચોંટી ગયું છે, લગ્ની લાગી રહી) છે, તેથી કરીને ભગવદ્‌ગુણગાનના શ્રવણમાં પ્રીતિ વગરના નથી, એટલે પ્રીતિવાળા છે એવા.

**લોકવેદે અનિર્વૃતાઃ** - લોક અને વેદમાં આનંદ વગરના, એટલે લૌકિક અને વૈદિક ફળની મનમાં કંઈ ઈચ્છા ન હોતાં તેમાં જેને આનંદ આવતો નથી તેવા,

**શ્રવણોત્સુકાઃ** - શ્રવણમાં ઉત્સાહવાળા, શ્રવણમાં જેનો ભાવ સદા સ્થાયી (કાયમ) રહે છે તેવા,

**તે મુખ્યાઃ** - તેઓ મુખ્ય શ્રોતા છે.

જેનું મન શ્રીકૃષ્ણમાં ખુંચી ગયું હોય તે ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં કહ્યા પ્રમાણે પ્રભુમાં આસક્તિની હદ સુધી પહોંચ્યો હોય તેને લૌકિક અને વૈદિક વ્યવહાર બધો બાધકરૂપ લાગે અને પ્રભુ પ્રત્યે વ્યસન દશાની શરૂઆત થઈ હોય તેઓ ભગવદ્‌ગુણગાન, શ્રવણમાં ઉત્તમ મુખ્ય શ્રોતાજન છે.

(ભક્તિમાર્ગીય મધ્યમાધિકારી શ્રોતાનું સ્વરૂપ[૬-૨])

**વિક્લિન્ન-મનસો યે તુ ભગવત્-સ્મૃતિ-વિહ્વલાઃ ।।**

**અર્થૈક-નિષ્ઠાસ્ તે ચાપિ મધ્યમાઃ[૬-૨] શ્રવણોત્સુકાઃ ।।૨।।**

**વિક્લિન્નમનસઃ** - વિશેષ કરીને આર્દ્ર (કોમળ) જેનું મન છે તેવા,

**ભગવત્સ્મૃતિવિહ્વલાઃ** - જ્યારે ભગવાનની સ્મૃતિ મનમાં થાય તે વખતે મન વિકળ (ગાભરું) થાય તેવા.

**શ્રવણોત્સુકાઃ** - ભગવાનના ગુણગાનના શ્રવણમાં ઉત્સાહવાળા.

**(ચ યે) અર્થૈકાનિષ્ઠાઃ** - અને જે અર્થમાં મુખ્યનિષ્ઠાવાળા છે.

પ્રયોજન-મોક્ષનું પ્રયોજન, (અથવા બીજી રીતે કૃતાર્થ થવાનું પ્રયોજન)માં જેની નિષ્ઠા છે તેવા, 'તે અપિ મધ્યમાઃ' તે મધ્યમ શ્રોતા છે.

મુખ્ય શ્રોતાનું મન શ્રીકૃષ્ણરસમાં ચોંટી ગયું હોય છે, તે પ્રમાણે આ મધ્યમ શ્રોતાનું મન ચોંટેલું હોતું નથી, પરંતુ ભગવદ્‌ગુણના શ્રવણની અસર થાય તેવું કોમળ મન હોય છે.

મુખ્ય શ્રોતા ભગવદ્રસમાં કાયમ વિહ્વલ હોય છે, પણ મધ્યમ શ્રોતા તો જ્યારે અંતઃકરણમાં ભગવાનની સ્મૃતિ આવે તે વખતે વિહ્વલ મનવાળા હોય છે.

મુખ્ય શ્રોતા તદન નિરપેક્ષભાવથી ભગવદ્ગુણગાન અને શ્રવણમાં આસક્ત હોય છે, પરંતુ આ મધ્યમ શ્રોતા તો વૈદિક અર્થ (ફળ) મોક્ષાદિમાં નિષ્ઠાવાળા હોય છે.

આવી રીતે બધા લક્ષણમાં મધ્યમ શ્રોતા મુખ્યથી ઉતરે છે.

(ભક્તિમાર્ગીય કનિષ્ઠાધિકારી શ્રોતાનું સ્વરૂપ[ક-૩])

**નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ ।।**
**તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્ વા ન ચાન્યથા।।૩।।**
**પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિત્ નતુ સર્વદા।।**
**અન્યાસક્તાસ્તુ યે કેચિદ્ અધમાઃ[ક-૩] પરિકીર્તિતાઃ ।।૪।।**

**યે નિઃસંદિગ્ધં કૃષ્ણતત્વ સર્વભાવેન વિદુઃ** - જેઓ સંદેહ રહતિ કૃષ્ણતત્વને સર્વભાવવડે જાણે છે તેવા,

**તે આવેશાત્ તુ વિકલાઃ વા નિરોધાત્ તુ વિકલાઃ ચ અન્યથા ન,** - તેઓ આવેશથી વિકળ થાય છે, અથવા નિરોધથી વિકળ થાય છે, અથવા આવેશ અને નિરોધ બંને ભાવથી વિકળ થાય છે, પરંતુ બીજે પ્રકારે એટલે સર્વદા વિકળ નથી હોતા.

**પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિત્ તુ સર્વદા** - કદાચિત્ પૂર્ણભાવવડે પૂર્ણ અર્થવાળા (લૌકિક કામના રહિત થયેલા) છે, પણ સર્વદા થતા નથી.

**કેચિત્ યે અન્યાસક્તાઃ** - કેટલાક જેઓ પ્રભુ સિવાય અન્ય (લૌકિક, વૈદિક)માં આસક્ત હોય છે. તેવા,

**તે અધમાઃ પરિકીર્તિતાઃ** - તેઓ અધમ શ્રોતા કહેવાય છે.

૧૨ મધ્ય શ્રોતાનું મન કાયમ માટે કોમળ હોય છે પરંતુ આ હીન શ્રોતાનું મન પ્રથમ વિશેષણમાં બતાવ્યા મુજબ જ્ઞાનમાં વિશેષ આસક્તિવાળું

હોવાથી જો કે શ્રીકૃષ્ણતત્વને સંદેહ રહિત સર્વભાવવડે જાણે છે, છતાં શ્રવણની અસર (મધ્યમ શ્રોતા જેવું કોમળ મન ન હોવાથી) મધ્યમ શ્રોતા જેવી થતી નથી.

ભક્તિની વ્યાખ્યામાં જ **''માહાત્મ્યજ્ઞાનપૂર્વકસ્ય સુદૃઢઃ સર્વતોધિકઃ સ્નેહોઃ ભક્તિઃ''** ભક્તિનાં બે અંગ બતાવ્યાં છે. પ્રથમ માહાત્મ્યજ્ઞાન અને તે થયા પછી પ્રભુમાં સુદૃઢ સ્નેહ થાય ત્યારે ભક્તિ સિદ્ધ થઈ કહેવાય છે. ભક્તિવર્ધિનીમાં કહ્યા પ્રમાણે પ્રથમ પ્રેમ, પછી આસક્તિ અને પછી વ્યસન થાય ત્યારે ભાવ અથવા ભક્તિ દૃઢ થઈ ગણાય અને વ્યસન સિદ્ધ થયા પછી સુદૃઢ સ્નેહ થાય છે ત્યારે પ્રભુમાં ભક્તિ સિદ્ધ થઈ ગણાય છે.

માહાત્મ્યજ્ઞાન જેને થયેલ છે, તેને પ્રભુની મોટાઈ સદા સ્મરણમાં આવ્યા કરે છે, પણ ત્યાર પછી જ્યારે દૃઢસ્નેહ થાય ત્યારે પ્રભુની મોટાઈની સ્નેહના અધિકપણાને લીધે વિહ્વલ દશામાં વિસ્મૃતિ થઈ જાય છે. સ્નેહનું પ્રથમરૂપ પ્રેમ છે, તે પ્રેમની શરૂઆત થયા પછી પ્રભુની મોટાઈની સ્મૃતિ ઘટતી જાય છે, અને સ્નેહનું પ્રબળપણું થતાની સાથે પ્રભુને મળવાની ઈચ્છા વધતી જાય છે.

આ હીન અધિકારીનાં મનમાં પ્રભુની મોટાઈનો ખ્યાલ મુખ્યપણે વાસ કરી રહેલો હોય છે, અને પ્રેમની શરૂઆત જ થયેલી હોય છે, જેથી પ્રભુના ગુણના શ્રવણથી પ્રેમભાવથી તે શ્રવણમાં મન આવેશવાળું થાય ત્યારે અથવા પ્રભુના ગુણનું મનન કરતાં તે વખતમાં મન બીજી લૌકિક વૈદિક બાબતથી નિરોધવાળું થાય તે વખતે પ્રભુ મળવામાં મન વિકળ બને છે. મધ્યમ અધિકારીની પેઠે મનમાં ભગવત્સ્મૃતિ થવાથી જ મન વિકળ બની જતું નથી, પણ ઉપર પ્રમાણે શ્રવણ થવાથી મન આવેશવાળું થાય તો જ મન વિકળ થાય છે, એ પ્રમાણે મધ્યમથી ઉતરતાં લક્ષણ હોવાથી હીન શ્રોતા ગણાય છે.

કોઈ કોઈ વખત શ્રવણની અસર મન ઉપર થવાથી વિકળ બને છે,

પણ કાયમ તેવું મન રહેતું નથી, શ્રવણની અસર પ્રબળ ન રહેવાથી પ્રથમના અધ્યાસને લીધે મન પ્રભુ સિવાય બીજી બાબતમાં એટલે લૌકિક વૈદિક કાર્યોમાં આસક્તિવાળું બની જાય છે, વળી ભગવદ્‌ગુણનું જ્યારે શ્રવણ થાય છે, ત્યારે પાછું ફરીથી થોડીવાર મન પૂર્ણ અર્થવાળું થઈ નિરપેક્ષ બને છે, અને ફરીથી પાછું અન્યાસક્ત થાય છે. મધ્યમ અધિકારીનું તેમ નથી. તેઓ મોક્ષાદિ અર્થ નિષ્ઠાવાળા હોય છે, પણ લૌકિક વગેરે અનિત્ય અર્થ નિષ્ઠાવાળા હોતા નથી માટે આ અન્યાસક્ત થનારાની હીન અધિકારીમાં ગણના છે. (જેમ એક સ્ત્રી પોતાના પતિને વિષે પૂર્ણ ભાવ ન રાખતાં જેટલું ન્યૂનપણું રાખી બીજાને વિષે આસક્તિ રાખે તો તેને જેવી ગણવામાં આવે તેવી ગણના થાય છે.)

(પ્રપત્તિમાર્ગીય ઉત્તમાધિકારી શ્રોતાનું સ્વરૂપ[ખ])

**અનન્ય-મનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।।**

**દેશ-કાલ-દ્રવ્ય-કર્તૃ મન્ત્ર-કર્મ-પ્રકારતઃ ।।૫।।**

।। ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતાનિ પંચપદ્યાનિ ।।

**દેશકાલદ્રવ્યકર્તૃમંત્રકર્મપ્રકારતઃ** – દેશ કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર, અને કર્મના પ્રકારથી.

**અનન્યમનસઃ** – અનન્ય મનવાળા.

**મર્ત્યાઃ** – માણસો.

**શ્રવણાદિષુ ઉત્તમાઃ** – શ્રવણાદિમાં ઉત્તમ છે.

**'મર્ત્યાઃ'** એ વિશેષણ મરણ ધર્મવાળા માણસના અર્થમાં વપરાય છે. મરણ કાળને આધીન છે. જો કે સત્ય લોક સુધી તમામ કાળને આધીન છે, પણ ભૂલોકમાં (આ લોકમાં) રહેનારને જેમ થોડી થોડી મુદતમાં જન્મ મરણ થાય છે, તેમ ઉપરના લોકનું (દેવલોકનું) થતું નથી, જેથી સ્વર્ગાદિકમાં રહેનાર આ લોકમાં અમર કહેવાય છે, પણ વાસ્તવિક રીતે સત્યલોક સુધીમાં રહેનાર પણ અમર નથી, અક્ષરપ્રાપ્તિ (પૂર્ણ પુરુષોત્તમના રહેવાના ધામમાં

રહેવાથી) થવાથી જ અમર થવાય છે, માટે ચૌદે લોક કાળને આધીન છે.

અક્ષરપ્રાપ્તિ થયા બાદ કાળનું અધીનપણું મટી જાય છે પરંતુ અક્ષરાતીત પુરુષોત્તમની પ્રાપ્તિથી જે અગણિતાનંદની પ્રાપ્તિ (ગુણાતીતની સાક્ષાત્ સેવા) થાય છે, તેવો લાભ અક્ષર પ્રાપ્તિથી મળતો નથી એટલે ગણિતાનંદનો લાભ મળે છે.

આ પાંચમાં શ્લોકમાં શ્રોતાનો વર્ણવેલો અધિકાર કાળની સત્તા નીચે રહેલા માણસોનો છે. મતલબ કે તેઓ અનન્ય ભાવવાળા છતાં દેશકાલાદિ સાધનબળથી અનન્ય થવાથી મર્યાદામાં તેમની સ્થિતિ છે. પહેલા શ્લોકમાં બતાવેલ મુખ્ય શ્રોતાની સ્થિતિ એથી પણ વધારે ઉત્તમ છે, તેઓ પ્રભુ કૃપાથી અનન્ય ભાવવાળા થવાથી તેમના પર કાળની સત્તા નથી પણ ફક્ત પુરુષોત્તમની જ સત્તા છે, માટે પહેલા શ્લોકમાં બતાવેલ પુષ્ટિ શ્રોતાનાં લક્ષણ છે.

બીજા શ્લોકમાં બતાવેલ મધ્યમ શ્રોતા, અને ત્રીજા ચોથા શ્લોકમાં બતાવેલ હીનશ્રોતાઓ પણ મર્યાદામાં સ્થિતિવાળા છે. કેમકે તેઓની અર્થમાં નિષ્ઠા તથા અન્ય આસક્તિ છે. હીન અધિકારી અન્યાસક્ત છતાં તેમને પ્રભુ સિવાય બીજા દેવદેવીનો આશ્રય હોતો નથી. અન્યાશ્રય દોષથી રહિત હોય છે.

આ ગ્રન્થથી સમજવાનું છે કે શ્રોતા તરીકેની મર્યાદાહીન અધિકારીમાં ગણતરી થવા માટે પણ અન્યાશ્રયથી રહિત તો થવું જ જોઈએ. જ્યાં મર્યાદામાં હીન અધિકારી તરીકે પણ શ્રોતા તરીકે ગણાઈ શકવા જેટલું અન્યાશ્રય રહિતપણું ન હોય, ત્યાં ઉત્તમોત્તમ પુષ્ટિપણું પ્રાપ્ત થવાની બાબત તો કેટલી દૂર છે, તે વાંચનારના લક્ષમાં સહજ ઉતરે તેવું છે. (અન્યાશ્રય-એટલે લૌકિકમાં એક સ્ત્રીની પોતાના પતિની સેવામાં અથવા આજ્ઞા પાળવામાં જેટલી ન્યૂનતા થાય તે સર્વને અન્યાશ્રય જાણવો.)

।।ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતાનિ પંચપદ્યાનિ સંપૂર્ણ ।।

# ॥ સંન્યાસનિર્ણયઃ ॥

(કર્મમાર્ગ[શ] ભક્તિમાર્ગ[ષ] અને જ્ઞાનમાર્ગ[સ] ના ભેદે સંન્યાસના પણ ત્રણ પ્રકાર હોય છે. તેમાં કર્મમાર્ગીય સંન્યાસના બે પ્રકારો છે: કર્મફલત્યાગરૂપ[શ-૧] અને ચતુર્થાશ્રમરૂપ[શ-૨]. ભક્તિમાર્ગીય સંન્યાસની સાધનદશામાં[ષ-૧] ભક્તિસાધનાના નિર્વાહાર્થ[ષ-૧-ક] અને ભક્તિમાં બાધક ગૃહાદિના ત્યાગમાટે[ષ-૧-ખ] આમ બે ભેદ જાણવા. તે જ પ્રમાણે સિદ્ધદશામાં[ષ-૨] ભક્ત્યુત્તર વિરહાનુભવોત્તર[ષ-૨-ક] અને ભક્તિમાર્ગીય વિરહાનુભવાર્થ[ષ-૨-ખ] આમ બે ભેદ થાય છે. તે જ પ્રમાણે જ્ઞાનમાર્ગીય સંન્યાસના પણ જ્ઞાનાર્થ સંન્યાસ[સ-૧] અને જ્ઞાનોત્તર સંન્યાસ[સ-૨] આમ બે પેટા ભેદો છે. સંન્યાસના આ વિવિધ પ્રકારો પૈકી આપણા સંપ્રદાયમાં કયો સંન્યાસ લઈ શકાય અને કયો ન લઈ શકાય તેની વિચારણા)

**પશ્ચાત્તાપ-નિવૃત્ત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ॥**

**અર્થ :** પશ્ચાત્તાપની નિવૃત્તિને માટે પરિત્યાગ વિચારાય છે.

આપણે પ્રભુથી વિખુટા પડ્યા પછી પ્રવાહી જીવોના દુઃસંગથી પ્રભુ સિવાય (અથવા પ્રભુની સેવા સિવાય) અન્ય વિષયમાં લુબ્ધ થઈ ગયા, સ્વરૂપનું ભાન ભૂલી જવાથી દેહાધ્યાસ, ઈંદ્રિયાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને પ્રાણાધ્યાસને લીધે કર્તવ્યનું કશું ભાન રહ્યું નહિ. આ અવસ્થામાં શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી સ્વરૂપનું ભાન કરાવ્યું, છતાં પણ ઘણા અધ્યાસને લીધે તથા દુઃસંગને લીધે અંતઃકરણ પુરેપુરું પ્રભુવિષયક ન થવાથી જીંદગી એળે જવા સંબંધી પશ્ચાત્તાપ મનમાં રહ્યા કરવાથી તે પશ્ચાત્તાપની શાંતિ માટે દુઃસંગનો ત્યાગ થવા માટે પરિત્યાગનો વિચાર કરાય છે.

વિચાર કર્યા વગરનો પરિત્યાગ ફળરૂપ ન થતાં ઉલટો પાખંડરૂપ થાય છે, માટે કેવી રીતનો પરિત્યાગ દુઃસંગના ત્યાગરૂપ થઈ અંતઃકરણ પ્રભુવિષયક થવામાં કારણરૂપ થશે, તેનો સારી રીતે વિચાર કરવાની જરૂર છે.

(તેમાં બાહ્ય ત્યાગની અપેક્ષા ન હોવાથી કર્મફળની લાલસાના ત્યાગરૂપ સંન્યાસ[શ-૧] તો વિચાર કરવાયોગ્ય જ નથી. કર્મમાર્ગીય બીજા પ્રકારનો સંન્યાસ[શ-૨]

કલિકાળમાં સુશક્ય ન હોવાથી તેનો વિચાર પ્રાસંગિક હોવા છતાં તે સંન્યાસ કલિકાલમાં શક્ય નથી)

**કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ।।**

(ભક્તિની સાધનદશામાં શ્રવણાદિના નિર્વાહાર્થે સંન્યાસ[શ-૧-ક] અનુષ્ઠેય હોતો નથી, તેના ચાર હેતુ[૧,૨,૩,૪])

**અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્ વિચારણા ।।૨।।**

**અર્થ :** તે પરિત્યાગ ભક્તિ અને જ્ઞાન એ બે માર્ગમાં વિશેષથી કહેલ છે, કર્મ માર્ગમાં પરિત્યાગ ન કરવો, તેમાં વળી કલિકાળમાં તો તે ન જ કરવો. એથી (આપણે) ભક્તિ માર્ગમાં કર્ત્તવ્યપણું હોવાથી તેનો પહેલો વિચાર થાય છે.

કર્મ, જ્ઞાન અને ભક્તિ એ કલ્યાણકારી ત્રણ માર્ગ છે. તેમાં કર્મમાર્ગમાં ત્યાગ ન કરવો. કર્મમાર્ગમાં જીવતા સુધી અગ્નિહોમાદિ કરવાનો વિધિ છે, માટે સંન્યાસ ગ્રહણ કરવાનો સમય જ આવતો નથી, જેથી ચારે યુગમાં કર્મમાર્ગમાં સંન્યાસ કરવા યોગ્ય નથી તેમાં આ કલિકાળમાં તો વિશેષ કરી કર્મમાર્ગમાં સંન્યાસ ગ્રહણની શાસ્ત્રોએ જ ના પાડી છે.

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગમાં સંન્યાસ કરવા યોગ્ય છે તે સંબંધી હવેના શ્લોકમાં વિચાર કરેલો છે. આપણે ભક્તિમાર્ગમાં છીએ જેથી પ્રથમ ભક્તિમાર્ગમાં કર્તવ્યપણાનો પહેલો વિચાર કરેલો છે.

**શ્રવણાદિ-પ્રસિદ્ધ્યર્થં કર્તવ્યશ્ ચેત્ સ નેષ્યતે ।।**
**સહાય-સંગ-સાધ્યત્વાત્[૧] સાધનાનાં ચ રક્ષણાત્[૨] ।।૩।।**
**અભિમાનાદ્ નિયોગાત્[૩] ચ તદ્-ધર્મૈશ્ચ વિરોધતઃ[૪] ।।**

**અર્થ :** જો શ્રવણાદિની પ્રવૃત્તિને અર્થે પરિત્યાગ કરવો એમ હોય તો તે પક્ષ યોગ્ય નથી. કારણ-શ્રવણાદિકની સિદ્ધિ સહાય અને સંગથી છે, અને ત્યાગમાં તો ત્યાગનાં સાધન રાખવાં જોઈએ, જેથી શ્રવણાદિકનાં સાધન થઈ શકે નહિં. વળી સંન્યાસીને પોતે અમે ઉચ્ચાશ્રમમાં છીએ તેવા અભિમાનથી, અને નિયોગ (સંન્યાસીઓને પાળવાના નિયમ)થી, તે ધર્મોવડે શ્રવણાદિના વિરોધથી ત્યાગ

યોગ્ય નથી. શ્રવણાદિમાં બીજા (વક્તા)ની જરૂર છે. પણ સંન્યાસીને તો સંગ તજવા યોગ્ય છે, માટે શ્રવણ વગેરેના ધર્મો અને સંન્યાસીના ધર્મોને વિરોધપણું હોવાથી શ્રવણાદિ માટે સંન્યાસ ગ્રહણ કરી શકાય નહિ.

વળી સંન્યાસ આશ્રમ એ ચાર આશ્રમમાં મોટા ગણાય છે, માટે તે આશ્રમનું ચિન્હ ધારણ કરવાથી પોતે બીજા કરતાં શ્રેષ્ઠ છીએ એમ અભિમાન રહે છે, તે અભિમાનથી પણ બીજાની પાસેથી શ્રવણ કરવામાં પોતાને શરમ લાગે છે, વળી સંન્યાસીઓનું કર્તવ્ય કરવામાં પણ શ્રવણાદિને વિરોધ આવે છે, માટે કોઈ રીતે શ્રવણાદિ માટે તો સંન્યાસ થઈ શકે જ નહિ.

(ભક્તિની સાધનદશામાં ભક્તિના બાધક એવા ઘર વગેરેના ત્યાગમાટે સંન્યાસ[૪-૧-ખ] પણ અનુષ્ઠેય નથી, તેના બે હેતુ[૧ તથા ૨])

**ગૃહાદેઃ બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ।।૪।।**
**અગ્રેઽપિ તાદૃશૈર્ એવ સંગો ભવતિ નાન્યથા ।।**
**સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાષંડી સ્યાત્ તુ કાલતઃ ।।૫।।**
**વિષયાક્રાન્ત-દેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ ।।**
**અતોઽત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ।।૬।।**

**અર્થ :** જો ઘર વગેરેનો બાધકપણાવડે સાધનને અર્થે ત્યાગ કરવો, એમ હોય તો તે પણ અયોગ્ય છે. કારણ આગળ પણ તેવાઓનો જ સંગ થાય છે, બીજે પ્રકારે થતું નથી, જેથી કાળે કરીને પોતે વિષયાક્રાંત થઈ પાખંડી થાય છે. વિષયાક્રાંત દેહને વિષે હમેશાં હરિનો આવેશ થતો નથી. તેથી અહીંઆ ભક્તિમાર્ગમાં સાધન માટે ત્યાગ સુખ આપનાર થતો નથી.

ભક્તિના વધારામાં ઘર વગેરે બાધ કરનાર થાય છે, માટે ઘર છોડી બીજે જઈ ભક્તિના વધારા માટે સાધન કરીશ, એવા વિચારથી પણ ત્યાગ કરવો ઘટતો નથી. કારણકે ઘરમાં આસક્તિ, અથવા બીજાનો દુઃસંગ બાધ કરનાર થવાથી શ્રવણાદિક થાય નહિ. તેમ સેવા બને નહિ, એમ ધારી બીજે સ્થળે જાય, ત્યાં પણ બીજાના સંગથી ચિત્ત વ્યગ્ર રહે જ. તે કારણથી જે

પીડાથી ઘરનો ત્યાગ કર્યો તે પીડા તો સામી ખડી થાય છે. મનની સ્થિરતા ન હોવાથી અનેક માણસોના સંગથી અને અનેક ચીજોના જોવાથી ચિત્ત વિષયાક્રાંત થઈ પાખંડી થાય છે. આવા વિષયવાળા દેહમાં કદી ભગવાનનો આવેશ થતો નથી.

(ભક્તિની સિદ્ધદશામાં વિરહાનુભવોત્તર સંન્યાસ[૫-૨-ક] તો પ્રપંચ-વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ સિદ્ધ થઈ જવાથી બાહ્યત્યાગની આવશ્યકતા રહેતી નથી, ત્યાગનિર્વાહક વૈરાગ્ય તો ઉત્કૃષ્ટભક્તિના સ્વભાવવશ હોવાથી તેના કર્તવ્ય કે અકર્તવ્ય ના વિચારની પણ આવશ્યકતા નથી. તેથી ભક્તિની સિદ્ધદશામાં વિરહાનુભવાર્થ સંન્યાસ[૫-૨-ખ] ભક્તિભાવની દઢતાને નભાવવામાં પ્રશસ્ત  માનવામાં આવે છે)

**વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ।।**

(સંન્યાસ[૫-૨-ખ] ના પ્રકારમાં વેશ[૧] ગુરુ[૨] સાધકભાવોદ્‌બોધનના ઉપાય[૩] અને બાધકો[૪] નું નિરૂપણ)

**સ્વીય-બન્ધ-નિવૃત્ત્યર્થં વેશઃ સોઽત્ર ન ચાન્યથા[૧] ।।૭।।**

**અર્થ :** ફક્ત વિરહના અનુભવને અર્થે ત્યાગ વખણાય છે. ત્યાગમાં કાષાય વસ્ત્રાદિક (ભગવો) વેષ છે. તે પોતાના સંબંધીની નિવૃત્તિને લીધે છે, બીજા પ્રકારે નથી.

ભક્તિવર્દ્ધિનીમાં કહ્યા પ્રમાણે પ્રભુમાં પ્રેમ થઈ આસક્તિ અને છેવટ વ્યસન થાય, એટલે શ્રીકૃષ્ણ વિના રહ્યું ન જાય, આવી સ્થિતિ થાય, ત્યારે વિરહદશામાં મનનું વિકળપણું થવાથી ઘરનાં માણસો વિક્ષેપ કરનાર થાય છે. જેથી તે વખતે ઘર છોડવાની જરૂર છે. આવી અવસ્થા થાય ત્યારે જ ઘર ત્યાગ કરવાની આજ્ઞા છે.

આ સિવાય ભૂલે ચૂકે ત્યાગ થઈ ગયો હોય તો પછી શું કરવું ? તે માટે ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં કહેલા ઉપાયથી રહેવા આજ્ઞા છે. તે પ્રમાણે રહેવું જેથી કાળાંતરે શ્રેય થશે.

**કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ[૨] સાધનં ચ તદ્-।।**

**ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદ્ ઈષ્યતે[૩] ।।૮।।**

**અર્થ :** કૌંડિન્ય ઋષિ અને ગોપીજન ત્યાગના ગુરુ કહ્યા છે અને સાધન પણ તેમણે કરેલું તે જ છે. જે ભાવનાવડે ભાવ સિદ્ધ થાય તે જ ભાવના સાધન છે. બીજું સાધન ઈચ્છવા યોગ્ય નથી.

મર્યાદામાર્ગના ત્યાગના ગુરુ કૌંડિન્ય ઋષિ છે, અને પુષ્ટિમાર્ગના ત્યાગના ગુરુ ગોપીજનો છે. કૌંડિન્ય ઋષિએ અનંત ભગવાનને શોધવા વિરહપૂર્ણ થઈ દેહાનુસંધાન ભૂલી જઈ વૃક્ષો વગેરેને અનંતના સમાચાર પૂછ્યા હતા, તેમજ ઠાકુરજીને શોધવામાં ગોપીજનોએ વિરહપૂર્ણ થઈ દેહાનુસંધાન ભૂલી જઈ વૃક્ષો વગેરેને ઠાકુરજીના સમાચાર પૂછ્યા હતા. તે જ દશામાં છેવટે તદન નિઃસાધન થતાં દીતનાપૂર્ણ થવાથી કૌંડિન્ય ઋષિને અનંતનાં દર્શન થયાં હતાં, તેમજ ગોપીજનોને ઠાકુરજી પ્રત્યક્ષ થયા હતા. આ બંનેની ભાવના એક હતી, પણ કૌંડિન્ય ઋષિની ભાવના અનંત (અક્ષરબ્રહ્મ) ભગવાન પ્રતિ હતી, અને ગોપીજનની ભાવના પુરુષોત્તમ પ્રતિ હતી. પ્રભુ મળવામાં કોઈ સાધન ઉપયોગી નથી, પણ નિઃસાધન થઈ દીનતા થવી એ જ સાધન છે. આ બંનેને જ્યારે નિઃસાધન થઈ શુદ્ધ દીનતા પ્રત્યક્ષ થઈ ત્યારે જ પ્રભુ પ્રકટ થયા. માટે મેં આટલું સાધન કર્યું એમ અંતઃકરણમાં આવેશ તો મુખ્ય ફળ મળી શકતું નથી, પણ ગમે તેટલું સાધન (સેવા, ટેહેલ, વગેરે) બનતા છતાં હું કોણ માત્ર છું, પ્રભુ દયાવડે કૃપા કરે તો જ શ્રેય થાય તેમ છે, એમ અંતઃકરણમાં દીનતા પ્રાપ્ત થવાથી જ મુખ્ય ફળ (રસસ્વરૂપ પ્રભુ) મેળવવા લાયક થવાય છે.

**વિકલત્વં તથા-ઽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ।।**
**જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ[૪] ।।૯।।**

**અર્થ :** વિકળપણું (ગાભરાપણું), અને અસ્વસ્થપણું (ચેન ન પડે તેવી રીતે રહેવાપણું) એ બે ભાવની પ્રકૃતિ (સ્વાભાવિકગુણ) છે પ્રાકૃતપણું હલકાપણું નથી. વળી આવો ભાવ જેને વર્ત્તમાન છે, તેને જ્ઞાન અને ગુણો બાધક છે.

વિરહદશામાં જ્ઞાન અને ગુણો બાધ કરનાર છે. વિરહપણું એ સ્નેહના પૂર્ણપણાથી થાય છે, અને સ્નેહ પૂર્ણ દશામાં બીજી બધી બાબત તદ્દન દબાઈ જાય છે માટે વિરહદશા થઈ હોય ત્યારે જ્ઞાન પણ દબાઈ જાય છે. વિરહદશામાં જ્ઞાનની બાબત સંભારવામાં આવે તો વિરહભાવનો નાશ થાય છે. કારણકે વિરહભાવમાં પ્રભુ ક્યારે મળશે એમ ભાવ સ્ફુરે છે, અને જ્ઞાનદશામાં તો પ્રભુ અંતર્યામી અને સર્વત્ર છે એમ સમજાય છે. જો પ્રભુ સર્વત્ર છે એમ અંતઃકરણમાં સ્ફૂર્તિ રહે, તો પ્રભુ ક્યારે મળશે એવો ભાવ અંતઃકરણમાં પ્રકટે નહિ. માટે વિરહ દશામાં જ્ઞાન બાધકાર છે.

ગુણો બાધ કરનાર છે. ગુણગાન વિરહની શાંતિ કરનાર છે. ગુણગાનથી વિરહ શાંત થતો હોવાથી જ વિરહમાં ગુણગાન બાધક છે. પ્રભુના ગુણોનું અંતઃકરણમાં સ્મરણ થાય, ત્યારે પ્રભુની અત્યંત મોટાઈ જણાય, અને આપણા કરતાં અનંત ઘણી મોટાઈનું ભાન હોય ત્યાં સુધી તેમને મળવામાં વિરહ થાય નહિ. શ્રવણથી દાસ્ય ભક્તિ સુધીમાં પ્રભુના ગુણો ઉપયોગી થાય છે. પણ સખ્ય અને આત્મનિવેદનસિદ્ધ થવામાં તો સરખાપણા જેવો ભાવ આવે છે. ભાવ અહંપણાથી નહિ, પણ ફક્ત શુદ્ધ સ્નેહપણાથી થાય છે. તમામમાંથી સ્નેહ તદ્દન નીકળી જઈ જ્યારે તે સ્નેહ પૂર્ણપણે પ્રભુમાં જોડાય છે, ત્યાર પછી સખ્યપણું થાય છે. સ્નેહ પૂરો ન જોડાયો હોય ત્યાં સુધી જ્ઞાન અને ગુણો અવશ્યના હતા પણ ત્યાર પછી સખ્ય અને આત્મનિવેદન ભક્તિ સિદ્ધ થવામાં વિરહ અગત્યનો હોવાથી તેમાં અજ્ઞાન અને ગુણ બાધક થાય છે. એટલે અંતઃકરણમાં જ્યાં સુધી તે રહે, ત્યાં સુધી અન્ય સર્વની વિસ્મૃતિ થાય તેવો વિરહ થતો નથી, જ્યારે તેવો વિરહ થાય ત્યારે જ્ઞાન અને ગુણ એ બંને અંતઃકરણમાં રહી શકતાં નથી.

(સંન્યાસ[૫-૨-ખ]ના આ પ્રકારની ફલાવસ્થાનું નિરૂપણ)

**સત્ય-લોકે સ્થિતિર્ જ્ઞાનાત્ સંન્યાસેન વિશેષિતાત્ ।।**
**ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ।।૧૦।।**

**અર્થ :** સંન્યાસવડે વિશેષ થયેલા જ્ઞાનથી સત્ય લોકમાં સ્થિતિ થાય છે, અને જ્યાં ભાવના સાધન છે ત્યાં ફળ પણ તે જ પ્રમાણે થાય છે. વર્ણાશ્રમના ધર્મોરૂપ, સાધન બળથી વધારેમાં વધારે સત્યલોક (બ્રહ્મલોક)માં જવાય છે, તેનાથી શ્રેષ્ઠ અક્ષરબ્રહ્મમાં સ્થિતિ થવામાં સાધન બળ બળવાન નથી. તો અક્ષરબ્રહ્મથી પર પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ થવામાં તે સાધનનું બળ ન હોય તેમાં શું આશ્ચર્ય છે.

જ્ઞાનમાર્ગની રીતે સંન્યાસ આશ્રમથી સાધનબળનું શ્રેષ્ઠ ફળ મેળવી શકાય છે જેથી સત્યલોક સુધી સ્થિતિ થાય છે. અનંત (અક્ષરબ્રહ્મ)ને મેળવવામાં કૌંડિન્ય ઋષિને જેમ સાધનબળ ઉપયોગનું નહોતું પણ અન્યવિસ્મારક ભાવનારૂપ વિરહદશા જ ફળરૂપ થઈ હતી તેમજ ગોપીજનોને પણ પુરુષોત્તમને મળવામાં તે જ દશા ફળરૂપ થઈ હતી.

સાધનબળથી બધા દોષો નાશ પામતા નથી. દોષો અવશેષ રહે છે, જેથી સત્યલોક સુધી પહોંચી શકાય છે, તેથી જ્યારે કલ્પને અંતે બ્રહ્માનો લય અક્ષરમાં થાય ત્યારે તે સાથે તેને અક્ષરની પ્રાપ્તિ થાય છે. ત્યાંસુધી બ્રહ્મલોક (સત્યલોક)માં રહે છે.

**તાદશાઃ સત્યલોકાદૌ તિષ્ઠન્ત્યેવ ન સંશયઃ ।।**
**બહિશ્ ચેત્ પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્ પ્રવિશેદ્ યદિ ।।૧૧।।**
**તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા ।।**

**અર્થ :** તેઓ (સંન્યાસી યુક્ત જ્ઞાનીઓ) સત્ય લોકાદિમાં રહે છે, તેમાં સંશય નથી. ભાવનાયુક્ત ભક્તોને તો સ્વાત્મ (અંતરમાં રહેલો આત્મા) જ્યારે વહ્નિની પેઠે બહાર પ્રકટ થઈ જે વખતે અંદર પ્રવેશ કરે છે, ત્યારે જ સકલ બંધ નાશ પામે છે બીજા પ્રકારે નહિ.

ઉપરના શ્લોકમાં બતાવ્યા મુજબ જીવ પોતાના સાધનથી પૂર્ણ દોષ બાળી શક્તો નથી. કાંઈક દોષ અવશેષ રહે છે, માટે સાધનબળનું છેવટ ફળ બ્રહ્મલોકની પ્રાપ્તિ છે. સત્ય લોકમાં રહેલ જીવ તદ્દન નિર્ભય નથી. કારણ

દોષનું અવશેષપણું છે. જો નિષ્કામ હોય તો સત્ય લોકમાં રહે છે, અને સકામ હોય તો કામના પ્રમાણે લોક મળે છે. સત્યલોકથી પર અક્ષરમાં સ્થિતિ હોય તે નિર્ભય છે અને તેને ગણિતાનંદની પ્રાપ્તિ થાય છે તેથી પર જે પુરુષોત્તમની પ્રાપ્તિ તે નિર્ભય અને અગણિતાનંદ આપનાર છે.

લાકડામાં અગ્નિ રહેલ છે પણ તે અગ્નિ જેમ લાકડાને બાળવા શક્તિવાન નથી તેમ અંતરમાં રહેલા અંતર્યામી પ્રભુ તે અંતરના દોષ બાળવા શક્તિવાન નથી પણ લાકડાનું મથન થવાથી તેમાં ગુપ્ત રહેલો અગ્નિ બહાર પ્રકટ થઈ અંતરના અગ્નિને મળી લાકડાને બાળી ભસ્મ કરે છે, તેમજ ગુપ્ત રહેલા અંતરાત્મા પ્રભુ પૂર્ણ વિરહવડે પ્રકટ થાય છે અને બહાર પ્રકટ થયેલા પ્રભુ પાછા અંતર્યામી સાથે મળે છે, ત્યારે અંતરના તમામ મેલોને બાળી નાંખે છે તેથી તે શુદ્ધ થયેલું (અંતઃકરણ) પ્રકટ થયેલા પ્રભુને પધારવા લાયક બને છે.

(ગીતામાં ૧૮ માં અધ્યાયમાં ૬૬ માં શ્લોકથી સિદ્ધ થાય છે કે શ્રીભગવાન અને અર્જુન એક બીજાની સન્મુખ હતાં છતાં અર્જુનમાં રહેલ અંતર્યામી સાથે પોતે પૂર્ણ હોઈ એક્તા કરી નહિ ત્યાં સુધી અર્જુન શરણે આવ્યો નહિ ને ભગવાનનાં વચન પ્રમાણે વર્ત્યો નહિ. જ્યારે-શ્રીકૃષ્ણે અંતર્યામી સ્વરૂપે પોતે જ એક્તા કરી-કે તરત જ અર્જુન શરણે આવી પોતે સંદેહ રહિત થઈ સર્વે કર્યું એટલે અર્જુન પ્રભુ લાયક થયો.)

**ગુણાસ્તુ સંગ-રાહિત્યાદ્ જીવનાર્થં ભવન્તિ હિ ।।૧૨।।**

**અર્થ :** (વિરહ ભાવનાવાળાને) સંગ રહિતપણું છે, તેથી જ ગુણો તો જીવનને અર્થે (જીવનની ઔષધિરૂપ છે) હોય છે.

અતિ વિરહથી વિકલપણું અને અસ્વસ્થપણું થાય છે, તેથી દેહનું અનુસંધાન ભૂલી દેહ પડી જાય છે. લૌકિકમાં અતિ વિરહથી દેહ પડવાના દાખલા બનતા આપણે ઘણીવાર સાંભળીએ છીએ-કે ફલાણો પુરુષ ફલાણી જગ્યાએ ગુજરી ગયો, તેની સ્ત્રી પતિના વિરહથી તે જ વખતે મરણ પામી.

આવા દાખલા લૌકિક વિરહથી બને છે, તો ભગવાન પ્રત્યેના વિરહથી જીવન ન રહે તેમાં શું શંકા છે ? પરંતુ તેવી વિરહદશામાં ફક્ત ભગવાનનું ગુણગાન જ જીવન ટકવાના કારણરૂપ થાય છે. જો ગુણગાન ન હોય અને ફક્ત અતિ વિરહમાં ગરકાવ હોય તો થોડા વખતમાં જ દેહ પડી જાય છે. જેમ પૃથ્વી ઉપરથી ભગવાન પધાર્યા તે હકીકત કુંતીજીને કાને પડતાં જ અતિ વિરહને લીધે થોડી જ પળમાં તેમનો દેહ પડી ગયો. પણ ભગવાન ગોકુળથી મથુરા પધાર્યા ત્યારે ગોપિકાઓ રથની ધ્વજા દેખાઈ ત્યાંસુધી ટગરટગર સામું જોઈ રહી, પરંતુ ધ્વજા દેખાતી બંધ થયા પછી મળવાની આશા ન રહેવાથી વિરહદશા થયા છતાં તેમના ગુણગાન કરવામાં જ પ્રવૃત્ત થવાથી તેમનું જીવન રહ્યં હતું.

વિરહભાવવાળાને જો અન્યનો સંગ થાય તો વિરહદશા જ મટી જાય, પણ આ દશા વિકળપણું અને અસ્વાસ્થ્યપણું કરે જેથી પછી સંગ થતો જ નથી. તેથી તેને કોઈ બાધ કરી શકતું નથી.

નવમા શ્લોકમાં બતાવેલ ગુણ ઐશ્વર્યાદિ સમજવા. આ શ્લોકમાં બતાવેલ ગુણો સખ્ય અને સ્વામીપણાના સમજવા, વિરહદશામાં ઐશ્વર્યાદિ ગુણોનું ગાન બાધ કરનાર થાય છે પણ સખાપણાના અને સ્વામીપણાના ગુણો બાધક થતા નથી.

**ભગવાન્ ફલરૂપત્વાત્ નાત્ર બાધક ઈષ્યતે ।।**
**સ્વાસ્થ્ય-વાક્યં ન કર્તવ્યં દયાલુર્ ન વિરુધ્યતે ।।૧૩।।**
**દુર્લભો-ऽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા ।।**

**અર્થ :** ભગવાન ફળરૂપ છે, તેથી અહીં આ બાધક નથી, અને સ્વસ્થતાનું વચન (ભગવાનને) કર્તવ્ય નથી. આ પરિત્યાગ દુર્લભ છે. તે પ્રેમવડે સિદ્ધ થાય છે, બીજી રીતે થતો નથી.

ભક્તને વિરહદશામાં ભગવાન બાધ કરનાર થતા નથી. જેમકે

લોહચુંબક તરફ લોઢું આકર્ષાઈ આવે છે તે લોઢું કાંઈ પોતાના બળે લોહચુંબક પાસે આવતું નથી, લોહ ચુંબકથી અમુક અંતરે લોઢું હોય ત્યારે લોહચુંબક પોતે જ સ્વબળથી લોઢાને પોતાની તરફ ખેંચે છે, પણ પોતાને મળવામાં બાધરૂપ થતું નથી; તેવી રીતે ભગવાન વિરહી ભક્તને બાધરૂપ થતા નથી.

વળી વિરહદશામાં સ્વાસ્થ્ય (શાંતિના. નિરૂપાધિના) વચન પ્રભુને કરવાપણું નથી. કારણકે નારદજીને વિરહપ્રબળ નહોતો જેથી સ્વાસ્થ્ય વચન કહે છે કે આ નિંદિત દેહ પડ્યા પછી તું કૃતાર્થ થઈશ, પણ જે ભક્તને અત્યંત વિરહ થાય છે, તે વિરહવડે આ દેહના તમામ દોષ બળી જઈ તે દેહમાં નિંદિતપણું રહેતું નથી પણ વિદ્યમાન દેહમાં અલૌકિકતા આવે છે. માટે પ્રભુ દયાળુ હોવાથી પોતાને મળવામાં સ્વાસ્થ્ય વચન કહી વિલંબ કરવારૂપી વિરુદ્ધતા કરતા નથી.

શ્રીમહાપ્રભુજી નિબંધના ભક્તિપ્રકરણમાં આજ્ઞા કરે છે કે, પ્રભુમાં આવો પ્રેમ થવો દુર્લભ છે, એમ જાણી શોચ કરવો નહિ. પ્રયત્નવડે અભ્યાસથી તે થાય છે. આળસને અને વિકલપણાનો ત્યાગ કરી સાધન ભક્તિમાં આગળ વધી સર્વાત્મભાવ થયા બાદ સ્વતંત્ર ભક્તિમાં પ્રવેશ કરવો. વિરહ અનુભવનો સ્વાદ ચાખવા પ્રયત્ન કરવામાં સ્વતંત્ર મનની પણ ખાસ જરૂર છે. સ્વતંત્ર મન ભક્તિમાં સ્વતંત્ર થતાં પ્રભુ સહાયક થશે, એમ બોધ આપે છે.

(જ્ઞાનમાર્ગીય સંન્યાસના બે પ્રકારોમાંથી જ્ઞાનાર્થસંન્યાસ[સ-૧] અને જ્ઞાનોત્તર સંન્યાસ[સ-૨] માંથી પ્રથમ પ્રકારનો કર્તવ્ય નથી તેના ચાર હેતુઓ [૧-૪] નું નિરૂપણ અને દ્વિતીય તો કલિકાળમાં દુર્લભ જ છે)

**જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોऽપિ વિચારિતઃ।।૧૪।।**

**અર્થ :** જ્ઞાનમાર્ગમાં સંન્યાસ બે પ્રકારનો વિચારેલો છે. (૧)વિવિદિષા સંન્યાસ-વિશેષે કરી જ્ઞાન મેળવવાની ઈચ્છાથી ઘરનો ત્યાગ કરાય તે. (૨)વિદ્વત્ સંન્યાસ-જ્ઞાન થયા પછી ઘરનો ત્યાગ કરાય તે. આ બંને જાતના

સંન્યાસ માટે આગળ શ્લોકોમાં વિચાર કરેલો છે.

**જ્ઞાનાર્થમ્[સ-૧] ઉત્તરાંગં[સ-૨] ચ સિદ્ધિર્ જન્મશતૈઃ પરમ્[૧] ।।**
**જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિ-શ્રવણાન્ મતમ્[૨] ।।૧૫।।**

**અર્થ :** જ્ઞાનને અર્થે (વિવિદિષા સંન્યાસ) અને ઉત્તર અગં (વિદ્વત્ સંન્યાસ) એ સેંકડો જન્મે સિદ્ધિ આપનાર છે. યજ્ઞાદિકના શ્રવણથી જ્ઞાનને સાધનની અપેક્ષા માનેલી છે.

(૧) જ્ઞાનને અર્થે (વિવિદિષા સંન્યાસ) ત્યાગ યોગ્ય નથી. કારણકે જ્ઞાનને યજ્ઞાદિકના શ્રવણની અપેક્ષા છે. ત્યાગ દશામાં બીજાની અપેક્ષા હોય તો ત્યાગ ત્યાગરૂપ થતો નથી, માટે વિવિદિષા સંન્યાસ વ્યાજબી નથી.

(૨) જ્ઞાન થયા પછી (વિદ્વત્ સંન્યાસ) થઈ શકે છે. પણ તે સેંકડો જન્મવડે સિદ્ધિ (મોક્ષ)નો આપનાર થાય છે. તેવા લાંબા કાળ સુધી ધૈર્ય રહેતું નથી. તેવામાં કોઈ દુઃસંગ લાગવાથી અન્યથા જ્ઞાન થવાથી પાછો પડે છે. આ જ્ઞાન વેદ વિરુદ્ધ કલ્પેલું મિથ્યાજ્ઞાન નહિ, પણ આ સર્વ જગત્ બ્રહ્મના કાર્યરૂપ હોવાથી સત્ય છે. એવા જ્ઞાનથી શુદ્ધાદ્વૈત જ્ઞાનની રીતે બ્રહ્મભાવ થાય તેને જ જ્ઞાન કહેવું જોઈએ. તેવું જ્ઞાન થયા પછી ત્યાગ કરે છતાં કાળના પ્રબળપણાથી દુઃસંગ વગેરે પાછા પાડનારા જે જે અંતરાય આવે. તેમાંથી બચી જાય તો સેંકડો જન્મે કર્મ કરવાથી મુક્તિ થવાથી અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

**અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા[૩] ।।**
**પાષંડિત્વં ભવેત્ ચાપિ તસ્માદ્ જ્ઞાને ન સંન્યસેત્ ।।૧૬।।**
**સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદ્ ઈતિ સ્થિતિઃ[૪] ।।**

**અર્થ :** તેથી જ્ઞાનમાર્ગીય સંન્યાસ કળિયુગમાં પશ્ચાત્તાપને માટે જ છે, બીજે પ્રકારે (ફળરૂપ) નથી, વળી પાખંડીપણું થાય છે, તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ ગ્રહણ કરવો નહિ. કળિ દોષોનું અત્યંત પ્રબળપણું છે માટે ઉપર પ્રમાણે

વ્યવસ્થા છે.

જ્ઞાનમાર્ગીય સંન્યાસ ગ્રહણ કર્યા બાદ લાંબા કાળ સુધી તે સંન્યાસાશ્રમમાં રહ્યા છતાં જીવમાં આનંદનો આવિર્ભાવ થાય નહિ, પરંતુ આ કળિકાળના બળવડે ઉલટો અન્નદોષથી તથા સદાકાળ બીજાના સંગથી પાખંડીપણું થઈ જવાથી ઉલટું પાછું પડવા જેવું થાય છે.

પોતાની આવી સ્થિતિ એવી બારીકીથી થાય છે કે તેવાઓને પોતાને પડવા બાબતની શંકા પણ થતી નથી, (જેમ એક મનુષ્ય જન્મે છે ને કાળે કરી વૃદ્ધ અવસ્થાને પોંચતાં પોતાનાં સ્વરૂપમાં જે ફેરફાર થાય છે તે કળી શક્તો નથી તેમ) તે ધીમેધીમે પ્રવાહી સૃષ્ટિના જીવોની પેઠે અહંકાર, ક્રોધ વગેરેના દબાણમાં આવી પ્રવાહી જીવોની પેઠે ઘણા દુર્ગુણયુક્ત થઈ જાય છે. આવી સ્થિતિ થતાં ક્વચિત્ કોઈ જિજ્ઞાસુને પોતાની આવી સ્થિતિનું મૂળ તપાસવા બેસતા કળિયુગમાં સંન્યાસની શાસ્ત્રમાં મના કરેલી છે, તે ઘણો વિચાર કરી કરેલી હશે પણ મેં અહંકારથી મૂઢપણાને લીધે શાસ્ત્રના વચનને ન માની સંન્યાસ ગ્રહણ કર્યો, તેના પરિણામરૂપે મારી ઉલટી પ્રથમની સ્થિતિ કરતાં અધોગતિ થઈ. (એ રૂપી જે પશ્ચાત્તાપ થાય) તે બાબત મનમાં જેમ વધારે આવતી જાય તેમ તેમ તેને પશ્ચાત્તાપ (ખેદ) થતો જાય. આવો ખેદ થયા પછી લોકલાજને ન ગણતાં જો ભકિતવર્દ્ધિનીમાં કહ્યા પ્રમાણે કોઈ ભગવત્સ્થાનમાં રહી તાદશીનો સંગ કરે તો તે કલ્યાણનો માર્ગ (પ્રભુની સેવાનો) ખુલ્લો થાય છે, પણ તેમાનાં ઘણા તો લોકલાજમાં જ એટલા દબાઈ ગયા હોય છે કે પોતાની આખી જીંદગી એળે જવાનું દુઃખ ફક્ત લોકલાજ માટે જ સહન કરે છે, પણ પોતાની ભૂલ જાણ્યા છતાં ત્યાર પછીથી પણ ખરા રસ્તે ચાલી શ્રેય સાધી શકતા નથી.

(''જ્ઞાનમાર્ગીય સંન્યાસની જેમ કલિકાલજન્ય દોષો ભક્તિમાર્ગીય સંન્યાસમાં પણ કેમ સમ્ભવી ન શકે ?'' આ શંકાના સમાધાનો[૧-૫])

**ભક્તિમાર્ગેऽપિ ચેદ્ દોષઃ તદા કિં કાર્યમ્ ઉચ્યતે ।।૧૭।।**

**અત્રારમ્ભે ન નાશઃ સ્યાદ્[1] દૃષ્ટાન્તસ્યાપ્યભાવતઃ[2] ।।**
**સ્વાસ્થ્ય–હેતોઃ પરિત્યાગાદ્ બાધઃ કેનાસ્ય સમ્ભવેત્[3] ।।૧૮।।**
**હરિર્ અત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતો–ઽપરે ! ।।**
**અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્[4] ।।૧૯।।**

**અર્થ :** અહીં(ભક્તિમાર્ગમાં) આરંભ કરતા જ નાશ ન હોય. કારણકે તેવાં દૃષ્ટાંત નથી મળતાં. વળી સ્વસ્થતાના હેતુનો પરિત્યાગ છે તેથી તેને બાધ કોણ કરી શકે ? (કોઈ કરી શકે નહિ.)

આ ભક્તિમાર્ગમાં હરિ બાધ કરવાને સમર્થ નથી તો બીજો કોણ સમર્થ હોઈ શકે, જો કદી હરિ બાધા કરે તો માતા પણ સ્તનવડે પોતાના બાળકનું પોષણ ન કરે.

ભક્તિમાર્ગમાં પણ કળિદોષ આવી જાય ત્યારે શું કરવું ત્યાં કહે છે. સ્વસ્થતાવાળા માણસને દુઃસંગ બાધ કરે છે, પણ જેનું મન સ્વસ્થ નથી પણ વિકળ છે તે લૌકિકની તમામ વસ્તુને અનાત્મભાવથી જુએ છે અને તેમાં અરુચિવાળો હોય છે આવી અસ્વસ્થતામાં દુઃસંગ બાધ કરનાર થતો નથી.

જે કાળને વશ છે તે ભયવડે સ્વસ્થ બની જાય છે, પણ જેનું મન ભગવાનમાં જ લાગી રહેલું છે તેનાપર કાળની સત્તા ચાલતી નથી. તેવા ભક્તોને ભગવાન વિનાનો એક ક્ષણ યુગ સમાન જાય છે તેમનું મન આ જગતમાં કાયમ માટે વૈરાગ્યવાળું હોય છે. પોતે ભગવાનને અનુકૂળ માનવાવાળો હોવાથી દરેક સ્થિતિમાં પોતે ભગવાનની લીલા વિચારતો આનંદ જ માને છે. પ્રહ્લાદજી જેવાના દાખલા જોવાથી જણાય છે કે તેઓ દરેક સ્થિતિમાં ભગવાનમાં જ મનવાળા અને આનંદમગ્ન હતા. આવી સ્થિતિ થતાં બીજો બાધા કરવા સમર્થ નથી, એટલું જ નહિ પરંતુ વિરહપૂર્ણ ભક્તોને ભગવાન (છ એ ગુણ જેનામાં પૂર્ણ છે તે) પણ બાધા કરવા શક્તિમાન્ નથી.

કારણકે કોઈના ઉપર ક્રૂરતાવડે તેને તાડન કરાય, પણ જેનાપર તાડન થાય છે તેનાં અંતઃકરણમાં તે તાડનરૂપ નહોતા લાલનરૂપ જ થતું હોય

તો ક્રોધ કે ક્રૂરતા થવાનું જ કારણ ક્યાં રહી શકે તેમ છે. જે પ્રભુના ખરા ભક્તો છે જેઓ દરેક સ્થિતિમાં પ્રભુનું લાલન જ પોતા પ્રત્યે વિચારે છે, તેમની અધોગતિ થઈ હોય એવો એક પણ દાખલો કોઈ પણ શાસ્ત્રમાંથી મળતો નથી.

ધાવણા છોકરાને પ્રપંચનો વા વાયેલો હોતો નથી તે વખતમાં બધા ભયમાંથી બચાવનાર પોતાની મા જ સર્વશક્તિમાન્ છે, એવું તેને ભાન છે. તો પોતાની કાયાને દુબળી થવાની પરવા ન કરતાં તથા એનક જાતના ખાન પાનના વૈભવ પડતો મુકીને પણ મા પોતાના શરણાગત બાળકનું ખોરાકી પોષકીથી અને અન્યના ભયથી પોતાથી બનતું, પોતાના દેહની પણ પરવા ન રાખીને, રક્ષણ કરે છે, તે જ રીતે સર્વશક્તિમાન્ પ્રભુ (સ્તુતિ કે નિંદાની દરકાર કર્યા વગર) પોતાના અનન્ય ભક્તનું સર્વ રીતે રક્ષણ જ કરે જેથી તેને બાધ કરવા કોઈ શક્તિવાન્ નથી એમ નિશ્ચય સમજવું.

**જ્ઞાનિનામ્ અપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ।।**
**આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ[५] ।।૨૦।।**

**અર્થ :** માર્કંડેય પુરાણમાં કહ્યું છે કે જ્ઞાનીઓના અંતઃકરણને પણ વિષ્ણુની માયા મોહ કરે છે. આ વચનવડે એમ ન સમજવું કે ભક્તને મોહ કરશે. કારણકે વિષ્ણુ પોતે ભક્તને આત્મા પણ દેવાવાળા (સ્વસ્વરૂપનું દાન કરનાર) અને પ્રિય છે તે શા માટે મોહ થવા દેશે.

સાંખ્યમતવાળા, યોગી અને જ્ઞાનીઓ વગેરે તો સ્વબળવડે સાધનબળથી મોક્ષ મેળવવા મથે છે, જેથી વિષ્ણુની માયા તેને મોહ કરે છે. કારણકે સાધનબળથી અહંકારના અંકુરો તદ્દન નાશ પામતા નથી અને એ અહંકારના અંકુરોના વિદ્યમાનપણાથી માયા મોહ કરી શકે છે. પરંતુ વિષ્ણુના ભક્તોને તો સ્વબળનું અભિમાન નથી. વિષ્ણુની કૃપાપર જ પોતે રહે છે, જેથી ભક્તો વિષ્ણુને અત્યંત પ્રિય છે, જેથી ભક્તની ઈચ્છા ન છતાં બીજું આપે તેમાં તો શું કહેવું, પણ પોતાનો આત્મા પણ ભક્તને આપે છે.

મતલબ કે ભક્તના પરાધીન જેવા થઈ રહે છે, તો વિષ્ણુની માયા જે વિષ્ણુની આજ્ઞામાં રહેનારી છે તે શી રીતે મોહ કરી શકે ? ન જ કરી શકે.

**તસ્માદ્ ઉક્ત-પ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ।।**
**અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદ્ ઈતિ મે નિશ્ચિતા મતિઃ ।।૨૧।।**

**અર્થ :** તેથી કહેલા પ્રકારવડે પરિત્યાગ કરવા લાયક છે બીજી રીતે કરવાથી સ્વાર્થથી ભ્રષ્ટ થવાય છે એ પ્રમાણે મારી (શ્રીમહાપ્રભુજીની) નિશ્ચિત મતિ છે.

કર્મમાર્ગની રીતે તો પરિત્યાગ કરવા યોગ્ય જ નથી, તેમજ વિવિદિષા સંન્યાસ પણ કરવા યોગ્ય નથી, વળી સત્યયુગ જેવા અનુકૂળ કાળમાં વિદ્વત્ સંન્યાસથી કલ્યાણ થવાનો સંભવ છે તે સંન્યાસ પણ આ કળિયુગમાં કરવા યોગ્ય નથી, ફક્ત સર્વ કાળમાં અબાધિત અને જ્યાં કાળની સત્તા પહોંચતી નથી તેવા ભક્તિમાર્ગની રીતે જ સંન્યાસ થઈ શકે છે, અને તેનાં લક્ષણ પ્રથમ ગણાવ્યાં તેવાં એટલે વિહ્વલપણું અને અસ્વાસ્થ્યપણું છે. જ્યાં સુધી સ્વાસ્થ્યપણું છે ત્યાંસુધી દુઃસંગનો બાધ થવાપણું પણ છે. એ બાબત ભક્તિવર્દ્ધિનીમાં પણ કહી છે. જ્ઞાનમાર્ગમાં કોઈ વખત અસ્વાસ્થ્યપણું કે વિહ્વલપણું થવાનો સંભવ જ નથી, જેથી પરમાનંદ સ્વરૂપની પ્રાપ્તિરૂપી સ્વાર્થથી તે ત્યાગના સંન્યાસથી ભ્રષ્ટ થવાનું જ થાય છે એમાં સંશય નથી.

શ્રીઆચાર્યજી કહે છે કે એમ મારી નિશ્ચિત મતિ છે એટલે આજે કહેલું છે તે સર્વકાળમાં અબાધિત છે. સત્યયુગ જેવામાં જ્યારે વિદ્વત્સંન્યાસી કલ્યાણ થવાનો સંભવ છે ત્યારે પણ પરમાનંદસ્વરૂપની પ્રાપ્તિ તો થતી જ નથી, તે વખતે છેવટે પ્રાપ્તિ બ્રહ્મલોક સુધીની થાય છે, અને બ્રહ્માના મોક્ષ વખતે તેમનો મોક્ષ થાય છે, જ્યારે તેવા અનુકૂળ કાળમાં પણ ન્યૂન ફળ જ મળે છે, તો આ કળિકાળમાં તો ખરો સ્વાર્થ ના સરે એમાં શું આશ્ચર્ય છે ? માટે સર્વકાળમાં અબાધિત ભક્તિમાર્ગનું જ અવલંબન કરી અક્ષરાનંદને

મેળવવાની અપેક્ષાએ કૌંડીન્ય ઋષિની પેઠે સંન્યાસથી અને અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમને મળવાની અપેક્ષાએ શ્રીગોપીજનની પેઠેના સંન્યાસથી જ ખરો સ્વાર્થ પ્રાપ્ત થાય છે.

( ગ્રન્થોપસંહાર )

**ઈતિ કૃષ્ણ-પ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ।।**
**સંન્યાસ-વરણં ભક્તૌ અન્યથા પતિતો ભવેત્ ।।૨૨।।**

**અર્થ :** એ પ્રમાણે કૃષ્ણપ્રસાદથી શ્રીવલ્લભાચાર્યે ભક્તિમાર્ગમાં સંન્યાસનું વરણ નિશ્ચિત (પસંદ) કરેલું છે. આ રીતે સિવાય બીજી રીતે સંન્યાસ કરવાવાળો પતિત (ખરા માર્ગથી પડવાપણું) થાય છે.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીકૃષ્ણની કૃપા સિવાય સ્વબળથી ગોપીજન જેવી સ્થિતિ કદી થવાની નથી, અને કૃષ્ણની કૃપા સિવાય ભક્તિમાર્ગમાં પ્રવેશ પણ નથી, માટે જીવ પોતાના બળથી કાંઈ કરવા સમર્થ નથી. ફક્ત પ્રભુકૃપા થવાનું સાધન એક દીનતા છે. પ્રભુ સિવાય મન બીજી કોઈ જગ્યાએ જાય નહિ એવી મનની સ્થિતિ થાય તો જ દીનતા થઈ ગણાય, અને એવી દીનતાથી જ પ્રભુ કૃપા થયેથી શ્રીગોપીજનના જેવી વિહ્વલ દશા થાય છે. તેજ ખરો સંન્યાસ છે. બીજી રીતે તો પતિત (ખરા માર્ગથી પડવાપણું) થવાય છે. એ પ્રમાણે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નિશ્ચયપૂર્વક આજ્ઞા કરે છે.

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતઃ સંન્યાસનિર્ણયઃ સંપૂર્ણઃ ।।

**સારાંશ :**

(૧)સંન્યાસ-પરિત્યાગનો વિચાર જીંદગી એળે જવા સંબંધિ પશ્ચાત્તાપની શાંતિ માટે દુઃસંગનો ત્યાગ થવા માટે કરાય છે.

(૨)કલ્યાણકારી ત્રણ માર્ગ છે. (૧)કર્મમાર્ગ, (૨)જ્ઞાનમાર્ગ, અને (૩)ભક્તિમાર્ગ.

(૩)કર્મમાર્ગમાં જીંદગી સુધી કર્મ કરવા આજ્ઞા છે. માટે તે માર્ગમાં સંન્યાસ કરવો સંભવતો જ નથી.

(૪)જ્ઞાનમાર્ગમાં બે રીતે સંન્યાસ થઈ શકે, (૧)વિવિદિષા સંન્યાસ અને (૨)વિદ્વત્ સંન્યાસ.

(૫)વિવિદિષા સંન્યાસ-જ્ઞાન મેળવવાની ઈચ્છાથી કરવાનો છે. તેમાં સંગ કરવાની આવશ્યકતા છે, અને સંન્યાસ ધર્મમાં સંગ ત્યાજ્ય છે, માટે તે રીતે ખરો સંન્યાસ થઈ શકે જ નહિ.

(૬)વિદ્વત્ સંન્યાસ થઈ શકે તેમ છે. પણ તેમાં શુધ્ધાદ્વૈત સિધ્ધાંત અનુસાર ખરું જ્ઞાન હોય, અને બધી રીતે બરાબર વર્તાય તો કેટલેક જન્મે સત્યલોક સુધી સ્થિતિ થાય છે, તેથી આગળ અક્ષરબ્રહ્મ કે પુરુષોત્તમ પ્રાપ્તિ થતી નથી. આ કળિકાળમાં તો તે સંન્યાસમાં પણ અનેક વિઘ્નો આવે છે જેથી ચાલુ સ્થિતિ કરતાં પણ હેઠો પડે છે.

(૭)અંતરમાં રહેલ આત્મા બહાર પ્રકટ થઈ જ્યારે અંદર પ્રવેશ કરે છે. ત્યારે સકળ બંધ નાશ પામે છે. બીજે પ્રકારે નાશ પામતા નથી.

(૮)માટે ભક્તિમાર્ગની રીતે તે પ્રમાણે સંન્યાસ થઈ શકે છે. તે સંન્યાસમાં દૃષ્ટાંત કૌંડિન્ય ઋષિ (મર્યાદામાર્ગીય) અને ગોપીજન (પુષ્ટિમાર્ગીય) છે.

(૯)શ્રવણાદિકની પ્રવૃત્તિને માટે અથવા ગૃહાદિના બાધથી સાધનને માટે, આ ભક્તિમાર્ગીય સંન્યાસ થઈ શકે તેમ નથી. પણ ફક્ત વિરહ અનુભવવાને અર્થે જ થઈ શકે છે.

(૧૦)આ સંન્યાસમાં બાહ્યચિહ્નની ખાસ જરૂર નથી પણ તેના લક્ષણ અસ્વસ્થપણું અને વિકળપણું છે.

(૧૧)અક્ષરબ્રહ્મની અપેક્ષા એ કૌંડિન્ય ઋષિની પેઠે અને પુરુષોત્તમની પ્રાપ્તિ માટે શ્રીગોપીજનની પેઠે સંન્યાસ કર્ત્તવ્ય છે.

(જેમ લૌકિકમાં અંત સમયે ભાન નહીં હોય તે વખતે ''હીરણ્યગર્ભ''ની માત્રા આપી, માત્ર થોડો સમય શુદ્ધિમાં લાવી શકાય છે, તેમજ અત્રે-શ્રીગોપીજનના પ્રાણો હીરણ્ય ગર્ભની માત્રા અનુસાર-

ભગવાનના નામરૂપી ગુણગાનની ધ્વનિથી અવિચ્છિન્ન ટકી રહ્યાં અને તેનાં ફળ તરીકે શ્રીભગવાન પ્રકટ થતાં સન્મુખ થઈ, સેવામાં લાગી ગયાં.) આ વૈષ્ણવો સારું ખરો સંન્યાસ અને તેનું ફળ છે.

## ॥ નિરોધલક્ષણમ્ ॥

નિરોધ-ચિત્તવૃત્તિનો પ્રપંચમાંથી નિગ્રહ થઈને તે ચિત્તવૃત્તિ પ્રથમ તરફ લાગવી તે. ચિત્તનો આવી રીતે નિરોધ થવાનાં કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ લક્ષણ બતાવી પછી તે દરેકની પ્રાપ્તિનાં સાધન બતાવી ચિત્તવૃત્તિનો નિગ્રહ સંસારમાંથી શી રીતે થાય તેના સામાન્ય રીતે ઉપાય બતાવ્યા છે.

(પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધાવસ્થાના પરિપાક માટે ભગવત્સેવા અને ભગવત્કથા બન્નેમાં પરાયણ પુષ્ટિભક્તોએ સેવાના અનવસરમાં = કથાકાલમાં પ્રભુની ગોચારણકાલિક વૃન્દાવનલીલાનું અનુસન્ધાન કરીને વિયોગની ભાવના કરવી[1]. તે જ પ્રમાણે સેવાના સમયે ગોકુલમાં સ્થિત પ્રભુના સંયોગ[2] ની ભાવના કરવી)

**યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે ।।**
**ગોપિકાનાં તુ યદ્દુઃખં તદ્દુઃખં સ્યાન્મમ ક્વચિત્[1] ।।૧।।**

**અર્થ :** ગોકુલમાં જે દુઃખ યશોદાજીને તથા નંદાદિ ગોપોને થયું, અને ગોપિકાઓને જે દુઃખ થયું, તે દુઃખ ક્યારેક મને થાઓ.

અવિદ્યારૂપ પૂતનાના વધ વખતે, લૌકિક વિષયરૂપ શકટને ઉંધું નાખ્યું તે વખતે, મોહરૂપ તૃણાવર્તનો નાશ કર્યો ત્યારે, તથા એ સિવાય જે લીલા ભગવાને કરીને યશોદાજીનું, નંદાદિ ગોપોનું અને ગોપિકાઓનું ચિત્ત પ્રપંચમાંથી કાઢી પોતામાં લગાડવા માટે ભગવાને કરેલી હતી. તેથી ભક્તનો નિરોધ ભગવાનમાં થવા માટેની આવી લીલા વખતે જેવું દુઃખ યશોદાજી વગેરેને થયું હતું, તેવું દુઃખ મને ક્યારેક થાઓ. મતલબ કે પ્રપંચમાં લાગેલું

મન પ્રપંચમાંથી નિકળી પ્રભુમાં આસક્ત થાય તેવું થવા માટે ભગવાનથી વિખુટા પડવા સંબંધીની થયેલી સ્મૃતિ વડે, અંતઃકરણમાં થતા તાપથી જે દુઃખ થાય, તે અંતઃકરણમાંથી પ્રપંચનો નાશ થવામાં અને ભગવાનમાં નિરોધ થવામાં બહુ ઉપયોગી છે, માટે તાપ ક્લેશ થવાની ખાસ જરૂર છે. પ્રભુમાં ભક્તના ચિત્તનો નિરોધ થવામાં આ પ્રથમ પગથીયું છે.

**ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્ ।।**
**યત્ સુખં સમભૂત્ તન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ [૨] ।।૨।।**

**અર્થ :** ગોકુલમાં ગોપિકાઓને અને સર્વે વ્રજવાસીઓને ભગવાનના સહવાસથી જે સુખ થયું હતું તે સુખ ભગવાન મને ક્યારે આપશે ?

ભગવાન બાળલીલા (ગતિલીલા, ગતિવિલાસલીલા, ઉપવિષ્ટલીલા)થી અને કુમારલીલા (કૌતુક ઉત્પન્ન કરે તેવી, રસ અથવા આનંદ ઉત્પન્ન કરે તેવી, એ લીલાઓ વારંવાર જોવાની ઈચ્છા થાય તેવી,) વડે ગોપીજનોને અને સર્વે વ્રજવાસીઓને આનંદ ઉપજાવતા હતા. તે લીલાઓ પણ પ્રપંચ (જગત)ને ભૂલી જવા માટે અને એમનું મન સારી રીતે પોતામાં નિરોધ પમાડવા માટે હતી.

જ્યારે પોતાના સ્વરૂપનું ભાન થાય ત્યારે ભક્તને ભગવાનથી વિખુટા પડવા સંબંધનું ભાન થતાં જે તાપક્લેશ થાય છે તે તાપક્લેશથી અંતઃકરણમાં રહેલ દોષો નાશ પામે છે, અને પ્રપંચમાંથી આસક્તિ મટી પ્રભુમાં આસક્તિ થાય છે તેવી સ્થિતિમાં પ્રભુની અનેક પ્રકારની પ્રભુની લીલાનો અનુભવ કરતાં કરતાં મનમાં આનંદનો આવિર્ભાવ (ભગવત્સાક્ષાત્કાર) થાય છે નિરોધનું આ પ્રથમ પગથીયું છે.

(ગોકુલ અને વૃન્દાવન માં ગોપ-ગોપિકાઓમાટે ભગવાનનો સંદેશો લઈને ઉદ્ધવજીના આવવાથી ભગવદ્વાર્તાનો સુમહાન્ મહોત્સવ થયો હતો. તે જ પ્રમાણે જેઓ ભગવત્સેવા કરી ન શકતા હોય તેવા ભગવદીયો તેવા મહોત્સવની ભાવના કરતા-

કરતા ભગવદીયોની સાથે ભગવદ્વાર્તા કે ભગવદ્ગુણગાન કરતા રહે તો પણ તેઓની ભક્તિ નિરોધાવસ્થા સુધી પહોંચી શકે છે )

**ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્ યથા ।।**
**વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ ।।૩।।**

**અર્થ :** ઉદ્ધવજીના આગમનમાં જેવા સરસ મહાન ઉત્સવ વૃંદાવનમાં અને ગોકુળમાં થયો હતો, તેવો મહાન ઉત્સવ મારા મનમાં ક્યારે થશે ?

ગોપીકાઓ વગેરેનો ભગવાનમાં પૂર્ણ નિરોધ થયેલો હોવાથી ભગવાન મથુરા પધાર્યા ત્યારે ભક્તના ભાવાત્મક પ્રભુ તો ભક્તના હૃદયમાં બિરાજ્યા હતા, પણ તેમના પ્રત્યક્ષ બહાર દર્શન ન થવાથી તન્મય દશાને પામેલા ગોપીજનો ભગવાનના ગુણગાન અને ભગવત્લીલામાં અનુકરણવડે નિર્વાહ કરતી, પ્રપંચનું લેશ માત્ર ભાન નહોતું, તેવા સમયમાં ભગવાને ઉદ્ધવજીને મોકલ્યા જેથી ગોકુળમાં અને વૃંદાવનમાં ભગવાનના સખા પધારવાથી દરેક ભક્તના અંતઃકરણમાં આનંદ ઉભરાઈ ગયો. તેવો આનંદ જ્યારે ભક્તનું અંતઃકરણ પ્રભુ વિષયમાં પુરેપૂરું નિરોધ પામેલ હોય તો જ થાય છે. હૃદય તાપકલેશથી નિર્મળ થયા બાદ પ્રભુલીલામાં આસક્ત થતા આનંદ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ તે અંતઃકરણ પ્રભુ વિષયમાં પૂર્ણ આસક્ત થતા પ્રભુ બહાર પ્રકટ થઈ દર્શન આપે છે, અને ફરીથી હૃદયમાં બિરાજે છે, ત્યારે ભક્ત પૂર્ણ રીતે કૃતાર્થ થાય છે. પછી તેને કોઈ જગ્યાએથી કાંઈ ભય રહેતો નથી. આવી સ્થિતિ થતાં ફળરૂપ વિરહદશા પ્રાપ્ત થાય છે. સંયોગ સુખ કરતા આ વિરહદશાનું સુખ કોઈ રીતે ન્યૂન હોતું નથી, પણ ઉલટું અધિક-અધિક આનંદવાળું હોય છે.

હવે નિરોધના પ્રથમ પગથીયાની પ્રાપ્તિનું સાધન બતાવે છે.

**મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ।।**
**તાવદ્ આનન્દ-સન્દોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ।।૪।।**

**અર્થ :** મોટાઓની કૃપાવડે જ્યાંસુધી ભગવાન દયા કરે છે ત્યાંસુધી આનંદ વિધિ પ્રભુ કીર્ત્યમાન (કીર્તન કરાતા) હોય તે સુખને માટે છે.

જિજ્ઞાસુએ ભગવાનના ગુણોનું શ્રવણ કર્યાબાદ તેનું મનન કર્યું હોય, પછી તે ગુણો અંતઃકરણમાંથી કીર્તનદ્વારા બહાર નીકળી કરણદ્વારા અંતઃકરણમાં ફરી પ્રવેશ કરે છે ત્યારે અંતઃકરણની ભગવાનમાં આસક્તિ વધે છે.

જેમ શ્વાસ લઈએ છીએ અને પછી ઉચ્છ્વાસ (શ્વાસ બહાર કાઢીએ તે ક્રિયા) દ્વારા પ્રથમ લીધેલા શ્વાસની હવા બહાર કાઢીએ છીએ ત્યારે તે ઉચ્છ્વાસદ્વારા લોહીમાનો કેટલોક ખેંચાયેલો મેલ બહાર નીકળે છે ; તે જ મુજબ ભગવાનના શ્રવણ કરતા ગુણો મનન કરાયા હોય, તે મનનદ્વારા ખેંચાયલા અંતઃકરણના પ્રથમના મેલ (પ્રપંચમાંની આસક્તિ) તે ગુણોના કીર્તન વખતે બહાર નીકળે છે, તે કીર્તન કરાયેલ ગુણો ફરી કરણવડે શ્રવણ થતાં અવશેષ મેલ પાછો ગુણોના કીર્તનની સાથે બહાર નીકળે છે, એ પ્રમાણે કેટલેક કાળે અંતઃકરણનો પ્રપંચ પ્રત્યેનો તમામ આસક્તિરૂપી મેલ નીકળી જઈ અંતઃકરણ શુદ્ધ થાય છે. એ રીતે તે અંતઃકરણ પ્રભુના ગુણના અધ્યાસવાળું થતાં ભગવત્કૃપાને યોગ્ય થાય છે.

(અંતઃકરણપર મેલ કેમ ચડતો હશે ? તેનું સમાધાન જાણવું જે પ્રતિબિંબ જોવાવાળા અથવા કોઈપણ કાચપર આપણાં મોંઢામાંથી વરાળ નાંખીએ, ને તે વરાળ માત્ર પળ વારમાં, એની મેળે, (એટલે બહારની હવા સાથે ભેળાઈ) ઉડી જઈ, એ કાચ નિર્મળ દેખાય છે તેમ લૌકિકપણારૂપી મેલ શ્વાસદ્વારા નીકળી જ જાય છે.)

**મહતાં કૃપયા યદ્વત્ કીર્તનં સુખદં સદા ।।**
**ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ-ભોજન-રૂક્ષવત્ ।।૫।।**

**અર્થ :** મોટાઓની કૃપાવડે ભગવાનનું કીર્તન જેવું સદા સુખદાયી છે તેવું લૌકિક (જનો)નું કીર્તન સુખદાઈ થતું નથી. હરિનું ભજન સ્નિગ્ધ ભોજનના જેવું છે, અને લૌકિકજનનું કીર્તન રૂક્ષ ભોજનવત્ છે.

મોટાઓની કૃપાથી ભગવાનના ગુણોનું શ્રવણ થયું હોય તે સંશયછેદક હોવાથી મનનદ્વારા અંતઃકરણમાં ખરી રીતે વસે છે, અને પછી કીર્તનદ્વારા અંતઃકરણના મેલ કાઢવાને તે જ શ્રવણ સમર્થ થાય છે. દોષવાળા માણસ (પ્રપંચમાં આસક્ત) પાસેથી કરેલ શ્રવણ, સંશયછેદક નહિ હોવાથી અંતઃકરણના મેલનું શોધન કરવામાં તે સમર્થ ન હોવાથી ઉલટો તેવા મેલમાં વધારો થાય છે, માટે મોટાઓની પાસેથી (તેમના આચાર વિચાર જોયા વગર વચનપર વિશ્વાસ રાખી) શ્રવણ કરેલું જ ઉપયોગી છે. પ્રપંચમાં અંતઃકરણની આસક્તિ સહજ છે, તેને શ્રવણદ્વારા તેવું જ પોષણ મળે તો અંતઃકરણની આસક્તિ પ્રપંચમાં વિશેષ થાય છે, એટલું જ નહિ પરંતુ તેવા શ્રવણના પ્રભાવથી કરાતું કીર્તન પણ પ્રપંચની આસક્તિયુકત હોવાથી પ્રપંચ આસક્ત મનુષ્યો (રાજા વગેરે)ના ગુણો ગાવામાં આસક્તિવાળું થાય છે, અને તેવા પ્રપંચ આસક્તિવાળાનું ગુણગાન કરવાથી તે દ્વારા પાછું શ્રવણ પણ તેવું જ મલીન હોવાથી અંતઃકરણમાં પ્રપંચ આસક્તિ વધતી જાય છે.

પ્રપંચની વિસ્મૃતિ થયા વગર પ્રભુની સ્મૃતિ થતી નથી. તેમજ તે વગર પ્રભુમાં સ્નેહ પણ થતો નથી.

પ્રભુમાં સ્નેહ એ જ ખરો સ્નેહ છે. પ્રપંચમાં સ્નેહ એ ખરો સ્નેહ નથી, પરંતુ સ્નેહનો ખોટો ભાસ છે. માટે જ પ્રભુ આસક્તિથી થતા કીર્તનને સ્નિગ્ધ એટલે ઘીવાળા ભોજન જેવું અને પ્રપંચ આસક્તિથી થતા લૌકિક કીર્તનને સુકા ભોજન જેવું ગણ્યું છે.

આ પ્રમાણે મોટાઓની (પ્રપંચ આસક્તિ રહિત એટલે પ્રભુમાં જ આસક્તિવાળા ભગવદીયોની) કૃપાથી નિઃસંશય શ્રવણનું પાન થવાથી અંતઃકરણ ભગવદાસક્તિવાળું થઈ પ્રભુમાં સ્નેહની વૃદ્ધિ કરે છે. જેથી ૧ લા શ્લોકમાં બતાવ્યા પ્રમાણેનું પ્રભુના દર્શન વગર તાપકલેશરૂપ દુઃખ ઉત્પન્ન થાય છે. તેથી પ્રથમ નિરોધ સિદ્ધ થાય છે હવે નિરોધનું પ્રથમ પગથીયું પ્રાપ્ત થવાનો ઉપાય બતાવે છે.

**ગુણગાને સુખાવાપ્તિઃ ગોવિન્દસ્ય પ્રજાયતે ।।**
**યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોऽન્યતઃ ।।૬।।**

**અર્થ :** ગોવિંદના ગુણગાનથી જેવી રીતે સુખની પ્રાપ્તિ થાય છે; તેવી રીતની સુખની પ્રાપ્તિ શુકદેવજી વગેરેને આત્મામાં નથી થતી. તો પછી બીજા સાધનથી તો ક્યાંથી જ થાય ?

કીર્તનની મોટાઈ-૪ થા અને ૫ મા શ્લોકમાં કહેલ રીતે મોટાઓની કૃપાથી થયેલ શ્રવણના બળથી કીર્તનદ્વારા અંતઃકરણ શુદ્ધ થતાં અને પ્રભુમાં આસક્તિ વધતાં એવું વ્યસનવાળું થાય છે કે પ્રભુના ગુણગાન વગર શાંત રહી શક્તું નથી. એવા વારંવારનાં ભગવદ્‌ગુણગાનના અધ્યાસવાળું અંતઃકરણ થતાં નવીન નવીન આધકાધિક સુખ (આનંદ)ની પ્રાપ્તિ થાય છે. તેવી આનંદની પ્રાપ્તિ શાંત ચિત્તવાળા આત્મનિષ્ઠ શુકદેવજી વગેરેને પણ થતી નથી તો બીજા સાધારણ સાંખ્ય યોગ વગેરેમાં પ્રવૃત્ત જીવોને તો ક્યાંથી જ પ્રાપ્ત થાય ? એટલા જ કારણથી ગુણગાનથી થતો અધિક અધિક આનંદ પ્રાપ્ત કરવા માટે શુકદેવજી આત્મનિષ્ઠ છતાં પણ ગંગાજીના તટ ઉપર ભગવાનના ગુણગાન (પરીક્ષિત પ્રત્યે ભાગવતની કથા) માટે પ્રવૃત્ત થયા હતા.

**ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ ।।**
**તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।૭।।**

**અર્થ :** પોતાની પ્રાપ્તિને સારૂ ક્લેશને પામતા એવા ભક્તજનોને જોઈને જ્યારે ભગવાન કૃપાયુક્ત થાય, ત્યારે હૃદયમાં રહેલા અખિલ સદાનંદ ગુણાતીત (શ્રીકૃષ્ણરૂપે) બહાર પ્રકટ થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે જ્યારે જેનું અંતઃકરણ પ્રભુના જ ગુણગાનના અધ્યાસવાળું થઈ જાય છે ત્યારે પ્રભુ મળવામાં વધતા જતા તાપક્લેશને લીધે તે પ્રભુકૃપાવાળું થાય છે. જ્યારે પ્રભુ ભક્તપર કૃપા કરે છે ત્યારે હૃદયમાં રહેલા સદાનંદપ્રભુ બહાર પ્રકટ થાય છે. તે વખતે ભગવાનનો સાક્ષાત્કાર થવાથી

ભક્તના તાપક્લેશ દૂર થાય છે; અને ત્યારે ભક્ત પૂર્ણાનંદ પ્રાપ્ત કરે છે.

આવી સ્થિતિ થતાં ભક્તોનો મધ્યમ નિરોધ સિદ્ધ થાય છે. હવે પ્રભુની કૃપાવડે ઉત્તમ નિરોધ પ્રાપ્ત થાય છે તે બતાવે છે.

**સર્વાનન્દ-મયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ ।।**
**હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ।।૮।।**

**અર્થ :** ભગવાન સર્વાનંદમય છતાં પણ તેમનો કૃપારૂપી આનંદ અત્યંત દુર્લભ છે. હૃદયમાં રહેલા પૂર્ણપુરુષોત્તમ (ભગવાન) પોતાના ગુણોને સાંભળીને ભક્તોને આનંદ સમુદ્રમાં ભીંજવી દે છે.

પાછલા શ્લોકમાં બતાવ્યા પ્રમાણે પ્રભુ સાક્ષાત્કાર થઈ પાછા હૃદયમાં પધારે છે; ત્યાર પછીનું ગુણગાન પૂર્ણ અનુભવવાળું હોવાથી તે ગુણગાન પ્રભુની કૃપા થવાના કારણરૂપ થાય છે.

પ્રથમ મોટાઓની કૃપાવડે થયેલું પ્રભુગુણગાનનું શ્રવણ અંતઃકરણના મેલ તોડવામાં સમર્થ બની છેવટ પ્રભુનો સાક્ષાત્કાર થવારૂપી પ્રભુની દયાના કારણરૂપ બને છે.

ભગવત્ સાક્ષાત્કાર થયા પછીનું સ્વતંત્ર ગુણગાન સાક્ષાત્ મહાનુભવવાળું હોવાથી પ્રભુની કૃપાના કારણવાળું થાય છે. જો કે પ્રભુ સર્વને આનંદ આપનાર છે, અને તે રીતે સર્વનાપર સરખી કૃપાવાળા છે, પરંતુ સાક્ષાત્કાર જેને થયેલો છે તેવા ભક્તોના ગુણગાનથી પ્રભુની કૃપા તેનાપર વરસે છે. તેવી કૃપા થવી દુર્લભ છે. તે કૃપા ભક્તને આનંદ સમુદ્રમાં ગરકાવ કરી દે છે, અને પુરુષોત્તમ અને આવો તેનો ભક્ત પરસ્પર-પૂર્ણાનંદનો આસ્વાદ અવિચ્છિન્ન લુટે છે. આ જ નિરોધની ઉત્તમ અવસ્થા છે (લૌકિકરીતે વિચારતાં કુંવારાપણું, વેવિશાળ અને લગ્ન, આનો એક પછી એક અવસ્થાનો સ્ત્રીભાવે વિચાર કરવો એટલે સમજાશે.)

**તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ।।**

**સદાનન્દ-પરૈર્ ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ ॥૯॥**

**અર્થ :** તેથી (પ્રપંચમાં મમતાબુદ્ધિ) સર્વ છોડી દઈને સદાનંદપર એવા નિરોધના અધિકારી ભક્તોએ હમેશાં ભગવદ્ ગુણો ગાવા તેથી સત્, ચિત્ અને આનંદપણું (પ્રકટ) થાય છે.

૧ થી ૯ શ્લોક સુધી નિરોધનું વર્ણન કરી તે નિરોધથી આનંદમાં ગરકાવ થાય છે તે હકીકત કહી તેવો નિરોધ જેને મળી શકે તેવા (જેનું અતઃકરણ પ્રભુમાં જ ચોંટેલ છે તેવા) અધિકારી જીવોને આપશ્રી આજ્ઞા કરે છે કે સર્વદા ભગવદ્ ગુણો ગાવા, તે ભગવદ્ગુણો મોટાઓની સહાયતા વિનાના પોતાથી મનકલ્પિત નહિ, પરંતુ અંતઃકરણને નિઃસંશય બનાવે તેવી રીતે મોટાઓના સંગવડે શ્રવણ કરાયેલા ભગવદ્ગુણો ગાવા જેથી પ્રપંચમાં રહેલી અવશેષ સ્મૃતિ મટી જઈ પૂર્વોક્ત નિરોધની પ્રાપ્તિ થશે.

(પોતાના અનુભવને આધારે પ્રપંચવિસ્મૃતિ પૂર્વિકા ભગવદાસક્તિરૂપા ભક્તિની સર્વાતિશાયિતાનું નિરૂપણ અને સ્વમાર્ગમાં તેના ઉપદેશની આવશ્યકતા)

**અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ ॥**
**નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ॥૧૦॥**

**અર્થ :** હું નિરોધવડે નિરુદ્ધ છું અને નિરોધ પદવીને પામેલ છું, જે નિરોધના અધિકારી છે તેના નિરોધને માટે આ નિરોધ તને (તારી સન્મુખ) વર્ણન કરું છું.

શ્રીઆચાર્યજી પોતાના અનન્ય ભક્તને આજ્ઞા કરે છે કે-એવો પૂર્વોક્ત ઉત્તમ નિરોધ મને પ્રાપ્ત થયો છે, જેથી તારી આગળ આ નિરોધનું વર્ણન કરું છું. તે એટલા માટે કે આવા નિરોધના જે અધિકારી જીવો છે, તેને તારા દ્વારા નિરોધ પ્રાપ્ત થાય.

આમ કહી એમ સૂચવ્યું છે કે આ પ્રભુ કૃપામય પુષ્ટિમાર્ગમાં, પ્રપંચની વિસ્મૃતિ થઈ, પ્રભુમાં અંતઃકરણનો નિરોધ થવો એ જીવ પોતાના પ્રયાસથી કરી શકતો નથી. મોટાઓ (જેને પ્રપંચની વિસ્મૃતિ પૂર્ણ થઈ નિરોધ

પ્રાપ્ત થયેલ છે તે) દ્વારા નિરોધ પ્રાપ્ત થાય છે. એટલા જ માટે ઉદ્ધવજીને નિરોધનું દાન પ્રભુએ પોતે ન કર્યું, પણ શ્રીગોપીજન પાસે તેમને મોકલ્યા. એ ગોપીજનો જ ઉત્તમોત્તમ નિરોધ પામેલાં હોવાથી તેઓ ભક્તિમાર્ગનાં પરમ ગુરુ છે, અને તેમની કૃપાથી નિરોધસિદ્ધ થાય છે.

**હરિણા યે વિનિર્મુક્તાસ્ તે મગ્ના ભવસાગરે ।।**
**યે નિરુદ્ધાસ્ તએવાત્ર મોદમ્ આયાન્ત્યહર્નિશમ્ ।।૧૧।।**

**અર્થ :** જે જીવોને હરિએ છોડી દીધા છે તેઓ નિરંતર ભવસાગરમાં મગ્ન (આસક્ત) છે. અને જે નિરોધ પામેલા જીવો છે તે નિરંતર ભગવત્ વિષયમાં મગ્ન રહેલા છે.

જે જીવો આ સંસારમાં એટલે અહંતામમતાવાળા આ સંસારમાં જ ગુંથાઈ રહેવામાં મજા માને છે તેઓને પ્રભુએ છોડી દીધો છે એમ જાણવું, અને પ્રભુએ જેના અંતઃકરણ પોતામાં રોકી રાખેલાં છે, એવા નિરોધ પામેલાં જીવો સંસારની બાબતમાં વિસ્મૃતિ થયેલા અને ભગવદ્વિષયમાં મગ્ન રહેલા હોય છે. જે જીવોનો નિરોધ ભવિષ્યમાં થવાનો સંભવ હોય છે, તેઓ જો કે ભગવદ્વિષયમાં હાલ મગ્ન ન છતાં અને સંસારમાં ગુંથાયેલા છતાં તેમનું મન સંસારમાં રહેલું હોતું નથી. પણ પોતાની સ્થિતિ માટે અધૈર્ય આવવાથી દૃઢતાની ખામીને લીધે તેવી હોય છે. તેઓ સત્સંગ મળતાં નિરોધના રસ્તે ચડી શકે છે, પરંતુ જે સંસારમાં જ પુરેપુરા મગ્ન છે અને જેમનું ભગવત્ ગુણગાન તરફ કશું વલણ નથી તેઓને (અહંબ્રહ્માસ્મિવાળાને) ભવિષ્યમાં પણ નિરોધની પ્રાપ્તિ થવી દુર્લભ છે. કારણકે તેઓ ભગવાનથી છોડાએલા છે, જેથી સંસાર પ્રવાહમાં કલ્પ પર્યંત અથડાયા કરે છે.

(પ્રપંચવિસ્મૃતિપૂર્વિકા ભગવદાસક્તિની સિદ્ધિમાટે સકલ દેહેન્દ્રિયાદિકનો ભગવાન્માં વિનિયોગ કરવો જોઈએ. તેનાથી ભક્તિનો નિરોધાવસ્થામાં પરિપાક થાય છે)

**સંસારાવેશ-દુષ્ટાનામ્ ઈન્દ્રિયાણાં હિતાય વૈ ।।**
**કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્ ।।૧૨।।**

**અર્થ :** સંસારાવેશ દુષ્ટ ઈંદ્રિયોના હિતને માટે ભૂમ્નઈશ (વિરાટ્ પુરુષના ઈશ) શ્રીકૃષ્ણને વિષે સર્વ વસ્તુ યોજવી.

જેઓનો નિરોધ થયો નથી પરંતુ ભવિષ્યમાં નિરોધ પ્રાપ્ત થઈ શકે તેવા અધિકારવાળા જે મિશ્રપુષ્ટ જીવો છે તેઓને નિરોધની પ્રાપ્તિ થવા માટે ઉપાય બતાવે છે કે-

સંસારમાં ગુંથાયેલ દોષ પામેલી ઈંદ્રિયોને બળાત્કારથી સંસારમાંથી ખેંચી પ્રભુમાં જોડવાથી ઘણી મુદતના અધ્યાસને લીધે તે ઈંદ્રિયો પુરી રીતે સંસાર છોડતી નથી માટે તેમના ખરા હિતના ઉપાય તરીકે તેમનાપર બળાત્કાર કરવો નહિ. પણ જે જે વસ્તુમાં ઈંદ્રિયોની આસક્તિ લાગેલી હોય, તે તે વસ્તુ સહિત ઈંદ્રિયોને પ્રભુમાં જોડવી જેથી ઈંદ્રિયોને વસ્તુનો ત્યાગ કરવામાં બળાત્કાર ન થવાથી પોતાની રાજી ખુશીથી તે ઈંદ્રિયો હાલ તરત મમતાવાળી વસ્તુ સહિત પ્રભુમાં લાગે છે. પછી જેમ જેમ પ્રભુમાં પ્રેમ વધતો જાય છે, તેમ તેમ તે વસ્તુમાંથી પ્રેમ ઘટતો જઈ છેવટે પ્રભુમાં પૂર્ણ પ્રેમ અને તે વસ્તુની પૂર્ણ વિસ્મૃતિ થઈ જઈ નિરોધ દશા પ્રાપ્ત થાય છે.

**ગુણેષ્વાવિષ્ટ-ચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ ।।**
**સંસાર-વિરહ-ક્લેશૌ ન સ્યાતાં હરિવત્ સુખમ્ ।।૧૩।।**
**તદા ભવેદ્ દયાલુત્વમ્ અન્યથા ક્રૂરતા મતા ।।**

**અર્થ :** સર્વદા મુરવૈરી એવા શ્રીકૃષ્ણના ગુણમાં આવેશથી પુષ્ટ એવા ચિત્તવાળાને સંસાર ત્યાગમાં ક્લેશ થતો નથી, તેમજ સંસારના વિરહને લીધે ક્લેશ થતો નથી, પણ હરિવત્ સુખ થાય છે. જ્યારે આમ થાય છે ત્યારે દયાળુપણું થાય છેઃ-બીજી રીતે તો ક્રૂરતા મનાય છે.

બધી ઈંદ્રિયો અંતઃકરણને આધીન છે; માટે અંતઃકરણની મમતા

સંસારમાંથી છુટી પ્રભુમાં લાગે એ ઉપાય કરવાની જરૂર છે. ઉપરના શ્લોકમાં બતાવ્યા પ્રમાણે અંતઃકરણની મમતાવાળા પદાર્થો પ્રભુસેવામાં જોડવામાં આવે તો પ્રભુની મોટાઈનું ભાન થતાં અંતઃકરણ પ્રભુમાં વધારે જોડવાથી તેટલી તેટલી તે તે પદાર્થમાંથી મમતા મટતી જાય છે, આવી રીતે મમતા મટવામાં અંતઃકરણને કાંઈ દુઃખ થતું નથી. તેમજ પોતાને જગતના પદાર્થમાંથી મમતા મટી જવાથી તે વિના વિરહ અને ક્લેશ પણ થતો નથી.

(દાખલા તરીકે આપણે બાળપણમાં જે જે રમતો રમતા તે રમતો પડી મુકવાનો આપણે સંકલ્પ કર્યો નથી, પણ જેમ જેમ આપણું મન અન્ય વિષયમાં લાગતું ગયું. તેમ તેમ રહેતે રહેતે એક પછી એક તેવી બાળચેષ્ટાઓ આપોઆપ તજાતી ગઈ. તે બાબત આપણને કદિ ક્લેશ થયો નથી. તેવી જ રીતે ચિત્ત પ્રથમ તે તે પદાર્થ સહિત પ્રભુ તરફ જોડવામાં આવે તો પછી રહેતે રહેતે ચિત્ત પ્રભુમાં લાગી પદાર્થોમાંથી નીકળી જશે. પ્રભુમાં લાગેલું ચિત્ત પછી જગતના પદાર્થની ઈચ્છા કરશે નહિ. (અને કદાચ થશે તો પ્રભુને સમર્પવા પુરતી જ દાસભાવે થાય.)

જ્યારે ચિત્ત પ્રભુમાં લાગી પ્રભુના ગુણગાનમાં આવેશવાળું થાય છે, ત્યારે જગતના પદાર્થોનો ચિત્તથી આપોઆપ ત્યાગ થયો હોય. અગર પ્રભુ ઈચ્છાથી તે પદાર્થનો (ધન ઘટી જવાથી, કુટુંબના માણસોના મોત વગેરેથી) ત્યાગ થયો હોય તો તેને કશો ક્લેશ થતો નથી પણ જે જે કાળે જે જે બને તેમાં પ્રભુનું દયાળુપણું જ જણાય છે.

અહીં 'મુરવૈરી' શબ્દ છે તેનો ભાવાર્થ એ છે કે ભક્તને પ્રભુ મળવામાં જે અંતરાયરૂપ છે તે અંતરાયરૂપ જ મુર દૈત્યનું સ્વરૂપ છે. તે અંતરાયનો પ્રભુ પોતે જ કૃપા કરી નાશ કરે છે એમ અભિપ્રાય છે.

જ્યારે સંસારમાં આવેશવાળું મન હોય ત્યારે આસક્તિવાળા પદાર્થના ત્યાગથી તથા તેના વિયોગથી ઘણો ક્લેશ થાય છે એટલું જ નહિ પણ પ્રભુએ આ ઠીક ન કર્યું, મારું બગાડી નાંખ્યું, એવાં પ્રભુ ઉપર ક્રૂરતાપણાનાં આક્ષેપવાળાં વાક્યો ઉચ્ચારાય છે.

**બાધ-શંકાપિ નાસ્ત્યત્ર તદધ્યાસોઽપિ સિધ્યતિ ।।૧૪।।**
**ભગવદ્-ધર્મ-સામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ ।।**
**ગુણૈર્ હરિ-સુખ-સ્પર્શાત્ ન દુઃખં ભાતિ કર્હિચિત્ ।।૧૫।।**

**અર્થ :** અહીંઆ બાધની શંકા પણ નથી. તે ઈંદ્રિયોનો પ્રભુમાં અધ્યાસ સિદ્ધ થાય છે. ભગવદ્ધર્મના સામર્થ્યથી વિષયમાં સ્થિર વૈરાગ્ય રહે છે, હરિના ગુણોવડે સુખના સ્પર્શથી ક્યારે પણ દુઃખ નથી ભાસતું.

જ્ઞાનાદિ માર્ગમાં ચિત્તનો નિરોધ થવામાં સંસારનાં કષ્ટોનો અનુભવ થાય છે, પણ જ્ઞાનના પરિપક્વપણાથી તે કષ્ટો સહન કરવા જેટલું ધૈર્ય પ્રાપ્ત થાય છે, જેથી તે ક્લેશોથી કંટાળી જતો નથી, પરંતુ આ ભક્તિમાર્ગમાં તો તેવી કોઈ જાતના બાધની પણ શંકા નથી. સંસારમાં કષ્ટોનો અનુભવ થયા વગર જ ચિત્તનો ભગવાનમાં અધ્યાસ સિદ્ધ થાય છે.

વિષયમાં વૈરાગ્ય સ્થિર થવા માટે કોઈ સાધનની જરૂર પડતી નથી, કે તે તે વિષયોને બળાત્કારે છોડવા પડતા પણ નથી. પહેલાં કહ્યા પ્રમાણે ભગવાનમાં જ તે તે વિષયો સહિત ચિત્ત જોડવાથી ભગવદ્ધર્મના સામર્થ્યથી જ તે તે વિષયો ચિત્તમાંથી દૂર ખસી જાય છે.

હરિના ગુણોનું એટલું સામર્થ્ય છે કે ચિત્તમાં આનંદ (સુખ)નો આવિર્ભાવ થતાં તેને ક્યારે પણ સંસારી દુઃખનો ભાસ પણ થતો નથી.

**એવં જ્ઞાત્વા જ્ઞાન-માર્ગાદ્ ઉત્કર્ષો ગુણ-વર્ણને ।।**
**અમત્સરૈર્ અલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ।।૧૬।।**

**અર્થ :** એ પ્રમાણે જ્ઞાનમાર્ગ કરતાં ભગવદ્ગુણના વર્ણનમાં ઉત્કર્ષ (અધિકપણું) જાણીને અમત્સરવડે (અહંકારરહિત) અને અલુબ્ધ (સંતોષ) વડે હમેશાં ભગવદ્ગુણો વર્ણન કરવા યોગ્ય છે.

ઉપરના શ્લોકમાં કહ્યા પ્રમાણે જ્ઞાનમાર્ગથી ભગવદ્ગુણગાનનું અધિકપણું છે. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનસિદ્ધિ થતાં પણ અંતઃકરણને સંસાર ક્લેશ

સહન કરવા પડે છે, ભક્તિમાર્ગમાં તો અંતઃકરણમાં તેવા ક્લેશને ભાસ પણ થતો નથી, માટે ભક્તિમાર્ગમાં રહેલા જીવોએ મત્સર વગરના થઈને તથા કોઈ પણ જાતના લૌકિક લોભ વગરના થઈને ભગવાનના ગુણોનું સદા વર્ણન કરવું જોઈએ. મત્સર=બીજાના શુભનો દ્વેષ કરવો તે, પારકી સંપત્તિ જોઈ તેના અદેખા થવું તે, પોતા વિષે ધિક્કાર; લોભ=આકાંક્ષા, અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવાની ઘણી જ ઈચ્છા. તૃષ્ણા=પારકી વસ્તુમાં અત્યંત આસક્તિ.

ભગવદ્ગુણનું વર્ણન સુસ્વરથી (પદ્યમાં) ગુણગાન, અથવા ભાષા (ગદ્ય)માં ગુણનું વર્ણન કરવું. સૌ સૌને પ્રિય હોય તે પ્રમાણે પદ્ય કે ગદ્યમાં વર્ણન કરવું એમ આજ્ઞા કરેલ છે.

(સકલ દેહેન્દ્રિયાદિનો ભગવાન્માં વિનિયોગ કરવાથી જ તેઓમાં ભગવદ્વ્યસન સિદ્ધ થાય છે. જેનાથી સાંસારિક વિષયોમાં આસક્તિ પણ ક્ષીણ થાય જ છે)

**હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદ્ અપિ તત્ર હિ ।।**
**દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિ-ગતી સદા ।।૧૭।।**
**શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ।।**
**પાયોર્ મલાંશ-ત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ।।૧૮।।**

**અર્થ :** સંકલ્પથી પણ હરિમૂર્તિ સદા ધ્યાન કરવા યોગ્ય છે, તેમજ તે (હરિમૂર્તિ)માં સ્પષ્ટ દર્શન અને સ્પર્શ કરવાં અને તે જ મુજબ (ભાવના રાખી) કૃતિ અને ગતિ સદા કરવી. વળી શ્રવણ અને કીર્તન પણ સ્પષ્ટ (મનમાં આ બાબત સાક્ષાત્ થાય તેમ) કરવું. કૃષ્ણપ્રિય પુત્રની પ્રાપ્તિ માટે જ રતિ કરવી.

પાયુ-ઈંદ્રિયમળ અંશના ત્યાગ વડે પરોક્ષ સેવા બજાવે છે એમ ભાવના રાખવી. આ ઈંદ્રિય સિવાય શરીરનો શેષ ભાગ પણ પ્રભુ સેવામાં જોડવો.

આ શ્લોકમાં મન અને તેના આધીનની દશ ઈંદ્રિય મળી કુલ્લે ૧૧ ઈંદ્રિય પ્રભુમાં શી રીતે લાગે તે ઉપાય બતાવ્યો છે.

ધ્યાનથી મન, દર્શનથી આંખ, સ્પર્શથી ત્વચા અને ગંધના સ્પર્શથી નાક, કૃતિથી હાથ, ગતિથી પગ, શ્રવણથી કાન, અને કીર્તનથી મુખ તથા જીભ એ ૯ ઈંદ્રિયોનો સ્પષ્ટ સેવામાં વિનિયોગ બતાવ્યો. સાક્ષાત્ સ્વરૂપની સાથે એ ઈંદ્રિયોનો વિનિયોગ થાય છે, એવી ભાવના રાખવી.

હવે બે ઈંદ્રિયો બાબત કહે છે-તેમાં ગુહ્યેંદ્રિ માટે આજ્ઞા કરે છે કે,- કૃષ્ણને પ્રિય એવા પુત્રની પ્રાપ્તિ માટે જ સ્વધર્મથી સ્વકીયા સ્ત્રી સાથે રતિ કરવી, વિષય ભોગ માટે નહિ. સંન્યાસ નિર્ણયમાં સ્પષ્ટ આજ્ઞા છે કે વિષયાવેશવાળા દેહમાં હરિનો આવેશ સર્વથા થતો નથી.

'પાયુ' એટલે ગુદા ઈંદ્રિય મળ અંશનો ત્યાગ કરી તે સિવાયનો શરીરનો બાકીનો ભાગ તથા તેને પોષણ કરતી દરેક વસ્તુને પ્રભુ સેવામાં ઉપયોગી થવાનું કાર્ય કરે છે.

ઉપર પ્રમાણે ઈંદ્રિયો સિવાય પેટ, મસ્તક, છાતી વગેરે શરીરના બીજા અવયવો પણ પ્રભુપરાયણ ઈંદ્રિયોને મદદ કર્તા થાય છે, તથા દંડવતાદિ દ્વારા પ્રભુ સેવામાં ઉપયોગી થાય છે, એવી ભાવના કરવી.

**યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે ।।**
**તદા વિનિગ્રહસ્ તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ ।।૧૯।।**

**અર્થ :** જે ઈંદ્રિયોનું જ્યારે ભગવત્કાર્યને વિષે સ્પષ્ટપણું ન દેખાય ત્યારે તે ઈંદ્રિયોનો વિશેષે કરીને નિગ્રહ કર્તવ્ય છે. એ પ્રમાણે નિશ્ચય છે.

જ્યારે ઈંદ્રિયો સ્પષ્ટ રીતે પ્રભુમાં જોડાએલી રહે ત્યારે જ પ્રપંચની વિસ્મૃતિ થાય છે. દાખલા તરીકે દર્શન કરતી વખતે આંખ ઠાકોરજી સામે હોય પણ મન બીજે રખડતું હોય, તેમજ આંખો પણ પ્રભુ સન્મુખ હોવા છતાં વાંકું ચુકું જોતી હોય તો દર્શનનો લાભ મળતો નથી. તે જ મુજબ શ્રવણ કરતી વખતે મન તેમાં બરાબર ન હોય, તેમજ કાન બીજામાં લાગેલાં હોય એ વગેરે કારણોથી શ્રવણ સિદ્ધ થતું નથી, માટે દરેક ઈંદ્રિય ભગવત્કાર્યમાં જ લાગે તે માટે જ્યારે જ્યારે ઈંદ્રિયો લૌકિકપણામાં લાગવા જેવું જણાય કે તરત બુદ્ધિવડે

તે તે ઈંદ્રિયોનો વિશેષે કરીને નિગ્રહ (બીજે ન જવા દેવી તે) કરવો. જેને આપણે મન મારવું કહીએ છીએ. જ્યારે જ્યારે કોઈ ઈંદ્રિય ભગવદ્‌વિષયને બદલે લૌકિક વિષયમાં જતી જણાય, ત્યારે ત્યારે મન મારીને (મનસંયમ કરીને) બળાત્કારથી તે ઈંદ્રિયોને તેમાંથી પાછી વાળવી જોઈએ. એમ સતત્ (વારંવાર) પ્રયત્ન કરવાથી ઈંદ્રિયોને ભગવાનમાં અધ્યાસ થઈ જશે, પછી ભગવત્કાર્ય છોડી લૌકિક કાર્યમાં જવાને ઈંદ્રિયો પોતે જ લલચાશે નહિ.

(નિરોધાવસ્થાપન્ન ભક્તિથી ઉત્કૃષ્ટતર પુષ્ટિભક્તિમાં બીજી કોઈ પણ સિદ્ધિ સમ્ભવ નથી)

**નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ।।**
**નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્ પરમ્ ।।૨૦।।**

**અર્થ :** આ (નિરોધ)થી બીજો મંત્ર નથી, આથી મોટું બીજું સ્તોત્ર નથી, આથી બીજી વિદ્યા નથી, અને આથી બીજું મોટું તીર્થ નથી.

નિરોધની બરોબરી કોઈ મંત્રથી, સ્તુતિથી, કોઈ વિદ્યાથી કે કોઈ તીર્થથી થઈ શકતી નથી, નિરોધ જ સર્વોત્તમ છે.

।। ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્યવિરચિતં નિરોધલક્ષણં સંપૂર્ણમ્ ।।

**સારાંશ**

(૧)નિરોધની વ્યાખ્યા-પ્રપંચમાંથી ચિત્ત નિકળી પ્રભુમાં લાગે તે.

(૨)નિરોધની પ્રથમ દશા-અવિદ્યાની નિવૃત્તિ થઈ સ્વરૂપજ્ઞાન થવાથી હું પ્રભુનો દાસ છું છતાં મને પ્રભુથી વિયોગ થયો છે એમ સમજવામાં આવે છે. જેવી અંતઃકરણમાં દુઃખ (તાપક્લેશ) થાય છે. (શ્લોક ૧.) ‘સાધન’ મોટાઓની કૃપાવડે ભગવાન દયા કરે ત્યાંસુધી ભગવાનના ગુણોનું શ્રવણ અને કીર્તન કરવું. (શ્લોક.૪-૫)

(૩)નિરોધની મધ્યમ દશા-નિરોધની પ્રથમ દશામાં અંતઃકરણમાં વિયોગમાં થયેલા તાપક્લેશથી અંતઃકરણમાં તમામ દોષ (સંસારની આસક્તિ)

નાશ પામે છે, અને પ્રભુમાં આસક્તિ થાય છે, જેથી પ્રભુની લીલાનો અનુભવ કરતાં કરતાં ભગવત્સાક્ષાત્કાર થાય છે. (શ્લોક.૨) 'સાધન' પ્રભુના ગુણગાનમાં જ આસક્તિવાળું મન પ્રભુની પ્રાપ્તિ સારુ મહા ક્લેશ પામે છે. ત્યારે હૃદયમાં બિરાજતા પ્રભુ બહાર પ્રકટ થઈ દર્શન આપે છે. (શ્લો.૬-૭)

(૪)નિરોધની ઉત્તમ દશા-પ્રભુ સાક્ષાત્કાર થયા પછી પાછા હૃદયમાં બિરાજે છે ત્યારે ફળરૂપ વિરહદશા પ્રાપ્ત થાય છે. (શ્લો.૩) આવી દશા પ્રભુની અત્યંત કૃપા ભક્તપર વરસે ત્યારે જ થાય છે, કોઈ સાધનથી પ્રાપ્ત થાય તેમ નથી. (શ્લો.૮)

(૫)નિરોધદશા સ્વબળથી પ્રાપ્ત થતી નથી. મહાન્ ભગવદીઓની કૃપાથી જ થાય છે. માટે નિરોધ દશાની પ્રાપ્તિ માટેના અધિકારીઓએ ભગવદીઓનો સંગ કરી તેમની પાસેથી ભગવદ્ગુણનું શ્રવણ કરી, ગુણગાન કરવું. (શ્લો.૫-૯-૧૦)

(૬)જેને ભગવાને છોડી દીધેલા છે તેઓ (પ્રવાહી જીવો) આ ભવસાગરમાં મગ્ન છે અને જે નિરોધ પામેલ જીવો છે તે નિરંતર ભગવદ્વિષયમાં મગ્ન રહેલા હોય છે. (શ્લો.૧૧)

(૭)સંસારાવેશવાળી ઈંદ્રિયો સંસારમાંથી છૂટી પ્રભુમાં લીન થાય તે માટે તે ઈંદ્રિયો જે જે વસ્તુમાં લાગેલી હોય, તે વસ્તુ સહિત તે ઈંદ્રિયો ભગવાનમાં જોડવી. આથી તે ઈંદ્રિયો ઉપર બળાત્કાર ન થવાથી સંસારના વિરહથી (વસ્તુનો અભાવ થવાથી) ક્લેશ થતો નથી. જો કે જ્ઞાનમાર્ગમાં વસ્તુના અભાવથી થતો ક્લેશ ધૈર્યવડે દાબી દેવાય છે, પણ ભક્તિમાર્ગમાં તો ક્લેશ જ થતો નથી, એટલું જ નહિ પણ વસ્તુના તેવા અભાવમાં પ્રભુનું દયાળુપણું મનાય છે, એ રીતે ભક્તિનું ઉત્કૃષ્ટપણું છે. (શ્લો.૧૨ થી ૧૬.)

(૮)મન સહિત સર્વ ઈંદ્રિયો પ્રભુમાં લાગે તો જ નિરોધની પ્રાપ્તિ થવા માટે તે દરેકને પ્રભુ કાર્યમાં નીચે પ્રમાણે જોડવાં. (૧) ધ્યાનથી મન, (૨)

દર્શનવડે આંખ, (૩) સ્પર્શવડે, ત્વચા, (૪) પ્રસાદી વસ્તુના ગંધના સ્પર્શથી નાક, (૫) કૃતિથી હાથ, (૬) ગતિથી પગ, (૭) શ્રવણથી કાન, (૮-૯) કિર્તનથી મુખ અને જીભ, એ રીતે નવ ઈંદ્રિયોને સેવામાં પ્રત્યક્ષ સંબંધ થાય તેમ છે; અને (૧૦) ગુહ્યેંદ્રિ માટે આજ્ઞા કરેલી છે કે કૃષ્ણને પ્રિય એવા પુત્રની (પુત્રભાવ પુત્ર વગર સંભવતો નથી.) પ્રાપ્તિ માટે જ સ્વધર્મથી સ્વકીયા સ્ત્રી સાથે રતિ કરવી, વિષયભોગ માટે નહિ. તેમજ (૧૧)પાયુ એટલે ગુદા ઈંદ્રિય મળ અંશનો ત્યાગ કરી શરીરનો બાકીનો ભાગ ભગવત્સેવામાં ઉપયોગી થવાનું કાર્ય કરે છે. એ રીતે બે ઈંદ્રિયો પરોક્ષ રીતે સેવા બજાવે છે, એમ અગીઆરે ઈંદ્રિયો પાતાનું કાર્ય સ્પષ્ટ રીતે ન કરે, તો તેનો બળાત્કારે નિગ્રહ કરવો. (શ્લો.૧૭ થી ૧૯)

(૯)નિરોધથી બીજો મોટો મંત્ર નથી, આથી કોઈ સ્તોત્ર મોટું નથી આથી બીજી મોટી વિદ્યા નથી, કે કોઈ મોટું તીર્થ નથી. નિરોધ જ સર્વોપરી છે. (શ્લો.૨૦.)

## ।। સેવાફલમ્ ।।

(સેવાકર્તાને તેની ફલરૂપતા ત્રણમાંથી કોઈ એક પ્રકારે અનુભવાય છે: અલૌકિકસામર્થ્ય[ક] સાયુજ્ય[ખ] અને વૈકુંઠ વિગેરે લોકોમાં સેવોપયોગિદેહ[ગ])

**યાદશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમ્ ઉચ્યતે ।।**

**અલૌકિકસ્ય[ક] દાને હિ ચાદ્યઃ સિધ્યેન્ મનોરથઃ ।।૧।।**

**ફલં[ગ] વા હ્યધિકારો[ખ] વા ન કાલો-ઽત્ર નિયામકઃ ।।**

**અર્થ :** જેવી સેવા કહેલી છે તેની સિદ્ધિમાં ફળ કહેવાય છે. અલૌકિક દાનમાં પ્રથમ (૧) શ્રેષ્ઠ મનોરથ સિદ્ધ થાય, (૨) ફળ સિદ્ધ થાય, કે (૩) અધિકાર સિદ્ધ થાય, તેમાં કાળ નિયામક નથી.

શ્રીમહાપ્રભુજીએ આ સેવાફળનું વિવરણ કરેલું છે, તેમાં સેવામાં ઉપર કહેલાં ત્રણ ફળ સ્પષ્ટતાથી ગણાવ્યાં છે. (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય અને (૩) વૈકુંઠાદિકમાં સેવોપયોગી દેહ. આ ત્રણે ફલ પ્રભુ અલૌકિક રીતે દાન કરે તો જ સિદ્ધ થાય છે.

ઉપરનું ફળ પ્રાપ્ત થવામાં અથવા તેના ફળનો અધિકાર પ્રાપ્ત થવામાં કાલનું નિયામકપણું નથી; ફક્ત પ્રભુ જ નિયામક છે, કાળના પણ પ્રભુ નિયામક છે. પ્રભુ પોતાના ભક્તને ફળ આપવામાં બીજાને (પોતાના હાથ નીચેના દેવ, દેવતા વગેરે) નિયામક ઠરાવતા નથી.

(સેવા કરતાં વિઘ્નો પણ ત્રણ જાતના આવી શકે છે: ઉદ્‌વેગ[ચ] પ્રતિબન્ધ[છ] અને ભોગ[જ]. તેથી આ ત્રણેઉના સાધનોનો પરિત્યાગ કરવો. ભોગના બે પ્રકાર હોય છે: લૌકિક[જ/૧] અને અલૌકિક[જ/૨]. તેમાં લૌકિકભોગવૃત્તિ તો ત્યાજ્ય જ છે; અલૌકિકભોગનો સમાવેશ તો ફળ[ક] ના પહેલા પ્રકારમાં જ થઈ જાય છે. તે જ પ્રમાણે પ્રતિબન્ધ પણ દ્વિવિધ છે : સાધારણ[છ/૧] અને ભગવત્કૃત[છ/૨]. તેમાં સાધારણ પ્રતિબન્ધનો[છ/૧] ત્યાગ વિચારપૂર્વક કરવો. પ્રતિબન્ધ જો ભગવાન્ દ્વારા[છ/૨] કરવામાં આવ્યો હોય તો ભગવાન્ ફળ આપવા નથી માંગતા એવું સમજી લેવું જોઈએ. તેવી સ્થિતિમાં અન્યસેવા પણ વ્યર્થ બની જાય છે. ત્યારે પોતાનામાં આસુરાવેશ છે એવો નિર્ધાર કરી લેવો જોઈએ. ત્યારે જ્ઞાનમાર્ગનો આશ્રય લઈને રહેવું કે જેથી શોકથી બચી શકાય. ઉદ્વેગને નિવારવાના ઉપાયો તો 'નવરત્ન'ગ્રન્થમાંજ ઉપદેશાયા છે, તેથી અહીં તેમને પુનઃ કહેવાની આવશ્યકતા નથી)

**ઉદ્વેગઃ[ચ] પ્રતિબન્ધો[છ/૧-૨] વા ભોગો[જ] વા સ્યાત્ તુ બાધકમ્ ।।૨।।**

**અર્થ :** ઉદ્વેગ, પ્રતિબંધ, અથવા ભોગ એ ત્રણ (સેવાફળમાં) બાધક છે. માનસી સેવા સિદ્ધ થવામાં ઉદ્વેગ, પ્રતિબંધ, અને ભોગ એ ત્રણે બાધ કરનાર છે.

ઉદ્વેગ એટલે મનમાં ચિંતા રહ્યા કરતી હોય તે=પ્રતિબંધ, એટલે મનપૂર્વક સેવા થવામાં લૌકિક અને ભગવતકૃત અંતરાય નડતા હોય તે=ભોગ એટલે લૌકિક ભોગ.

**અકર્તવ્યં ભગવતઃ[७/२] સર્વથા ચેદ્ ગતિર્ ન હિ ।।**
**યથા વા તત્ત્વનિર્ધારો વિવેકઃ સાધનં મતમ્ ।।૩।।**

**અર્થ :** ભગવાનને સર્વથા કર્તવ્ય ન હોય તો તો ગતિ નથી. ત્યારે તો જે પ્રમાણે તત્ત્વનો નિર્ધાર (નિશ્ચય) થાય, તે રીતથી વિવેક રાખવો એ જ સાધન માનેલું છે.

ભગવદ્ ઈચ્છા પ્રમાણે સર્વ બને છે. જેથી જો પ્રભુની જ ઈચ્છા માનસીસેવા સિદ્ધ થવાના વિરુદ્ધ હોય તો તો કોઈ જાતનો ઉપાય જ નથી.

જ્યારે અંતઃકરણમાં તેવી ખાત્રી થાય, તો શુદ્ધાદ્વૈત જ્ઞાનરૂપી તત્વનો નિશ્ચય કરવો, અને તેવા નિશ્ચયથી ઉત્પન્ન થતો વિવેક (વિવેક ધૈર્યાશ્રયમાં કહેલ) જ સાધન માનેલું છે. એટલે સંસાર સાગરમાંથી તરવાનો એજ ઉપાય માનેલો છે. જો કે આ ઉપાય (સાધન) સેવા ફળ આગળ તો કાંઈક હિસાબમાં નથી, પણ તેમાં અધિકાર પ્રાપ્ત થવાનો જ સંભવ ન લાગતો હોય તો સંસારસાગરમાંથી નીકળવા માટે બાકીના સાધનોમાં આ સાધન ઉત્તમ છે, માટે તે કરવું જોઈએ.

**બાધકાનાં પરિત્યાગો ભોગે[४/१]ઽપ્યેકં તથા પરમ્ ।।**
**નિષ્પ્રત્યૂહં મહાન્ ભોગઃ[४/२] પ્રથમે[क] વિશતે સદા ।।૪।।**

ત્રણે બાધકનો પરિત્યાગ કરવો.

**અર્થ :** ભોગમાં એકનો પરિત્યાગ કરવો અને અપર જે બીજો (પ્રતિબંધ નામે) બાધક છે તેમાં પણ એકનો પરિત્યાગ કરવો, પરંતુ નિર્વિઘ્ન મહાન્ ભોગ છે, તેનો સદા પ્રથમ ફળમાં (શ્રેષ્ઠ મનોરથની સિદ્ધિમાં) સમાવેશ થાય છે.

સેવાફળ દેવામાં પ્રભુની વિરુદ્ધ ઈચ્છા ન હોય પણ પ્રમાદથી ફળ મળવામાં વિલંબ થતો હોય તો ત્રણે બાધકનો આ પ્રમાણે પરિત્યાગ કરવો.

ત્રીજો બાધક જે ભોગ કહે છે તે લૌકિક ભોગ બાધક છે, તે ત્યાગ કરવા લાયક છે, એમ સમજવું, કારણકે અલૌકિક ભોગ તો સેવાના પ્રથમ ફળ (શ્રેષ્ઠ મનોરથ સિદ્ધિ)રૂપ માનેલો છે.

બીજો બાધક જે પ્રતિબંધ છે તે પણ બે પ્રકારનો છે. તેમાં પણ લૌકિક પ્રતિબંધ બુદ્ધિવડે ત્યાગ થઈ શકે છે, પણ બીજો ભગવત્કૃત પ્રતિબંધ છે તે જો કે સેવામાં બાધક છે, છતાં જીવથી તે ત્યાગ થઈ શકતો નથી. તે બાબત પાછળના શ્લોકમાં કહેલી છે.

(તેમાં સાધારણ ભોગ[જ/૧] તો સવિઘ્ન હોવાથી અને અલ્પ હોવાથી ત્યાજ્ય જ છે. તેથી અલ્પભોગ અને સવિઘ્નભોગ બન્નેને પ્રતિબન્ધક જાણવા. બીજો ભગવત્કૃતપ્રતિબન્ધ[છ/૨] જ્યારે થાય છે ત્યારે તો જ્ઞાનમાર્ગનો પણ આશ્રય સુલભ નહીં રહે. તેથી ઉત્કૃષ્ટ ફળ[ક/ખ/ગ] અને પ્રાપ્ત કરવાની ચિન્તા છોડી દેવી એ જ એક ઉપાય બચે છે)

**સવિઘ્નો-ડલ્પો[જ/૧] ઘાતકઃ સ્યાદ્ બલાદ્ એતૌ સદા મતૌ ।।**

**દ્વિતીયે[છ/૨] સર્વથા ચિન્તા ત્યાજ્યા સંસાર-નિશ્ચયાત્ ।।૫।।**

**અર્થ :** (લૌકિક ભોગ) સવિઘ્ન, અલ્પ અને ઘાતક છે અને સાધારણ પ્રતિબંધ બળાત્કારથી ઘાતક છે, માટે એ બંને હમેશાં પ્રતિબંધ માનેલા છે. (તે બંને ત્યાગ કરવામાં યોગ્ય છે.)

બીજી જાતનો જે ભગવત્કૃત પ્રતિબંધ છે, તેમાં સર્વથા સંસારના નિશ્ચયથી ચિંતા છોડવી.

(૧) લૌકિક ભોગ ત્યાગ કરવાનું કારણકે તે વિઘ્નકર્તા છે, તેમજ અલ્પ છે, એટલે તે ભોગથી ક્ષણિક આનંદ થાય છે. આ આનંદ પણ દુઃખ ઉત્પન્ન કર્તા છે માટે લૌકિક ભોગનું ફળ સંસારમાં ખુંચવારૂપ અને દુઃખનો અનુભવ કરવારૂપ દુઃખ જ છે. તેમજ તે ઘાતક એટલે અધોગતિ કરનાર છે, માટે તે ત્યાગ કરવા યોગ્ય છે.

(૨) લૌકિક પ્રતિબંધ એટલે લોકમાં ગણાતા સગાંવહાલાં, દેહનું આલસ્ય, લોકમાં વ્યગ્ર મન વગેરે પ્રતિબંધ સેવામાં બાધકરૂપ હોય તે અધોગતિ કરનાર છે માટે તેનો સમજી સમજીને ત્યાગ કરવો. પણ ભગવત્ કૃત જ પ્રતિબંધ હોય એટલે શરીરમાં કાયમના રોગાદિક આવે અથવા મનની વૃત્તિ જ પ્રભુ સેવામાં ચોંટે નહિ, પણ બીજા વિષયોમાં જ મનની વૃત્તિ

ચોંટતી હોય, મનને વારંવાર પાછું વાળી સેવામાં લગાડતાં છતાં વારંવાર મન સેવા સિવાયની અન્ય બાબતોમાં લાગતું હોય, તો આવા પ્રતિબંધને ભગવત્કૃત પ્રતિબંધ માનવો.

ભગવત્કૃત પ્રતિબંધમાં આગળના શ્લોકમાં બતાવ્યા પ્રમાણે શુદ્ધાદ્વૈત જ્ઞાનમાં મન ખુંચાવવું. અને વિવેકધૈર્યાશ્રયમાં બતાવેલ વિવેક રાખવો. જેથી પ્રભુસેવારૂપી ઉત્તમ ફળ પ્રાપ્ત તો ન થાય, પરંતુ અક્ષરની પ્રાપ્તિનો સંભવ રહેશે, (મળી શકશે) પરંતુ તેમાં પણ ચિત્ત રહેતું હોય તો પછી સંસારમાં જ ઉંચ નીચ દશા પ્રાપ્ત થવાની છે, તેમ નિશ્ચય કરી પોતાની શી ગતિ થશે તે બાબતની ચિંતા છોડી દેવી.

(આંશિક રીતે પણ જો આદ્ય ફળ સિદ્ધ ન થતું હોય તો ભગવાન્ તેનું દાન હાલ કરવા નથી ઈચ્છતાં એમ સમજવું. આવે સમયે ભક્તદ્વારા કરાતી સેવાને આધિદૈવિક ન જાણવી. આવી પરિસ્થિતિમાં ભોગવૃત્તિથી છુટકારો ત્યારે જ પામી શકાય કે જ્યારે ગુણગાનથી વ્યસનદશા સિદ્ધ થાય અને ગૃહપરિત્યાગ કરવો શક્ય બને )

**ન ત્વાદ્યે દાતૃતા નાસ્તિ તૃતીયે બાધકં ગૃહમ્ ।।**

**અર્થ :** પ્રથમ (ઉદ્વેગ નામે) પ્રતિબંધમાં ભગવાનને ફળ દેવાની ઈચ્છા નથી એમ જાણવું. ત્રીજા બાધક લૌકિક ભોગના પરિત્યાગમાં બાધકરૂપ ગૃહનો પરિત્યાગ કરવો જોઈએ.

નવરત્નમાં અને અંતઃકરણ પ્રબોધ ગ્રંથમાં કહેલા વિચારો વડે ચિંતાને છોડવી પણ, મનમાંથી કોઈ રીતે પણ ચિંતા (ઉદ્વેગ) ખસતી ન જ હોય તો એમ સમજવું કે ભગવાનને સેવાનું ફળ દેવાની ઈચ્છા નથી. પરંતુ ચિંતા રહ્યા કરતી હોય તો પણ ભગવત્ સેવા છોડે નહિ તો રહેતે રહેતે પ્રભુ કૃપા કરશે અને ચિંતાનો નાશ થશે જેથી સેવાફળના અધિકારી થઈ શકશે.

લૌકિક ભોગનો પુરેપુરો ત્યાગ કરવામાં વ્યસનદશા થયા બાદ ઘરનો ત્યાગ થવાની જરૂર છે. કારણકે ઘર જ લૌકિક ભોગનો ત્યાગ થવામાં બાધ કરનાર છે. ભક્તિવર્ધિની ગ્રંથમાં પણ કહેલ છે કે ભગવાનમાં વ્યસન થયા પછી ઘરનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. જો ઘરનો ત્યાગ કરવામાં ન આવે

તો દઢ થયેલી ભક્તિ સુદઢ થવામાં અંતરાય નડે, માટે એ અંતરાયરૂપ ઘરનો ત્યાગ થવાથી જ સુદઢ ભક્તિ થાય ત્યારે જ લૌકિક ભોગનો પુરેપુરો ત્યાગ થઈ શકે. (આ વસ્તુ વિરક્ત વૈષ્ણવોમાં પ્રત્યક્ષ છે.) અને (તેથી ઉલટી રીતે ગૃહસ્થાશ્રમીપણું જે પૂર્ણ રીતે ભોગવતાં પ્રભુ સેવામાં લાગેલા જ રહે છે તેમને મન જગતનો ત્યાગ અને જગતને મન આપણે કામનો નહીં એટલે બંનેનો ત્યાગ એ જ પરસ્પર સહાય કરતા થાય છે.)

(ફલદાન ભગવદિચ્છાને આધીન હોય છે[૧] અન્ય કોઈનો તેના ઉપર વશ નથી. કેમકે ભગવદિચ્છા સિવાય અન્ય બાબતોમાં હેતુબુદ્ધિ મનોભ્રમ છે[૧]. ભગવાન્ પણ પુષ્ટિજીવોને પુષ્ટિફલદાનમાં વિલંબ નહિ જ કરે એવો વિશ્વાસ ભગવદીયોએ રાખીને ભજનમાં તત્પર રહેવું[૨]. ભક્તોના અન્તઃકરણમાં તામસાદિ ગુણોને કારણે થતી શંકા-કુશંકાઓને પણ ભ્રમણા જાણીને આ ઉપદેશને ભૂલવો નહિ[૩])

**અવશ્યેયં સદા ભાવ્યા સર્વમ્ અન્યન્ મનોભ્રમઃ[૧]।।૬।।**
**તદીયૈર્ અપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલમ્બયેત્[૨]।।**
**ગુણક્ષોભેઽપિ દ્રષ્ટવ્યમ્ એતદેવેતિ મે મતિઃ।।૭।।**

**અર્થ :** આ સર્વ (સેવા ફળમાં આવતા પ્રતિબંધ) હમેશાં અવશ્ય વિચારવા જોઈએ, આ સિવાય બીજું મનનો ભ્રમ છે. તદીયોએ તે પ્રમાણે કરવું. પણ પુષ્ટિમાં તો ન જ વિલંબ થાય. ગુણને લીધે ક્ષોભ થતાં પણ એ જ દ્રષ્ટવ્ય (વિચારવા યોગ્ય) છે એ પ્રમાણે મારી મતિ છે.

પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદમાં કહેલ છે કે પુષ્ટિજીવોના મુખ્ય બે ભેદ છે. (૧) શુદ્ધ પુષ્ટિ જીવો, (૨) મિશ્રપુષ્ટિ જીવો આ મિશ્ર પુષ્ટિજીવોના ભેદ બતાવેલા છે.

આ મિશ્ર પુષ્ટિ જીવો ભગવાનનો અનુગ્રહ જેમ જેમ વધતો જાય, તેમ તેમ વધતા વધતા છેવટે શુદ્ધ પુષ્ટિમાં આવી શકે છે.

આ ગ્રંથમાં બતાવેલ સેવાફળના ત્રણ પ્રતિબંધનો વિચાર કરવાની બાબત તદીયો (પ્રભુની કૃપાનું બળ જેણે વિચારેલું છે તેવા નિઃસાધન મિશ્ર

પુષ્ટિ જીવો) એ વિચારવાની છે પણ શુદ્ધ પુષ્ટિમાં જેની અંગીકૃતિ થઈ ગઈ છે તેમને માટે નથી. કારણકે તેમને સેવાનું ફળ (એટલે કે અવિચ્છિન્ન નિર્વિકારી સેવારૂપી ફળ) આપવામાં પ્રભુ વિલંબ કરતા નથી.

શ્રીમહાપ્રભુજીના તથા શ્રીગુસાંઈજીના અનન્ય ભક્તો મધ્યેના કેટલાક ઘરમાં રહ્યા છતાં તેમને ભગવત્ સાક્ષાત્કાર થયો હતો, એમ વાર્તા ગ્રંથ ઉપરથી જણાય છે. શુદ્ધ પુષ્ટિમાં તેમની અંગીકૃતિ થવાથી તેમને કશું બાધકરૂપ ન હોતું.

વળી તેમનાં ઘણા ખરાના કુટુંબના તમામ જણ ઉપર તેવી કૃપા થઈ હતી, જેથી તેઓ બધાં જ ભગવદી હોવાથી બાધ કેનાથી થાય ? માટે તેવાના દાખલા જોઈ આપણે આવા બાધકનો વિચાર ન કરીએ, તો આ બાધકવડે આપણો નાશ જ થાય તેમાં શક નથી કારણકે આપણી અંગીકૃતિ શુદ્ધ પુષ્ટિમાં થઈ નથી. ફક્ત પ્રભુની કૃપા એ જ અમારે બળ છે એમ મોઢેથી કહીએ છીએ, પણ મન હજુ તેટલું અનન્ય થયું નથી, એટલે મન તદીય થવામાં પણ હજુ અન્યાશ્રય આડો આવે છે, તો શુદ્ધ પુષ્ટિભક્તોનું બાહ્ય અનુકરણ કરવું તે કેટલું હાસ્યજનક છે, એનો દરેક જિજ્ઞાસુએ વિચાર કરવો જોઈએ.

(સત્વ, રજ, અને તમ) ત્રણે ગુણોથી ખરડાયેલું આપણું મન છે, તે ગુણોવડે મન હમેશાં ક્ષોભવાળું રહે એટલે પોતાની ગતિ બાબત મનમાં દિલગિરી રહ્યા કરતી હોય તો પણ સેવામાં ઉપરના ત્રણે બાધકનો વિચાર હમેશાં કરી ત્યાગ કરવામાં ઉદ્વેગ અને સાધારણ પ્રતિબંધ અને લૌકિક ભોગનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવા પ્રયાસ કરવો, જેથી ધીમે ધીમે પ્રભુ કૃપા વધતાં બાધકોનો નાશ થશે. ભક્તિ માર્ગીઓએ આ બાધકોનો ઉપરની રીતે વિચાર ન કરતાં બીજી રીતનાં સાધનો (જ્ઞાન, યોગ, સાંખ્ય વગેરે) કરવાનો સંકલ્પ પણ ન કરવો જોઈએ, કેમકે તેથી મનમાં ભ્રમ ઉત્પન્ન થાય છે.

**કુસૃષ્ટિર્ અત્ર વા કાચિદ્ ઉત્પદ્યેત સ વૈ ભ્રમઃ[૩] ।।**

**અર્થ :** અહીંઆ કોઈ જાતની કુસૃષ્ટિ ઉત્પન્ન થાય તે ભ્રમરૂપ છે.

મિશ્રપુષ્ટિ જીવોને આ ગ્રંથમાં બતાવેલ રીતે સેવાનાં ફળ અને બાધકનું મનન ન થતાં કુસંગને લીધે મનમાં અવિશ્વાસરૂપ વિચારો આવે, અથવા બીજાં સાધનોમાં મન પ્રવૃત્ત થાય તો સુબુદ્ધિવડે વિચારવું કે તે વિચારો ખોટા જ છે. ભ્રમથી તેમ થાય છે, મન ઊંધે રસ્તે ચડી જવાથી તેવા તરંગો આવે છે, એમ મનનું સમાધાન કરી પાછું ભક્તિ માર્ગના રસ્તે દોરવાનો પ્રયત્ન કરવો.

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં સેવાફલં સંપૂર્ણમ્ ।।

**સારાંશ**

(૧)સિદ્ધાંત મુક્તાવલીમાં માનસી સેવાની વ્યાખ્યા આપી છે કે-ચિત્ત ભગવાનમાં પરોવાઈ જાય તેનું નામ માનસી સેવા.

(૨)માનસી સેવા સિદ્ધ થાય ત્યારે (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય, (૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી છે દેહ, એ ત્રણ ફળ પ્રાપ્ત થાય છે. પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા અને પુષ્ટિપ્રવાહી એ ત્રણ ભેદવડે અનુક્રમે માનસી સેવાના ત્રણ ફળ બતાવ્યા છે. પુષ્ટિપુષ્ટિ અલૌકિક સામર્થ્ય. આ સામર્થ્ય તે ભજનાનંદનો અનુભવ અથવા વિપ્રયોગ સહન કરવાથી શક્તિ એ ગોપીજનને પ્રાપ્ત થઈ છે તે સમજવી. પુષ્ટિમર્યાદાને માનસી સેવા સિદ્ધ થતા શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય, અને પુષ્ટિપ્રવાહીને માનસી સેવામાં વૈકુંઠાદિ સેવોપયોગી દેહ એ પ્રમાણે ફળ મળે છે.

(૩)આ ફળ મળવામાં ઉદ્વેગ પ્રતિબંધ (જીવકૃત અને પ્રભુકૃત) બે જાતના અને લૌકિક ભોગ, એ ત્રણ વાનાં બાધક છે. ઉદ્વેગ-નવરત્ન અને અંતઃકરણ પ્રબોધમાં આજ્ઞા કર્યા મુજબ ત્યાગ કરવો. જીવકૃતપ્રતિબંધ-યુક્તિથી ત્યાગ કરવો. લૌકિક ભોગ-લૌકિકમાં વૈરાગ્યવડે ત્યાગ કરવો, તેવો વૈરાગ્ય પ્રભુસેવામાં મન વધારે વધારે લગાડવાથી અને ઈંદ્રિયનિગ્રહ રાખવાથી થાય છે. ભગવતકૃત પ્રતિબંધમાં કશો ઉપાય

નથી, પણ બને તો શુદ્ધાદ્વૈત સિદ્ધાંત અનુસાર તત્વજ્ઞાન મેળવવાથી છેવટ અક્ષરપ્રાપ્તિ સુધી પહોંચાય છે. અલૌકિક ભોગ-એ તો સેવાના મુખ્ય ફળરૂપ છે, પ્રતિબંધરૂપ નથી.

(૪)સેવાનાં ઉપર બતાવેલ ફળ મળવામાં સાધનનું કે કાળનું નિયામકપણું નથી, પ્રભુ દયા કરીને જ ફળ આપે છે.

(૫)સેવાફળ ગ્રંથ તદીયો એટલે જેના અંતઃકરણમાં સાધનનું બળ નથી પણ પ્રભુકૃપાનું જ બળ છે, તેવા અંતઃકરણવાળા મિશ્રપુષ્ટિ જીવો માટે છે, શુદ્ધ પુષ્ટિમાં પ્રવેશ થયેલા ભક્તોને કશું બાધક થતું નથી.

## ।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

(મંગલ ઉપક્રમઃ)

**પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃત-નિખિલ-ધર્મરૂપમ્ ઈતિ ।।**
**નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ ।।૧।।**

**અર્થ :** શ્રીવિટ્ઠલનાથજી આજ્ઞા કરે છે કે જે પ્રાકૃત ધર્મના આશ્રયથી રહિત અને સમગ્ર અલૌકિક ધર્મરૂપ છે. એ રીતે વેદમાં પ્રતિપાદન કરેલું, અને સાકાર અને શુદ્ધ સ્વરૂપ છે તેની સ્તુતિ કરું છું. ૧.

(સ્તોત્રને પ્રકટ કરવાના પ્રયોજનનું નિરૂપણ)

**કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વાદ્ વિદુષામપિ ।।**
**સમ્પ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ।।૨।।**

**અર્થ :** જ્ઞાતા પુરુષોની પણ જ્ઞાન દૃષ્ટિ કલિકાલરૂપ અંધકારથી આચ્છાદિત છે. માટે તે સ્વરૂપનું માહાત્મ્ય હાલ પૃથ્વીમાં અપરિચિત થયું છે.૨.

**દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।।**
**વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ।।૩।।**

**અર્થ :** જ્યારે દયા વડે શ્રીહરિને પોતાના વચનદ્વારા પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવાની ઈચ્છા થઈ ત્યારે પોતાનું મુખારવિંદ પ્રાદુર્ભાવ (પ્રકટ) કર્યું.૩.

**તદુક્તમ્ અપિ દુર્બોધં સુબોધં સ્યાદ્ યથા તથા ।।**
**તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ।।૪।।**

**અર્થ :** પણ તેનું કહેલું દુર્બોધ છે માટે જેવી રીતે સુબોધ થાય તેવી રીતે સમગ્ર પાપને હણનાર તે શ્રીમહાપ્રભુજીનાં એકસો આઠ નામ કહું છું.૪.

(આ સ્તોત્રના ઋષિ[૧] છન્દ[૨] દેવતા[૩] બીજ[૪] વિનિયોગ[૫] અને સિદ્ધિ[૬] નું નિરૂપણ)

**ઋષિર્ અગ્નિ-કુમારસ્તુ[૧] નામ્નાં છન્દો જગત્યસૌ[૨] ।।**
**શ્રીકૃષ્ણાસ્યં દેવતા[૩] ચ બીજં કારુણિકઃ પ્રભુઃ[૪] ।।૫।।**
**વિનિયોગો ભક્તિયોગ પ્રતિબન્ધ-વિનાશને[૫] ।।**
**કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિર્[૬] અત્ર ન સંશયઃ ।।૬।।**

**અર્થ :** આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર છે અને જગતી છંદ છે. તથા શ્રીકૃષ્ણાસ્ય દેવતા છે અને કારુણિક પ્રભુ એ બીજ છે. ૫.

અને આ સર્વોત્તમ સ્તોત્રમાં પ્રતિબંધ નાશ કરવા સારુ વિનિયોગ કહેતાં પ્રયોજન ભક્તિયોગ છે. અને શ્રીકૃષ્ણના અધરામૃત સ્વાદની અહીં સિદ્ધિ છે એમાં કાંઈ સંશય નથી. ૬.

(શ્રીમદાચાર્યચરણોના ૧૦૮ નામો)

**આનન્દઃ[૧] પરમાનન્દઃ[૨] શ્રીકૃષ્ણાસ્યં[૩] કૃપાનિધિઃ[૪] ।।**
**દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા[૫] સ્મૃતિમાત્રાર્તિનાશનઃ[૬] ।।૭।।**

**અર્થ :** આનંદરૂપ અને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અને કૃપાના ભંડારરૂપ અને દૈવી જીવોના ઉદ્ધાર કરવા સારૂ પોતાના મનમાં યત્ન કરનારા અને સ્મરણ માત્રથી પીડાને નાશ કરનારા એવા શ્રીમહાપ્રભુજી છે.૭.

**શ્રીભાગવત-ગૂઢાર્થ પ્રકાશન-પરાયણઃ[૭] ।।**
**સાકાર-બ્રહ્મવાદૈક-સ્થાપકો[૮] વેદપારગઃ[૯] ।।૮।।**

**અર્થ :** શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકાશ કરવામાં તત્પર એવા અને સાકાર બ્રહ્મવાદના સ્થાપન કરનારા અને વેદને પાર પામેલા એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી. ૮.

**માયાવાદ-નિરાકર્તા[૧૦] સર્વવાદિ-નિરાસકૃત્[૧૧] ।।**
**ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ[૧૨] સ્ત્રી-શૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ[૧૩] ।।૯।।**

**અર્થ :** માયાવાદનો નિવારણ કરનાર અને સર્વે વાદીઓને નિરાસ કરનાર અને ભક્તિ માર્ગરૂપ કમલમાં સૂર્યરૂપ અને સ્ત્રીઓ તથા શૂદ્રાદિના ઉદ્ધાર કરવામાં સમર્થ એવા શ્રીમહાપ્રભુજી. ૯.

**અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભી-કૃત-માનવઃ[૧૪] ।।**
**અંગીકૃતૌ સમર્યાદો[૧૫] મહાકારુણિકો[૧૬] વિભુઃ[૧૭] ।।૧૦।।**

**અર્થ :** અંગીકાર કરવાને વિષે મર્યાદાવાળા અને મહાદયાલુ; અને પોતે અંગીકાર કરીને ગોપી પતિ શ્રીકૃષ્ણ ભગવાનમાં મનુષ્યોને વાત્સલ્ય કરાવનાર એવા અને સર્વ સમર્થ શ્રીમહાપ્રભુજી. ૧૦.

**અદેય-દાન-દક્ષશ્ચ[૧૮] મહોદાર-ચરિત્રવાન્[૧૯] ।।**
**પ્રાકૃતાનુકૃતિ-વ્યાજ઼ મોહિતાસુર-માનુષઃ[૨૦] ।।૧૧।।**

**અર્થ :** ન આપી શકાય એવાં દાન દેવા સમર્થ એવા, અને ઉદાર ચરિત્રવાળા અને પ્રાકૃત જનને અનુસરવાના મીષેથી આસુરી જનોને મોહિત કરનાર. ૧૧.

**વૈશ્વાનરો[૨૧] વલ્લભાખ્યઃ[૨૨] સદ્રૂપો[૨૩] હિતકૃત્સતામ્[૨૪] ।।**
**જનશિક્ષા-કૃતે કૃષ્ણ઼ ભક્તિકૃન્[૨૫] નિખિલેષ્ટદઃ[૨૬] ।।૧૨।।**

**અર્થ :** અગ્નિથી ઉત્પન્ન થયેલા વલ્લભનામવાળા, સારારૂપવાળા સત્પુરુષોના હિતકારી, મનુષ્યોને શીખવવા સારુ શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા સમગ્ર ઈચ્છિત વસ્તુને આપનાર એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. ૧૨.

**સર્વ-લક્ષણ-સમ્પન્નઃ[૨૭] શ્રીકૃષ્ણ-જ્ઞાનદો[૨૮] ગુરુઃ[૨૯] ।।**

**સ્વાનન્દ-તુન્દિલઃ[30] પદ્મદલાયત-વિલોચનઃ[31] ।।૧૩।।**

**અર્થ :** સર્વ લક્ષણથી યુક્ત, શ્રીકૃષ્ણના જ્ઞાનને દેનાર, અને ગુરુ અને પોતાના સ્વરૂપે કરીને આનંદવાળા, પદ્મના દલસરખાં વિશાળ નેત્રવાળા એવા શ્રીમહાપ્રભુજી. ૧૩.

**કૃપાદૃગ્વૃષ્ટિ સંહૃષ્ટ દાસદાસી-પ્રિયઃ[32] પતિઃ[33] ।।**

**રોષદૃક્પાતસમ્પ્લુષ્ટ-ભક્તદ્વિડ્[34] ભક્તસેવિતઃ[35] ।।૧૪।।**

**અર્થ :** કૃપાયુક્ત દષ્ટિરૂપ વૃષ્ટિવડે ખુશી થયેલા દાસદાસી જનોને પ્રિય, અને રોષવાળી વૃષ્ટિવડે ભક્તોના દ્વેષીયોને બાળી નાંખનાર, અને ભક્તોએ સેવેલા એવા શ્રીમહાપ્રભુજી. ૧૪.

**સુખસેવ્યો[36] દુરારાધ્યો[37] દુર્લભાંઘ્રિસરોરુહઃ[38] ।।**

**ઉગ્રપ્રતાપો[39] વાક્સીધુ પૂરિતાશેષ-સેવકઃ[40] ।।૧૫।।**

**અર્થ :** સુખે કરીને સેવવા યોગ્ય, દુઃખે કરીને આરાધના કરવા યોગ્ય, જેમનાં ચરણરૂપી કમલ દુર્લભ છે, ઉગ્ર પ્રતાપવાળા, વાણીરૂપ અમૃતવડે સમગ્ર સેવકોને પૂર્ણ કરનાર. ૧૫.

**શ્રીભાગવત-પીયૂષ-સમુદ્ર-મથન-ક્ષમઃ[41] ।।**

**તત્સારભૂત-રાસ-સ્ત્રી ભાવપૂરિત-વિગ્રહઃ[42] ।।૧૬।।**

**અર્થ :** શ્રીભાગવતરૂપ અમૃતનો સમુદ્ર તેની કથા કરવામાં સમર્થ અને તે ભગવાનને વિષે સારભૂત એવી રાસક્રીડા સ્ત્રીભાવે કરી પરિપૂર્ણ દેહવાળા.૧૬.

**સાન્નિધ્ય-માત્ર-દત્ત-શ્રીકૃષ્ણ-પ્રેમા[43] વિમુક્તિદઃ[44] ।।**

**રાસલીલૈક-તાત્પર્યઃ[45] કૃપયૈતત્-કથા-પ્રદઃ[46] ।।૧૭।।**

**અર્થ :** પોતાની સન્નિધિ માત્રમાં શ્રીકૃષ્ણને વિષે પ્રેમનું દાન કરનાર એવા અને મુક્તિને દેનારા રાસલીલામાં એક તાત્પર્યવાળા અને કૃપાએ કરીને એ શ્રીકૃષ્ણની કથાને દેનારા. ૧૭.

**વિરહાનુભવૈકાર્થદ્ગ સર્વ-ત્યાગોપદેશકઃ[૪૭] ।।**

**ભક્ત્યાચારોપદેષ્ટા[૪૮] ચ કર્મ-માર્ગ-પ્રવર્તકઃ[૪૯] ।।૧૮।।**

**અર્થ :** કેવળ વિરહના અનુભવ સારુ સર્વ ત્યાગનો ઉપદેશ કરનાર, ભક્તિ વાસ્તે આચારનો ઉપદેશ કરનારા, અને કર્મ માર્ગને પ્રવર્તાવિનારા એવા શ્રીઆચાર્યજી. ૧૮.

**યાગાદૌ ભક્તિમાર્ગૈકદ્ગ સાધનત્વોપદેશકઃ[૫૦] ।।**

**પૂર્ણાનંદઃ[૫૧] પૂર્ણકામો[૫૨] વાક્પતિર્[૫૩] વિબુધેશ્વરઃ[૫૪] ।।૧૯।।**

**અર્થ :** યાગાદિ કર્મમાં ભક્તિ માર્ગનું જ એક સાધનપણું છે એવો ઉપદેશ કરનાર પૂર્ણ આનંદવાળા, પૂર્ણ કામનાવાળા, વાણીના અધિપતિ, વિબુધના ઈશ્વર એવા શ્રીઆચાર્યજી. ૧૯.

**કૃષ્ણનામ-સહસ્રસ્ય વક્તા[૫૫] ભક્તપરાયણઃ[૫૬] ।।**

**ભક્ત્યાચારોપદેશાર્થ-નાનાવાક્યનિરૂપકઃ[૫૭] ।।૨૦।।**

**અર્થ :** શ્રીકૃષ્ણના હજાર નામને કહેનારા અને ભક્તોને શરણરૂપ અને ભક્તિ તથા આચારના ઉપદેશ સારુ નાના પ્રકારના વાક્યને નિરૂપણ કરનારા એવા. ૨૦.

**સ્વાર્થોજ્ઝિતાખિલ-પ્રાણદ્ગ પ્રિયસ્[૫૮] તાદશ-વેષ્ટિતઃ[૫૯] ।।**

**સ્વદાસાર્થ-કૃતાશેષ-સાધનઃ[૬૦] સર્વશક્તિ-ધૃક્[૬૧] ।।૨૧।।**

**અર્થ :** શ્રીઆચાર્યજી અર્થે અખિલ પ્રાણને અર્પણ કરનાર પુરુષોને પ્રિય એવા અને તેવા તાદશી પુરુષોએ વીંટાએલા અને પોતાના દાસને સારુ સમગ્ર સાધન કરનાર અને સર્વ શક્તિને ધારણ કરનાર એવા શ્રીઆચાર્યજી.૨૧.

**ભુવિ ભક્તિ-પ્રચારૈકદ્ગ કૃતે સ્વાન્વય-કૃત્[૬૨] પિતા[૬૩] ।।**

**સ્વવંશે સ્થાપિતાશેષદ્ગ સ્વમાહાત્મ્યઃ[૬૪] સ્મયાપહઃ[૬૫] ।।૨૨।।**

**અર્થ :** પૃથ્વીમાં કેવળ ભક્તિનો પ્રચાર કરવા સારુ પોતાનો વંશ કરનાર અને પિતારૂપ અને પોતાના વંશને વિષે પોતાના સમગ્ર માહાત્મ્યનું સ્થાપન કરનાર

અને ગર્વનો નાશ કરનાર એવા શ્રીમહાપ્રભુજી. ૨૨.

**પતિવ્રતા-પતિઃ[૬૬] પારલૌકિકૈહિક-દાનકૃત્[૬૭] ।।**

**નિગૂઢ-હૃદયો[૬૮]ઽનન્યભક્તેષુ જ્ઞાપિતાશયઃ[૬૯] ।।૨૩।।**

**અર્થ :** પતિવ્રતાઓના પતિ અને પરલોક તથા આ લોક સંબંધિ દાન કરનાર અને ગૂઢ હૃદયવાળા અનન્ય ભક્તોમાં પોતાનું અંતઃકરણ જણાવનાર. ૨૩.

**ઉપાસનાદિ-માર્ગાઽતિમુગ્ધ-મોહ-નિવારકઃ[૭૦] ।।**

**ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્[૭૧] ।।૨૪।।**

**અર્થ :** ઉપાસનાદિ માર્ગોમાં અતિ મુગ્ધ પુરુષોના મોહને મટાડનાર ભક્તિમાર્ગને વિષે સર્વ માર્ગથી વિલક્ષણ રીતે અનુભવ કરનાર એવા. ૨૪.

**પૃથક્-શરણ-માર્ગોપદેષ્ટા[૭૨] શ્રીકૃષ્ણ-હાર્દવિત્[૭૩] ।।**

**પ્રતિક્ષણ-નિકુંજસ્થલીલારસ-સુપૂરિતઃ[૭૪] ।।૨૫।।**

**અર્થ :** જુદી રીતે શરણ માર્ગનો ઉપદેશ કરનાર, શ્રીકૃષ્ણના હાર્દને જાણનાર, ક્ષણે ક્ષણે નિકુંજમાં થએલી લીલાના રસે કરીને પરિપૂર્ણ એવા.૨૫.

**તત્કથાક્ષિપ્ત-ચિત્તસ્[૭૫] તદ્વિસ્મૃતાન્યો[૭૬] વ્રજપ્રિયઃ[૭૭]।।**

**પ્રિયવ્રજ-સ્થિતિઃ[૭૮] પુષ્ટિલીલાકર્તા[૭૯] રહઃપ્રિયઃ[૮૦]।।૨૬।।**

**અર્થ :** તે નિકુંજવનમાં શ્રીકૃષ્ણચંદ્ર સંબંધિ રાસલીલા કથા વડે ચિત્તને ખેંચનાર અને તે કથા કરવા સારુ અન્ય કથા વિરોધી કાર્યને વિસ્મરણ કરાવનાર અને વ્રજમાં પ્રીતિવાળા અને પ્રિય વ્રજમાં સ્થિતિવાળા અને પુષ્ટિ સંબંધિ રાસલીલા કરનાર અને એકાંતિક ભક્તમાં પ્રીતિવાળા શ્રીઆચાર્યજી. ૨૬.

**ભક્તેચ્છા-પૂરકઃ[૮૧] સર્વાજ્ઞાતલીલો[૮૨]ઽતિમોહનઃ[૮૩] ।।**

**સર્વાસક્તો[૮૪] ભક્તમાત્રાસક્તઃ[૮૫] પતિત-પાવનઃ[૮૬]।।૨૭।।**

**અર્થ :** ભક્તની ઈચ્છાને પૂર્ણ કરનારા બીજા સર્વે પુરુષોને અજ્ઞાત છે લીલા જેની એવા અને અત્યંત મોહ કરનાર, સર્વને વિષે આસક્તિ રહિત, અને કેવળ ભક્તને વિષે આસક્ત, અને પતિત પુરુષોને પવિત્ર કરનારા, એવા

શ્રીઆચાર્યજી. ૨૭.

**સ્વ-યશો-ગાન-સંહૃષ્ટ હૃદયામ્ભોજ-વિષ્ટરઃ[૮૭] ।।**

**યશઃ-પીયૂષ-લહરી પ્લાવિતાન્ય-રસઃ[૮૮] પરઃ[૮૯] ।।૨૮।।**

**અર્થ :** પોતાનો જશ ગાવાથી પ્રસન્ન થયેલા ભક્તના હૃદયરૂપ કમલમાં આસન કરનાર યશરૂપ અમૃતની લહેરથી ભીંજાવેલ છે અન્ય રસ જેણે એવા, અને શ્રેષ્ઠ એવા શ્રીમહાપ્રભુજી. ૨૮.

**લીલામૃત-રસાર્દ્રાર્દ્રી કૃતાખિલ-શરીર-ભૃત્[૯૦] ।।**

**ગોવર્ધન-સ્થિત્યુત્સાહઃ[૯૧] તલ્લીલા-પ્રેમ-પૂરિતઃ[૯૨] ।।૨૯।।**

**અર્થ :** લીલારૂપ અમૃત સંબંધી રસાર્દ્ર ભાવવડે સકળ શરીર ધારીને રસવાળા કરનાર, અને શ્રીગોવર્ધન ગિરિરાજની સ્થિતિમાં ઉત્સાહવાળા અને તે ભગવદ્ લીલામાં પ્રેમરસ વડે પરિપૂર્ણ એવાં, શ્રીમહાપ્રભુજી. ૨૯.

**યજ્ઞ-ભોક્તા[૯૩] યજ્ઞ-કર્તા[૯૪] ચતુર્વર્ગ-વિશારદઃ[૯૫] ।।**

**સત્ય-પ્રતિજ્ઞઃ[૯૬] ત્રિગુણાતીતો[૯૭] નય-વિશારદઃ[૯૮] ।।૩૦।।**

**અર્થ :** યજ્ઞ ભોક્તા અને યજ્ઞ કર્તા, તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષને દેવામાં ડહાપણવાળા, સાચી પ્રતિજ્ઞાવાળા, ત્રણ ગુણથી રહિત અને નીતિમાં ચતુર એવા શ્રીઆચાર્યજી. ૩૦.

**સ્વકીર્તિ-વર્ધનસ્[૯૯] તત્ત્વસૂત્ર-ભાષ્ય-પ્રદર્શકઃ[૧૦૦] ।।**

**માયાવાદાખ્ય-તૂલાગ્નિઃ[૧૦૧] બ્રહ્મવાદ-નિરૂપકઃ[૧૦૨] ।।૩૧।।**

**અર્થ :** પોતાની કીર્તિને વધારનાર અને સાંખ્ય, તત્વ, અને વ્યાસ સૂત્રના ભાષ્યને કરનાર અને માયાવાદરૂપ કપાસમાં અગ્નિ સરખા અને બ્રહ્મવાદને નિરૂપણ કરનાર એવા શ્રીઆચાર્યજી. ૩૧.

**અપ્રાકૃતાખિલાકલ્પ ભૂષિતઃ[૧૦૩] સહજ-સ્મિતઃ[૧૦૪] ।।**

**ત્રિલોકી-ભૂષણં[૧૦૫] ભૂમિભાગ્યં[૧૦૬] સહજ-સુન્દરઃ[૧૦૭] ।।૩૨।।**

**અર્થ :** અલૌકિક સર્વ શૃંગારવડે સુશોભિત અને સહજ હાસ્યવાળા ત્રણ

લોકમાં ભૂષણ સરખા અને પૃથ્વીના ભાગ્યરૂપ અને સહજ સુંદર એવા શ્રીમહાપ્રભુજી. ૩૨.

**અશેષ-ભક્ત-સમ્પ્રાર્થ્યદ્ચરણાબ્જ-રજોધનઃ[૧૦૮] ।।**

**ઈત્યાનન્દ-નિધેઃ પ્રોક્તં નામ્નામ્ અષ્ટોત્તરં શતમ્ ।।૩૩।।**

**અર્થ :** જેના ચરણકમળના રજરૂપી ધન અશેષ ભક્ત જનોએ સંપ્રાર્થનીય છે. (એટલે સારી રીતે ઈચ્છા કરવા યોગ્ય છે.) એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. એ પ્રમાણે આનંદના સમુદ્રરૂપ શ્રીમહાપ્રભુજીનાં એકસો અને આઠ નામ કહ્યાં. ૩૩.

(૧૦૮ નામોના પાઠની ફલશ્રુતિ)

**શ્રદ્ધા-વિશુદ્ધ-બુદ્ધિર્ યઃ પઠત્યનુદિનં જનઃ ।।**

**સ તદેકમનાઃ સિદ્ધિમ્ ઉક્તાં પ્રાપ્નોત્યસંશયમ્ ।।૩૪।।**

**તદપ્રાપ્તૌ વૃથા મોક્ષઃ તદાપ્તૌ તદ્ગતાર્થતા ।।**

**અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ।।૩૫।।**

**અર્થ :** શ્રદ્ધાવડે વિશુદ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય હમેશાં તેને વિષે નિશ્ચય મનવાળો થઈને આ સ્તોત્રનો પાઠ કરે, તો તે પુરુષ કહેલી મહા સિદ્ધિને પ્રાપ્ત થાય એમાં કાંઈ સંશય નથી. ૩૪.

તે શ્રીઆચાર્યજીની પ્રાપ્તિ વિના મોક્ષ પણ વૃથા છે અને તે સ્વમાર્ગ સંબંધી ફળની પ્રાપ્તિ થાય તો સાયુજ્યાદિક મોક્ષનું પણ નિરર્થકપણું છે આ વાસ્તે આ સર્વોત્તમ સ્તોત્રથી શ્રીકૃષ્ણચંદ્રરૂપ રસની ઈચ્છાવાળા પુરુષોએ જપ કરવા યોગ્ય છે. ૩૫.

।। ઈતિ શ્રીમદગ્નિકુમારપ્રોક્તં સર્વોત્તમસ્તોત્રં સંપૂર્ણમ્ ।।

# અમૃતવચનાવલી

**શ્રીનાથજી:**

(ક) શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે ''મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૂટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ''. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!''.

(શ્રીનાથજી, ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)

(ખ) એક દિવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કાંઈક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઈએ તેની સામગ્રી સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દિવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઈ પોતાના મનમાં ખૂબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા : ''તેં મારા માટે સામગ્રી કેમ લીધી? તે અમે કેવી રીતે આરોગીએ?''

ભાવપ્રકાશ : આમાં એ જતાવ્યું કે પારકી, બીજાની સત્તા, સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઈ પણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઈને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવી. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઈ વા.પ્ર.૨)

**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય:**

(ક)જે કટોરી(ગિરવિ) મૂકીને સામગ્રી આવી તેનો તો ભોગ શ્રીઠાકોરજી પોતાના જ દ્રવ્યનો આરોગ્યા, તેથી તે ભોગ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું (દેવ) દ્રવ્ય ખાશે તે મારો(પુષ્ટિમાર્ગી) નહીં કહેવાય. અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય ક્યારેય નહીં ખાય. જે (દેવદ્રવ્યનો પ્રસાદ) ખાશે તે મહાપતિત થશે. તેથી તે (દેવદ્રવ્યના) પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો તેથી તે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો''. આ સાંભળીને બધા વૈષ્ણવો ચુપ થઈ ગયા.

(ઘરુવાર્તા-૩).

(ખ) શ્રીભાગવતનો પાઠ પોતે જ કરવો જોઈએ. લૌકિક(ફંડફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર-પુણ્ય-પ્રાયશ્ચિત્ત) કોઈ પણ હેતુ-પ્રયોજનથી શ્રીભાગવતનો પાઠ કે તેનું શ્રવણ કરવું ન જોઈએ. પ્રાણ કંઠ સુધી આવી ગયા હોય તો ભૂખ્યા મરી ભલે જવું પણ ભાગવતની કથા યજમાન પાસેથી દક્ષિણા લઈને આજીવિકા માટે ન જ કરવી. (તત્ત્વાર્થદીપનિબન્ધ)

(ગ) કથા-કીર્તન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ લોકોના મનોભાવને, તેઓ ભગવદ્ગુણગાન કરતા હોય તો પણ, મોઢું-મળ વગેરેને ધોતાં નીકળેલા ગંદા પાણીના નિકાલ માટે ખોદેલા ખાડા (સેસ્પોલ-ગટર) જેવા જાણવા. ભાગવત વગેરેની કથા કરીને દક્ષિણા લેનારા કથાકારો પણ આવા નીચ કીંતનકારો (ગટર) જેવા જ હોય છે. તેથી આવા નીચ લોકોદ્વારા કરવામાં આવતા કથા-કીર્તન પુષ્ટિમાર્ગીઓએ ન સાંભળવા.

(જલભેદ)

**શ્રીગોપીનાથપ્રભુચરણ:**

...શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...''.

ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઈને તમે રાજી થયા?''.

ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ(દેવદ્રવ્ય) ઊપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૂળ નાશ થશે''.

આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો આવો જ છે''.

(શ્રીગોપીનાથપ્રભુચરણ, ૮૪ વૈષ્ણવવાર્તા, દામોદારદાસ સમ્ભલવાળાની વાર્તા)

**શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ:**

(ક) ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવામાટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઈએ. પોતાની આજીવિકા (ભરણ-પોષણ) ચલાવવામાટે પૈસા કમાવવાના રૂપમાં જે શ્રવણ-કથા-કીર્તન-સેવા વિગેરે કરવામાં આવતાં હોય તો તેમને તો ખેતી-વાડીના ધંધાની માફક 'લૌકિકકર્મ' જ કહેવા જોઈએ (ધર્મ-ભક્તિ કદાપિ નહીં). (જો કોઈ અધમ માણસ) જાજરૂ જઈને પોતાના મળને ધોવા માટે ગંગાજળનો ઉપયોગ કરે તો શું તેને ગંગાસ્નાનું શાસ્ત્રોક્ત ઉચ્ચ ફળ મળી શકે? ના. પવિત્ર ગંગાનો આવો દુરુપયોગ કરવાથી તો તેને માત્ર અને માત્ર પાપ જ લાગે છે. આ જ પ્રમાણે જેઓ પૈસા કમાવવામાટે પ્રભુની સેવા-કથા કરે છે તેઓને પણ તેવી સેવ-કથાનું કંઈ પણ ફળ મળતું નથી. ઉલટાનું, આવા અધમ આચરણને કારણે તેઓ પાપના જ ભાગીદાર બને છે.

(શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ : ભક્તિહંસ).

(ખ) આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો શી ગતિ થાય? ...તે વ્યક્તિ અન્તે ક્લેશ જ પામે છે એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક ક્લેશ પર નથી અટકતી, તેના પરલોકના અધિકાર અને ફળ નો પણ આવા નિષિદ્ધ આચરણને કારણે નાશ થાય છે. ... અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય તે આવું કુકૃત્ય કરી શકતો નથી.

(સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ)

(ગ) શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે ''મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૂટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ''. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!''

(૮૪વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા, પ્ર.૧૦)

**શ્રીગોકુલનાથજી:**

પોતાના સેવ્ય સ્વરૂપની સેવા જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમય અનુસાર, પોતાના જ ધન અનુસાર, વસ્ત્ર-આભૂષણ વિવિધ પ્રકારના મનોરથો કરી સામગ્રી કરવી.

(શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ : ૨૪ વચનામૃત)

**શ્રીઘનશ્યામાત્મજ શ્રીગોપીશચરણ:**

સેવામાં જરૂરી તેવા ધન-સામગ્રી-સાજ વગેરે ન હોય તો સેવા કેમ થઈ શકે! આ બધું વસાવવામાટે બીજો કોઈ ઉપાય ન હોય તો કોઈક પાસેથી ઉધાર લઈને કે કોઈક પાસેથી માંગીને કે ફંડ-ફાળો કરીને સેવા-મનોરથ કરી શકાય કે નહીં?

ઉપરોક્ત શંકાને દૂર કરવામાટે શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે આવી પરિસ્થિતિ આવી પડી હોય, પછી તે પ્રભુસુખ-સેવા સમ્બન્ધી પણ કેમ ન હોય, તો પણ હઠ ન કરવી. ''ઉધાર લઈને કે કોઈ પાસેથી માંગીને પણ હું સેવા-મનોરથ કરીશ જ'' આવી હઠ ન કરવી. યથાલાભ સન્તોષ રાખીને પોતાની પાસે જે ઉપલબ્ધ હોય તેનાથી જે બની શકે તેનું જ પ્રભુસેવામાં સમર્પણ કરવું. ઉધાર કરીને કે ઠાકોરજી માટે માંગીને સેવા ન જ કરવી. કારણ કે ભગવદાશ્રય રાખીને પ્રભુ જે સહજતાથી કરાવે તે કરવું આવી પુષ્ટિમાર્ગીય મર્યાદામાં રહીને પ્રભુને જે સમર્પણ કરવામાં આવે છે તેનો જ અંગીકાર પ્રભુ કરે છે એવો શ્રીમહાપ્રભુજીનો આશય છે.

(શ્રીઘનશ્યામાત્મજ શ્રીગોપીશજી 'વિવેકધૈર્યાશ્રય' વિવૃતિ શ્લોક ૪)

**મહાનુભાવ શ્રીહરિરાયજી:**

જ્યારે સંતદાસનું બધું ધન નાશ પામ્યું ત્યારે શ્રીઠાકુરજીકી સેવાના ખર્ચની વ્યવસ્થા તેમણે (પહેલેથી જ પોતાના ઠાકોરજીમાટે પોતાના જ અલગથી મૂકી રાખેલ) દેવદ્રવ્યથી કરી. અને ઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા લોન તરીકે લઈને તેને મૂડી તરીકે રાખીને તેની કોડી વેંચતા. (તેમાંથી જે નફો મળતો તે પોતાની કમાઈના પૈસાથી પોતાના ઠાકોરજીને ભોગ અલગથી ધરતા અને તે ભોગનો જ પ્રસાદ પોતે લેતા. એક દિવસ સંતદાસને આર્થિક સંકટમાં જાણીને નારાયણદાસે મદદ મોકલાવી. સંતદાસે તે ન સ્વીકારી

અને નારાયણદાસે મોકલેલ માણસ સાથે તે મદદ પાછી મોકલાવી.) હવે શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી તો નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપી ન શકાય. તેથી તેમણે પોતાની કમાણીનો ટકો તેને આપી દીધો. તેથી તે દિવસ તેઓ મોતાની કમાઈના પૈસાથી ઠાકોરજીને રાજભોગ ધરી ન શક્યા. તેથી જ તેમણે તે દિવસે પ્રસાદ પણ ન લીધો. કેમકે તેઓ પોતાની કમાઈના ટકાના લોટનો જુદો ભોગ ધરતા અને તેને જ રાજભોગ ધર્યો માનતા અને મહાપ્રસાદ પણ તેનો જ લેતા. ઠાકોરજીના દ્રવ્યથી તો રોજ ઘણી ભોગ-સામગ્રી ધરતા (પરન્તુ તે તો દેવદ્રવ્યનો ભોગ હતો). નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપવાને કારણે તે દિવસની રાજભોગની સેવા પોતાની ન માની. તેમણે નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતાને કારણે ઠાકોરજીને હું એક દિવસ મારી કમાઈના પૈસાથી રાજભોગ ધરાવી ન શક્યો. આ પ્રકારે સન્તદાસે વિવેકધૈર્યાશ્રય જીવી દેખાડ્યા. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૂંડી મોકલાવી, (તે દિવસે) પોતાની સેવા ન થઈ તેમ માન્યું, રાજભોગ ઠાકોરજી ન આરોગ્યા તેમ માન્યું. ધૈર્ય એ કે શ્રીઠાકુરજીના દ્રવ્યના મહાપ્રસાદનું ખાન-પાન ન કર્યું. આશ્રય એ કે મનમાં આનન્દ પામ્યા, દુઃખક્લેશ ન કર્યો.

(ભાવપ્રકાશ. ૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).

૧૧મો અપરાધ : અવૈષ્ણવ જો પોતાના સેવ્ય શ્રીઠાકોરજીના દર્શન કરી લે તો ફળ : એ ક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે. પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને પઞ્ચામૃતથી સ્નાન કરાવવું.

૩૬મો અપરાધ : શ્રીઠાકોરજીના નામે માંગવું.

ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય તેનું પાંચ ગણું નૈવેદ્ય પ્રભુને દાન રૂપે આપવું.

૩૫ મો અપરાધ : શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન.

ફળ : 'અસિપત્ર' વગેરે નામના ઘોર નરકોમાં પાત થાય.

પ્રાયશ્ચિત્ત : વૈષ્ણવ અને શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન કરવા.

(ષટ્ષષ્ઠિરપરાધસ્તત્ફલાનિ-પ્રાયશ્ચિત્તાનિ ચ)

**ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણઃ**

મહેનતાણા (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે રૂપીઆ આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. તે જ પ્રમાણે, જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી મહેનતાણા તરીકે રૂપીઆ લેવામાં આવે તો યજમાન વતી કર્મ કરનાર ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેમ પારકા પૈસે સેવા કરનારની ભગવત્સેવા પણ નિષ્ફલળ જાય છે. દક્ષિણા આપીને યજમાન ગોર-મહારાજદ્વારા જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીનેં ગોસ્વામિ-મહારાજોદ્વારા હવેલી-મન્દિરોમાં કરાવે છે તેમ -અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો?

ઉત્તર : કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે(પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી)જ ભગવત્સેવા કરવી જોઈએ.

(સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ પ્રકાશ. શ્લોક ક્ર. ૨)

**શ્રીવલ્લભાત્મજ શ્રીબાલકૃષ્ણજી:**

અહીં ભક્તિવર્ધિની ગ્રન્થમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન (ગૃહે સ્થિત્વા) હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઈ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં જેમ અત્યારે ભેટ-સામગ્રી આપીને નિત્ય કે મનોરથ ની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવો એ પુષ્ટિમાર્ગમાં પરમ ધર્મ માની લીધો છે તેમ) ભગવત્સેવા કરવાવાળાને પણ ક્યારેય ભક્તિ સિદ્ધ થઈ શકતી નથી.

(શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી, 'ભક્તિવર્ધિની' વ્યાખ્યા શ્લોક-૨)

**નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ:**

લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઇચ્છાથી જે ભગવત્સેવા-કથા કરે છે તે (લોકાર્થી) દરેક પ્રકારે ક્લેશ પામે છે. તેથી, કંઈક ભેટ-સામગ્રી મળી રહે તેમાટે જે સેવા-કથા વગેરે કરે છે તે 'પાખંડી' અને 'દેવલક' કહેવાય છે. તેથી સેવા-કથા કરવામાં આર્થિક વગેરે લાભ કે પદ-પ્રતિષ્ઠા ની કામના રાખ્યા સિવાય જેમાં નિષેધ નથી તેવા પ્રકારે એટલે કે ''મારું લૌકિક સિદ્ધ થાય'' એવી કામનાથી જે સેવા-કથા કરતો હોય તેને 'લોકાર્થી' કહેવાય છે.

(નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ : સિદ્ધા.મુક્તા.ટી.શ્લો.૧૬-૧૭).

**નિ.લી.ગો. શ્રીમટ્ટુજી મહારાજ:**

જે શ્રીવલ્લભકુળ છે તે પોતના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહિ; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

**ગોસ્વામિતિલકાયિત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ (નાથદ્વારા):**

શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૂક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજી (શ્રીનાથજી)નું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં

નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

( ડેક્લેરેશન મિતિદ્વભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯=તા.૫-૯-૧૯૩૨).

**નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી(રાજનગર):**

...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે... શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

(વચનામૃત = ૪૮૪-૮૭)

**નિ.લી. ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ (અમરેલી)**

મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. ...ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી... ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(મહારાજશ્રીના આમ-મુખત્યાર : ''અમેરેલી હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' મુદ્દા ઊપર ઇ.સ. ૧૯૦૯-૧૦ માં ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમાં આપવામાં આવેલી જુબાની).

**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી (કામવન):**

જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સંપૂર્ણરીતે સમજીને વૈષ્ણવ ધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમાં, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

**નિ.લી.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ(સુરત):**

વકીલ : જો પુષ્ટિમાર્ગીય કોઈ પણ મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગ માટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે?

પૂ.પા.મહારાજશ્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

(''નડિયાદની હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' વિવાદમાં પુષ્ટિમાર્ગના વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની).

**દ્વિતીયગૃધીશ નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી મહારાજ(ઇન્દૌર-નાથદ્વારા):**

આપણો પ્રમુખ સિદ્ધાન્ત છે 'અસમર્પિતનો ત્યાગ'. ઉત્તમ ઉપાય તો તે જ છે કે ઘરમાં જે પણ રસોઈ બને તે પ્રભુને ભોગ ધરીને પછી જ મહાપ્રસાદ લેવો. ... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ ઉત્તમ નહીં બને. સાનુભાવતા ક્યારે સિદ્ધ થઈ શકે? જ્યારે આપણી બુદ્ધિ નિર્મળ બને. ...આજે આપણે (ઘરમાં બિરાજતા સેવ્ય) હીરાને પારખી નથી શકતા. સાચા હીરાને ઝવેરી જ પારખી શકે. સ્થિતિ કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મન્દિરોમાં?) ભાગી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપી સાચો હીરો જ આપણને આપ્યો છે. ભગવાન્ ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમીશ્વરમ્''. ભગવાનને ઓળખવામાટે તો દિવ્યતા પ્રાપ્ત થવી જોઈએ. દિવ્યતા જ આત્મબળ છે. ... તેથી મારો તો આપ લોકોથી સાગ્રહ અનુરોધ છે કે આત્મબળને પ્રાપ્ત કરવામાટે પોતાનો કંઈક દૈનિક નિયમ બનાવો. ષોડશગ્રન્થના પાઠનો નિયમ લો...

(શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪).

**નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ (મુંબઈ-કિશનગઢ):**

(ક) અને જ્યારે જનરલ પબ્લિક-ટ્રસ્ટ છે ત્યારે ઠકોરજીને ગોસ્વામી-સંબંધથી જુદા કરીને, ઠાકોરજીને બધી સંપત્તિ અર્પણ કરીને, એટલેકે ભેટ કરીને, રિલીજિયસ એંડૉમેંટ ના રૂપમાં થયેલા તે ટ્રસ્ટ છે. આવી સ્થિતિમાં આવા ટ્રસ્ટોથી જે નેગ-ભોગ જલાવવામાં આવે છે તે દેવદ્રવ્યથી ચલાવવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપભોગ કરનાર અંતે દેવલક (નરકમાં પડનાર પાપી) જ છે. શ્રીમદાચાર્યચરણે પ્રભુની સોનાની કટોરી ગિરવી રાખીને જ્યારે ભોગ આરોગાવ્યો ત્યારે આપે દેવદ્રવ્યથી સમર્પિત બધો જ પ્રસાદ ગાયોને ખવડાવી દીધો હતો. આ છે સામ્પ્રદાયિક સિદ્ધાંત. આવા આદર્શરૂપ સિદ્ધાંતોનો જે(જાહેર હવેલીઓની) પ્રથાથી વિનાશ થઈને આચાર્યોને દેવલક બનાવવામાં આવે છે તે પ્રથાને જેટલી જલદી સમ્પ્રદાયમાંથી હટાવી દેવામાં આવે એટલો જ શ્રેય તેમાં ગોસ્વામી સમાજ તથા વૈષ્ણવ સમાજનો રહેલો છે.

(ખ) ભગવત્સેવા એ સંપ્રદાયની આત્મરૂપ પ્રવૃત્તિ છે. આચાર એ સેવાનો અંગ છે. સેવાની અનુકુળતાના અનુરૂપ જ આચારનું પાલન કરવું જોઈએ. આચાર-પાલનને પ્રમુખતા આપીને ભગવત્સેવાનો ત્યાગ કરવો ઉચિત નથી. ભગવત્સેવા જેમ પણ બને કરો...ગુરુઘરમાં ન મોકલો. જો આપણે ભગવદ્દ્રવ્યને પેટમાં નાખીશું તો તે અપરાધ છે.

આપણને ગ્રન્થોના અધ્યયન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા જોઈએ.

(ક:'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ' લેખ પૃષ્ઠ ૭; ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫)

**તૃતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (કાંકરોલી-વડોદરા) :**

(ક) વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજના જ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દઢ રહે તો, જે વૈષ્ણવ હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેય જ સધનારું છે.

(ખ) મારા અનુયાયીઓને બે પ્રકારે દીક્ષા આપું છું. પ્રથમ કંઠી બાંધવી તથા બીજી બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવી. કંઠી બાંધવી એ સાધારણ વૈષ્ણવોને જ આપવામાં આવે છે. તથા બ્રહ્મસમ્બન્ધ ખાસ કરીને તે અનુયાયીઓને કે જે સેવામેં વિશેષરૂપથી આગળ વધવા ઇચ્છે છે. પહેલી દીક્ષાને 'શરણ-દીક્ષા' કહેવામાં આવે છે તથા બીજી દીક્ષાને 'આત્મનિવેદન' કહેવામાં આવે છે. શરણ દીક્ષામાં વૈષ્ણવ કેવળ નામસ્મરણ કરવાની યોગ્યતા મેળવે છે. જ્યારે કે સેવાવાળા વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા પછી જ સેવા કરવાની યોગ્યતા મળે છે. બ્રહ્મસમ્બન્ધવાળો વૈષ્ણવ પોતાના ઘરમાં જ સેવા કરવા યોગ્ય બને છે... અમે સ્વરૂપની સેવા નન્દાલયની ભાવનાથી કરીએ છીએ તેથી સાતે સાત પુત્રોના ઘર 'ઘર' જ કહેવાય છે. અને અમારું ઘર 'ત્રીજું ઘર' કહેવાય છે.

(ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્ સમ્બન્ધ અને ભગવત્ સેવા ને જ પ્રધાનતા આપવામાં આવી હતી. બાદમાં પરિલક્ષિત થાય છે કે આમાં પણ કંઈક અંતર આવી ગયું. ... આજના સમયમાં, મને એવું પ્રતીત થાય છે કે આપણે તે ચરિત્રને ભૂલી અને પાછળથી મુખ્ય બનેલા કેવળ ભાવાત્મકરૂપને લઈ બેઠા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે. ... હું માનું છું કે ચરિત્રોનો વિચાર કરવામાં સિદ્ધાન્તોની આવશ્યકતા રહે છે.

(ક: તા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેરસભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮: ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાંકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાંક ૭/૧૧/૬૫: ગ: શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯).

**નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ (મુંબઈ-મદ્રાસ):**

આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઓર વહી અનર્થોકી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવનપર'' ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈં! ...આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આ ગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

(વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫)

**નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ (પોરબન્દર):**

(ક) જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (પાપ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદા પ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(ખ) તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર(=હવેલી ચલાવનાર ગો.બા., ટ્રસ્ટી, મુખીયા વગેરે) વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને (''પૈસા ફેંક તમાશા દેખ'' કરનાર મનોરથી) સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ : એક દુકાનદાર (ઘરમાં ઠાકોરજી પધરાવીને પાતાના તન-મન-ધનથી સેવા કરનાર) દુકાન અને માલ ની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે : કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ

સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભાવપૂર્વક કરવી. (ક : સુધાધારા ૧૧૪દ્ધખ : સુધાબિન્દુ ૭૩)

**નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ(જામનગર):**

''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઇતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકૂં (જુઓ 'સંયુક્ત ઘોષણાપત્ર')કોર્ટમેં સમઝાયે''દ્ધ''હમારા ઇસમેં પૂરા સહયોગ હોગા, તન-મન-ધનસે... હમારે સભી ચિ.બાલક ઇસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈં''.

(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ ગો.શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા)ને લખી મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં. મૂળ પત્રની ફોટોકૉપિમાટે જુઓ : પરિશિષ્ઠ)

**પ્રથમગૃહાધીશનિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ (કોટા-જતિપુરા-મુંબઈ):**

ટ્રસ્ટ હવેલી-મન્દિરો એટલે પુષ્ટિભાવોની મોત :

ભગવાન્-સ્વધર્મ પૈસાથી બંધાઈને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા-પ્રેમ પરવશ બનીને ચાલે છે. આજે જે (મંદિર-હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનો ની પ્રણાલી ચાલી રહી છે તે મૂડીવાદની એક અભિનવ દાસ્તાન છે જેમાં ભગાવન્ ગાય ગુરુ અને ધર્માનુયાયિઓ ઊપર એક છત્ર સામ્રાજ્ય કરવાની લાલસા રહેલી છે. આ રીતે આદર્શના કપડાં પહેરેલ આ ધનલિપ્સા અને ધનિકોની દાસ્તાંમાં તે પ્રેમ નથી કે જે એક અકિંચન ભક્તના ''રહિયે મેરે હી મહલ અનત ન જૈયે'' ... આ આત્મીયતા ભરેલા મીઠા વચનોમાં ઝલકે છે. આ પ્રેમસભર અનુનય છે. અને આજનો ટ્રસ્ટી અને સત્તા ભગવાનને પૈસા અને સત્તાના જોરે એમ કહે છે કે ''આ જગાથી જરા પણ ખસતા નહીં. ધ્યાન રાખજો! હું તમારો વ્યવસ્થાપક ટ્રસ્ટી છું. ગમે કે ન ગમે, તમને મારા ઊપર ભરોસો રાખવો જ પડશે! સમજ્યા!''. લોકો સમજે છે કે ધર્મની રક્ષા કરવાનો આ એક શ્રેષ્ઠ પ્રકાર છે. પરન્તુ...આમાં પણ પ્રાણની એટલી જ અસલામતી છે કે જે મોતથી ઓછી નથી. ...વલ્લભાચાર્યે આવા (ટ્રસ્ટ-હવેલીમાં) જકડાયેલા ઈશ્વરને દામોદર માનવાની પણ ના પાડી દીધી છે.

પોતાના ઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવનારાઓએ ઠાકોરજી વેચી નાખ્યા છે :

...સરખી રીતે વિચારો કે એવી કોન માં હશે કે જે પોતાના લાડલાને ધનની લાલચમાં વેચી નાખે; અથવા તો કોઈ પ્રેમી ક્યારેય એવું, પ્રત્યક્ષ તો શું સપનામાંય એવું કરવાનું તો શું વિચારી કે જોઈ પણ નથી શકતો. આ બાબત એક વાર્તા યાદ આવે છે. ...એક વખત એક પૈસાદાર વાંઝણી સ્ત્રી(અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ એક ગરીબ(ગોસ્વામી ગુરુ) બાળક(ઠાકોરજી) રમાડવામાટે લીધું. થોડા દિવસો પછી બાળકની ગરીબ માંએ પોતાનું બાળક પાછું માંગ્યું. પૈસાદાર સ્ત્રીએ કહ્યું કે આ તો મારું જ બાળક છે, તારું નથી. તારાથી જે થાય એ કરીલે. બિચારી ગરીબ માં ... ન્યાય માંગવા લાગી...પણ બધા લોકો(દર્શનીયા વૈષ્ણવો, આમ જનતા, સરકાર વગેરે) એ ગરીબના વિરુદ્ધ જુબાની આપવા આવી ગયા. ...ન્યાયાધીશ ચતુર હતો. ...ન્યાયાધીશ બોલ્યો કે આ બાળકના બે

હક્કદાર છે તેથી આ બાળકના ટુકડા કરીને બંનેને આપી દેવામાં આવે. (ટ્રસ્ટી) પૈસાદાર મહિલાએ આ વાત માની લીધી, પરંતુ ગરીબ માંએ રડતા-રડતા કહ્યું કે ''ના હુજૂર! આ બાળક મારું નથી, આ તેનું જ છે, બાળકના ટુકડા ન કરાવો''. ...આવો ત્યાગ એક સાચી માં જ કરી શકે છે, પોતાના કલેજાના ટુકડાની પ્રાણરક્ષા કરવામાટે. આવો જ નહીં, આથી પણ વધુ ક્રૂર અને અભિમાની છે આજનો ટ્રસ્ટી અને કાનૂન કે જેણે ભગવાનને એન્ટિક્ બનાવી દીધો છે. અને એ હંસતો-રમતો બાળક જડ બની ગયો, જકડાઈ ગયો એ સાંકળોમાં. એ એ વ્હાલ ક્યાં નસીબમાં છે કે જે એક માં તેને આપી શકે છે. આ તો બનાવટી ઠોકી બેસાડેલ વ્યવસ્થા છે. આમ ધને ઈમાનને ખરીદ્યો, ભગવાનને ખરીદ્યા અને એ ઉન્મુક્ત બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશ-હંમેશ માટે ચુપ થઈ ગઈ. લોકો કહે છે કે ભગવાન્ હવે બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરન્તુ આવી આશાઓ તો તેનાથી કરી શકાય કે જે જીવિત હોય, કોઈના પ્રેમમાં બંધાયેલ હોય! પછી તો એ સુંદર બાળક(હવેલીના ઠાકોરજી)નું પ્રદર્શન યોજાવા લાગ્યું, જેમ બેબી મિલ્કના ડબ્બાના ચિત્રનું કે કોઈ મોડેલનું યોજાતું હોય છે.

<u>ટ્રસ્ટીઓ દ્વારા કરાવાતી સેવા એ પૂતનાના પ્રેમના સમાન છે :</u>

રોજ એ વિચારાવા લાગ્યું કે આ(ઠાકોરજી)નાથી કેટલી કમાણી થઈ! કેટલું વેચાણ થયું. અને બધા વ્યવસ્થાપકો આની દેખરેખ કરવા લાગ્યા. જ્યારે કોઈ (મોટ ભેટ કરનાર કે મનોરથી) આવે ત્યારે એ(ઠાકોરજી)ને વ્હાલ કરવામાં આવતું. <u>લોકો સમજે છે કે આ પ્રેમ છે, ભક્તિ છે; પરંતુ આ તો ધંધો હતો જેના ભપકાએ પૂતનાના પ્રેમની માફક અસલીયતને ઢાંકી દીધી</u> અને ભોળી યશોદાએ પોતાના લાલને એ (ટ્રસ્ટીઓ)ને રમાડવા આપી દીધો.

<u>મંદિરો-હવેલીઓ દુકાનો છે:</u>

...કેટલું વેચાણ થયું એનો હિસાબ રખાવા લાગ્યો. કેટલું ખાધું અને કેટલું કમાવ્યું એનો નાપ-તોલ થવા લાગ્યું. વેચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ એ બાળકૃષ્ણ કે જે પ્રેમવશ પેતાના ભક્તો માટે ભોળો બની ગયો હતો. લોકોએ એના ભોળપણનો ગેરલાભ ઉઠાવ્યો અને કહી દીધું ''આ સાર્વજનિક ઠાકોરજી છે''. એ સર્વશક્તિમાનને સ્વાર્થનું સાધન(બનાવી દેવામાં આવ્યો) અને જગન્નિયન્તા ઊપર ધનનિયન્તા શાસન કરવા લાગ્યા. હાલ એવા થયા કે કોન એને ખવડાવે-પીવડાવે? કેમકે એ તો સાર્વજનિક હતો. <u>દ્વારકાધીશને પણ એ છૂટ હતી કે એ વિદુરના ઘેર શાક આરોગી શકતા હતા. પરન્તુ આ (હવેલીના ઠાકોરજી) તો તદ્દન નિષ્ક્રિય બની ગયો, દેખાવમાત્ર!...શું આ સિદ્ધાન્ત કોઈ પ્રિયતમ માટે પ્રિયતમા કે માતાને માન્ય હશે?</u> પરન્તુ આજે આ માન્ય છે અને માન્ય કરવું પડશે. ફક્ત પૈસા ખાતર, પોતાને નહીં દુનિયાને ખુશ કરવા માટે વેશ્યાની માફક કે જેમાં હૃદય નામની કોઈ વસ્તુ રહી શકતી નથી. અને હોય તો તેને ગણકારવામાં આવતી નથી.

કેમકે દરેકનો એના ઊપર અધિકાર છે, જાણે કે એ સમ્પત્તિ હોય. જે ચાહે તે ખરીદે, જે ચાહે તે ભોગવે, જેમ કરવું હોય તેમ કરે. તેને(હવેલીના ઠાકોરજીને) એ બધું કરવું જ પડશે. કેવી અનોખી(!) છે આ ભક્તિ અને પ્રેમની પરિભાષા! આમ છતાં સ્વતન્ત્રતાનો ઉદ્‌ઘોષ કરવામાં આવે છે(આ અમારું ઘર છે! અમારા ઠાકોરજી છે!) શું આ એ જ ભક્તિ છે કે જેને શ્રીવલ્લભ ''માહાત્મ્યજ્ઞાનપૂર્વક...'' કહે છે? આજે આ ભક્તિનું માહાત્મ્ય એમાં જ છે કે ક્યા ઠાકોરજીને ત્યાં કેટલી આવક થાય છે!

ટ્રસ્ટના મન્દિરો ઠાકોરજી માટે જેલ સમા છે :

હવે કોઈ એમ નથી કહી શકતું કે મારું બાળક મોડેથી સૂતું છે, વહેલા નહીં જગાવતા. સૂરદાસજીનું કીર્તન ઠાકોરજીને જગાવવા માટે વ્હાલસભર નથી રહ્યું, ન તો કેલેઉના પદમાં મમતાભર્યો એ અનુનય છે, એ તો ફરજીયાત કરવો પડતો નાસ્તો છે કે જેને નક્કી કરેલ સમયે કેદીની માફક ઠાકોરજીને કરવો પડે છે. જાણે કે કોઈ જેલમાં ઊઠવા કે ખાવા માટેનો ઘંટ વાગ્યો હોય!

ઠાકોરજી વેચાઈ રહ્યા છે; મનોરથી-દર્શનાર્થી ભક્ત નથી ગ્રાહકો છે:

શ્રીવલ્લભાચાર્યે જીવનમાં પોતાના કાળજાના ટુકડા પોતાના આરાધ્યને કદિ પોતાનાથી દૂર રહેવા દીધા નથી. આજે એ વેચાઈ રહ્યો છે પૈસાદારોના હાથે અને જકડાયેલો છે સરકારી શિકંજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને અવે એને મ્યુંઝિયમની શોભા બનાવવાનો સમય આવી રહ્યો છે. બિચારા ધર્મ અને ઠાકોરજી ની દશા કોલ્ગર્લ (વેશ્યા) થી પણ બદતર છે. ઠાકોરજીની વિનિન્દિતમુક્તા-દંતપંક્તિ ભગલા ભગતોને જોઈને ખીલી જાય છે. સદાનન્દ નિરાનન્દ બનીને આ ઈમાન(ધર્મ) ખરીદનારાઓના હાથે ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે...બધાને સહારો આપવાવાળો પોતે અસહાય બનીને (હવેલીની કેદમાં) બેઠો છે, કોઈક ધનિક ગ્રાહકની વાટ જોતો! પોતે અસહાય બનીને (હવેલીની કેદમાં) બેઠો છે, કોઈક ધનિક ગ્રાહકની વાટ જોતો!

દેવદ્રવ્યનો પ્રસાદ ખાવો એટલે નરકની ટિકિટ કપાવવી :

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન્ બ્રાહ્મણને દેવલકવૃત્તિને કારણે અધમ માનવામાં આવ્યો છે...આજે એ દેવલકવૃત્તિનું ધન સ્વાદથી વૈષ્ણવજનતા ખાઈ રહી છે. નાથદ્વારામાં કઈ આઈટમ સ્વાદિષ્ટ છે...એનું જ વિવેચન થાય છે...પરન્તુ મારું કર્તવ્ય શું છે એ ક્યારેય વિચારવામાં આવતું નથી....નાથદ્વારામાં આજકાલ પૈસો ઘણો આવી રહ્યો છે, કેમકે ત્યાં ધનિકોનું સામ્રાજ્ય છે. તેઓના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે...ગરીબો માટે ઊભા રહેનારા ઠાકોરજી હવે ફક્ત ધનિકો માટે ઊભા રહે છે.

ટ્રસ્ટ મન્દિરો શ્રીવલ્લભના આદર્શોનું સ્મશાન :

ઠાકોરજીના નામ અને ભાગવત થી હોસ્પિટલો માટે કરોડોની રકમ જમા થાય છે, જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પરન્તુ અહીં તો સ્મશાનમાંથી પણ આદર્શ ગાયબ

થતો જઈ રહ્યો છે. કદાચ આદર્શોનું સ્મશાન છે આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય!

મન્દિરોનો પ્રસાદ ખાઈ ન શકાય :

વલ્લભમતમાં એ સિદ્ધાંતતઃ ખોટું છે અને એવા દેવસ્થાનો(હવેલી-મંદિરો)નો પ્રસાદ ખાઈ નથી શકાતો. કેમકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

દર્શન-મન્દિરને ધર્મપ્રચારનું માધ્યમ ન બનાવી શકાય :

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૂર્તિ નો પ્રશ્ન છે, ધર્મપ્રચારને એની સાથે કોઈ લેવા-દેવા નથી. અને એમ કરવું ઉચિત પણ નથી. કેમકે ભગવાને ધર્મની વ્યવસ્થા માટે વેદવ્યાસ વગેરે અનેક જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મની રક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિરની) વ્યવસ્થા આચાર્યને છાજે તેવી, ધાર્મિક કે ભારતીય પણ નથી ત્યારે તેના વલ્લભાચાર્ય સમ્મત હોવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. ...મારી આ વિષયમાં સલાહ છે કે એક અલગ વ્યવસ્થા ...ઊભી કરવી જોઈએ જેથી વલ્લભસિદ્ધાન્તોની રક્ષા થઈ શકે. જો એવી વ્યવસ્થા કરવામાં નથી આવતી તો દેવદ્રવ્ય થાય છે, જેનું સેવન કરવાથી મહાપ્રભુજી સ્પષ્ટ કહે છે કે નરકપાત થશે.

નકલી બેઠકો :

બેઠકોની ભાવગંગા તો આજકાલ ઘરબેઠાં જ મનુષ્યોને પવિત્ર કરવા પોતાની ઉત્તાલ તરંગોથી સમગ્ર ઘર-બારને જ સરાબોર કરવા લાગી છે! ...૮૪ બેઠકોથી કામ ન નીકળ્યું તો હવે મહાપ્રભુ શ્રીવલ્લભને મુસલમાનોના ખેતરોમાં પોતાની ઝારી અને અન્ય ચિહ્નો પ્રકટ કરવા મજબૂર થવું પડી રહ્યું છે.

(''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થાકે હેતુ પ્રતિવેદન'')

(ખ) શ્રીવલ્લભાચાર્યે સેવાને ખરીદવાની વાત નથી કહી કે ખરીદી આવો રૂપીઆ આપીને. 'તનુવિત્તજા' પદનો અર્થ જ એ છે કે એ સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ ગણાય. પરન્તુ જો ધન લાગે પણ તન ન લાગે તો સેવા થઈ ન ગણાય.

(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૫૩)

(ગ) ''સેવાપિ કાયિકી કાર્યા''. એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને ઘરમાં વિવાહિતા પત્નીને લાવવામાં આવતી નથી, વેશ્યાને લાવવામાં આવે છે. વેશ્યાથી ઘર નથી વસતું એ સ્પષ્ટ વાત છે. તેથી સાફ વાત એ છે કે ભગવત્સેવા અને વરણ માં પતિ-પત્નીનું દષ્ટાન્ત આપવામાં આવે છે કે જેમાં આત્મીય સમ્બન્ધ હોય છે. (પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૭૪)

(ઘ) ભેટ પણ આચાર્યના સન્મુખ જ થાય છે, પ્રભુના સન્મુખ ભેટ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થા ને સંભાળીને રાખવી જોઈએ નહિતો બુદ્ધિ બગડશે. આમ કરવાથી પતન થાય છે અને થયું છે. (ત્યાંજ-૧ પૃ. ૧૭૧)

(ઙ) વસ્ત્ર-અલંકારમાં મન બહુ જતું હોય તો એવું સાહિત્ય રાખવાની જરૂર નથી. આમ કરવાથી લૌકિક વધે છે અને ધર્મભાવના નષ્ટ થાય છે. ...તેથી વૈભવ વધારવાની

શ્રીગુસાંઈજીએ ના પાડી હતી. અને શ્રીમહાપ્રભુજીએ નાવ ડૂબાડીને કેવળ પુરુષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતા(ત્યાંજ -૧ પૃ. ૧૮૦).

(ચ) ધર્મની પરંપરા પ્રદર્શન ઊપર આધારિત નથી પણ એક યથાર્થ જીવનનો ઉજ્વળ પક્ષ છે. ...કુનવારો અને અન્ય મનોરથ...નું સ્વરૂપ આગળ જઈને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદામાટે મરણતોલ સાબિત થશે જેની કલ્પના પણ થઈ શકે તેમ નથી. (પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૧૯૭)

**નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય (સૂરત)**

(ક) પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય?

ઉત્તર : દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. ...પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય... આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

(ખ) મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરા જ નથી. એમાં વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. ... વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે...

(ક : વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩દ્ધ ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ (કામવન-વિદ્યાનગર):**

પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થઈ રહી છે. તેની પરમ્પરા જ હવે ટૂટતી જઈ રહી છે. આના મૂળમાં જો કંઈ છે તો તે છે આજની સાધન-સમ્પત્તિ. તે જ આપણા સંસ્કાર બગાડી રહી છે. હજી પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ)સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભશે.

(વૈષ્ણવતા, જુલાઈ ૨૦૦૭ પૃ. ૬).

શ્રીમદાચાર્યચરણના મતાનુસાર ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા ઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૂળ છે. ...શ્રીગુસાંઈજીના સમયમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરુઆત કરતી વખતે (તેમાં) કેવળ લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૂચના અપાઈ હતી.

...આજકાલ ... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ પ્રાપ્ત કરવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં પ્રાધાન્ય મનોરથીનું થવા લાગ્યું છે. શ્રી(ઠાકોરજી), ગુરુ તથા સેવાભાવના નો ઉપહાસ થવા લાગ્યો છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી

મંદિરની, તેના સંચાલકોની વૃત્તિ જ પલટાઈ ગઈ છે. આડંબર અને યશ ને પુષ્ટ કરવા માટે ...દર-દર ભટકવાની સ્થિતિ પેદા થઈ ગઈ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં આપણા સન્તાનોને જરૂરી સંસ્કારો આપણા ઘરમાંથી જ આપવામાં આવે એ જ છે. મંદિરોનું સમ્પૂર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે. ...સમ્પત્તિ પ્રાપ્ત કરવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે વેપારના રૂપમાં પરિવર્તિત કરવા લાગ્યા છીએ. (જુલાઈ ૨૦૦૭ પૃ. ૬)

ઠાકોરજીની સેવા ચોરની માફક કરવી જોઈએ. ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું તેનો ઢંઢેરો પીટવો કે તેનું પ્રદર્શન કરવું તે પણ જીવના દૈન્યમાં વિક્ષેપ ઉત્પન્ન કરી શકે છે. ... આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં આટલી ગુપ્તતા જરૂરી છે. ''પ્રીત હિયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'' ની રીતે તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ કરાવે તેને ક્યારેય પ્રકટ કરી શકાતું નથી. (સપ્ટેમ્બર ૨૦૦૪, પૃ. ૭)

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને અન્ય ઠાકોરજીના દર્શન કરતાં જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી ભુલાઈ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી થાય છે. લક્ષ્મણબાલાજીમાં પણ 'તિરુપતિ' શબ્દનો પ્રયોગ થાય છે જેમાં 'તિરુ' નો અર્થ શ્રી અને 'પતિ'નો અર્થ નાથ(એટલે શ્રીનાથ) જ થાય છે. અર્થાત્ પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વ હોવાનું દર્શન થવું જોઈએ. એમને આરોગાવ્યું મતલબ સમસ્ત જગત્‌ને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઈએ. અહીં તો એનાથી ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય ઠાકોરજીમાં બધા નિધિસ્વરૂપોના દર્શન થવાને ઠેકાણે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે જીવમાત્રમાં આપણે આપણા ઠાકોરજીના દર્શન કરવાનો વિચાર કરી રહ્યા છીએ! અને પાછી બુદ્ધિની ચતુરાઈ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે તેથી ઘરમાં પ્રભુની સેવા કરીએ કે અન્યની સેવા કરીએ વાત એક જ છે!! તેથી અન્યની સેવામાંથી સન્તોષ લેવાનું શરુ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાની રક્ષા થાય અને ઊપરથી ભગવદીય કહેવાતા થયા!!! (સપ્ટેંબર, ૨૦૦૭, પૃ. ૭)

શ્રીવલ્લભ ઠાકોરજી-સ્વામિનીજીના ઉભય સ્વરૂપે બિરાજે છે તેથી લક્ષ્મી તેમની દાસી ગણાય. એટલે કે શ્રીવલ્લભને તો કોઈ જ આર્થિક પ્રશ્ન હોય જ નહીં. છતાં આપના વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ બતાવે છે કે આજે સેવા (ગુરુભેટ) નથી આવી તો ઠાકોરજીની કટોરી ગીરવે રાખી પૈસા લાવી સામગ્રી લાવો અને ભોગ ધરે. પ્રભુસેવા તો થાય પણ તે પ્રસાદ આપ પણ આરોગે નહીં કે સેવકને પણ લેવા ન દે. વાર્તા પ્રસંગમાં સમજાવેલી આવી સ્થિતિ આપણા જેવાને શીખ આપવા માટે છે કે ગમે તેવી વિકટ સ્થિતિ હોય છતાં દેવદ્રવ્ય કદાપિ કોઈથી લઈ શકાતું નથી. એટલે જ બ્રહ્મસંબંધ સમયે સઘળું સમર્પિત કરવાની આજ્ઞા કરી છે કે જેથી ભગવત્પ્રસાદ સ્વરૂપે તમે લઈ શકો. અર્થ સ્પષ્ટ જ છે કે પ્રભુનો પૈસો ગુરુદેવ કે

સેવક કોઈથી વાપરી ન શકાય. (ફેબ્રુઆરી, ૨૦૦૯, પૃ.૭)

(માસિકપત્ર-વૈષ્ણવતા, સાંચે બોલ તિહારે, પ્રકાશક-પંચમ ગૃહાધીશ ગો.શ્રીવિક્કીબાવા, વલ્લભવિદ્યાનગર-કામવન).

**નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ (મુંબઈ-દ્વારકાધીશ):**

(ક) આપણે શ્રીવલ્લભાચાર્યજીની આજ્ઞાનું પાલન ક્યાં કરી રહ્યા છીએ? આપણે ત્યાં ગૃહસેવા ક્યાં બચી છે? કેવળ મંદિરોમાં દર્શનથી શું લાભ છે? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે ''કૃષ્ણસેવા સદા કાર્યા''. જો શ્રીમહાપ્રભુજી મંદિરને મુખ્ય માનતા હોત તો પોતાની ત્રણ પરિક્રમાઓમાં અનેક મંદિર સ્થાપિત કરી દેત. શ્રીગુસાંઈજીએ શ્રીગિરધરજીને સાતસ્વરૂપનો મનોરથ કરતા સમયે આ જ પ્રકારની ચેતવણી આપી હતી. મન્દિરની સ્થાપના કરતા સમયે તેમને ડર હતો કે ઘરમાંથી ઠાકોરજી મન્દિરમાં પધારી જશે. મારા પિતાજી (નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ)એ કાલે જે કહ્યું હતું (અગાઉ ટાંકેલું) તે અક્ષરશઃ સત્ય છે. તમે પોતાના ઘરોમાં ઠાકોરજીને પધરાવો અને તેમની સેવા કરો.

(ખ) પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભક્તિવર્ધિની) અર્થાત્...પોતાના ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાળકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારું માનવું તો આ જ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંત પ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને ... ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

(કઃ 'વલ્લભવિજ્ઞાન' અંક૫-૬ વર્ષ ૧૯૬૫, ૨૦/ખ : 'નવપ્રકાશ' અંક ૮, વર્ષ ૮).

**સપ્તમગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી (કામવન):**

કેમકે શ્રીનાથજી સ્વયં તેના ભોકતા છે, કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ પણ તેનો મહાપ્રસાદ પણ લઈ શકતા નથી. આ આચાર્યચરણના (કટોરીના પ્રસંગવાળા) ઇતિહાસથી પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. તે (હવેલી)નો મહાપ્રસાદ કેવળ ગાયોજ લઈ શકે છે. નહિતો તે દેવદ્રવ્યને ખાવાથી ચોક્કસ અધઃપતન છે. ...અનેક પ્રકારના દાન-ભેટનો અને વસૂલ-વસૂલી કરવાનો ઉલ્લેખ (નાથદ્વારા મંદિરની વ્યવસ્થામાં) કરવામાં આવ્યો છે તે પણ સમ્પ્રદાયના સિદ્ધાંતથી સદંતર વિરુદ્ધ છે. અમારા સંપ્રદાયની પ્રણાલી અનુસાર જેઓ અમારા સમ્પ્રદાયના સેવકો છે તેમનું જ દ્રવ્ય ગુરુ-શિષ્યના સંબંધથી સ્વીકારીને તેનો સેવામાં ઉપયોગ કરી શકાય છે. સમ્પ્રદાયમાં બધા પ્રકારના દાન-ભેટનો ઉપયોગ સેવામાં કરવામાં આવતો નથી. અને જો કદાચ ક્યાંક કરવામાં આવતો હોય તો તે સંપ્રદાયના નિયમથી વિરુદ્ધ હોવાને કારણે બંધ કરી દેવું જોઈએ.

(પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજ : શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી

આલોચના તા.૧-૨-૧૯૫૬).

**પૂ.પા.ગો. શ્રીહરિરાયજી મહારાજ(જામનગર):**

(ક)ગો.શ્રીહરિરાયજી : જરા ધ્યાનથી સાંભળજો ... ''તત્ર અયમ્ અર્થઃ. લાભપૂજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો, ''સમ્પાદકત્વાત્''. ...લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું; દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશે છે. ...

ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાનમાં રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે ...

ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે ...અને આ નિષિદ્ધછે. ...

ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુપોતાની લાભ કે પૂજાનેમાટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજીમાટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવાયોગ્ય હોતું નથી.

ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ'થી પણ સ્પષ્ટ થાય છે.

(ખ) શ્રીમદાચાર્યચરણે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યક્તિ તનુજા વિત્તજા કરે છે તો માનસી સિદ્ધ નથી થતી. ...આ જ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્તપદ કહ્યું છે. ...મજૂરી પેટે પૈસા લઈને કે દઈને બે પુરુષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્તપદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા કહેત...જો બે જુદી-જુદી વ્યક્તિ તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુક્ત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી. તેથી જ માનસી સિદ્ધ નથી થતી.

(ગ) જ્યાં સુધી લાભ-પૂજાર્થ યત્નનો પ્રશ્ન છે તો તે તો કોઈ પણ કક્ષાનો ભક્ત કરશે તો દેવલક જ થશે...જો કોઈ સ્વલાભ-પૂજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ ચોક્કસ દેવલક છે...બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરુદ્ધ છે.

(ઘ) હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલટાનું ભગવત્ શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ...અમારા પ્રભુનો નિત્યનેગ-ભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.

(ङ) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે ભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

(ક : પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ૧૬૪,૧૯૩. ખ-ચ : અનિર્દિષ્ટપૃષ્ઠસંખ્યાક ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''.)

**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય(અમરેલી-કાંદીવલી-ચાંપાઝર):**

પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, દેખાડો કરવા માટે તો છે જ નહીં, ભક્ત અને ભગવાન્ વચ્ચે આન્તરિક સમ્બન્ધ દઢ કરવાનો માર્ગ છે...બન્નેના સમ્બન્ધો એવા હોવા જોઇએ કે કોઇ ત્રીજા વ્યક્તિને એની જાણકારી ન થાય. આપણો આપણા ભગવાન્ સાથે કેવો સમ્બન્ધ છે, તે બીજી કોઇ વ્યક્તિને જણાવવાની જરૂરત શું? નામના મેળવવા માટે? પોતાનું મહાત્મ્ય વધારવામાટે? આ તો બધુ બાધક છે. ('પુષ્ટિનવનીત' પૃ.૧૨).

**પ્રથમગૃહાધીશ ગો.શ્રીલાલમણીજી મહારાજ (કોટા-મુંબઈ-જતિપુરા):**

જ્યાં શ્રીમહાપ્રભુજી ''કૃષ્ણ-સેવા સદા કાર્યા માનસી સા પરા મતા'' ઉપદેશથી આપણને દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ ના અધ્યાસોથી છૂટકારો અપાવે છે ત્યાં આપણે એક નવા કેંસરને ક્યાં જન્મ આપી દીધો એ મારી સમજમાં ન આવ્યું! દેહેન્દ્રિય-પ્રાણ અન્તઃકરણાધ્યાસોથી આપણે સેવા કરતા-કરતા છૂટ્યા ન હતા તેવામાં તો મનોરથાધ્યાસ, ભગવત્ પ્રદર્શનાધ્યાસ, પ્રસાદાધ્યાસ, અસત્સંગાધ્યાસ આવા બધા અધ્યાસો (ભ્રમણાઓ) એ મળીને આપણને આપણા સિદ્ધાન્તોની વિસ્મૃતિ કરાવી દીધી. 'અધ્યાસ' એટલે જે વસ્તુ જેવી હોય તેવી ન દેખાય પણ બીજી જ દેખાય તે. ...તો મનોરથોનો આપણને અધ્યાસ થઈ ગયો. આપણે જેને મનોરથ સમજતા હતા આજ સુધી ...તે મનોરથ જ નથી, પણ કંઈક બીજું જ છે જે આપણને અહન્તા-મમતા તરફ ધકેલી રહ્યું છે.

જેને આજ સુધી આપણે પ્રસાદ સમજતા હતા અને રૂપીઆથી ખરીદી રહ્યા હતા તે ફક્ત ઘસીટારામની મિઠાઈના લાડવા છે, બીજું કંઈ નહીં. ...આપણે લાડુ ખરીદીને લાવીએ છીએ, પણ તેમાં આપણને પ્રસાદનો ભ્રમ થઈ ગયો છે.

..જે ભગવદ્દર્શનને આપણે આપણી અહન્તા-મમતાને નીચવીને ભગવત્પ્રાપ્તિ તરફ લઈ જવાવાળા સમજતા હતા તે ધંધાકીય હેતુથી કરાવવામાં આવતા ભગવદ્દર્શન આપણા માટે અપસિદ્ધાન્તનો ફાંસો છે.

...પૂતનાનો અર્થ શ્રીમહાપ્રભુજી સુબોધિનીમાં કરે છે ''પૂતં નયતિ ઇતિ પૂતના''. જે આપણા પુત્રોને ઉપાડી જાય, આપણી પવિત્ર વસ્તુઓને આપણે ત્યાંથી લઈ જાય તેને આપણે 'પૂતના' કહીએ છીએ. તેથી લોકમાં વાહ-વાહી મેળવવાની અને ધન મેળવવાની જે લાલચ છે તે પૂતના છે કે જે આપણા ''વ્રજ ભયો મહરકે પૂત''ને ક્યારે આપણે ત્યાંથી ઉપાડીને લઈ ગઈ, આપણે ક્યારે ધનલિપ્સાના તૃણાવર્તને તેને સોંપી દીધો તેની આપણને ખબર પણ ન પડી.

મને દમલાની વાર્તા યાદ આવે છે. મહાપ્રભુજીએ જ્યારે પૂછ્યું કે શ્રીનાથજીની

આજ્ઞા તે સાંભળી ? ત્યારે દમલાએ કહ્યું કે ''સાંભળી પણ સમજ્યો નહીં''. જો આપણે પણ ...શ્રીશ્યામદાદાની આજ્ઞા સાંભળીને બાહર ચાલ્યા જઈએ કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' અને પાછા મનોરથાધ્યાસ, પ્રસાદાધ્યાસ અને ભગવત્પ્રદર્શનાધ્યાસ માં લાગી જઈએ તો આપણે મહાપ્રભુજીની નજરમાં ગદ્દાર ઠરીશું. અને શ્રીમહાપ્રભુજીની પીનલકોડમાં ''યદા બહિર્મુખા યૂયં'' ના અધિકારી થઈશું. અને શ્યામુદાદાના શબ્દોમાં પતિતતાનો ચાર્જ આપણા ઉપર લાગશે.

...શ્રીગુસાંઈજી એક વખત હાંસી ખેલ કરી રહ્યા હતા ત્યારે દમલાએ તેમને પોતાની પુષ્ટિપ્રૌઢીથી ટોક્યા હતા કે ''મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, આ તો તાપ-ક્લેશનો માર્ગ છે''. ...જે દિવસે તમારામાં દમલા પ્રકટ થશે તે દિવસે અમારામાં શ્રીમહાપ્રભુજી પ્રકટ થશે. ...તેથી જો તમે બહાર જઈને એમ કહેશો કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' તો તમારામાં દમલાનું નહીં, પતિતાનું પ્રાકટ્ય છે. તમે માહર જઈને પોતાના ગુરુને કહો કે મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, મનોરથ અને પ્રદર્શન નો માર્ગ નથી, આ તો ''નીકે રાખિ યશોદા મૈયા નારાયણ ગૃહ આયો''ને ગુપ્ત રાખવાનો માર્ગ છે.

(ગો.શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા)દ્વારા થયેલ 'નવરત્ન'ગ્રન્થના પ્રસંગે કરેલ સમાપન વક્તવ્ય. તા. ૩૧-૦૮-૧૯૮૪)

**તૃતીયગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી (કાંકરોલી-વડોદરા):**

(ક) પ્રશ્ન : આજે ચાલી રહેલા વિવાદમાં કેટલાક સિદ્ધાન્તો ચર્ચાઈ રહ્યા છે જેવા કે નવા મન્દિરો ન ખોલવા, ટ્રસ્ટ મન્દિરો ન બનાવવા, ઠાકોરજીના નામે દ્રવ્ય ન લેવું, ઠાકોરજીના દર્શન ન કરાવવા અને સમજ્યા-વિચાર્યા વિના ગમે તેને બ્રહ્મસમ્બન્ધ ન આપવું. આ બધા વિષયમાં આપનો શું અભિપ્રાય છે ?

ઉત્તર : જુઓ, મન્દિરની જ્યાં સુધી સ્થિતિ છે તો એ વા સત્ય છે કે ...મન્દિર માત્ર એક જ છે; બીજે બધે ઘરની સ્થિતિ હતી. ...<u>આજે મંદિર જેટલા છે ... તેને આપણે મર્યાદાપુષ્ટિ મંદિર કહી શકીએ છીએ, પષ્ટિમંદિર નહીં. પુષ્ટિનો પ્રકાર તો માત્ર ગૃહસેવામાં જ છે.</u>

(ખ) આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(ગ) આમ તો અજ્ઞાન આજે સ્વરૂપભાવના સ્થાપન કરીને સેવ્ય કરવાની પ્રક્રિયામાં પણ છે. શ્રીગુસાંઈજીએ લખેલી શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારના અન્તર્ગત ભાવક્રમના અનુસાર ગુરુમુખોદિત માર્ગથી સેવ્ય કરવાનું પણ ભૂલાઈ ગયું છે. કેવળ ચરણસ્પર્શ માત્રની વ્યક્ત ક્રિયા જોઈને લોકો એને જ પુષ્ટ કરવાની વિધિ માની બેસે છે.

(ઘ) તનુવિત્તજા સેવા : ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આને એમ સમજવું જોઈએ કે દેહ અને

દ્રવ્ય અથવા હું અને મારું, આમનો વિનિયોગ જ્યારે ભગવદર્થે કરીએ છીએ તો તેનાથી મનની નિયન્ત્રિત એકતાનતાનો લાભ થાય છે. ...તનુજા અને વિત્તજા સેવાનો અર્થ આ જ સમજવો જોઈએ. આ શબ્દો અને તેના અર્થો ના ભ્રામક પ્રયોગોથી ભ્રમિત ન થવું જોઈએ.

જેમ માટી અને પાણી લતાને પલ્લવિત અને પુષ્પિત બનાવવામાં મદદરૂપ બને છે તે જ પ્રમાણે ભગવદીય જનોનું વાત્સલ્ય અને ભાવ રૂપ બીજ આ માટી-તન અને પાણી-વિત્ત ના સહયોગથી માનસી સેવારૂપી લતાને પલ્લવિત કરીને ફલવતી બનાવીદે છે.

(ઘ) ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું નથી. ...પોતાનું પેટ ભરવામાટે ભગવદ્‌ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પદ્મનાભદાસજી ...આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથેજ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી! ...આપણા મકાનમાં વાસણ ધોવાના પરનાળા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે...તે પાણી તો માત્ર (દુર્)ગંધ જ મારે છે ...ભગવદ્‌ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગ દ્વારા દોષ ઉત્પન્ન થઈ જાય છે આવા મનુષ્યો તે ગંદા ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે...પાંચમા (ભગવદ્‌ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલવનારા નીચ વક્તાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુક્ત...સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે.

(પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/ક : 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭. ૩૦/ખ : બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧.)

**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી (કાંકરોલી-વડોદર):**

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ... તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે. ('વલ્લભીય ચેતના', ઓક્ટો. ૧૫, ૨૦૦૩, પૃ.૪)

**પૂ.પા.સુશ્રીઇન્દિરાબેટીજી (વડોદરા):**

શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્‌ગુરુશ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દૃષ્ટિકોણ હતો : પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભડાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે. (વૈ.પ.અંક જૂન ૧૯૯૦).

પુષ્ટિમાર્ગમાં ફેરફાર નથી જોઈતો પણ ૨૧ સેંચ્યુરીમાં પુષ્ટિમાર્ગમાં ફરેફાર જોઈએ છે. ...આજે પુષ્ટિમાર્ગે જે સ્વરૂપ ધારણ કર્યું છે એને માટે આપણને ફેરફાર જોઈએ છે. ... લોકો ...એક ઘેંટા પાછળ બીજું જાય, બીજા પાછળ ત્રીજું જાય એમ ...ઘેંટાની માફક બધા લોકો ચાલી રહ્યા છે. એ ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રીમહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે એનું આત્મચિન્તન કરવાની આજે ઘડી આવી ગઈ છે.

ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોવર્સ્ છીએ! વી આર્ ફોલોઈંગ્ પુષ્ટિમાર્ગ ઓર સમથિંગ્ એલ્સ્! જવું છે ઉત્તરમાં અને દોડી રહ્યા છીએ દક્ષિણમાં. માર્ગ એ જ સાચો હોય કે જે મંજિલ્ સુધી પહોંચાડી શકે. મને આટલા બધા લોકોમાંથી જવાબ આપો કે આપણી મંજિલ્ સુધી પહોંચી શકીએ એવી ક્ષમતા આપણી જડ ધાર્મિકતામાં દેખાય છે? ભલે ખુબ સેવા કરતો હોય, સ્મરણ કરતો હોય, વ્રજમાં રહેતો હોય કે પછી જપ વગેરે કરતો હોય, પ્રવચનો કરતો હોય, હું તો અમારા બધા(ગુરુજનો)ની વાત કરું છું, હું મારી પોતાનું આત્મચિન્તન કરું છું કે હજુ એની અંદર મંજિલ્ સુધી પહોંચવાની જે ક્ષમતા આવવી જોઈએ તે નથી આવતી.

...શ્રીવલ્લભાચાર્યજીએ જીવન જીવવાની પદ્ધતિ આપી જેનું નામ 'પુષ્ટિમાર્ગ' છે. ... સમાજને પ્રભુપરાયણ બનાવવા માટે, ભગવત્પરાયણ બનાવવામાટે, ટોટલ્ ટ્રાન્સ્ફોર્મેશન્ ઓફ્ માઈંડ્ એન્ડ બોડી કરવા માટે એમણે આપણને જે પ્રોસેસ્ આપ્યો છે, જે સાધનાપદ્ધતિ આપી છે, જે રસ્તો આપ્યો છે એ રસ્તાનો વિચાર કર્યા વગર આપણે દોડી રહ્યા છીએ.

...આપણા સમાજમાં ... એટલી બધી દામ્ભિકતા ઘુસી ગઈ છે કે દેખાવ અને ડોળ વધી ગયા છે, દોડા-દોડી વધી ગઈ છે. ...બહુ લોકો આવ્યા, એટલે માનીએ છીએ કે આ કામ બહુ સરસ થયું. હું પ્રવચન સારું કરી શકું એનો અર્થ એ નથી કે હું ખરેખર પુષ્ટિમાર્ગીય છું. કોઈ પણ સાધક જ્યાં સુધી પોતાના ગુરુના પગલે ન ચાલે ત્યાં સુધી એ સફળ નથી. ...સત્સંગ કરાવનારા અમે લોકો છીએ, અમારી અંદર પણ દામ્ભિકતા આવી ગઈ છે.

...આજે તમને કોઈ પુછે કે વ્હાય્ યુ આર્ પુષ્ટિમાર્ગીય? વોટ્ ઈઝ્ પુષ્ટિમાર્ગ? તો બે-ચાર ઉત્તરો સિવાય આપણી પાસે એનું થરો નોલેજ્ નથી. ...આજે આપણે ભારતમાં પણ એટલા બધા મન્દિરો ઉભાં કર્યા મન્દિરોની અંદર ભીડ વધી ગઈ, મનોરથો થવા લાગ્યા, મહાપ્રસાદો વેચાવા લાગ્યા. દોડા-દોડી કરીને લોકો આવે અને દોડા-દોડી કરીને જાય. અને અમે ખાલી આરતીઓ જ ઉતારીએ! પરન્તુ ત્યાં આવનાર સમાજને કંઈક નોલેજ્ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે! ...તમને નથી લાગતું કે આપણા ધર્મસ્થાનો એ જ્ઞાનપીઠ બનવા જોઈએ! એ વિદ્યાપીઠો બનવી જોઈએ! એ સાધનાની પીઠો બનવી

જોઈએ! વી નીડ્ ચેંજ્ ...આજે આપણે મન્દિરોની જે વ્યવસ્થા કરીએ છીએ અને એના જે હોદ્દેદારો બનીએ છીએ એમને પૂછો કે તમને પુષ્ટિમાર્ગ કંઈ આવડે છે? ભરતભાઈને હું પૂછું છું. શું આપણે થોડાક પણ સાધક છીએ! ... અમે લોકો જ્ઞાન આપવામાટે ધ્યાન આપતા નથી. અમે પણ બસ અમારા સ્થાનમાં બેઠા છીએ. અમે આ વૈષ્ણવસમાજનો વિચાર નથી કરતા કે આ વૈષ્ણવસમાજ કેટલો ભૂખ્યો છે.

... આ માસ્ પ્રોડક્શની અંદર નોલેજ્ આપવું એ કંઈ નોલેજ્ આપવાની પદ્ધતિ નથી. **ઘણી કથાઓ કરીને, ઘણા પ્રવચનો કરીને, મેં આત્મચિન્તન કરતાં લાગ્યું છે કે ધિસ્ ઈઝ્ રોંગ્ વે.**

હવે જરૂર છે ક્લાસ્ પ્રોડક્શન્‌ની નાના-નાના વર્ગોને બોલાવી એમની સામે ડિસ્કસ્ કરી એમને સાચા સાધક બનાવો. એમનામાં આસ્તિકતા અને સાચી શ્રદ્ધા જાગૃત કરો. એમનામાં સમર્પણબુદ્ધિ જાગૃત કરો. શરણાગતિ બુદ્ધિ જાગૃત કરો. તો પ્રિય વૈષ્ણવજનો, આજે જે આપણે ટોળાશાહીની અંદર મંદિરોમાં જીવી રહ્યા છીએ, ...આપણી અંદર એક જાગૃતિ આવે, ...શિક્ષણવ્યવસ્થાઓ ક્લાસ્‌ની અંદર થાય. અને એને શિક્ષણ આપવા માટેનો સ્વતન્ત્ર શિક્ષક વર્ગ ઉભો થાય.

આજે જે લોકો શિક્ષણ પણ આપે છે એ અધુરા નોલેજ્ વાળા છે. કારણ કે સાધક નથી. ...આપણા શિક્ષકો પણ એવા હોવા જોઈએ કે જે લોકો પુષ્ટિમાર્ગને જાણતા હોય. ... અમારા લોકોની એ કમી છે કે અમે હજી કોઈ પુષ્ટિવિદ્યાલય બનાવ્યું નથી. એવી કોઈ કોલેજ્ બનાવી નથી, એવી પ્રયોગશાળાઓ બનાવી નથી. અને આજના જમાનામાં જો નોલેજ્ આપવું હશે તો જુની ભાષામાં નહીં આપી શકીએ. જે શિક્ષકો છે એમણે જુના શબ્દોમાં શીખવું પડશે. ઓરિજિનલ્ ગ્રન્થો ભણવા પડશે. અને આજની નવી લેંગ્વેજ્‌માં નવા તર્ક સાથે, નવા વિચારો સાથે, નવા દાખલા-દલીલો સાથે લોકોને એનું શિક્ષણ આપવું પડશે. અને એના માટે આપણા એવા આશ્રમો તૈયાર થાય, એવી વિદ્યાપીઠો તૈયાર થાય કે જ્યાં કમ્પેરિટિવ્ સ્ટડીસ્ થાય. સાયકોલોજી ઈન્ પુષ્ટિમાર્ગ, ફિલોસોફી ઈન્ પુષ્ટિમાર્ગ, સાયન્સ્ ઈન્ પુષ્ટિમાર્ગ. તમે ધર્મનું આચરણ કરો છો તો અનાથી તમારી અંદર શું ફેરફાર થાય છે આવા પ્રેક્ટિકલ્ પ્રયોગો થાય. વિદ્યાર્થીઓ એમાં રસ લે. આજે આ જાતના નવા-નવા પ્રયોગો, પ્રેક્ટિકલ્ વસ્તુઓ પુષ્ટિમાગન.ી અંદર હજી જોવા મળતી નથી. હજુ આપણે બહુજ પાછળ રહ્યા છીએ. તો હું વૈષ્ણવ સમાજને, અમારા સમાજને પણ હૃદય પૂર્વકની વિનન્તી કરું છું કે આવો આપણે બધા જાગીએ. હું તમને નથી કહેતી કે તમે જાગો. મારી જાતને પણ કહું છું કે આવો આપણે બધા જાગીએ. નવું ચિન્તન કરીએ. નવો વિચાર કરીએ અને પુષ્ટિમાર્ગ જે ટ્રેક્ ઊપરથી ઉતરી ગયો છે એને પાછો ટ્રેક્ ઊપર ચઢાવી દઈએ.

**વલ્લભાચાર્યના વિચારોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી** પણ ૨૧મી સદીનો જે પુષ્ટિમાર્ગ છે એની અંદર ઘણા પરિવર્તનો માંગી લે છે. મન્દિરવ્યવસ્થા-

પરિવર્તન, જીવનવ્યવસ્થાપરિવર્તન, સમાજવ્યવસ્થાપરિવર્તન. કારણ કે ધર્મ એ મંદિરે આવીને ખાલી આરતીના આંટા જોઈ જવાનો નથી. ઘણા લોકો કહે છે ક્યાં જાઓ છો? કહે, નાથદ્વારા. શું કરવા? તો કહે બસ્, આરતીના આંટા જોયા એટલે બસ્ પતી ગયું. ... આપણા ધર્મસ્થળોમાં પણ ઈન્સ્પિરેશન્ (પ્રેરણા) નથી. ત્યાં પણ જાગૃતિ નથી. ...લેટ્ અસ્ ચેંજ્ અવરસેલ્વ્સ્, અવર સિસ્ટમ્, અવર લાઈફ્ સ્ટાઈલ્ અને આપણી ધર્મ જીવવાની પદ્ધતિને, એના પ્રચાર અને પ્રસારની પદ્ધતિને ...કાર્યકર્તાઓ પધાર્યા છે. હું એમને પણ કહીશ કે આપણે ખાલી દોડાદોડી, દર્શન અને મહાપ્રસાદ જ નથી આપવાનો અને ટોળાશાહી જ ઊભી નથી કરવાની.

ક્લાસ્‌ની અંદર તમે ધર્મપ્રચાર શરુ કરો. થોડા-થોડા લોકોને બોલાવીને ચર્ચા કરો. અને આ ધર્મ આજના વર્તમાન યુગની સમસ્યાને કઈ રીતે દુર કરે છે તે જુઓ!

(વિશ્વવૈષ્ણવ સમ્મેલ., ૪ જુલાઈ ૨૦૦૯, ન્યુજર્સીઅમેરીકા)

**પૂ.પા.ગો. શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત):**

(ક) ...બ્રહ્મસંબન્ધ લઈને સેવા કરવાથી પ્રત્યેક ઇન્દ્રિયનો ભગવાન્‌માં વિનિયોગ થાય છે ... ગુરુઘર કેવળ ઉપદેશ ગ્રહણ કરવા માટે છે. સેવા આપણને આપણા ઘરમાં કરવાની છે.

(ખ) આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસ પૂર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે? શું આજની સેવા ''ચેતસ્તત્પ્રવણં સેવા''નું અક્ષરશઃ સાર્થક સ્વરૂપ છે.?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરા પણ સંકોચ નથી થઈ રહ્યો, કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજીદ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોના પૂર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્ત ના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુસૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણ દ્વરા કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે.

(ક : વલ્લ.વિજ્ઞા. અંક૫-૬ વર્ષ ૧૯૬૫ ખ : પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩, વિ.સં.૨૦૩૪).

**પૂ.પા.ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજ (ઇન્દૌર-નાથદ્વારા):**

જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તે પોતે તો કૃતાર્થ થાય જ છે કિન્તુ તેમના પરિજનો પણ કૃતાર્થ થાય છે. ...બધી ઇન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા કરવાથી થઈ જાય છે. ... તેથી ગુરુ પાસેથી શ્રીઠાકોરજીને પુષ્ટ કરાવીને ઘરમાં પધરાવો અને સમયને સેવામય બનાવો ... શ્રીઠાકોરજી જે ઘરમાં

બિરાજે છે તે ઘર ઘર ન રહીને ... નન્દાલયની લીલાનું સ્થળ બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા ... કિશોરીબાઈ ... જીવનદાસ... આ બધા મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના ઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

... શ્રીઠાકોરજી આપણી નિધિ છે. ...આવા પૂર્ણપુરુષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં પધરાવી આપીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આથી મોટું બીજું કયું ફળ છે!

... સાંસારિક કામનાથી જે શ્રીઠાકોરજીના... દર્શન-સ્મરણ-સેવા કરે છે તેને ક્લેશજ હાથલાગે છે. ...ઘરના શ્રીઠાકોરજી જ સર્વસ્વ છે...તે જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તે આપણા પતિ છે જે ભયથી રક્ષા અનુ સુરક્ષા પણ કરે છે.

શું કોઈ સ્ત્રી અન્ય સ્થળે જઈને કોઈ બીજાની સેવા કરી શકે છે? કદાપિ નહીં. ...ઘરના પરિજનો આ સાંખી નહીં શકે. ...તે જ પ્રમાણે આપણા માથે જે શ્રીઠાકોરજી આપણા ઘરમાં બિરાજે છે તેમના આપણે મનગમતાં નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથકરીને, સામગ્રી સિદ્ધ કરીને લડ લડાવી શકીએ છીએ પરન્તુ એવો અધિકાર કોઈ બીજે ઠેકાણે થોડો મળી શકે છે! તેથી નઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયોસ્ત્ર.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નન્દાલયની લીલા કરવામાટે શ્રીગુસાંઈજીના ઘરે પધારવું પડ્યું. નવ્યાજં લૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્સ્ત્ર. તેથી શ્રીનાથજીનો તે જ પાટોત્સવ મુખ્ય મનાય છે કે જે ફાગણ સુદ સાતમના આવે છે.

... તેથી ઘરના શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખુબજ જરૂરી છે. ...કોઈ પત્ની પોતાના પતિની સેવા ન કરે અને તેના ફક્ત ગુણગાન કરતી રહે તો શું તેથી તેનો પતિ સન્તુષ્ટ થશે?

...જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે પણ સેવા સ્વધર્મથી વિમુખ છે તે હરિના દ્વેશી છે (વિષ્ણુપુરાણ) તેથી સેવાથી સેવ્યને સન્તોષ મળે છે આ જ વૈષ્ણવનો સ્વધર્મ છે.

(૨૫૨ વૈષ્ણવ વાર્તાની ભૂમિકા)

**ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય (વડોદરા)**

ચિત્ત ભગત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય છે, પૂર્ણતઃ ભગવાન્‌માં જોડાઈ જાય છે, તન્મય અને તલ્લીન થઈ જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને 'માનસી' સેવા કહેવાય છે. આની સાથે મનુષ્યે શરીરથી પણ સેવા કરવી જોઈએ. ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાય છે. અહંતા-હુપણા નો નાશ થાય છે. ધનથી કરાતી સેવા 'વિત્તજા' સેવા છે. તેનાથી મમતા-મારાપણાનો નાશ થાય છે. અહંતા અને મમતા એકબીજા સાથે જોડાયેલા રહે છે આથી તનુજા અને વિત્તજા સેવા સાથે થવી જોઈએ. આમાં પ્રધાનતા તનુજા સેવાની છે. કેવળ ધન આપી દેવાથી સેવા થતી નથી. એનાથી રાજસી વૃત્તિ આવે છે.

( 'શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન' પૃ.૧૨૫)

**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય (વડોદરા):**

આ (પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા) કાર્યક્રમ દ્વારા બને એટલો પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો કર્યો છે; બીજો કોઇ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઇ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો...એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઇ કાલે ''લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ.... એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઇ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઇ આવે! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઇ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઇર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોઇ શકે! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. ...<u>આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે</u>. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભક્તિ જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ...અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

('પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા.૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઇ, વિસ્તૃત વિવરણ પૃ.૩૧૭-૩૧૮).

**પૂ.પા.ગો. શ્રીવલ્લભરાયજી(સુરત):**

પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામા આવે છે?

ઉત્તર : સામાન્ય રીતે ઇતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. <u>પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એક માત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે.</u> જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે

સેવ્યસ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી. (પુષ્ટિ.શીત.છાંયડે પૃ.૧૫૭-૫૮)

**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ( કામવન-સુરત):**

તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યક્તિ કરે ત્યારે જઈને તે માનસીને સિદ્ધ કરે છે. કેવળ તનુજા કરી લીધી કે કેવળ વિત્તજા કરી લીધી તો તેનાથી અહન્તા-મમતા દુર નહીં થાય... કેવી રીતે? હૂં તમને એક ઉદ્દાહરણ આપું છું. જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો કો સમસ્યા જ નથી. પણ જો કોઈ વિત્તજા સેવા કરશે, સમજો કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથ કરાવ્યો. તેની તમે રસીદ લેશો. ...ત્યારે તમે કહેશો કે ''મેં સેવા લખાવી છે''. તમે કહો છો ''મેં સેવા લખાવી છે'' ત્યારે (વિચારો કે) અહન્તા ક્યાં દુર થઈ? હવે તમે મહેતાજી પાસેથી શું માંગશો? ''આ મારી રસીદ છે, મારો પ્રસાદ લવો''. તો જુઓ, અહન્તા-મમતામાં આપણે વધુ બંધાઈ ગયા. તો આવી સેવા સંસારને દુર નહીં કરે, સંસારમાં બાંધશે. .... જો આપણે કેવળ વિત્તજા કરીએ છીએ તો આપણે આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દુર નહીં થાય, મમતા દુર નહીં થાય તો માનસી કેમ સિદ્ધ થશે? કેમ કે બધા બન્ધનોનું મૂળ તો અહન્તા-મમતા જ છે!

(સિદ્ધાન્તમુક્તાવલી પ્રવચન, ભરૂચ, જન્યુઆરી ૨૦૦૫)

**પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી મહારાજ (કામવન-સુરત):**

કઈ બાર પ્રભુ સામગ્રીપર માત્ર દષ્ટિ કરતે હૈં, ઉસે અરોગતે નહીં હૈં. જિસ પ્રસાદકો લેનેકા આમન્ત્રણ પહલે હી દે દિયા ગયા હો ઉસે ...વૈષ્ણવોંકો પહલેસે નિમન્ત્રણ ભેજા જાતા હૈ કિ હવેલી પર દોપહર બારહ બજે પ્રસાદ લેને આના હૈ. યહ બાત ઠીક નહીં હૈ.

(આશ્રય, માર્ચ ૨૦૦૫, પાનું ૧૨)

શ્રીમહાપ્રભુજીકી સ્પષ્ટ આજ્ઞા હૈ કિ પ્રત્યેક વૈષ્ણવકા મુખ્ય કર્તવ્ય પ્રભુસેવા હૈ. અપને ઘરમેં બિરાજતે પ્રભુકી સેવા કરના હી વૈષ્ણવકા પરમ ધર્મ હૈ. ... ''હમ ઘરમેં સેવા નહીં કર સકતે, નિત્ય પાઠાદિ ભી નહીં હો પાતે હૈં ઇસલિયે નિયમિત મન્દિરમેં દર્શન કર આતે હૈં'' યહ તો મન મનાનેકી બાત હૈ . યહ વિચાર ઠીક નહીં હૈ. સેવા નિત્યનિયમ અવશ્ય કરને ચાહિયે. સેવાકા વિકલ્પ મન્દિર જાના નહીં હો સકતા(આશ્રય, ફેબ્રુઆરી ૨૦૦૫, પાનું ૧૨)

**પૂ.પા.ગો.ચિ.શ્રીપુરુષોત્તમલાલજી(જુનાગઢ-કિશનગઢ)**

(ક) શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીના પુષ્ટિસમ્પ્રદાયમાં બે દીક્ષા આપવામાં આવે છે. બન્ને દીક્ષાનું પ્રયોજન અને તત્પશ્ચાત્ કર્તવ્યનો પણ વિચાર ખુબજ આવશ્યક છે. કેવળ

શિષ્યેષણાથી પ્રેરાઈને વધારે શિષ્યો બનાવવામાટે આપવામાં આવતી બ્રહ્મસમ્બન્ધ દીક્ષાથી કોઈ અર્થ સરતો નથી. જે વ્યક્તિ ભગવત્સેવા કરવામાટે તૈયાર નથી તેણે કદાપિ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવી જોઈએ નહીં. પણ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તમાં નિષ્ઠાવાળો જો હોય તો તેણે કેવળ નામદીક્ષા ગ્રહણ કરવી જોઈએ. અને અન્યાશ્રયનો ત્યાગ કરી શ્રીકૃષ્ણનો આશ્રય દઢ કરવા પ્રયત્નશીલ રહી નામસેવારત રહેવું જોઈએ. પરન્તુ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી શ્રીકૃષ્ણની સેવા અનિવાર્ય છે.

શ્રીકૃષ્ણની સેવા પણ શ્રીમહાપ્રભુજીએ બતાવેલ રીતિ અનુસાર જ થઈ શકે. પોતાના ઘરમાં પોતાના પરિવારના સભ્યો સાથે પોતાના દ્રવ્યથી જ ભગવત્સેવા કરવી જોઈએ. કોઈને દ્રવ્ય આપીને કે લઈને કરવામાં આવતી સેવા એ ભગવત્સેવા તો કદાપિ નથી જ પણ શ્રીમહાપ્રભુજીનો દ્રોહ હોવાથી ગુરુ અપરાધથી ગ્રસિત બનાવી આરૂઢપતિત બનાવે છે. અને આ ભક્તિમાર્ગથી ભ્રષ્ટ કરે છે. પોતાનું ગુજરાન ચલાવવા માટે કરવામાં આવતી ધંધાદારી સેવાથી તો ચાંડાલ સમાન હીન દેવલક થઈ જવાય છે. અતઃ ભગવત્સેવા પોતાના ઘરમાં અને પોતાના દ્રવ્ય અને તન થી જ થઈ શકે.

સેવાની જેમ જ કથા પણ પોતે અથવા નિષ્કામ ભગવદીયો સાથે મળીને જ કરવી જોઈએ. ધંધાદારી કથાકારો પાસે દ્રવ્ય આપીને કરાવવામાં આવતી કથા પણ રાખમાં ઘી હોમવા બરાબર છે. આવી કથાઓ, પારાયણો, કીર્તનો કે સપ્તાહો પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તથી સદન્તર વિરુદ્ધ છે. અત : સેવા અને કથા બન્ને, દ્રવ્ય આપીને કે લઈને કરવાથી કોઈ પણ અલૌકિક પુષ્ટિફળની પ્રાપ્તિ સ્વપ્નેય ન થઈ શકે પણ બહિર્મુખ અવશ્ય થવાય.

(ખ) ''અમે તો રાજના ખાસા ખવાસ મુક્તિ મન ન આવે રે'' વ્રજાધિપનું સેવન કરનારા અમે મુક્તિ માંગતા નથી. છતાં પુષ્ટિમાર્ગીવૈષ્ણવો ભાગવત સપ્તાહ બેસાડીને પોતાના પિતૃઓને મોક્ષમાર્ગે મોકલે છે! પિતૃમોક્ષાર્થે ભાગવત સપ્તાહ! કોઈ એકસો આઠ! કોઈ એક હજાર આઠ! ... આપણા પિતૃઓ તો ગોલોકમાં જાય છે એમને પાછા મોક્ષમાં શા માટે મોકલો છો? ... ભાગવત સપ્તાહ પૂરી કરીને પછી માળા પહેરામણી કરે અને કહે કે ગોલોકધામ... હવે ગોલોક ધામમાં મોકલવા છે! એટલે પિતૃઓને અહીંથી ત્યાં દોડા-દોડી જ કરાવવી છે! આપણું કોઈ ધ્યેય જ નક્કી નથી!! આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો ખોલ્યા નથી એનું આ દુષ્પરિણામ છે કે જે આપણા પૂર્વજોને પણ ભોગવવું પડે છે.

(પૂ.પા.ગો.ચિ.શ્રીપુરુષોત્તમલાલજી, જુનાગઢ શ્રીયમુનાષ્ટક પ્રવચન, રાજકોટ, ૨૦૦૬)

**પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય (રાજકોટ)** :

આજે જે રીતે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રદાન કરવામાં આવે છે એમાંથી ઘણા ખરા દીક્ષાર્થીઓ એવા હોય છે જેમને પુષ્ટિમાર્ગ શું છે, દીક્ષા પછી એમનું કર્તવ્ય શું છે, પુષ્ટિમાર્ગના પાયાગત સિદ્ધાંતો શું છે એના સાથે એમને કોઈ પણ પ્રકારની નિસ્બત નથી હોતી. આવા દીક્ષાર્થીઓ તો ફક્ત જાતને વૈષ્ણવ કહેડાવવાની ઔપચારિકતા પૂરી કરે છે.

...જેમનો ધ્યેય રાસ-ગરબા, દર્શન અને પ્રસાદ પૂરતો જ સીમિત છે. આપણા સેવ્ય પ્રભુમાં નિરોધ સિદ્ધ થાય, પ્રભુનો સાનુભાવ-સાક્ષાત્ પ્રકટ થવું-થાય એ જ પુષ્ટિમાર્ગીયોનું ફળ છે અને એ જ દરેક પુષ્ટિમાર્ગીનો ધ્યેય હોવો જોઈએ. ...પુષ્ટિમાર્ગના સાચા ધ્યેયને જ આજે પુષ્ટિમાર્ગીયો વિસરી ગયા છે. ...માર્ગના ગ્રન્થોના અધ્યયનમાં અનુયાયી વર્ગની ઘટતી જતી રુચિ આ પરિસ્થિતિની ઘણા અંશે જવાબદાર છે. શ્રીઆચાર્યચરણોના ઉપદેશો જ આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શકશે. ...પોતાના સિદ્ધાન્તનો નિશ્ચય કરતા શ્રીવલ્લભ આપણને ''કૃષ્ણસેવા સદા કાર્યા''નો જ ઉપદેશ કરે છે. પણ માર્ગમાં વધતા જતા વ્યાપારીકરણને કારણે શ્રીવલ્લભાધીશના ગૃહસેવાના સિદ્ધાન્તને કેટલી હાની પહોંચી છે તે આપણે સહુ જોઈ શકીએ છીએ. ...શ્રીઆચાર્યચરણની કૃપાથી વ્રજના અધિપતિ એવા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ આપણે ત્યાં પધારી આપણી સેવા અંગીકાર કરે છે એથી વિશેષ કૃપા બીજી કઈ હોઈ શકે? ...એવા પુષ્ટિપ્રભુને પોતાને ઘરે પધરાવી સર્વસમર્પણ પૂર્વક એમની સેવા કરવાને બદલે જાહેર સ્થાનો (હવેલીઓ)માં પૈસા દઈ સેવા કરાવીને જ અનુયાયીવર્ગ સંતોષ માની લે છે. પછી ઘરે સેવા કરવાની એમને કોઈ જરૂર નથી લાગતી. શ્રીવલ્લભની આજ્ઞા પર નિષ્ઠાપૂર્વક ચાલવાવાળા (સિદ્ધાન્તવાદી) પણ આજે માર્ગમાં ઘણા અનુયાયીઓ છે. પણ માર્ગ(હવેલીઓ)માં સેવાના નામે થતા જાહેર પ્રદર્શનોથી એમના હૃદય પણ વીંધાય છે. એવા જાહેર મંદિરો કે જ્યાં બધાને નફા-નુકશાનનો વિચાર છે, મનોરથીનો વિચાર છે પણ પ્રભુના સુખનો કોઈ વિચાર નથી. એવા વાતાવરણમાં શ્રીમહાપ્રભુજીનો ''ચેતસ્ તત્પ્રવણં સેવા''નો ઉપદેશ કેટલી હદે શક્ય છે? એવા વાતાવરણમાં ચિત્તની પ્રવણતા કેવી રીતે થઈ શકે છે કે જ્યાં ધર્મના નામે (હવેલી-કથા-યાત્રા-કીર્તન-ઢાઢીલીલા-રાસલીલ વગેરેમાં) વેપાર ચાલતો હોય. ધર્મના નામે થતી આવી વ્યાવસાયિક પ્રવૃત્તિ ચાલતી જોઈને લાગે છે કે આપણા આચાર્યચરણ પ્રત્યેની આપણી નિષ્ઠા મરી પરવારી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમાં ચિત્ત પરોવાઈ જાય એ જ સેવા છે. ચિત્તની પ્રવણતા કેવી રીતે થાય? ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''...પોતાના દેહ(શરીર)થી અને પોતાના વિત્ત(ધન)થી પ્રભુસેવા કરવી જોઈએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે...ધન દઈને અથવા લઈને કરવામાં આવતી સેવા ફલરૂપા માનસી સેવાને સાધી શકતી નથી એટલા માટે શ્રીઆચાર્યચરણે ''તનુજા-વિત્તજા'' અલગ ન કહી 'તનુવિત્તજા' સમસ્તપદ કહ્યું. આ વિષયપર શ્રીપુરુષોત્તમચરણ લેખે છે ...જો વિત્ત વેતનની જેમ દઈને સેવા કરાવવામાં આવે તો તેનાથી ચિત્તમાં રાજસ વધે છે, અહંકાર આવે છે. અને જો વિત્ત વેતનની જેમ લઈને સેવા કરવામાં આવે તો જેવી રીતે બ્રાહ્મણનું વરણ હોય પણ તેને યજ્ઞનું ફળ નથી મળતું (તેમ સેવા-મનોરથના નામે પૈસા લેનાર ગો.બા., ટ્રસ્ટ, મુખિયા વગેરેની સેવા નિષ્ફળ જાય છે). આથી સ્પષ્ટ થાય છે કે વિત્ત-પૈસા દઈને કરાવવામાં આવતી વિત્તજા સેવા

અથવા વિત્ત લઈને કરવામાં આવતી તનુજા સેવા માનસીરૂપ ફળને નથી સાધી શકતી. આ બંને સેવા જ્યારે સાથે થાય છે, પોતાના તનથી અને પોતાના ધનથી જ્યારે તનવિત્તજા સાથે કરવામાં આવે છે ત્યારે એ માનસી સિદ્ધ કરે છે. ...પરમ કૃપાળુ શ્રીવલ્લભે આપણને એમના સર્વસ્વ એવા વ્રજાધિપતિ પધરાવી આપ્યા. એવા પ્રભુને પોતાના સર્વસ્વ માનીને એમની સેવા કરવાને બદલે એ પ્રભુનો જ ઉપયોગ કરી પોતાના અર્થ સાધવાવાળા (હવેલીવાળાઓની) શું ગતિ થશે એ તો પ્રભુ જ જાણે.

(ખ) ઘણો એવો વર્ગ છે જેને (સેવા-મનોરથ-કથા-કીર્તન વગેરેના) વ્યાપારીકરણનો વિરોધ જરા પણ પસંદ નથી. તેમની દલીલ હોય છે કે આનાથી પ્રચાર થાય છે, વ્યાપ વધે છે. પણ તેવા વ્યાપ વધારવાથી શું ફાયદો કે જેમાં કોઈ ફલશ્રુતિ જ ન હોય! ...પહેલા જ્યારે દ્રવ્ય ખૂબજ વધી જતું તો તેનો ભગવદ્ વિનિયોગ થાય તે ભાવથી પ્રભુને છપ્પનભોગ અરોગાવવામાં આવતો. આજે દ્રવ્ય ઘટી જાય તો છપ્પનભોગ કરવામાં આવે છે અને ભીડ ભેગી કરવામાં આવે છે. ...આ (ધંધાકીય મનોરથોના) દૂષણના કારણે વધારે પડતા વૈષ્ણવોની એવી માનસિકતા બંધાઈ ગઈ કે ભેંટ ધરી દીધી એટલે ધર્મ નિભાવી લીધો. (સેવા-મનોરથ-દર્શનને) વેચવાવાળા(હવેલીવાળ)ને ખરીદવાવાળા મળી ગયા એટલે દૂષણ દિવસેને દિવસે વધતું ગયું. પણ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવું પડશે કે ફક્ત ભેંટ ધરી દેવાથી ધર્મ નથી થઈ જતો. કેમકે ધર્મ કોઈ વેચવા કે ખરીદવા ની વસ્તુ નથી. ...બીજાને સુધારતા પહેલા આપણે સુધરીયે તો ...સંપ્રદાય આ વ્યાપારીકરણના દૂષણથી મુક્ત થશે.

(પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય, શ્રીકૃષ્ણાશ્રય હવેલી, રાજકોટ. કઃ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય, પ્રસ્તાવના, વિ.સં. ૨૦૬૨. ખ : ધર્મસેતુ, વર્ષ-૧, અંક-૩ પૃ. ૩, માર્ચ ૨૦૦૯)

**પૂ.પા.ગો.ચિ.શ્રીજયદેવલાલજી શ્રીવ્રજેશકુમારજી (કડી-અમદાવાદ):**

''આપ સેવા કરી શીખવે શ્રીહરિ''. વલ્લભે પોતે સેવા કરી અને વૈષ્ણવને સેવા શીખવાડી છે. ઠાકોરજીએ કીધું કે હું કોઈ દેવી નથી પણ સાક્ષાત્ કલ્યાણરાયજીનું સ્વરૂપ છું. અને તુ વલ્લભની પાસે જા. વલ્લભ થકી સહુ પડે સહેલું. અને તુ એમની જોડે બ્રહ્મસમ્બન્ધ લે. અને પછી તુ મારી બરાબર રીતે સેવા કર. વલ્લભે બ્રહ્મસમ્બન્ધ આપ્યું. પુષ્ટિરીતિ શિખવાડી અને પછી એ ઘરમાં આનન્દથી ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્'' ની રીતે સેવા સુંદર રીતે કરવા લાગી ગયા. આ વાર્તાનો ભાવાર્થ એ જ છે કે વલ્લભ જેમ આજ્ઞા કરે છે એ જ પ્રમાણે સેવા કરવી અન્યથા સેવા કરવાનો કોઈ લાભ થતો નથી. (ગો.શ્રીજયદેવલાલજી. વચનામૃત : ૮૪ વૈષ્ણવવાર્તા અન્તર્ગત વાર્તા : બાબાવેણુ દાસ)

## સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ 'સુજ્ઞજનો' શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે.

લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક ‘સંવાદસ્થાપકમણ્ડળ’ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના ‘સિદ્ધાન્તવચનાવલી’ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છે:

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૂનાધિક હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દૃષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી ‘દત્તાપહાર’નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથીદ્ધ શ્રીમહાપ્રભુજીના

ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨)

ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા ગોસ્વામી મહાનુભાવોના હસ્તાક્ષર :

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ (અમદાવાદ) પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ(ગોકુલ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી (કડી-અમદાવાદ) પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)

## ''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬

...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિસમ્પત્તિ-સેવાકર્તા (ગુરુકે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકારછેજનહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં

સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભસમ્પ્રદાયમાં ગો.મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે.

... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ''.

(''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)


## ભારતની સર્વોચ્ચ અદાલતમાં

## ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા ગોસ્વામી મહાનુભાવો

૧. ગો. શરદ્કુમારજી શ્રીઅનિરુદ્ધજી (માંડવી) ૨. ગો. કિશોરચન્દ્રજી (જુનાગઢ)
૩. ગો. અજયકુમારજી શ્રીશ્યામસુંદરજી (મદ્રાસ) ૪. ગો. મનમોહનજી શ્રીનૃત્યગોપાલજી (વસઈ)
૫. ગો. શ્યામસુન્દરજી શ્રીમુરલીધરજી (બોરીવલી) ૬. ગો. કૃષ્ણચન્દ્રજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)
૭. ગો. વલ્લભલાલજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૮. ગો. હરિરાયજી શ્રીગોવિંદરાયજી (પોરબંદર)
૯. નિ.લી.ગો.શ્રીવ્રજાધીષજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
૧૦. ગો. શ્યામ મનોહરજી શ્રીદીક્ષિતજી (કિશનગઢ-પાર્લા)
૧૧. ગો. વ્રજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૨. નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમારજી શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
૧૩. ગો. રાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૪. ગો. વિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૫. ગો. યોગેશ્વરજી શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત)
૧૬. ગો. રઘુનાથલાલજી શ્રીરમણલાલજી (મુંબઈ-ગોકુલ-કામવન)
૧૭. ગો. દેવકીનન્દનાચાર્ય (ગોકુલ-અમદાવાદ)
૧૮. ગો. નવનીતલાલજી શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
૧૯. ગો. ચન્દ્રગોપાલજી શ્રીમુરલીધરજી (પોરબંદર) ૨૦. ગો. મુરલીમનોહરજી શ્રીવ્રજાધીશજી (દહિસર)
૨૧. નિ.લી.ગો.શ્રીમાધવરાયજી શ્રીગોકુલનાથજી (નાશિક-મુંબઈ)
૨૨. ગો. રમેશકુમારજી શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
૨૩. ગો. કલ્યાણરાયજી (વીરમગામ-અમદાવાદ) ૨૪. ગો. યોગેશકુમારજી શિશુકુમારજી (કાંદીવલી)
૨૫. ગો. વ્રજપ્રિયજી શ્રીમુરલીધરજી (બોરીવલી) ૨૬. ગો. વ્રજેશકુમારજી (વીરમગામ-અમદાવાદ)
૨૭. ગો. અનિરુદ્ધલાલજી શ્રીદ્વારકેશલાલજી (માંડવી)[પત્રદ્વારા]
૨૮. નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)[પત્રદ્વારા]
૨૯. ગો. વિટ્ઠલનાથજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જુનાગઢ)[પત્રદ્વારા]
૩૦. ગો. હરિરાયજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)[પત્રદ્વારા]

૩૧. ગો.શ્રીશ્યામમનોહરજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (કાશી)[પત્રદ્વારા]
૩૨. ગો. વ્રજરત્નજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (નડીયાદ)[પત્રદ્વારા]
૩૩. ગો. નવનીતલાલજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જુનાગઢ)[પત્રદ્વારા]
૩૪. ગો. બાલકૃષ્ણજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જેતપુર)[પત્રદ્વારા]
૩૫. ગો. નીરજકુમારજી શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)[પત્રદ્વારા]
૩૬. ગો. મધુસૂદનજી શ્રીકૃષ્ણચન્દ્રજી (ચેન્નઈ)[પત્રદ્વારા]
૩૭. નિ.લી.ગો.શ્રીમથુરેશજી (વીરમગામ-અમદાવાદ)
૩૮. નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણચન્દ્રજી (મુંબઈ)
૩૯. ગો.શરદ્કુમારજી (શીલૂબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)
૪૦. નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)[પત્રદ્વારા]
૪૧. પઞ્ચમપીઠાધીશ્વર નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
૪૨. નિ.લી.ગો.શ્રીગોવિંદલાલજી (કોટા)[પત્રદ્વારા]
૪૩. ગો. હરિરાયજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ-કેશોદ)

सयुक्त घोषणापत्रपर मूल हस्ताक्षरोंकी फोटो कोपी



॥ श्री गोपाललालो जयति ॥ ॥ श्री महाप्रभुर्जयति ॥

# गोस्वामी श्री गोविंदलालजी महाराज

पत्र व्यवहारका पता:—

श्री गोपाललालजीका मन्दिर
श्रीमद् वल्लभाचार्य मार्ग,
कडी (उत्तर गुजरात) पीन 382715
☎ नं. ३१९

श्री यमुनासदन
34/3114
बीडनपुरा, करोलबाग न्यु दिल्ही नं. ५
☎ 576451 पीन 110005

श्री महाप्रभुजीका बडा मन्दिर
पाटनपोल, कोटा (राजस्थान)
पीन 324006

16.11.1986

समादरणीय श्री श्याम मनोहर जी,

आपका दिनांक अक्तूबर २३, १९८६ का साइक्लोस्टाइल्ड पत्र ग्रन्थ विवरणों के साथ प्राप्त हुआ। आपको विदित ही है कि हमारा स्वास्थ्य जरा नरम रहता है। इस कारण से हमारे बाबा आपके पास उपस्थित हुए थे तथा आपकी विचारधारा से हमारी ओर से एवं अपनी उनकी ओर से सहमत हुए थे।

फिर भी इस पत्र द्वारा हम अपनी ओर से आपके सम्प्रदाय विषयक इस कार्य की प्रशंसा करते हैं तथा सहमति प्रदान करते हैं।

इस कार्य की प्रगति आप हमें सूचित करते रहेंगे ऐसी आशा है।

गो. गोविन्दलाल

विजयते श्री श्याम मनोहरः प्रभुः ॥ विजयते श्री मदनमोहनः प्रभु ।

**गोस्वामी श्री बृजभूषणलालजी महाराजश्री**

**(चोपासनी)**

जामनगर फोन नं. २३१२ — जोधपुर (राजस्थान) फोन नं. २१२३०

मोटी हवेली, — दाउजी मंदिर

जामनगर ______ — जोधपुर १-११-८६

स्वस्ति श्रीमत्सु आदरणीय चि. श्याममनोहरजी
महोदयेषु गो. व्रजभूषणस्य शुभाशिषः विशिष्ट
परश्च वृत्तम्।

आपका पत्र दिनांक २३-१०-८६ को लिखा
मिला। तथा सुप्रीममें दीजानेवाली याचिका [illegible]
श्रीमदाचार्यवंशज संयुक्त हस्ताक्षर पत्र (अप्रयुक्त)
दि. २६-१०-को मैंने पत्र लिखा पर आपने [illegible]
ऐसा हमारा इसमें पूरा सहयोग होगा। तदनन्तर
से जोभी आपको प्राप्त हो वह सुरक्षित रखें [illegible]
अभी चोपासनी में ही हैं। सुप्रीममें याचिका कब
होगी साथ जजोंकी देखके [illegible] आदेश।
कृपया विवरणात्मक पत्र लिखें ताकि स्थिति-
परिस्थिति स्पष्ट हो सके। हमारे सभी चि. बालक
इसकार्य में सहयोग करनेको तैयार हैं और
सब कुशलता है। प्रत्युत्तर शीघ्र लिखें।

आशीर्वाद गो. व्रजभूषणलाल

विजयते श्री श्याम मनोहर: प्रभु ॥ विजयते श्री मदनमोहन: प्रभु ।

**गोस्वामी श्री व्रजभूषणलालजी महाराजश्री**

**(कांकरोली)**

जामनगर फोन नं. ४३२६ — जोधपुर (राजस्थान) फोन नं. २१२३०

मोटी हवेली, जामनगर — राजजी मंदिर, जोधपुर २६-१०-८६

स्वस्ति श्री मत् चि॰ श्यामबाबाकुं — आशीर्वाद पूर्वक

... — ...

आपको जूनागढ़ ... पत्र मिल्यो। में दि॰ २३-९-८६ सूं २२-१०-८६ तक कलकत्ता हतो — २४-१०-८६ ... यहां आयो हूं।

... सब हिस्सो बांचने में आयो ... ने जरूर कुछ बात करी ... याचिका पुनः हो सकती है। यदि हो सकती हो तो मेरे जो करनो होयसो आप स्पष्टतापूर्वक लिखो ... सब करें। अन्यथा ... महानुभावों को ... करना चाहिये ... सार्वजनिक रूपसे विचार ... होगा। इस कार्य में सबका सहयोग ... आवश्यक है। यदि ... कुछ ... निर्णय लेना हो तो ... आस ...

कृपया विवरणात्मक सब बातों से अवगत करो। मुझे दिल्ली में ... आये ... ने आपके परिश्रमकी बात कही — अति धन्यवाद है कि जो आपने इतनी महेनत करके संप्रदायके सिद्धान्तनकूं कोर्टमें समझाये। और सब ... प्रत्युत्तर जोधपुर ही लिखो और यदि फोन में बात करनी हो तो नंबर ... है सो जैसे उचित समझो। चरण भेट ... फैसला आपने ... मोकलो ... ?

चि॰ हरिरायजी सिवाय सब बालक यहीं हैं नमस्कार — आशीर्वाद, गो॰ व्रज...

# શપથપત્ર

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો / જાહેર ખાનગી મંદિરો માં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જનમાટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગ-સામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવત કથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામ રૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા વિરુદ્ધ આપ્યા છે. ...પારિવારિક ભાવનાથી પૂર્વમાં ફક્ત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામ રૂપે આજે સમ્પ્રદાયના ધર્મગુરુઓને પુજારીપણાની હલકી પાયરી ઊપર બધી રીતે પટકી દેવા માટે સમ્પ્રદાય વિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સમ્પ્રદાયની આવી દુર્ગતિ કરવાની જવાબદારી વૈષ્ણવો ઊપર છે કે મહારાજશ્રીઓ ઊપર એ વિવાદનો વિષય હવે વીતી ગયો છે.

આવો આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યોની ક્ષમા-યાચના માંગીયે, સોગંદ લઈએ કે

**(૧) પોતાના માથે બિરાજતા ન હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શનનો નિત્યનિયમ નહીં લઈએ, કે જેથી પુષ્ટિપ્રભુને નન્દાયલ છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમકે આપણા આવા દુષ્કૃત્યથી (તે ઠાકોરજીના દર્શન-સેવા કરવાનો) જાહેર જનતાનો કાનૂની અધિકાર ઊભો થતો હોય છે.**

**(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાના માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવામાટે નથી તેવા મનોરથોમાં ભેટ-સામગ્રી આપી કે દર્શન કરવા જઈને મહાપ્રભુજીના શ્રીનિધિસ્વરૂપ, સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ને હવે આપણે કદિ દગો નહીં આપીએ.**

**(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાન્તોથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસમ્બન્ધી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતાં જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ, બલ્કે કોઈ પણ**

**સંજોગોમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે (દેવદ્રવ્યનો પ્રસાદ) કદિ પણ લઈશું નહીં.**

**(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવન્મનોરથો કે ભાગવતકથા માં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહીં કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિઓને પ્રાત્સહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.**

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણો ક્ષમા કરે! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ, રતિ અને ક્રિયાશક્તિ પ્રદાન કરે! ''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ!''.

(શપથપત્ર સ્થળ : મનુ ભવન, ભગતસિંહ રોડ, પારલે (પશ્ચિમ), મુંબઈ-૫૬, તારીખ : ૧૨-૯-૧૯૮૬)

## શપથ લેનારની સહી :

કિશોરચન્દ્ર ગોસ્વામી (જુનાગઢ)

રઘુનાથ ગોસ્વામી(ગોકુળ-પાર્લા)

શ્યામ મનોહર ગોસ્વામ (કિશનગઢ-પાર્લા)

યોગેશ ગોસ્વામી (ગોકુળ-પાર્લા)

શરદ્ ગોસ્વામી (માંડવી)

પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભામાં ગો.શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા) એ વિચારાર્થે પ્રસ્તુત કરેલ 'સિદ્ધાન્તવચનાવલી' ના વિવિધ વિષયોના ભાવાનુવાદમાં ઉપસ્થિત મહાનુભાવોએ દર્શાવેલ પોતાની સહમતિ ✔ /અસહમતિ ✖ નું

